
# રત્ન સંચય

## ભાગ-૨



: સંપાદક :

પ.પૂ.આચાર્યશ્રી રત્નાકરસૂરીશ્વરજી મ.સા.ના શિષ્ય

મુનિ રત્નત્રય વિજય

# રત્ન સંચય

ભાગ - ૨

: દિવ્યાશિષદાતા :

સ્વ. આચાર્યદેવશ્રી રત્નશેખર સૂરીશ્વરજી મ. સા.

: શુભાશીર્વાદદાતા :

કલિકુંડ તીર્થોદ્ધારક

આ. વિ. શ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મ. સા.

: પ્રેરણાદાતા :

પ. પૂ. યુવાચાર્ય શ્રીમદ્ વિજય

રત્નાકર સૂરીશ્વરજી મ. સા.

: સંપાદક :

મુનિ શ્રી રત્નત્રય વિજયજી મ. સા.

: પ્રકાશક :

શ્રી રંજનવિજયજી જૈન પુસ્તકાલય

મુ. પો.-માલવાડા, જિ. જાલોર - ૩૪૩ ૦૩૯.

રાજસ્થાન.

**આ પુસ્તક જિનાજ્ઞા વિરૂદ્ધ કાંઈપણ લખાયું હોય તો મિચ્છામિ દુક્કડમ્**

| આવૃત્તિ | સંવત | નકલ |
|---|---|---|
| પ્રથમ | ૨૦૫૪ | ૧,૫૦૦ |
| દ્વિતિય | ૨૦૫૫ | ૨,૦૦૦ |
| તૃતિય | ૨૦૫૬ | ૩,૦૦૦ |
| ચતુર્થ | ૨૦૬૦ | ૧,૦૦૦ |

| આવૃત્તિ | સંવત | નકલ |
|---|---|---|
| પાંચમી | ૨૦૬૨ | ૨,૦૦૦ |
| છઠ્ઠી | ૨૦૬૪ | ૨,૦૦૦ |
| સાતમી | ૨૦૬૬ | ૪,૦૦૦ |

**પુસ્તકનું નામ : રત્નસંચય ભાગ-૨**

**સંપાદક : પ.પૂ. આ રત્નાકરસૂરીશ્વરજી મ.સા.ના શિષ્ય રત્નત્રય વિજયજી**

**કિંમત : રૂ. ૪૦ (ચાલીસ રૂપિયા)**

---

**(રત્નસંચયનાં ચારે ભાગ ગુજરાતી-હિન્દી નીચેનાં સ્થાનેથી મળશે)**

**પ્રાપ્તિસ્થાન**


મુંબઈ : **શ્રી મણીલાલ યુ. શાહ**
ડી. 1/203, સ્ટાર ગેલેક્સી, લોકમાન્ય તિલક રોડ,બોરીવલી (વે.),
મુંબઈ-400 092. ● ફોન (ઘ) : 28911469 (મો.) 98202 85353

અમદાવાદ : **શ્રી પારસગંગા જ્ઞાન મંદિર**
બી-104, કેદાર ટાવર, રાજસ્થાન હોસ્પીટલ સામે, શાહીબાગ,
અમદાવાદ-380 004.
● ફોન (ઘર) 22860247 (મો.) 94265 39076 (રાજેન્દ્રભાઈ)

**શ્રી જૈન પ્રકાશન મંદિર**
દોશીવાડાની પોળ, કાળુપુર, અમદાવાદ-380001 ● ફોન : 25356806

**રાજેન્દ્રભાઈ એન. શાહ**
બી/3, રત્નધરા એપાર્ટમેન્ટ, ગીરધરનગર બ્રીજ પાસે,
શાહીબાગ, અમદાવાદ-380 004
● ફોન (ઘ) : 22860247 (મો.) 94265 39076

પાલીતાણા : **શ્રી પાર્શ્વનાથ જૈન પુસ્તક ભંડાર**
ફુવારાની પાસે, તલેટી રોડ, પાલીતાણા-384270 (સૌરાષ્ટ્ર).
● ફોન : 02848 - 253323


---


*મુદ્રક :*
**નવનીત પ્રિન્ટર્સ**, (નિકુંજ શાહ) 2733, કુવાવાળી પોળ, શાહપુર,
અમદાવાદ-1. મોબાઈલ : 98252 61177 ● 94273 26041

# પ્રસ્તાવના

અતિભયાનક, અગાધ મહાસાગર જેને જેટલી ઉપમા આપીએ એટલી અલ્પ કહેવાય. કિમતી રત્નોને લેવાં મહાસાગરના તળીયે રહેલા રત્નોને પ્રાપ્ત કરવા માટે મૃત્યુને મુખમાં લઈને સાગરમાં ઝંપલાવે અને સાહસિક્તા અને પુરુષાર્થના પ્રભાવે રત્નો મેળવીને સંતોષ માને, ધન્યતા અનુભવે.

દ્રવ્ય રત્નો પ્રાપ્ત કરવામાં જીવન સાર્થક્તા માનવા સાથે ભાવરત્નો પ્રત્યે ઉપેક્ષાનું પ્રમાણ વધવા લાગે. ભાવરત્નોની ઉપેક્ષા ભવભ્રમણનું વિશેષ કારણ હોય તે કારણનાં નિવારણ માટે ભાવરત્નો મેળવવા પુરુષાર્થ જરૂરી મનાય !

ભાવરત્નો મેળવવા માટે ઈચ્છા થાય તો પણ સારૂં કહેવાય. ભાવરત્નો પ્રાપ્ત કરવાનાં સાધનમાં જિનવાણી શ્રવણ અને સત્સાહિત્ય વાંચન ઉભય ઉપયોગી થાય. તેમાં પણ જિનવાણીનું શ્રવણ તો સદ્‌ગુરુના સાનિધ્યે થાય પરંતુ સત્સાહિત્ય તો અલ્પ પ્રયત્ને પ્રાપ્ત થઈ જાય.

શાસ્ત્રરૂપી સાગરમાં અનેક રત્નો સંગ્રહિત છે. તેને પ્રાપ્ત કરવા માટે અનેક આગમ, ગ્રંથ, ચરિત્ર, પુસ્તકોનું વાંચન થાય તો જ પ્રાપ્ત થાય. તે સર્વે પદાર્થો એક જ પુસ્તકમાં પ્રાપ્ત થઈ જાય તે હેતુથી ઘણાં આગમો-ગ્રંથો તથા પૂર્વાચાર્ય કૃત ચરિત્રો પુસ્તકોની સહાયતા લઈને રત્નોના સંચયયુક્ત આ પુસ્તક તૈયાર કરેલ છે.

આનો પ્રથમ ભાગ ૨૦૪૮માં પ્રકાશિત કરેલ જેની આજ સુધી ૧૩,૦૦૦ જેટલી નકલો પ્રકાશિત થયેલ.

પ્રથમ ભાગ કરતાં આ દ્વિતીય વિભાગમાં વિશેષ અને અતિ ઉપયોગી પદાર્થોનો સંગ્રહ છે.

શાસ્ત્રરૂપી આ અમૂલ્યરત્નો જિજ્ઞાસુઓના જ્ઞાનવિકાસ અને સુસંસ્કારોનાં ઘડતર માટે સહાયક થાય એ જ તમન્ના.

આ.વિ.રત્નાકરસૂરિ

# અનુક્રમ


૧. મહાવીરસ્વામીના દશશ્રાવકોની સમૃદ્ધિ અને નિયમો ............૭

૨. પૂજાનો પ્રભાવ ............૮

૩. ઉદારચિત્ત પ્રભુભક્તો ............૯

૪. પ્રભાવશાળી પૂર્વાચાર્યો ............૧૫

૫. તપસ્વી આચાર્યો ............૧૬

૬. વિદ્વાન આચાર્યો - સાધુઓ ............૧૮

૭. આયંબિલ તપના મહાતપસ્વીઓ ............૧૯

૮. સાધર્મિક ભક્તિ ............૨૦

૯. શ્રુતભક્તિ ............૨૫

૧૦. ચૌદ પૂર્વોના નામો અને પદો ............૨૭

૧૧. રાત્રિ ભોજન મહાપાપ ............૨૮

૧૨. દાનથી પ્રગટેલી દિવ્યતા ............૨૯

૧૩. ગુરુભક્તો ............૩૦

૧૪. સતી દમયંતીના ચમત્કાર ............૩૩

૧૫. આઠ પ્રકારના દાન ............૩૪

૧૬. વર્તમાન ચોવીશીના વાસુદેવોની માહિતી ............૩૪

૧૭. ગુણરત્ન સંવચ્છર તપની વિધી ............૩૫

૧૮. વિચ્છેદ વસ્તુઓ ............૩૬

૧૯. વીશ વિહરમાનના કલ્યાણક અને પરિવાર ............૩૭

૨૦. આર્ય દેશોનાં નામો અને ગામોની સંખ્યા ............૩૮

૨૧. નવ નારદો અને સાત કુલકરો ............૩૯

૨૨. સોલ રોગનાં નામ ............૩૯

૨૩. અભવ્યને અપ્રાપ્ય ભાવો ............૪૦

૨૪. વિક્રમરાજાના વિક્રમ ............૪૦

૨૫. વિક્રમરાજાની રાજઋદ્ધિ ............૪૧

૨૬. પેથડમંત્રીની પવિત્રતા ............૪૨

૨૭. માંડવગઢનો મહિમા ........ ૪૩
૨૮. કુમારપાલના કર્તવ્યો ........ ૪૪
૨૯. કોણ ક્યાં છે ? ........ ૪૬
૩૦. આઠમદથી આઠ પ્રકારની તિર્યંચગતિ ........ ૪૮
૩૧. નરકમાં પંદર પરમાધામીની ભયંકર વેદના ........ ૪૮
૩૨. અગ્યાર ગણધરોની માહિતી ........ ૪૯
૩૩. સિદ્ધાચલની સિદ્ધિઓ ........ ૪૯
૩૪. શત્રુંજય તીર્થનો મહિમા ........ ૫૧
૩૫. સિદ્ધાચલ સિધ્યાં સાધુ અનંતા ક્રોડ ........ ૫૨
૩૬. શત્રુંજયના સત્તર ઉદ્ધારો ........ ૫૪
૩૭. સિદ્ધાચલના સંઘપતિઓ ........ ૫૫
૩૮. સંઘપતિઓના સંઘનું વર્ણન ........ ૫૬
૩૯. કુમારપાલ રાજાના સંઘની વિશિષ્ટતા ........ ૫૯
૪૦. મહાઋદ્ધિવંત રાજાઓ અને શ્રાવકો ........ ૬૦
૪૧. ગુરૂકૃપા ........ ૬૪
૪૨. વિમલમંત્રીનું વિમલવસહિ ........ ૬૬
૪૩. ઝાંઝણ મંત્રીના સંઘની વિશિષ્ટતા ........ ૬૭
૪૪. દેવગિરિના જિનાલયની વિશિષ્ટતા ........ ૬૮
૪૫. અગ્યાર રૂદ્રોના નામો ........ ૬૮
૪૬. બાર ચક્રવર્તીનો કોઠો ........ ૬૯
૪૭. નવ બળદેવનો કોઠો ........ ૭૦
૪૮. નવ પ્રતિવાસુદેવનો કોઠો ........ ૭૦
૪૯. રાણકપુર તીર્થની રમ્યતા ........ ૭૧
૫૦. અંબાદેવીએ પોરવાલને આપેલા સાત વરદાનો ........ ૭૨
૫૧. કઈ નવકારવાળી ઉત્તમ કહેવાય ? ........ ૭૨
૫૨. ઐતિહાસિક ઘટનાઓ (આધાર ગ્રંથ સાથે) ........ ૭૩
૫૩. અભિમન્યુનો ચક્રાવો ........ ૧૧૦
૫૪. દેવદ્રવ્યના ભક્ષણથી રૂદ્રદત્તના ૧૪ ભવો ........ ૧૧૧

૫૫. દેવદ્રવ્યના ભક્ષણથી સાગરશેઠના ભવો ........ ૧૧૧
૫૬. પાંચશોની સંખ્યાવાળા પ્રશ્નો ........ ૧૧૨
૫૭. હજારની સંખ્યાવાળા પ્રશ્નો ........ ૧૨૭
૫૮. પદ્માવતી નામના પ્રશ્નો ........ ૧૩૨
૫૯. માતાથી શરૂ થતાં પ્રશ્નો ........ ૧૩૪
૬૦. હાથીની પ્રશ્નોત્તરી ........ ૧૩૬
૬૧. ભાઈ-ભાઈના પ્રશ્નો ........ ૧૩૮
૬૨. જૈન શાસનમાં જ્યોતિર્ધરો (પ્રશ્નોત્તરી) ........ ૧૪૦
૬૩. કુમારપાલ રાજાનો પરિચય ........ ૧૪૪
૬૪. ભગવાન મહાવીર સ્વામીનો જીવન પરિચય ........ ૧૪૪
૬૫. જગદગુરુ હીર સૂરીશ્વરજીનો પરિચય ........ ૧૪૫
૬૬. સમેતશિખરજી તીર્થના ૨૧ ઉદ્ધારો ........ ૧૪૮
૬૭. સમેતશિખરજીની ટુંકો ઉપર મોક્ષે ગયેલા મુનિવરો ........ ૧૪૯
૬૮. ભદ્રેશ્વર તીર્થના ૧૬ જીર્ણોદ્ધારો ........ ૧૫૧
૬૯. ગિરનાર તીર્થના ઉદ્ધારો ........ ૧૫૧
૭૦. ઋષભદેવના ૧૦૦ પુત્રોના નામો ........ ૧૫૩
૭૧. સંયમ પર્યાયની સુખવૃદ્ધિ ........ ૧૫૪
૭૨. શ્રીપાલ રાજાનો પરિચય ........ ૧૫૫
૭૩. ૬૪ ઈન્દ્રો, ૫૬ દિકકુમારી તથા ૨૫૦ અભિષેકની વિગત ........ ૧૫૫
૭૪. જીરાવલા તીર્થના જીર્ણોદ્ધારો ........ ૧૫૬
૭૫. જીરાવલા તીર્થમાં થયેલા ચાતુર્માસો ........ ૧૫૬
૭૬. જીરાવલા તીર્થમાં આવેલા મોટા સંઘો ........ ૧૫૭
૭૭. વસ્તુપાલ તેજપાલનો વૈભવ ........ ૧૫૯
૭૮. વસ્તુપાલ તેજપાલનો પરિવાર ........ ૧૬૦

## મહાવીર સ્વામીના દસ શ્રાવકોની સમૃદ્ધિ અને નિયમો

### વીર પ્રભુના દસ શ્રાવકોની સમૃદ્ધિ

| | નામ | ગામ | કુલધન | ગોકુલ | ગતિ |
|---|---|---|---|---|---|
| ૧. | આનંદ | વાનિયગ્રામ | ૧૨ કરોડ સોનૈયા | ૪ ગોકુલ | સૌધર્મ દેવલોકે |
| ૨. | કામદેવ | ચંપાનગીરી | ૧૮ કરોડ સોનૈયા | ૬ ગોકુલ | સૌધર્મ દેવલોકે |
| ૩. | ચુલ્લનીપિતા | બનારસી | ૨૪ કરોડ સોનૈયા | ૮ ગોકુલ | સૌધર્મ દેવલોકે |
| ૪. | સુરાદેવ | બનારસી | ૧૮ કરોડ સોનૈયા | ૪ ગોકુલ | સૌધર્મ દેવલોકે |
| ૫. | ચુલ્લશતક | આલંભિયા | ૧૮ કરોડ સોનૈયા | ૬ ગોકુલ | સૌધર્મ દેવલોકે |
| ૬. | કુંભકોલિક | કંપિલપુર | ૧૮ કરોડ સોનૈયા | ૬ ગોકુલ | સૌધર્મ દેવલોકે |
| ૭. | સદ્દાલ પુત્ર | પોલાસપુર | ૩ કરોડ સોનૈયા | ૧ ગોકુલ | સૌધર્મ દેવલોકે |
| ૮. | મહાશતક | રાજગૃહી | ૨૪ કરોડ સોનૈયા | ૮ ગોકુલ | સૌધર્મ દેવલોકે |
| ૯. | નંદિની પિતા | સાવત્થી | ૧૨ કરોડ સોનૈયા | ૪ ગોકુલ | સૌધર્મ દેવલોકે |
| ૧૦. | તેતલી પિતા | સાવત્થી | ૧૨ કરોડ સોનૈયા | ૪ ગોકુલ | સૌધર્મ દેવલોકે |

❖ ૧૦,૦૦૦ ગાયોનું એક ગોકુલ થાય.

❖ આ ૧૦ શ્રાવકો દેવલોકમાંથી ચ્યવી મહાવિદેહમાં રાજા થઈ મોક્ષે જશે.

❖ બધા શ્રાવકો બાર વ્રત ધારી હતા. (ઉપાસક-દશાંગસૂત્ર)

### દશ શ્રાવકોના ભોગોપભોગના નિયમો...

| | | | |
|---|---|---|---|
| ૧. | ઉલ ઉતારવા માટે | - | જેઠી મદનું લાકડું |
| ૨. | દાંત સફાઈમાં | - | મહુડાનું દાતણ |
| ૩. | મસ્તક સફાઈમાં | - | આંબળાના ફળ. |
| ૪. | ચોળવા માટે | - | સહસ્રપાક તેલ. |
| ૫. | સ્નાન માટે | - | આઠઘડા પાણી |
| ૬. | ઓઢવા માટે | - | એક રેશ્મી એક સુતરાઉ |
| ૭. | વિલેપનમા | - | કેસર-ચંદન-કસ્તુરી |
| ૮. | પુષ્પમાં | - | કમલપુષ્પ અને માલતી માળા |
| ૯. | આભુષણમાં | - | ચિત્ર વિનાના કુંડલ અને એક વીંટી. |

| | | |
|---|---|---|
| ૧૦. ધૂપમાં | - | અગર-તુરુષ્કનો |
| ૧૧. ખાવામાં | - | મગ અને ચોખાની પેય |
| ૧૨. ભક્ષમાં | - | ખાંડ પાયેલા ઘેબર |
| ૧૩. કઠોલમાં | - | મગ, અડદ, ચણાની દાલ |
| ૧૪. ઘૃતમાં | - | શરદઋતુનું ગાયનું ઘી |
| ૧૫. શાકમાં | - | રાયડોડી આમળાં આગથીયો |
| ૧૬. ફળમાં | - | પલ્લક, બીલી વિ. ના ફળ. |
| ૧૭. જમણમાં | - | વડા અને પૂરણ |
| ૧૮. પાણીમાં | - | આકાશ થી પડેલ જલ. |
| ૧૯. તાંબૂલમાં | - | જાયફલ, એલચી, કપૂર, લવિંગ, કંકોલ. |
| ૨૦. ઓદનમાં | - | કમોદનાં ચોખા. **(ઉપદેશ - રત્નાકર)** |

❖ ૧૦ હાથનો એક વાંસ. ૨૦ વાંસનો એક નિવર્તન અને હળ એવા ૫૦૦ હળ ૧૨૫૦ કોષ સુધીનો ક્ષેત્ર. ૫૦૦ ગાડા યાત્રા માટે, ૫૦૦ ગાડા ભાર વહન માટે રાખેલા.

## પૂજાનો પ્રભાવ

❖ જિન પ્રતિમાની પ્રમાર્જના કરવાથી ૧૦૦ વર્ષના ઉપવાસ નો લાભ.

❖ જિન પ્રતિમાની વિલેપન કરવાથી ૧૦૦૦ વર્ષના ઉપવાસનો લાભ.

❖ જિન પ્રતિમાની પુષ્પમાળા ચઢાવવાથી લાખ વર્ષના ઉપવાસનો લાભ.

**(ધર્મ-સંગ્રહ)**

❖ પાટણમાં હેમસૂરિજી પાસે વિધિપૂર્વક ભક્તામરની ૧૦મી ગાથા ગ્રહણ કરી કપર્દિ શ્રાવકે છ મહિના સુધી આરાધના કરી (છ માસ સુધી તે ગાથા ગણી) તેથી તેને ૩૨ સોનાનાં કુંભ પ્રાપ્ત થયા.

**(પ્રબંધ-પંચશતી)**

❖ વીર પ્રભુના ચરણ કમલ ઉપર સિંદુવારના પુષ્પો ચઢાવવાથી દુર્ગતા નારી એકાવતારી થઈ.

❖ ગુણવર્મા રાજાના ૧૭ પુત્રોએ ભેગાં મળીને ૧૭ પ્રકારી પૂજામાંથી એકેક પૂજા કરી જેનાં પ્રભાવે ૧૭ પુત્રો તે જ ભવે મોક્ષ પામ્યા.

**(સત્તર પ્રકારી પૂજા ચરિત્ર)**

## ઉદારચિત્ત પ્રભુભક્તો

❖ પાટણમાં કુબેરદત્ત નામે દરિયાઈ વ્યાપારી હતો તેના ઘરે રત્નજડીત જિનાલય હતું. જેનું ભોંયતળીયું રત્નોથી જડેલુ હતું. ચંદ્રકાન્ત મણિની જિન પ્રતિમા હતી.

### કુબેરદત્તનો પરિગ્રહ પરિમાણવ્રત

❖ ૭ કરોડ સુવર્ણ, ૮૦૦ તોલા મોતી, ૧૦ મણિરત્નો, ૨૦૦૦ ઘડા ઘી, ૨૦૦૦ ખાંડી ધાન્ય, ૧૦,૦૦૦ ઘોડા, ૮૦,૦૦૦ ગાયો, ૫૦૦ હળ, ૫૦૦ ગાડાં, ૫૦૦ દુકાન, ૫૦૦ મકાન, ૫૦૦ વહાણ,

❖ ચંદ્રાવતી નગરીના ૩૬૦ કરોડપતિઓ વારાફરતી આબુજી ઉપર જિનાલયોમાં ઠાઠથી પૂજા ભણાવતા.

❖ ભીમા સાથરીયાએ નેમનાથ ભગવાનને મહાકિંમતી ઝવેરાતનો હાર પહેરાવેલો અને ગિરનારના જિર્ણોદ્ધાર માટે ૭૨ લાખ દ્રવ્ય આપેલ.

❖ સતી દમયંતી વનવાસ દરમ્યાન માટી દ્રવ્યમાંથી શાંતીનાથ ભગવાનની મૂર્તી બનાવીને બાર વર્ષ સુધી પુષ્પ ધૂપ દીપથી પૂજા કરેલ.

**(કુમારપાલ પ્રતિબોધ)**

❖ આચાર્ય ધર્મઘોષસૂરિજી નો ઉપદેશ સાંભળી હરિષેણ ચક્રીએ પોતાના મંત્રી પ્રધાનો આદિ ને આજ્ઞા કરી કે ભંડારમાંથી દ્રવ્યને ગ્રહણ કરો અને દરેક ગામે-ગામે જિનાલય બંધાવો. ગુરુને બોલાવી ઠાઠથી પ્રતિષ્ઠા કરાવો. અંતે આ ચક્રી રાજ્ય છોડી સંયમ લઈ કેવળી બની મોક્ષે ગયેલ. **(પ્રબંધ-પંચશતી)**

❖ મહાપદ્મ નામના નવમા ચક્રવર્તી ભરતક્ષેત્ર માં કરોડો જિનાલયો બનાવેલા. અને ૩૨,૦૦૦ રાજાઓને જૈન બનાવેલા. **(પુષ્પમાળા ચ.)**

❖ મહારાણા અને ફત્તેસિંહ રાવે શ્રી કેશરીયાજી તીર્થના પ્રતિમાજી માટે સવા લાખની આંગી અર્પણ કરેલ. **(ઉપદેશ-તરંગીણી)**

❖ પદ્મ નામના ચક્રવર્તીએ પણ પોતાની માતાની ઈચ્છાને પૂર્ણ કરવા માટે દરરોજ એક જિનાલયનું નિર્માણ કરતા.

❖ ઝાંઝણ મંત્રીએ સવાલાખ જિનબિંબ તથા સિદ્ધાચલ ઉપર સર્વ જિનબિંબોને રત્નજડીત આભરણો ચડાવેલા. **(ઉપદેશ-તરંગીણી)**

❖ શ્રી વિજય દેવતાએ સુધર્મા સભામાં જઈ જિનેશ્વર ની દાઢાઓને વંદન કરી ડાબડો ઉઘાડી મોરપીંછીથી પ્રમાર્જના કરી. સુગંધી જલથી ૨૧ વાર પ્રક્ષાલન કરી ગોશીર્ષ ચંદનનો લેપ કરી સુગંધી પુષ્પથી પૂજા કરી. પછી દ્વાર અને સમવસરણ ની પૂજા કરે છે. **(જીવાજીવાભિગમ-સુત્ર)**

❖ પાટણના સિધાવા નામના સરાફે સં. ૧૪૨૮માં આઠ જૈન મંદિરો બંધાવેલા. **(શ્રાદ્ધવિધિ)**

❖ ચારે પ્રકારના દેવો ત્રણ ચોમાસી અને સંવચ્છરી પર્વ દિવસે નંદીશ્વર દ્વીપમાં જઈ અષ્ટાન્હિકા મહોત્સવ કરે છે. **(શ્રાદ્ધવિધિ)**

❖ એક શેઠે સમુદ્રની સફરે જતાં એક લાખ દ્રવ્ય ખર્ચી મહાપૂજા ભણાવેલ. અને સફર કર્યા પછી પાછા આવીને દેવ દ્રવ્યની વૃદ્ધિ માટે એક કરોડ રૂપિયા ખર્ચી મહાપૂજાનું આયોજન કરેલ. **(શ્રાદ્ધવિધિ)**

❖ રામચંદ્રજીએ લંકા જીત્યા પછી અયોધ્યામાં આવીને દરેક જિનમંદિરોમાં પૂજા ભણાવેલ. **(શત્રુંજય-કલ્પવૃત્તિ)**

❖ થરાદના આભૂસંઘવીએ ૧૫૧૦ નવી પ્રતિમાઓ ભરાવેલ.

❖ વિજયસેનસૂરિજીના હાથે ચાર લાખ જિનબિંબોની પ્રતિષ્ઠા થયેલ.

❖ આબુની પાસે ચંદ્રાવતી નગરીમાં ૯૯૯ ઝાલરો વાગતી અને દરરોજનું સવાશેર કેશર પૂજામાં આવતું. **(ગુજરાતનું ગૌરવ)**

❖ આભૂ સંઘવીએ સાડા ત્રણ કરોડ સોના રૂપાના ફૂલો વડે શત્રુંજય તીર્થને વધાવેલ. **(સુકૃત-સાગર)**

❖ સંઘવી દયાલશાહે ૧ કરોડ રૂપિયા ખર્ચીને નવમાળનું જિનાલય બનાવેલ જે હાલ દયાલશા કિલ્લા (દયાલગઢ) નામની પ્રસિદ્ધ છે. **(મેવાડ નો-ઈતિહાસ)**

❖ પ્રહલાદન રાજાએ નવી જિન પ્રતિમા ભરાવી તે પ્રતિમાના ન્હવણ જલથી કોઢ રોગ નાશ પામતા ભવ્ય જિનાલય બંધાવેલ. પોતાના મહેલની બારીમાંથી ભગવાન દેખાય તેવી રીતે દરબાર ગઢ પાસે જિનાલય બનાવેલ જેથી સવારે ઉઠતા પ્રથમ પ્રભુના દર્શન થતા. આજે આ જિનાલય પાલનપુરમાં પલ્લવીયા પાર્શ્વનાથ નામે પ્રસિદ્ધ છે.

❖ દોશી રત્નાશાહે ચિતોડના કિલ્લામાં ભવ્ય જિનાલય બનાવેલ.

❖ ક્ષુલ્લક દેવચંદે ચક્કેશ્વરી દેવીની આરાધના કરી તેથી જિનપ્રસાદ બનાવી સેરીસા મહાતીર્થ રૂપે પ્રસિદ્ધ કર્યું. **(ઉપદેશ-તરંગીણી)**

❖ હેમચંદ્રસૂરિ ના ઉપદેશથી મંત્રી આંબડે ઉદાવસહિ માં ૨૪ દેરીઓ બંધાવી અને 'ઉદય વિહાર' નામ આપ્યુ. ધોળકા ના શેઠ ધવળ ના પુત્રતથા શેઠ વૈરિસિંહે તે જિનાલય ઉપર સોનાનાં કળશો ચઢાવ્યા.

❖ મંત્રી આંબડે ભરૂચ ના 'શકુનિકા વિહાર'માં ૨ કરોડ દ્રવ્ય ખર્ચી જિર્ણોદ્ધાર કરાવેલ.

❖ પાટણના શેઠ સત્યકિની પુત્રી "ડાહીદેવી" તેને બાલપણામાં એવો નિયમ કરેલો કે હેમચંદ્રાચાર્યના દર્શન-વંદન કર્યા વિના ભોજન લેવું નહિં. અને પરણીને ખંભાત માં ગઈ ત્યારે એવો નિયમ કરેલો કે મુનિ સુવ્રતસ્વામીની તથા હેમચંદ્રાચાર્ય ની ચરણપાદુકાને રોજ પૂજીને જ ભોજન કરવું. આવો નિયમ જીવન-પર્યંત પાળેલ.

❖ આભડ વસાહ તેણે ત્રણ લાખ સોનામહોર સુધી પરિગ્રહ પરિમાણ વ્રત લીધેલ દ્રવ્ય વધી જવાથી ૨૪ ભગવાનના ૨૪ જિનાલયો અને ૮૪

પોષધશાળા બંધાવેલ. તથા સાતે ક્ષેત્રમાં ૯૦ લાખ સોનામહોર વાપરેલ. **(પ્રશ્નોત્તર-પ્રદિપ)**

❖ દીક્ષાર્થી ગંધાર શ્રાવક દીક્ષા લીધા પહેલાં ગુર્વાજ્ઞા મેળવીને વેતાઢ્ય ગિરિની ગુફામાં ગયો ત્યાં ૨૪ રત્નો ના બિંબો જોવામાં એવો તલ્લીન બન્યો કે આખી રાત પ્રભુ સામે જ પસાર થઈ ગઈ. આ શ્રાવકનું નામ 'નિશીથ સૂત્ર'માં પણ આવે છે.

❖ શ્રેણીક મહારાજા દરરોજ મહાવીર પ્રભુ જે દિશામાં વિચરે તે દિશામાં સાત-આઠ ડગલા આગળ જઈ ૧૦૮ સોનાનાં જવથી સ્વસ્તિક કરતા. **(આવશ્યક-સૂત્ર)**

❖ જ્યારે આબુ ઉપર જિનાલયો બંધાતા તે વખતે કારીગરો ધીરે ધીરે કામ કરતા. ત્યારે અનુપમા દેવીએ કહ્યું કે આરસ ઘડતાં જેટલો ભૂક્કો પડશે તેના ભારોભાર સોનું આપવામાં આવશે. **(પ્રભાવક-ચરિત્ર)**

❖ જ્યારે કલકત્તા માં ઈસ્ટ ઈંડીયા કંપનીનું રાજ્ય હતું એ વખતે એક ભાઈ અંગ્રેજની દુકાને પહોંચ્યો ત્યાં બધી વસ્તુઓનો ભાવ પૂછવા લાગ્યો. તે વખતે અંગ્રેજે કહ્યું કે ભાવ શું પૂછો છો. લેના હો તો લે લો નહિ તો ચલે જાઓ. ત્યારે આ ભાઈ એ કહ્યું કે આખી દુકાન નો શું ભાવ તો અંગ્રેજે ગુસ્સામાં કહ્યું કે એક લાખ રૂપિયા. એ વખતે લેનાર ભાઈએ તરત જ લાખ રૂપિયાનો ચેક આપી દીધો.

હકીકતમાં આખી દુકાનમાં ૨૦ લાખના ગ્લાસ હતા. પરન્તુ અંગ્રેજ કીધા પછી ફર્યો નહિં. દુકાનનો તમામ માલ અજીમગંજમાં પહોંચતો કર્યો. ઘેર જઈ માતાની આજ્ઞા અનુસાર કાટગોલમાં કાચના જિનાલયમાં આ ૨૦ લાખ રૂપિયાના ગ્લાસ ગોઠવી દીધા. આજેય ત્યાં કાચના બારણાં મોજુદ છે. આ કાચ એવાં જાદુભર્યા દેખાય છે કે કોઈમાં વરસાદ વર્ષતો હોય કોઈમાં બરફ પડતો હોય એવું દેખાય છે.

❖ કુંડકોલીનગર ના સોમદેવ રાજાએ ૫૦૦ સોનાનાં, અને ૧૭૦૦

લાકડાના જિનાલયો બંધાવેલા અને કરોડો મનુષ્યોની સાથે શત્રુંજય ઉપર આદિનાથની સ્તુતિ કરેલ. **(શત્રુંજય-કલ્પ)**

❖ દેવલોક માં વિજયદેવે એક કાષયિક વસ્ત્ર થી ૧૦૮ જિન પ્રતિમાઓને અંગ લુછણું કરેલ. **(જીવાજીવાભિગમ સૂત્ર)**

❖ પાલનપુર ના જિનાલયોમાં દરરોજ ૫૦૦ વીસલપ્રિય નાણાનો ભોગ થતો.(૩૬ મુડા દ્રમે કરી ૬૨,૨૦,૮૦૦ વીસલપ્રિય નાણું થાય.) **(સેન-પ્રશ્ન)**

❖ બાહડ મંત્રીએ ૬૩ લાખ સોનામહોર ખર્ચી ગિરનારજીતીર્થના પગથિયા બંધાવી રસ્તો ખુલ્લો કર્યો. અને શત્રુંજય ના જિનાલય માટે ૨૪ ગામ તથા ૨૪ બગીચા ભેટ આપેલ. **(કુમારપાલ-ચરિત્ર)**

❖ રાજીયા-વાજીયા શેઠ ગંધાર થી ખંભાત આવીને વસ્યા. વ્યાપારમાં ફાયદો થવાથી ખંભાતમાં ૧૨ થાંભલાવાળું, છ દરવાજા વાળું, ભવ્ય જિનાલય બંધાવેલ.. એ ભોંયરામાં નાની ૨૬ દેરીઓ છે. ૧૮ હાથી તથા ૮ સિંહ કોતરેલા છે. આ શેઠે ખંભાત માં આવીને એક જ વર્ષમાં ૨૩ લાખ રૂપિયા ખર્ચીને ઘણાં માનવીઓને સહાયતા કરેલ જેથી કહેવાય છે કે "ગંધાર ના રાજીયા-વાજીયા ખંભાત બંદરે ગાજીયા." **(સર્વતીર્થ સંગ્રહ)**

❖ જ્યારે વસ્તુપાલ મંત્રી સંઘ લઈ ગિરનાર જાય છે એ વખતે અનુપમા દેવી ભાવ વિભોર બનતા પોતાના ગળામાં રહેલાં ૩૨ લાખના દાગીના પ્રભુને પહેરાવી દે છે. પછી ૧ કરોડ પુષ્પો વડે પૂજા કરે છે. તેથી તેજપાલ મંત્રી નવા ૩૨ લાખના દાગીના બનાવી આપે છે. ગિરનારથી શત્રુંજય જતાં અનુપમા દેવી ૩૨ લાખના દાગીના આદિનાથને પહેરાવી દીધા. તે જોઈ વસ્તુપાલની પત્નીએ પણ પોતાના ૩૨ લાખના દાગીના પ્રભુને પહેરાવી દીધા. ઘેર આવ્યા પછી મંત્રીએ ફરીથી બધાને તેવાજ દાગીના બનાવીને આપી દીધા. **(ઉપદેશ-તરંગીણી)**

❖ મંદોદરી અષ્ટાપદ પર્વત નૃત્ય કરે છે ત્યારે તેની સાથે ૧૬,૦૦૦ અન્તપુર ની સ્ત્રીઓ નૃત્ય કરે છે. **(ઉપદેશ-તરંગીણી)**

❖ વિમલ મંત્રીએ દરરોજ ધજા સ્નાત્રાદિ પ્રસંગો ઉજવવા માટે મુણ્ડસ્થલાદી ૩૬૦ ગામોમાં પોરવાલો વસાવ્યા અને બધા કર આદિ માફ કરીને ધનવાન બનાવ્યા. તેથી બધા ગામના શ્રાવકો સ્વદ્રવ્યથી પૂજા કરતા. **(ઉપદેશ-તરંગીણી)**

❖ દાનવીર જગડુશાહે ૧૦૮ જિનાલયો બંધાવેલ. ત્રણ શત્રુંજયના સંઘ કાઢ્યા. અને ભદ્રેશ્વરનો જિર્ણોદ્ધાર કરાવેલ.

❖ રણવીર રાજાએ ૧૦૦૦ થાંભલાવાળું શત્રુંજય પર્વત ઉપર જિનાલય બનાવી આદિનાથની મૂર્તિ સ્થાપેલ. **(શત્રુંજય-કલ્પવૃત્તિ)**

❖ ધર્મનંદન રાજાએ શત્રુંજય ઉપર યક્ષે આપેલી રસકૂપિકા થી કોટિ ભાર પ્રમાણ સોનું બનાવી ૧૦ ભાર પ્રમાણ સોનાનાં ૧૦૦ જિનબિંબો, ચાંદીના ૧ લાખ જિનબિંબો અને પિત્તલના નવ લાખ જિનબિંબો અને પાષાણના ૯૦ લાખ જિનબિંબો ભરાવી શાસન પ્રભાવના કરી. **(શત્રુંજય-કલ્પવૃત્તિ)**

❖ સાત વાહન રાજાએ ગગનચુંબી ૩૦૦ જિનાલયો બનાવેલ.

❖ માંડવગઢના જાવડશાહ જે 'લઘુશાલીભદ્ર' કહેવાતો તે જાવડશાહે પાંચ જિનાલયો બનાવેલ તેમાં ૧૧ શેર સોનાની, ૨૨ શેર ચાંદીની એમ બે પ્રતિમા બનાવેલ પ્રતિષ્ઠામાં ૧૧ લાખ દ્રવ્યોનો વ્યય કરેલ. **(માંડવગઢ કા પરિચય)**

❖ ગંધારના ઈંદ્રજી પોરવાલે હીરસૂરીજીના સદુપદેશથી ૩૬ જિનાલયો બંધાવેલા. **(સૂરિ-સમ્રાટ્)**

❖ કૃષ્ણ મહારાજાએ ગિરનાર તીર્થ ઉપર રૂપાના-સોનાના અને મણિના મંદિરો બંધાવેલ. **(ગિરનાર કલ્પ)**

❖ દંડનાયક સજ્જન મંત્રીએ પાલીતાણાથી ગિરનાર સુધી ૧૨ યોજન લાંબી ધજા ચઢાવેલ. **(ઉપદેશ-તરંગીણી)**

❖ દશાર્ણભદ્ર રાજાએ 'વીરપ્રભુ પધાર્યા' એવી વધામણી આપનાર પુરૂષોને સાડાબાર લાખ ચાંદીના દ્રમક અને પોતાના અંગના બધા આભરણો ભેટ આપેલ. **(મૂળશુદ્ધિ પ્રકરણ)**

## પ્રભાવશાળી-પૂર્વાચાર્યો

❖ **સ્વયંપ્રભ સૂરિ :** (ભીનમાલ) શ્રીમાલ નગરના રાજા આદિ ૯૦,૦૦૦ ઘરોની વસ્તીને પ્રતિબોધ કરી જૈન બનાવેલા. તથા પદ્માવતી નગરમાં યજ્ઞમાં બલીદાન અપાતા લાખો પ્રાણીઓને અભયદાન આપી ૪૫,૦૦૦ અજૈન કુટુંબોને જૈન બનાવેલ.

❖ **રત્નપ્રભ સૂરિ :** ઉપકેશપુર માં ૩,૮૪,૦૦૦ ઘરોનાં માણસોને માંસ મદિરા છોડાવી જૈન બનાવેલા. ઓસવાલ વંશની સ્થાપના કરેલ ૫૦૦ દિક્ષાર્થીઓ સાથે સંયમ ગ્રહણ કરેલ. વીર નિર્વાણ પછી ૮૪ વર્ષે આ આચાર્ય સ્વર્ગે સીધાવેલ. **(પાર્શ્વનાથ પરંપરા ઈતિહાસ)**

❖ **કક્કસૂરિ :** જેમને કચ્છ દેશમાં વિચરી લાખો અજૈનોને જૈન બનાવ્યા અને હજારો જિનબિંબોની પ્રતિષ્ઠા કરાવેલ.

❖ **સુપ્રતિબદ્ધસૂરિ :** જેમને સૂરિમંત્રનો એક કરોડ વખત જાપ કરેલ. જેનાથી નિર્ગ્રંથ ગચ્છનું નામ કોટીગચ્છ નામ પડ્યું.

❖ **જગત્ચંદ્રસૂરિ :** આ આચાર્યને આઘાટપુરમાં (આયડ) માં રાજાએ તપાનું બિરૂદ આપેલ ત્યારથી તપાગચ્છ નામ થયેલ. એમને ચિત્તોડની રાજસભામાં ૩૨ આચાર્યોને જીતેલ. જાવજ્જીવ સુધી આંબિલનો તપ કરેલ. વિ.સં. ૧૨૪૦ થી ૧૨૮૫માં આચાર્ય થયેલા.

**(જૈન પરંપરા નો ઈતિહાસ)**

❖ **સોમસુંદરસૂરિ :** રાણકપુર તીર્થ પ્રતિષ્ઠાના કર્તા ૧૮૦૦ ક્રિયાપાત્ર સાધુના ગુરૂ, ઉંઘમાં પડખુ ફેરવતી વખતે ઓઘાથી પ્રમાર્જના કરવાવાળા, યોગશાસ્ત્ર, ઉપદેશમાળા ગ્રંથના રચયિતા, તારંગાની

પ્રતિષ્ઠામાં એમની નિશ્રામાં સાત લાખ માણસો ભેગા થયેલા. વિ.સં. ૧૪૫૦ માં થયેલા. **(પ્રબંધ પંચશતી)**

❖ **મુનિસુંદરસૂરિ :** સંતિકરં સ્તોત્રના કર્તા હંમેશાં ૧૦૦૦ શ્લોક કંઠસ્થ કરવાવાળા, સહસ્ત્રાવધાની, ૨૪ વાર સૂરિમંત્રનો જાપ કરનાર, રાજાઓ પાસે અમારી પડહ વગડાવનાર, કાલી સરસ્વતી બિરૂદના ધારક, રત્નાકર, અધ્યાત્મ કલ્પદ્રુમના રચયિતા, શિરોહીમાં તીડનો ઉપદ્રવ દૂર કરનાર, પોતાના ગુરૂને ૧૦૮ હાથ લાંબો પત્ર લખનાર આ આચાર્ય વિ.સં. ૧૪૭૮માં થયેલા. **(પ્રબંધ પંચશતી)**

## તપસ્વી આચાર્યો

❖ **ધનેશ્વરસૂરિ :** પૂનમિયા ગચ્છના છ એ વિગઈનો ત્યાગ હતો.

❖ **શ્રીપ્રભસૂરિ :** છ વિગઈના ત્યાગી, એકાંતરે આંબિલ-ઉપવાસ કરવા વાળા, ૫૦૦ શ્રાવક-શ્રાવિકાઓને બાર વ્રત ધારણ કરવાવાળા કચ્છુલી ગચ્છના હતા.

❖ **શીલભદ્રસૂરિ :** ૧૨ વર્ષની વયમાં સંયમ લેવાવાળા તે જ દિવસ થી જીવન પર્યંત છ વિગઈના ત્યાગી એમની દેશના ક્યારેય નિષ્ફળ ન ગઈ. યુગપ્રધાન કાલ સં. ૧૦૬૧

❖ **મુનિચંદ્રસૂરિ :** દિક્ષાના દિવસથી જીવન પર્યંત ૧૨ દ્રવ્ય જ વાપરવાના, પ્રાયઃ કરીને આંબિલ તપ વધારે કરતા.

❖ **દાદા મણિવિજયજી :** વીર પ્રભુની ૭૧મી પાટે એકાસણા કરતાં બાકીના તમામ દિવસોમાં ચોવિહારા ઉપવાસ કરતા.

❖ **કૃષ્ણર્ષિમુનિ :** માત્ર એક વર્ષમાં ૩૭ દિવસ જ એકાસણા કરતાં બાકીના તમામ દિવસોમાં ચોવિહારા ઉપવાસ કરતા.

❖ **માનદેવસૂરિ :** આચાર્ય પદવી વખતે નિયમ કરેલો કે આજ થી છ વિગઈનો ત્યાગ અને ભક્ત ના ઘરની ગોચરી ન વાપરવી.

❖ **હીરસૂરિશ્વરજી :** આ આચાર્યે અકબર રાજાને પ્રતિબોધ પમાડેલ પોતાના જીવન દરમ્યાન ૮૧ અઠઠમ, ૨૨૨ છઠ, ૩૬૦૦ ઉપવાસ, ૨૦૦૦ આંબિલ, અને ૪૦૦ ચોથ ભક્ત કરેલ, જ્ઞાનની આરાધના માટે ૨૨ મહિના સુધી તપ કરેલ ૧૨ પ્રતિમાઓ વહન કરેલ, દરરોજ ૨૦૦૦ ગાથાનો સ્વાધ્યાય કરતા.

❖ **વિદ્યાસાગરજી :** આનંદ વિમલ સૂરિ ના શિષ્ય આજીવન છઠ ના પારણે છઠ કરતા અને પારણે આંબિલ.

❖ **દાનસૂરિજી :** જાવજજીવ સુધી ઘી નો ત્યાગ.

❖ **દેવસૂરિજી :** ૧૧ દ્રવ્ય થી વધારે ન વાપરવાવાળા પાંચ વિગઈ ના ત્યાગી.

❖ **કક્કસૂરિ :** ૧૨ વર્ષ સુધી છઠના પારણે આયંબિલ તપ.

**(ઉપદેશ પટ્ટાવલી)**

❖ **આણંદવિમલ સૂરિ :** વિ.સં. ૧૫૭૫ માં થયેલા એમને જીવનમાં ૧૮૧ ઉપવાસ, વીસ સ્થાનક તપની ૨૦ વખત આરાધાના, ચોથ ભક્ત, ૪૦૦ છઠ કર્યા, વીર પ્રભુના ૨૨૯ છઠ, દરેક કર્મના જેટલા ભેદ તેટલા ઉપવાસ નામ કર્મ સિવાય. **(જૈન ઐતિ. ગુ.કા.)**

❖ **પૂંજાઋષિની ઘોર તપસ્યા :** ૧૨ વર્ષ સુધી છ વિગઈનો ત્યાગ, ૫ વર્ષ સુધી ગમે તેવી ઠંડીમાં કાંબલીનો ત્યાગ, પાંચ વર્ષ સુધી આડુ પડખુ ફેરવીને સુવાનો ત્યાગ.

૪૦ ઉપવાસ-એક વખત, ૧૪ ઉપવાસ-૧૪ વખત, ૮ ઉપવાસ-૨૫૦ વખત, ૩૦ ઉપવાસ-૫૦ વખત, ૧૩ ઉપવાસ-૧૩ વખત, ૩ ઉપવાસ-૧૫૦૦ વખત, ૨૦ ઉપવાસ-બે વખત, ૧૨ ઉપવાસ-૧૨ વખત, ૨ ઉપવાસ-૭૦ દિવસ, ૧૬ ઉપવાસ-૧૬ વખત, ૧૦ ઉપવાસ-૨૪ વખત, પારણે માત્ર છાસ,

આ ઋષિએ કુલ ૧૧, ૩૨૧ ઉપવાસ કરેલ છે. **(જૈન પરંપરા નો ઈતિહાસ)**

## વિદ્વાન આચાર્યો - સાધુઓ

❖ **મહોપાધ્યાય સમયસુંદર ગણિ :** સં.૧૬૫૨ માં લાહોરમાં 'રાજાનો દદતે સૌખ્યમ' ચરણના આઠ લાખ અર્થ કરેલા. જે હાલ "અષ્ટલક્ષી' ગ્રંથ નામે પ્રસિદ્ધ છે.

❖ **દેવરત્નસૂરિ :** 'નમો લોએ સવ્વસાહૂણં' પદમાંથી સવ્વ શબ્દના ૩૯ અર્થ કરેલા. આ આચાર્ય આગમિક ગચ્છના હતા.

❖ **ઉપા. લાભવિજયજી ગ. :** 'નમો દુર્વાર રાગાદિ' પદના ૫૦૦ અર્થો કરેલા.

❖ **પં. હર્ષકુલ ગણિ :** 'નમો અરિહંતાણં' પદ ના ૧૧૦ અર્થો કરેલા.

❖ **સોમપ્રભસૂરિ :** 'કલ્યાસાર.....' શ્લોક ના ૧૦૦ અર્થો કરેલા.

❖ **માનસાગરજી :** યોગશાસ્ત્રના ૧૦ માં શ્લોકના ૧૦૦ અર્થો કરેલા.

❖ **કવિશ્રીપાલ :** 'ભૂ ભારોદ્ધરણો' પદ ના ૧૦૦ અર્થો કરેલા.

❖ **જયસુંદરસૂરિ :** યોગશાસ્ત્રના ૫ માં શ્લોક ના ૧૦૦ અર્થો કરેલા.

❖ **જિનપ્રભસૂરિ :** ખતરગચછના દરરોજ નવી પાંચ ગાથા રચ્યા પછી આહાર પાણી કરતા.

❖ **બપ્પભટ્ટીસૂરિ :** દરરોજની ૧૦૦૦ ગાથા કરવા વાળા.

❖ **દુર્બલિકાપુષ્પમિત્ર :** દરરોજની ૭૦૦ ગાથા કરવા વાળા.

❖ **જિતવિજયજી :** આ વિજયપ્રભસૂરિ ના શિષ્ય માત્ર ચાર ઘડીદિન પાછલો રહે ત્યારે ૩૬૦ નવી ગાથા કરી લેતા.

❖ **ધર્મઘોષસૂરિ :** માત્ર છ ઘડીમાં ૫૦૦ શ્લોક મુખપાઠ કરવા વાળા.

❖ **વિજયસેનસૂરિ :** 'નમો દુર્વાર રાગાદી' ના ૭૦૦ અર્થો કરેલા.

❖ **મલ્લવાદીસૂરિ :** એક જ શ્લોક ના આધારે ૧૦,૦૦૦ શ્લોક પ્રમાણ 'દ્વાદશારનય ચક્ર' ગ્રંથની રચના કરેલ, અને ૨૪,૦૦૦ શ્લોક પ્રમાણ 'પદ્મચરિત્ર'ની રચના કરેલ. (ઉપદેશ પ્રસાદ)

❖ **ઉપા. યશોવિજયજી :** એક જ રાતમાં ૪૦૦૦ શ્લોક કંઠસ્થ કરેલા.

❖ **ઉપા. વિનયવિજયજી :** માત્ર એક જ રાતમાં ૩૦૦૦ શ્લોક કંઠસ્થ કરેલા. **(જૈન સ્તોત્ર સંદોહ)**

## આયંબિલ તપના મહા તપસ્વીઓ

❖ વર્ધમાન તપની અખંડ રીતે ૧૦૦ ઓળી પૂર્ણ કરનાર શ્રી ચંદ્રકેવળી બન્યા. જેઓ ગઈ ચોવીશીમાં બીજા નિર્વાણી પ્રભુના શાસનમાં મોક્ષે પધાર્યા. તેમનું નામ ૮૦૦ ચોવીશી સુધી અમર રહેશે.

❖ ભગવાન ઋષભદેવ ની પુત્રી સુંદરીએ ૬૦,૦૦૦ વર્ષ સુધી અખંડ આયંબિલ કરેલ.

❖ સનત્કુમાર ચક્રવર્તીએ પૂર્વભવમાં વર્ધમાન તપની ઓળી પૂર્ણ કરીને લોકોત્તર પુણ્ય પ્રાપ્ત કરી ચક્રવર્તી થઈ ત્રીજા દેવલોકે ગયા.

❖ ભગવાન નેમિનાથના સદુપદેશ થી દ્વારિકા નો ઉપદ્રવ ટાળવા ૧૨ વર્ષ સુધી અખંડ અબિલની આરાધના ચાલેલ.

❖ પાંચ પાંડવોએ પૂર્વભવમાં વર્ધમાન તપની ઓળી કરેલ.

❖ મહાસતી દ્રોપદીએ પદ્મોત્તર રાજાની આપત્તિમાંથી દૂર થવા માટે છ મહિના પર્યન્ત છઠના પારણે આંબિલ કર્યા હતા. (જ્ઞાતા સૂત્ર)

❖ મહાસતી દમયંતીએ પૂર્વભવમાં ૫૦૪ અખંડ આંબિલથી તીર્થંકર તપ કરીને ૨૪ ભગવાન નાં લલાટમાં હીરાના તિલક સ્થાપેલ.

❖ ચરમકેવલી જંબુસ્વીમીએ પૂર્વભવમાં ૧૨ વર્ષ સુધી છઠના પારણે આંબિલ કરેલા.

❖ ધન્ના અણગારે જાવજજીવ સુધી છઠના પારણે આંબિલ કરેલા.

❖ સિંહસેન દિવાકર સૂરિએ ૯ વર્ષ સુધી અખંડ આંબિલ કરેલ.

❖ વીરપ્રભુની ૪૪મી પાટે થયેલ જગત્ચંદ્રસૂરિએ જાવજજીવ આંબિલ કરેલા.

❖ સંતિકરં સ્તોત્રનાં કર્તા મુનિસુંદરસૂરિએ જાવજ્જીવ સુધી અખંડ આંબિલ કરેલા.

❖ શ્રી ચંદ્રકેવલીએ સુલસના ભવમાં ૫૦૦ આંબિલ અને એમની પત્ની ભદ્રાએ ૧૦૦૦ અખંડ આંબિલ કરેલા. **(હસ્ત લિખીત રાસમાંથી)**

❖ શ્રેણીક રાજાની રાણી મહાસેનકૃષ્ણાએ દીક્ષા લઈ ચૌદ વર્ષ આંબિલ તપ કરી મોક્ષે ગયેલ. **(અંતગડ સૂત્ર)**

❖ શ્રેણીક રાજાની કાળી આદિ રાણીઓએ દરેક તપની ચાર પરિપાટી કરે. ૧લી પરિપાટીમાં પારણે વિગઈ ત્યાગી. બીજી વિગઈ વાપરી, ત્રીજીમાં વિગઈનો લેપ ત્યાગ્યો, ચોથીમાં આંબિલ કરી મોક્ષે ગઈ. (આ તપ પાંચ વર્ષ બે માસ ૨૮ દિવસનો હોય છે.) **(અંતગડ સૂત્ર)**

❖ આંબિલ તપ કરતાં અંબડ તાપસ અવધિજ્ઞાન, વૈક્રિયલ. વીર્યલ. પામેલ. તેથી દરરોજ ૧૦૦ પ્રકારના નવા નવા રૂપો વિકુર્વી ૧૦૦ ઘરે જઈ જૈન ધર્મ પમાડતા. **(ઉવવાઈ સૂત્ર)**

❖ વર્ધમાનસૂરિએ વસ્તુપાલના સ્વર્ગ ગમન પછી જાવજ્જીવ આંબિલં કરે.

**નવપદની આરાધનાથી અખંડ નવ આંક પ્રાપ્ત કરનાર શ્રીપાલ રાજા-**

❒ નવસો વર્ષ રાજ્ય ભોગવ્યું.
❒ નવલાખ ઘોડાઓ
❒ નવ વખત રાજ્ય પામ્યા
❒ નવ કરોડ પાયદલ
❒ નવ હજાર હાથી
❒ નવ રાણીઓ
❒ નવ હજાર રથો
કાળ કરી નવ માં દેવલોક ગયા.
❒ હીર મોતી ના ગોળા સહિત નવપદનું ઉજમણું કરેલ.
❒ નવમાં ભવે મોક્ષે જશે. **(પ્રાચીન સજઝાય માંથી)**

## સાધર્મિક - ભક્તિ

❖ માંડવગઢમાં એવો નિયમ હતો કે જે કોઈ નવો સાધર્મિક રહેવા આવે તેને એક ઇંટ અને એક સોનામહોર આપતા. જેથી એક જ દિવસમાં ધનાઢ્ય બની જતો.

- ❖ થરાદના વતની આભૂસંઘવીએ ૩૬૦ સાધર્મિકોને પોતાના જેવા બનાવેલા. (સુકૃત-સાગર)
- ❖ માંડવગઢના રહીશ જગસિંહે ૩૬૦ વણિકપુત્રોને પોતાના જેવા ધનવાન બનાવેલ. તેઓ હંમેશાં એક ધનાઢ્ય પાસેથી ૭૨,૦૦૦ દ્રવ્ય ખર્ચાવી સાધર્મિક વાત્સલ્ય કરાવતાં. (માંડવગઢ ઈતિ.)
- ❖ જગડુશાહે ૧૩૧૫ ના દુષ્કાલ માં ભિન્ન ભિન્ન દેશોમાં દાનશાળા ખોલેલ, રેવાકાંઠામાં-૩૩, સોરઠદેશમાં-૩૩, ગુજરાતમાં-૩૩, લાટદેશમાં ૩૦, કચ્છમાં-૩૦, મોવાડમાં-૪૦, માળવામાં-૪૦, ભાલપ્રદેશમાં-૪૦, ઉત્તરપ્રદેશમાં-૧૨ અને રાજાઓને અનાજનું દાન આપેલ. રાજા વિસલદેવને-૮૦૦૦ મૂડા, માળવાના રાજાને-૧૮,૦૦૦ મૂડા, સિંધના હમીરને-૧૨,૦૦૦ મૂડા, મેવાડના રાજાને ૩૨,૦૦૦ મૂડા, દિલ્લીના સુલતાનને-૨૧,૦૦૦ મૂડા (૧૦૦ મણ=૧ મૂડો) દાન આપેલ.
- ❖ કુમારપાલ રાજાએ એક સાધર્મિક શાળામાં સંભાળ માટે નિમ્યો, રાજા વેષ પરિવર્તન કરી તે શાળામાં ગયો. ત્યાં સાધર્મિક ને ૧૨ ગામ અને ૫૦૦ ઘોડાઓ ભેટ આપ્યા. (પ્રબંધ પંચશતી)
- ❖ વસ્તુપાલ મંત્રીએ ૩૬,૦૦૦ સોનાનાં તિલકો વડે શ્રાવકોને વિભૂષિત કરે. (ઉપદેશ-તરંગીણી)
- ❖ સોમસુંદરસૂરિ ના ઉપદેશથી ખીમાઈ નામની બાઈએ સમસ્ત ગચ્છના સાધુ-સાધ્વી ને વસ્ત્ર વહોરાવેલ તથા સર્વ દેશના સાધર્મિકો ને ઘેર સાકરની લ્હાણી કરી જીવન ધન્ય બનાવેલ. (ઉપદેશ-તરંગીણી)
- ❖ ભરત ચક્રવર્તીએ બાર વ્રતધારી શ્રાવક-શ્રાવિકાઓ માટે દાનશાળા ખોલેલ. જે વ્રતધારી જ્યાં સુધી જીવે ત્યાં સુધી તેને ત્યાં જ જમવાનું. (ઉપદેશ-તરંગીણી)

❖ પાટણના સિધાવા નામના સરાફે ૨૪,૦૦૦ મણ ધાન્ય દીન માણસોને દાનમાં આપેલ અને ૧૦૦૦ બંદીવાન છોડાવેલ. **(શ્રાદ્ધ વિધિ)**

❖ વઢવાણ ના રત્નશેઠે વસ્તુપાલ સંઘના ૭ લાખ માણસોની સંઘ પૂજા અને સાધર્મિક ભક્તિ અર્પણ કરેલ તથા સંઘવીને દક્ષિણાવર્ત શંખ અર્પણ કરેલ. **(ઉપદેશ-તરંગીણી)**

❖ સંપ્રતિ મહારાજએ ભરતના ત્રણે ખંડમાં દરેક ગામમાં સાધર્મિક વાત્સલ્ય કરેલ અને ૭૦૦ દાનશાળા ખોલેલ. **(ઉપદેશ-તરંગીણી)**

❖ બાહડમંત્રી દર વર્ષે ૧૪ સાધર્મિક વાત્સલ્ય અને પાંચ વાર સંઘપૂજા કરતા. **(શત્રુંજય કલ્પ)**

❖ એક વખત ઝાંઝણમંત્રી ૩૨,૦૦૦ સાધર્મિકોને લઈ આભૂસંઘવીની પરીક્ષા માટે થરાદ આવ્યો, એ વખતે સંઘવી પૌષધમાં હતો છતાં તેના ભાઈ જિનદાસે ટુંક સમયમાં બધી તૈયારી કરી બધા સધાર્મિકોને જમાડી લ્હાણી આપી. તે જોઈ ઝાંઝણ ખુશ થઈ ગયો. **(ઉપદેશ-સપ્ત)**

❖ ગોવિન્દચંદ્ર રાજાના પુત્ર જયન્તચંદ્રે ૧૮ લાખ સોનામહોર દીન-દુઃખી પાછળ ખર્ચેલ. **(જૈન ઐતિ. ગુ. કા.)**

❖ સંઘવી સમરાશાહે શત્રુંજયની પ્રતિષ્ઠા વખતે ૭૦૦ ચારણો, ૩૦૦૦ બંદીવાન તથા ૧૦૦૦ ગાયકોને ઘોડા, સોનામહોર તથા વસ્ત્રનું દાન કરેલ તથા સમસ્ત પુજારીઓને ઈચ્છિત આજીવિકા આપેલ. **(જૈન ઐતિ. ગુ. કા.)**

❖ શ્રી ચંદ્રરાજા દરરોજ ૧ લાખ દ્રવ્ય સાત ક્ષેત્રો માં વાપરતા. **(ચંદ્રકેવલી ચ.)**

❖ ચંદ્રાવતી નગરીમાં ૩૬૦ કરોડપતીઓ રહેતા તેઓ હંમેશા વારાફરતી ગામમાં ફલેચુંદડી કરતા તેથી પ્રાયઃ કોઈને ચૂલો સળગાવવો નતો પડતો, અને બહારગામથી જે સાધર્મિક આવે તેને એક ઇંટ, નળિયું, થાળી અને રૂપિયો આપી ધનાઢ્ય બનાવતા. **(ગુજરાતનું ગૌરવ)**

❖ મહારાજા અશોકે વટેમાર્ગુ માટે અડધા ગાઉના આંતરે પાણીની પરબો ખોલેલી અને તેની અન્નશાળામાં દરરોજ ૬૦,૦૦૦ બ્રાહ્મણો ભોજન લેતા. **(સમ્રાટ-સંપ્રતિ)**

❖ દોલતાબાદના કરોડપતિ શેઠ જગતસિંહે ૭૦૦ વસ્ત્રો, ૭૦૦ સોનામહોરો, શ્રેષ્ઠ તાંબૂલની સાથે સાધર્મિકોને આપેલ. **(જૈન પરંપરાનો ઈતિ.)**

❖ દેવેન્દ્રસૂરિ વ્યાખ્યાન આપતા હતા એ વખતે વસ્તુપાલ મંત્રી ત્યાં ગયા સામાયિક લઈને બેઠેલા તમામ આરાધકોને મુહપત્તિ આપેલ. ૧૮,૦૦૦ મુહપત્તિઓ ગઈ. **(જૈન પરંપરાનો ઈતિ.)**

❖ વાજીયા-રાજીયા શેઠે પોતાનાં પાપોની શુદ્ધિ કરવા માટે એવો નિયમ કરેલો કે નવકાર મંત્રનો જાપ કરનાર દરેક સાધર્મિકને પરવાળાની માળા આપીશ. જેથી પાપ ધોવાઈ જશે.

❖ એક વખતે ભોજ રાજા માઘ કવિના મહેલે જાય છે. કવિ સોનાનાં થાળમાં રાજાને જમાડે છે. ત્યાં એક જોષીએ કહ્યું આ કવિ ૩૬,૦૦૦ દિવસ જીવશે. તેથી રાજા તે માઘ કવિને ૩૬,૦૦૦ હીરાના હાર આપે છે.

❖ કુમારપાલ રાજાએ ધર્મશાળામાં મુહપત્તિ પડિલેહણ કરનાર ને ૫૦૦ ઘોડા તથા ૧૨ ગાયોનું દાન કરેલ અને સઘળી મહુપત્તિ પડિલેહણ કરનારને ૫૦૦ ગામોનું દાન કરેલ. **(ઉપદેશ રત્નાકર-૧૪૬)**

❖ ચંદ્રપુર નગરના ધનશેઠની પાસે ચાર કરોડ સોનામહોર હતી તે ધર્મમાં વાપર્યા કરતો. એક વખત આ શેઠને ખળ ખાવાની ઈચ્છા થઈ તેથી શેઠને વિચાર આવ્યો કે મને આવી ખરાબ ઈચ્છા થઈ તેથી રાજા મારું ધન લઈ લેશે. તેથી શેઠે ૪ કરોડ સોનામહોરો સપ્તક્ષેત્રમાં વાપરી નાખી રાજાને આ સમાચાર મળતાં બીજી ૪ કરોડ સોનામહોરો શેઠને ભેટ આપી. જેટલું વાપરે તેટલું મળી જ જાય. **(પ્રબંધ પંચશતી)**

❖ એક વખત વિક્રમ રાજા સ્ત્રીઓના રાજ્યમાં ગયો ત્યાં પદ્મીની શંખિની વિ. હજારો રૂપ લાવણ્ય થી યુક્ત હતી. સ્ત્રીઓ એ રાજા પાસે ભોગની ઈચ્છા વ્યક્ત કરી. પરન્તુ રાજા પરસ્ત્રી પરાઙ્મુખી હોવાથી બધી સ્ત્રીઓએ ખુશ થઈ ચમત્કારિક ૧૪ રત્નો આપ્યા. રાજાએ રસ્તામાં દીન દુઃખી ને આપી દીધા. **(પ્રબંધ પંચશતી)**

❖ એક ખેડૂતે એવો નિયમ કર્યો કે ખેતરમાં હળ ખેડ્યા ને એક કલાક થાય એટલે દાન આપવું, એવી રીતે આ ખેડૂત કલાકે કલાકે દાન આપતો. **(પ્રબંધ પંચશતી)**

❖ આભડ મંત્રીએ ૮૪ પૌષધશાળા બંધાવેલ, ૯૦ લાખ દ્રવ્ય સાતક્ષેત્રમાં વાપરેલ અને પ્રાસુક ઘી-દૂધ સાધુઓને વહોરાવતો.

❖ ભરૂચમાં મુનિસુવ્રત સ્વામી આગળ આરતી દીવો ઉતાર્યા પછી આમ્રદેવે ૩૨ લાખ દ્રવ્ય દીન દુઃખીઓને આપ્યું. **(ઉપદેશ-તરંગીણી)**

❖ અકબર બાદશાહ દરબારમાં બેસતો ત્યારે એક ખજાનચી તેમની પાસે સોનામહોરની થેલી લઈને બેસતો જે દીન દુઃખી આવે તેને સોનામહોર આપતો. **(સૂરી-સમ્રાટ)**

❖ રત્નચૂડ રાજા પૂર્વભવમાં મેઘનાદ નામે કુમાર હતો, જે દાન દેવાનો વ્યસની હતો એ દરરોજ ૧૮ કરોડ સોનામહોર દાનમાં આપતો. **(પુંડરીક-ચ.)**

❖ વાગ્ભટ્ટ મંત્રીએ લડાઈમાં વિજય મેળવ્યો તેથી કુમારપાલ રાજાએ તે મંત્રીને ૧ કરોડ સોનૈયા અને ૧૪ ઘોડા, ૧ હાથી ભેટ આપ્યા. રાજસભામાંથી બહાર નિકલતાં મંત્રીએ હાથ ઉપર બેસીને બધા સોનૈયા ઉછાળી દીધા. ઘોડાઓ પણ દાનમાં આપ્યા. માત્ર હાથી રાખ્યો. **(સુકૃત-સાગર)**

## શ્રુત ભક્તિ

❖ "જેઓ જિનેશ્વરોના આગમો લખાવે તેઓ મૂંગા, બોબડા આંધળા બનતા નથી.'' **(ધર્મ-સંગ્રહ)**

❖ વસ્તુપાલ મંત્રીએ સાત કરોડ દ્રવ્ય ખર્ચી જ્ઞાનભંડાર બનાવ્યો સર્વ આગમો ની એકેક પ્રત સોનાની શાહીથી લખાવી બાકીની પ્રતો તાડપત્રી પર કાગળો પર લખાવી. **(પ્રભાવક-ચારિત્ર)**

❖ ભગવાન મહાવીર સ્વામીને ૧૪૦૦૦ શિષ્યો હતા. તેઓએ પણ એકેક પ્રકીર્ણક શાસ્ત્ર બનાવેલ એમ ૧૪૦૦૦ પઈન્નય આગમો બનેલા કાલક્રમે કાલ ઘણાં પ્રકીર્ણકોનો વિનાશ થઈ ગયો લાગે છે. **(નંદી સૂત્ર)**

❖ 'જ્ઞાતાધર્મ કથા' નામના આગમમાં સાડા ત્રણ કરોડ કથાઓ હતી. દરેક કથાઓ માં જન્મભૂમિથી માંડી મોક્ષ સુધી ના વર્ણનો આવતા.

❖ સં.૧૪૭૨માં સોમસુંદરસૂરિના ઉપદેશથી ખંભાતમાં રામ અને પર્વત નામના બે ભાઈઓએ અગ્યાર અંગો લહીયાઓ પાસે લખાવેલા.

❖ મથુરા નગરીમાં પદમાશાહે સવાલાખ સોનેયા ખર્ચી ભગવતી સૂત્રનો મહામહોત્સવ કરેલ અને 'ગોયમા' શબ્દ પાછળ ૧-૧ સુવર્ણ મુદ્રા થી પૂજા કરેલ. **(પાર્શ્વનાથ પરં.ના ઈતિ.)**

❖ આ વિજયસેનસૂરિજીએ દેવસૂરિજી ને છ લાખ ૩૬૦૦૦ શ્લોક પ્રમાણ આગમ વાચનાનું પુનરાવર્તન કરાવેલ. **(જૈન સાહિત્ય ઈતિ.)**

❖ કુમારપાલ રાજાએ એવો નિયમ કર્યો કે જ્યાં સુધી ગુરૂએ રચેલા ગ્રંથોને તાડપત્રી ઉપર ન લખાવું ત્યાં સુધી દહીંનો ત્યાગ. ૭૦૦ લહિયાઓને બેસાડી આગમો લખાવા માંડ્યા. લખતાં લખતાં તાડપત્રીઓ ખૂટી ગઈ એટલે રાજાએ એવો નિયમ કર્યો કે જ્યાં સુધી તાડપત્રી ન મળે ત્યાં સુધી અન્ન ત્યાગ. ત્રીજા દિવસે દેવી પ્રસન્ન થઈ બગીચામાં તાડપત્રોના વૃક્ષો ઉગાડ્યા. વનપાલકે આવીને વધામણી આપી પછી રાજાએ પારણું

કર્યું. આ રાજાએ કુલ ૬,૩૬,૦૦૦ આગમોની સાત પ્રતીઓ લખાવી વ્યાકરણની ૨૧-૨૧ પ્રતિઓ લખાવેલ. **(ઉપ. તરં.)**

❖ ચૌદ પૂરવનું પ્રમાણ - મહાવિદેહ ક્ષેત્રના ૫૦૦ ધનુષ્યની કાયાવાળા, ૧૬,૩૮૩ હાથીઓને ખાડામાં ઊભા રાખી ને અને એમાં જેટલી સુકી શ્યાહી સમાય અને શ્યાહી થી જેટલું લખાણ લખાય તેટલું પ્રમાણ ૧૪ પૂર્વનું જાણવું. **(પ્રશ્નોત્તર-ચિંતામણી)**

❖ આગ્રાના વિજયલક્ષ્મીસૂરિના જ્ઞાનમંદિરમાં ૨૨,૦૦૦ પુસ્તકો અને ૮૦૦૦ જેટલી હસ્તલિખીત પ્રતો છે. **(સર્વતીર્થ સંગ્રહ)**

❖ જ્યારે મુસલમાનોએ પાટણ ઉપર હુમલો કર્યો ત્યારે પાટણથી ૫૦ ગાડા ભરી તાડપત્ર જેસલમેર લઈ જવાયા. અને જેસલમેરમાં જૈનોની જાહોજલાલી નાશ પામી અને સૈનિકો આવીને વસવા લાગ્યા ત્યારે મહીનાઓ સુધી તાડપત્રો ને જલાવી રસોઈ બનાવેલી.

❖ આજે જેસલમેરના જ્ઞાન ભંડારમાં તાડપત્રીઓ ઉપર રૂપેરી અક્ષરોવાળા ૨૬૮૩ ગ્રન્થ વિદ્યમાન છે. સોનાની ફ્રેમમાં રત્નની પ્રતિમા સરસ્વતી યંત્ર આદિ પણ છે. જિનદત્તસૂરિની ૮૨૦ વર્ષ પુરાણી સાલ પણ છે. **(જેસલમેર ઈતિ.)**

❖ થરાદના આભૂ સંઘવીએ એક કરોડ સોનામહોર ખર્ચી ૬,૩૯,૦૦૦ શ્લોક પ્રમાણ ગ્રંથોની રચના કરી પ્રતિઓ બનાવેલ. **(ઉપદેશ તરંગીણી)**

❖ પેથડ મંત્રીએ સાત કરોડ દ્રવ્ય ખર્ચી ત્રણ જ્ઞાન ભંડાર બનાવેલા. **(સુકૃત-સાગર)**

❖ જાવડશાહે ૩૬,૦૦૦ સોનામહોર ખર્ચી સોનેરી શ્યાહીથી ગ્રંથો લખાવેલ.

❖ પેથડ મંત્રીએ ભગવતી સૂત્રમાં આવતા 'ગોયમા' શબ્દ દીઠ એક સોનામહોર અર્પણ કરી જ્ઞાનભક્તિ કરેલી.

❖ માંડવગઢના સંગ્રામ સોનીએ ભગવતીસૂત્રમાં આવતા 'ગોયમા' શબ્દ દીઠ એક સોનામહોર, તેમની પત્ની અડધી સોનામહોર પુત્રવધુએ આ સોનામહોર મૂકી જ્ઞાન ભક્તિ કરેલ. ૩૬ + ૧૮ + ૯ = ૬૩ કુલ ૬૩,૦૦૦ સોનામહોરથી પૂજા કરી તે દ્રવ્ય થી સોનેરી શ્યાહી વાળા આગમ ગ્રંથો લખાવેલ. **(માંડવગઢ કા ઈતિહાસ)**

❖ દેવર્ધિગણિ ક્ષમાશ્રમણાદી એ પાનાં ઉપર એક કરોડ ગ્રંથ લખેલા છે. ૪૫ આગમના કુલ શ્લોકોની સંખ્યા -૬,૫૯,૩૩૦ થાય છે.

**(જૈન પ્રબોધ-૧)**

❖ ભૈંસા શેઠે દેવગુપ્તસૂરિના ચોમાસામાં ભીનમાલમાં સવા લાખ દ્રવ્ય ખર્ચી આગમ મહોત્સવ કરેલ અને ભગવતી સૂત્રની વાચનામાં 'ગોયમા' શબ્દ દીઠ એક એક સોનામહોર મુકેલ.

**(પાર્શ્વનાથ પરંપરા ઈતિ.)**

## ચૌદ પૂર્વના નામો અને પદો

| | | | |
|---|---|---|---|
| ૧. | ઉત્પાદ પૂર્વ | - | ૧ કરોદ પદ |
| ૨. | અગ્રાયણી પૂર્વ | - | ૯૬ લાખ પદ |
| ૩. | વીર્ય પ્રવાદ | - | ૭૦ લાખ પદ |
| ૪. | અસ્તિ પ્રવાદ | - | ૬૦ લાખ પદ |
| ૫. | જ્ઞાન પ્રવાદ | - | ૧ કરોડમાં ૧૦ પદ ન્યૂન |
| ૬. | સત્ય પ્રવાદ | - | ૧ કરોડને ૬ પદ |
| ૭. | આત્મ પ્રવાદ | - | ૩૬ કરોડ પદ |
| ૮. | કર્મ પ્રવાદ | - | ૧ કરોડને ૮૦ લાખ પદ |
| ૯. | પ્રત્યાખાન પ્રવાદ | - | ૮૪ લાખ પદ |
| ૧૦. | વિદ્યા પ્રવાદ | - | ૧૧ કરોડ ૧૫૦૦૦ પદ |
| ૧૧. | કલ્યાણ પ્રવાદ | - | ૨૬ કરોડ પદ |
| ૧૨. | પ્રાણવાય પ્રવાદ | - | ૧ કરોડ ૫૫ લાખ પદ |

| | | | |
|---|---|---|---|
| ૧૩. | ક્રિયા પ્રવાદ | - | નવ કરોડ પદ |
| ૧૪. | લોકબિંદુ સાર | - | સાડા બાર કરોડ પદ |

(પ્રવચન-સારોદ્ધાર)

❖ ૧૩મા સૈકામાં આઘાટપુર રાજાના મંત્રી જગતસિંહના રાજ્યમાં હેમચંદ્ર નામના શ્રાવકે સમગ્ર ગ્રંથોને તાડપત્ર ઉપર લખાવેલ. **(તીર્થ-સંગ્રહ)**

## રાત્રિ ભોજન મહાપાપ

❖ નરકમાં જવાના ચાર દરવાજા

(૧) રાત્રિભોજન (૨) પરસ્ત્રી સેવન

(૩) બોળ અથાણું (૪) અનંતકાય **(ધર્મ-સંગ્રહ)**

❖ રાત્રિમાં હવન, સ્નાન, પિતૃતર્પણ (શ્રાદ્ધ), દેવપૂજન, દાન અને ભોજન કરવાનો નિષેધ છે. **(યોગ શાસ્ત્ર)**

❖ રાત્રિભોજન કરનારા બીજા ભવમાં ઘુવડ, કાગડા, બિલાડા, ગીધ, ભૂંડ, સાપ, વીંછી આદિના અવતારને પામે છે. **(યોગ શાસ્ત્ર)**

❖ શરીર માં રહેલ હૃદયકમલ તથા નાભિકમલ સૂર્યઅસ્ત થતાં સંકોચાઈ જાય તેથી સૂક્ષ્મજીવો ખવાઈ જાય માટે રાત્રિ ભોજન છોડવું જોઈએ. **(યોગ શાસ્ત્ર)**

❖ બીજા સોગનનો ત્યાગ કરીને વનમાલાએ લક્ષ્મણને રાત્રિ ભોજનના સોગન કરાવેલા. **(યોગ શાસ્ત્ર)**

❖ રાત્રે પાણી પીવા કરતાં બમણું પાપ સ્વાદીમમાં ત્રણ ગણું પાપ ખાદિમમાં, ખાદીમ કરતાં ત્રણ ગણું પાપ અશનમાં છે. **(રત્ન-સંચય પ્ર.)**

❖ રાત્રિના સમયમાં તથા અંધકારમાં સૂક્ષ્મજીવો જોઈ શકાતા નથી માટે રાત્રે બનાવેલું દિવસે ખાય તો પણ રાત્રિભોજન તુલ્ય છે. **(રત્ન-સંચય પ્ર.)**

❖ રાત્રે ભોજન કરતો નથી છતાં તેણે રાત્રિભોજનનો નિયમ નથી કર્યો તો તેને ફળ પ્રાપ્ત થતું નથી. **(યોગ શાસ્ત્ર)**

❖ હંમેશા એક જ વખત ભોજન કરનારો આગ્નિહોત્ર (યજ્ઞ)નું ફળ મેળવે અને સૂર્યાસ્ત પહેલાં ભોજન કરનારો તીર્થયાત્રાનું ફળ પામે.

**(સ્કન્દ પુરાણ)**

❖ એક મહિના સુધી રાત્રે ન ખાવાથી ૧૫ ઉપવાસ નું ફળ મળે.

**(શ્રાદ્ધ વિધિ)**

❖ આજ થી લગભગ ૪૦૦ વર્ષ પહેલાં દીવ ગામમાં જૈનોનાં ૪૦૦૦ ઘર અને અજૈન ના ૮૪,૦૦૦ ઘર હતા. ત્યાં આ હીરસૂરિજીની નિશ્રામાં પર્વતિથિએ ૫૦૦-૫૦૦ પૌષધ હતા. ત્યાં સાંજ પડતા જૈન જૈનેતર પારસી વિ. તમામ કોમના માણસો ના રસોડા બંધ થઈ જતા.

## દાનથી પ્રગટેલી દિવ્યતા

❖ પૂર્વભવમાં બે સાધુને જીર્ણ વસ્ત્ર વહોરાવાથી શ્રીધર નામનો રાજા બન્યો. ૫૦૦ ગામોનો સ્વામી બન્યો. ગુરૂ પાસે પોતાનો પૂર્વભવ સાંભળી સાધુઓને દાન આપી દેવલોકે ગયો. ત્યાંથી ચ્યવી રાજા બની મોંક્ષે જશે. **(પ્રબંધ-પંચશતી)**

❖ ચન્દ્રચુડ નામનો શેઠ ગુરૂનો ઉપદેશ સાંભળી વિશેષ પ્રકારે સાધુઓને આહાર પાણીથી ભક્તિ કરવા લાગ્યો તેથી આવતા ભવમાં શ્રીદત્ત નામનો ચક્રી બન્યો. પૂર્વભવ જાણી વિશેષ પ્રકારે દાન આપી મોક્ષે ગયો. **(પ્રબંધ-પંચશતી)**

❖ પૂર્વભવમાં વસ્ત્ર-પાત્ર વિ. સાધુઓને વહોરાવાથી પછીના ભવમાં ઉત્તમ ચરિત્ર નામનો શેઠ બન્યો. જેની પાસે ૪૦ કરોડ ગામો, ૪૦ લાખ હાથીઓ, ૪૦ કરોડ સૈનિકોની સંપત્તિ હતી. તે સર્વઋદ્ધિ છોડી સંયમ લઈ પાળી દેવલોકમાં ગયો અને મહાવિદેહમાં જઈ મોક્ષે જશે.

**(ભરતેશ્વર વૃત્તિ)**

❖ ચંદ્ર નામના પુત્રે પૂર્વભવમાં સાધુઓને પાંચ લાડવા વહોરાવ્યા તેથી

બીજા ભવમાં પાંચ કરોડ સોનૈયાનો સ્વામી બન્યો. જે ધનશેઠ નામે પ્રસિદ્ધ થયો. આ શેઠ પાંચમા ભવે મોક્ષે જશે એનો પુત્ર છઠા ભવે મોક્ષે જશે. **(શત્રુંજય-કલ્પવૃત્તિ)**

❖ વીરપ્રભુની ભક્તિ કરવાથી ગામ-ગરાસ દાનમાં આપવાથી ઉદય રાજર્ષિ તે જ ભવે મોક્ષ પામ્યો.

❖ મહારાષ્ટ્રના હુલ્લુર નામના ગામમાં પરમાત્માની નવ પુષ્પોથી પૂજા કરનાર અશોક માળી આઠ ભવ સુધી લક્ષ્મીનો સ્વામી બન્યો.

★ પહેલા ભવમાં - નવ લાખ દ્રમ્મનો સ્વામી
★ બીજા ભવમાં - નવ કરોડ દ્રમ્મનો સ્વામી
★ ત્રીજા ભવમાં - નવ લાખ સુવર્ણનો સ્વામી
★ ચોથા ભવમાં - નવ કરોડ સુવર્ણનો સ્વામી
★ પાંચમા ભવમાં - નવ લાખ રત્નોનો સ્વામી
★ છઠા ભવમાં - નવ કરોડ રત્નોનો સ્વામી
★ સાતમા ભવમાં - નવ લાખ ગામોનો સ્વામી
★ આઠમા ભવમાં - નવ નિધિનો સ્વામી

અંતે પાર્શ્વપ્રભુ પાસે સંયમી બન્યો. અંતે મોક્ષે જશે. **(ઉપદેશ-સપ્તતિકા)**

❖ માતંગ સ્થાવરે શુદ્ધ ભાવથી ચાર રૂપિયા ખર્ચી સાધર્મિકને ભોજન કરાવેલ બીજા ભવમાં ચાર કરોડ ધનનો સ્વામી બન્યો.

**(સુપાર્શ્વનાથ ચરિત્ર)**

## ગુરૂ ભક્તો

❖ ગંધારના રામજી શેઠને એક મુસલમાને સમાચાર આપ્યા કે આ. હીરસૂરિશ્વરજી મ.સા. પધારે છે. તેથી ખુશ થઈ રામજી શેઠે તે મુસલમાનને ૫૦૦ ચાવીનો ઝુમખો આપ્યો કે આમાંની ગમે તે એક ચાવી પસંદ કર એ ચાવીમાંથી જે વખાર ખુલે તેમાં જે માલ હોય તે તારો. આ જોઈ મુસલમાને એક મોટી ચાવી પસંદ કરી તે ચાવીથી

વખાર ખોલી તેમાં ૫૦૦ વહાણોનાં દોરડા હતા. જેની કિંમત ૧૧,૫૨,૦૦૦ થઈ. તે દિવસથી તેનું દારિદ્ર દૂર થઈ ગયું.

**(ઉપદેશ-તરંગીણી)**

❖ જોધપુરના રાજાએ વિજયરત્નસૂરિ ના નગર પ્રવેશ વખતે રાજ ચિન્હો છોડી સામે ગયેલ અને સોના-રૂપાના ના ફૂલો થી ગુરૂ ની પૂજા કરેલ અને અંતઃપુર ની રાણીઓએ મોતીની ગહુંલી કરેલ.

**(જૈન ઐતિ. ગુ. કા.)**

❖ માંડવગઢના સંગ્રામ સોનીએ જ્ઞાનસાગરસૂરિના પ્રવેશ મહોત્સવ માં ૭૨ લાખ દ્રવ્ય ખર્ચેલ. **(માંડવગઢ પેથડ પરિચય)**

❖ માંડવગઢના જાવડશાહે સાધુરત્નસૂરિના પ્રવેશમાં ૧ લાખ દ્રવ્ય નો વ્યય કરેલ.

❖ વર્ધમાનસૂરિ પધાર્યા છે એવી વધામણી લાવી આપનાર માણસને વિમલ મંત્રીએ સોનાનાં કડા દાનમાં આવ્યા. **(ગુજરાતનું ગૌરવ)**

❖ જેસલમેરના સંઘે હીરસૂરીશ્વરજીની સોનેયાથી પૂજા કરેલ.

❖ જયારે હીરસૂરિજી રાધનપુર પધાર્યા ત્યારે ત્યાંના સંઘે ૬,૦૦૦ સોનામહોર થી પૂજા કરેલ.

❖ પાલીતાણાના એક માણસે દીવગામ જઈને સમાચાર આપ્યા કે આ. હીરસૂરિજી પધારે છે. તેથી ત્યાંના સંઘે ૪ તોલા સોનાની જીભ અને વસ્ત્રો આપેલ.

❖ દેવમંગલ ગણિ દિલ્હીમાં પધાર્યા ત્યારે સત્યવાદી મહણસિંહે તેમના નગર પ્રવેશમાં ૫૬,૦૦૦ ટાંક પ્રમાણ દ્રવ્ય વાપરેલ.

❖ ઋષભદેવ પ્રભુ પધાર્યા છે એવા સમાચાર ભરતચક્રીને મળવાથી તે ચક્રીએ પુરૂષોને સાડા બારસો કરોડ સોનામહોર આપેલ.

(પુંડરીક-ચરિત્ર)

❖ કોણિક રાજાએ પ્રભુની ખબર જાણવા માટે ટપાલી બાંધેલ અને દરરોજ પ્રભુ વધામણીમાં સાડા બાર હજાર રૂપિયા આપતા. **(ઔપપાત્તિક-સૂત્ર)**

❖ આદિત્ય નાગ ગૌત્રીય ગુલેચ્છા શાખાના શાહપુરાએ સિંહસૂરિના નગર પ્રવેશમાં ત્રણ લાખ દ્રવ્ય વ્યય કરેલ.

❖ ભીનમાલ ના સોમદેવ શ્રાવકે ગુરૂ ભગવંતના પ્રવેશ વખતે સાચા મોતીની ગહુંલી ઉપર ૫૦૦ સોનામહોર મુકેલ.

❖ સત્યપુર (સાંચોર) નગરમાં સાંવત શ્રાવકે કક્કસૂરિના નગરપ્રવેશમાં સવાલાખ દ્રવ્ય ખર્ચેલ પછી નવ લાખ દ્રવ્ય ખર્ચી શત્રુંજયનો સંઘ કાઢેલ.

❖ વીર પ્રભુ પધારવાની વધામણી નંદીવર્ધનને મળતા તે પુરૂષને સાડાબાર લાખ સોનૈયા, પાંચ વસ્ત્ર અને સોનાની જીભ ભેટ આપે છે.
(ધર્મકલ્પદ્રુમ)

❖ નેમિનાથ તીર્થંકર બન્યા એવા સમાચાર કૃષ્ણ મહારાજને મળતા તે માળીને સાડાબાર કરોડ દ્રવ્ય આપે છે. **(પાંડવ ચરિત્ર)**

❖ નેમિનાથ પ્રભુ હસ્તિનાપુર બહાર સમવસરણ માં દેશના આપે છે. એવા સમાચાર પાંચ પાંડવોને મળતા યુધિષ્ઠિરે તે વનપાલકને સાડા બાર લાખ સોનૈયા આપ્યા. **(પાંડવ ચરિત્ર)**

❖ એક જ દિવસમાં ૧૬ યોજનનો વિહાર કરીને આવતા આ. ધર્મઘોષસૂરિના સમાચાર સાંભળતા તે માધવભાટને એક સોનાની જીભ, ૩૨ હીરાના દાંત, પાંચ ધોડા અને ઋદ્ધિવંત ગામો ભેટ આપ્યા.
**(માંડવગઢ કા. ઈતિ.)**

❖ થાહડ શ્રાવકે આ. દેવસૂરિજીના નગર પ્રવેશમાં ત્રણ લાખ દ્રવ્ય વ્યય કરેલ. **(પ્રબંધ ચિંતામણી)**

❖ પેથડ મંત્રીએ આ. ધર્મઘોષસૂરિજીના નગર પ્રવેશમાં ૩૬૩ તોરણો બાંધેલા અને પાંચ પ્રકારના રેશમી વસ્ત્રોની ધજાઓથી નગર શણગારેલ. **(સુકૃત - સાગર)**

## સતી દમયંતીના ચમત્કાર

- ❖ પૂર્વભવમાં બાર ઘડી સુધી જૈન સાધુને દુઃખ આપ્યું તેથી સતીને ૧૨ વર્ષનો પતિ સાથે વિયોગ થયો.
- ❖ સતી દમયંતીના પૂણ્યથી પ્રેરાઈને નિવૃતિ દેવતાએ શાન્તિનાથ ભગવાનની સુવર્ણમયી પ્રતિમા આપી હતી.
- ❖ દમયંતી દરરોજ તે પ્રતિમાની પૂજા કર્યા પછી અન્નજલ લેતી.
- ❖ દમયંતીએ પૂર્વભવમાં અષ્ટાપદ પર્વત ઉપર જઈ ૨૪ તીર્થંકરોની મૂર્તિ જોઈ દરેક જિનેશ્વરનાં ૨૦-૨૦ આંબિલ કરેલા.
- ❖ સતી દમયંતીએ ૫૦૦ તાપસોને પ્રતિબોધ જંગલમાં પમાડેલા.
- ❖ એક વખતે મુસલાધાર વરસાદ થવાથી તાપસો ડરવા લાગ્યા તેથી સતીએ શીયલના પ્રભાવથી કુંડાલું કરીને તાપસોને તેમાં રાખ્યા તેથી એક પણ પાણીનું બિંદુ તેમના ઉપર ન પડ્યું.
- ❖ એક વખતે સતી દૂર જંગલમાં ગઈ ત્યાં જલ વિનાની નદી દેખાણી. પોતે અત્યંત તૃષાથી પીડાય છે. તેથી નદી પાસે જઈ નદીમાં હાથ નાંખતા તુરંત પાણી આવ્યું અને તૃષા મટી ગઈ.
- ❖ સતીએ એક ચોરને ઉપદેશ આપીને દીક્ષા અપાવેલી.
- ❖ પૂર્વભવમાં જિનેશ્વરને તિલક ચઢાવાથી દમયંતીને ભાલ ઉપર સુવર્ણ જેવું તિલક પ્રાપ્ત થયું.
- ❖ જે ચોરને દીક્ષા અપાવી તે ચોર સંયમ પાળી કાળ કરી દેવલોકમાં જઈ આ મારા ઉપકારી છે એમ જાણી સતી ઉપર "સાત કરોડ સુવર્ણ' ની વૃષ્ટિ કરી.
- ❖ જ્યારે બટુક દમયંતીને પીયર પહોંચાડે છે. ત્યારે ભીમરથ રાજા તે બટુકને ૫૦૦ ગામો ભેટ આપે છે.
- ❖ જ્યારે દમયંતિને બાર વર્ષ પછી નળરાજાનું મિલન થયું ત્યારે દેવે 'સાત કરોડ સુવર્ણ' ની વૃષ્ટિ કરેલ.

❖ નળરાજા - નળરાજાના પિતા દેવલોકમાંથી જંગલમાં ભટકતા નળને સહાયતા કરે છે.

❖ નળરાજામાં હાથીને શિક્ષા આપવાની કુશળતા, સૂર્યપાક રસોઈની આવડત, ફળ ગણવાની વિદ્યા, અશ્વ ચલાવવાની વિદ્યા હતી.

❖ એક વખત નળરાજાએ મુષ્ટિના પ્રહારથી ૧૮,૦૦૦ ફળો નીચે પાડેલા. અંતે રાજા રાણી બન્ને જણા સંયમ લઈ અણસણ કરી દેવલોક ગયા.

**(કુમારપાલ - પ્રતિબોધ)**

## આઠ પ્રકારના દાન

| | | | |
|---|---|---|---|
| ૧. | અનુકંપાન દાન | - | દીન દુઃખીને અપાવતું દાન |
| ૨. | સંગ્રહ દાન | - | લાભ કે હાનીના સહાયરૂપે જે દાન આપાય તે. |
| ૩. | ભય દાન | - | કોટવાલ, પુરોહિત, જેલર વિ.ના ભયથી અપાતું દાન. |
| ૪. | લજ્જા દાન | - | સારું લગાડવા માટે શરમથી અપાતું દાન. |
| ૫. | ગર્વ દાન | - | નાટકીયા, બંધુ મિત્ર, ચારણો વિ. ને કીર્તિ માટે અપાતું દાન. |
| ૬. | અધર્મ દાન | - | પાપોમાં આસક્ત જીવને અપાતું દાન. |
| ૭. | સુપાત્ર દાન | - | સુપાત્રમાં ભક્તિથી અપાતું દાન. |
| ૮. | પ્રત્યુપકાર દાન | - | મારા આ ઉપકારી છે એમ જાણીને અપાતું દાન. |

**(ઠાણાંગ સૂત્ર)**

## વર્તમાન ચોવીશીના વાસુદેવોની માહિતી

| વાસુદેવનું નામ | પિતા | માતા | નગરી | દેહ પ્રમાણ | ક્યારે થયાં |
|---|---|---|---|---|---|
| ત્રિપૃષ્ઠ | પ્રજાપતિ | મૃગાવતી | પોતનપુર | ૮૦ ધનુષ્ય | શ્રેયાંસનાથ વખતે |
| દ્વિપૃષ્ઠ | બાહ્ય | ઉમા | દ્વારિકા | ૭૦ ધનુષ્ય | વાસુપૂજ્ય વખતે |
| સ્વયંભૂ | રૂદ્ર | પૃથ્વી | દ્વારિકા | ૬૦ ધનુષ્ય | વિમલનાથ વખતે |
| પુરુષોત્તમ | સોમદેવ | સીતા | દ્વારિકા | ૫૦ ધનુષ્ય | અનંતનાથ વખતે |

| | | | | | |
|---|---|---|---|---|---|
| પુરુષસિંહ | શિવ | અંબિકા | અશ્વપુરી | ૨૯ ધનુષ્ય | અરનાથ-મલ્લીનાથ વચ્ચે |
| દત્ત | અગ્નિશિખ | શેષમતી | કાશી | ૨૬ ધનુષ્ય | અરનાથ-મલ્લીનાથ વચ્ચે |
| લક્ષ્મણ | દશરથ | સુમિત્રા | અયોધ્યા | ૧૬ ધનુષ્ય | મુનિસુવ્રત-નેમિનાથ વચ્ચે |
| કૃષ્ણ | વસુદેવ | દેવકી | મથુરા | ૧૦ ધનુષ્ય | નેમિનાથ વખતે |

## ગુણરત્ન સંવચ્છર તપની વિધિ

❖ આ એક ઉત્કૃષ્ટ તપ છે. જે વિશિષ્ટ શ્રુતધારી કરી શકે. આ તપમાં વીરાસન (ખુર્શીની જેમ બેસી)માં બેસી સાધના કરવાની છે. વીરપ્રભુના શિષ્ય સ્કંધકાચાર્ય, અઈમુત્તા મુનિએ આ તપની આરાધના કરેલ. આ તપ ૧૬ માસનો છે.

| માસ | ઉપ. | પારણા | માસ | ઉપ. | પારણા |
|---|---|---|---|---|---|
| ૧ | ૧૫ | ૧૫ | ૯ | ૨૭ | ૩ |
| ૨ | ૨૦ | ૧૦ | ૧૦ | ૩૦ | ૩ |
| ૩ | ૨૪ | ૭ | ૧૧ | ૩૩ | ૩ |
| ૪ | ૨૪ | ૬ | ૧૨ | ૨ | ૨૪ |
| ૫ | ૨૫ | ૫ | ૧૩ | ૨૬ | ૨ |
| ૬ | ૨૪ | ૪ | ૧૪ | ૨૮ | ૨ |
| ૭ | ૨૧ | ૩ | ૧૫ | ૩૦ | ૨ |
| ૮ | ૨૪ | ૩ | ૧૬ | ૩૨ | ૨ |

(ભગવતી સૂત્ર શ.૨ ઉ.૧)

## વિચ્છેદ વસ્તુઓ

**વીરપ્રભુના નિર્વાણ પછી ૧૧૩૩ વર્ષે ૧૨ વર્ષના દુષ્કાળ પછી ૬૫ વસ્તુઓ વિચ્છેદ.**

૧. કલ્પવૃક્ષ
૨. ચિંતામણી રત્ન
૩. વિષાપહાર મણી
૪. ઉદ્યોતકર મણી
૫. સુપરાક્રમ મણી
૬. કામકુંભ
૭. કામધેનું
૮. સંરોહિણી ઐષધિ
૯. અદ્રશ્યકારી અંજન
૧૦. ગર્દભી વિદ્યા
૧૧. પરકાયા પ્રવેશ
૧૨. ગરૂડ પક્ષી
૧૩. રાજહંસ પક્ષી
૧૪. ભારંડ પક્ષી
૧૫. તાલોદ્ઘાટિની વિદ્યા
૧૬. અસ્વાપિની વિદ્યા
૧૭. અષ્ટાઙ્ગ નિમિત્ત
૧૮. શુદ્ધ સ્વપ્ન પાઠક
૧૯. વક્ર ઘોડાઓ
૨૦. સહસ્રયોધી સુભટો
૨૧. કેસરી સિંહ
૨૨. પંચવર્ણ સુવર્ણ
૨૩. પંચવર્ણ કમલ
૨૪. ઐરાવત હાથી
૨૫. અષ્ટાપદ-ચોપદ
૨૬. દ્રષ્ટિ વિષ સર્પ
૨૭. સ્ત્રીને સિંહાદિક સ્વપ્નો
૨૮. વિદ્યાધરોનું ગમાનાગમન
૨૯. સિદ્ધ તપસ્યા
૩૦. સતી સ્ત્રીઓ
૩૧. પારણે સુવર્ણ વૃષ્ટિ
૩૨. બ્રહ્મચારીનાં સ્વપ્નો
૩૩. સાક્ષાત્ દેવદર્શન
૩૪. અગંધન કુલના સર્પો
૩૫. દેવ દુકાનો
૩૬. અર્ધ ચંદ્રબાણ
૩૭. અગંધન કુર્કટ સર્પ
૩૮. એકલ વિહારી સાધુ
૩૯. સંમૂર્ચ્છિમ અશ્વ ગજ
૪૦. કાષ્ઠમાં પક્ષકારક કીલીકા
૪૧. સુવર્ણ પુરૂષ
૪૨. રસ કુંપિકા
૪૩. રસ સિદ્ધિકારક ઔષધિ
૪૪. બોત્તેર કલાઓ
૪૫. રૂપ પવર્તન કલા
૪૬. સ્વયંવર મંડપો

| | |
|---|---|
| ૪૭. રાજાને હજારો સ્ત્રીઓ | ૫૭. ચિત્રાવેલી |
| ૪૮. પદ્મીની સ્ત્રીઓ | ૫૮. ચંદ્રકાન્ત મણિ |
| ૪૯. સાધુનો અંતેઉરમાં પ્રવેશ | ૫૯. ગોશીર્ષ બાવનાચંદન |
| ૫૦. સાધુઓનું વનમાં રહેવું | ૬૦. ઉત્તમોઉત્તમ સુવર્ણ |
| ૫૧. સાચા સ્વપ્નો | ૬૧. શીતલ વૃક્ષો |
| ૫૨. તપસ્વીની લબ્ધિ | ૬૨. સારાં સાર્થવાહો |
| ૫૩. કિંપાક વૃક્ષ | ૬૩. સોના રૂપાનાં કાંટાઓ |
| ૫૪. રાક્ષસી મનુષ્યો | ૬૪. સૂર્યકાન્ત મણી |
| ૫૫. મોતીચૂગા હંસો | ૬૫. ઋદ્ધિવંત શ્રાવકો |
| ૫૬. નાગદમની ઔષધિ | |

**(સિદ્ધાન્ત-સાર)**

## વીશ વિહરમાનના કલ્યાણક અને પરિવાર

| | | | |
|---|---|---|---|
| ૧. | ચ્યવન કલ્યાણક<br>અષાઢ વદ-૧ | ગણધરો-૮૪ | યક્ષ-ચન્દ્રાયણ |
| ૨. | જન્મ કલ્યાણક<br>ચૈત્ર વદ-૧૦ | કેવલ જ્ઞાનીઓ-૧૦લાખ | યક્ષિણી-પંચાગુલી |
| ૩. | દીક્ષા કલ્યાણક<br>ફાગણ સુદ-૩ | સાધુઓ-૧૦૦ કરોડ | દેહપ્રમાણ-૫૦૦ ધનુષ |
| ૪. | કેવલજ્ઞાન કલ્યાણક<br>ચૈત્ર સુદ-૧૩ | સાધ્વીજીઓ-૧૦૦ કરોડ | આયુષ્ય-૮૪ લાખ પૂર્વ |
| ૫. | મોક્ષ કલ્યાણક<br>શ્રાવણ સુદ-૩ | શ્રાવકો-૯૦૦ કરોડ | દીક્ષા પર્યાય-૧ લાખ પૂર્વ |
| | વીશ જિનના કલ્યાણક<br>એકજ દિવસે | શ્રાવિકાઓ-૯૦૦ કરોડ | છદ્મસ્થકાલ-૧૦૦૦ વર્ષ |

**(ગુજરાતી મિતિ પ્રમાણે)**

## આર્ય દેશોનાં નામો અને ગામોની સંખ્યા

| દેશો | નગરો | ગામો |
|---|---|---|
| ૧. મગધ દેશ | રાજગૃહી | ૬૬,00000 |
| ૨. અંગ દેશ | ચંપાપુરી | ૫0,0000 |
| ૩. વંગ દેશ | તામ્રલિપ્તિ | ૫0,0000 |
| ૪. કલિંગ દેશ | કાંચનપુર | ૧,00000 |
| ૫. કાશી દેશ | વારાણસી | ૧,૯૨,000 |
| ૬. કોશલ દેશ | સાકેતપુર | ૯૯,000 |
| ૭. કુરૂ દેશ | ગજપુર | ૯૭,૩૨૫ |
| ૮. ખુસાવર્ત દેસ | સૌરીપુર | ૧૪0૮૩ |
| ૯. પાંચાલ દેશ | કાંપિલ્ય પુર | ૩૮,૩000 |
| ૧0. જંગલ દેશ | અહિછત્રા | ૧૪,૫000 |
| ૧૧. સૌરાષ્ટ્ર દેશ | દ્વારામતી | ૬૮,0૫000 |
| ૧૨. વિદેહ દેશ | મિથિલા | ૮000 |
| ૧૩. વન્ય દેશ | કોસંબી | ૨૮000 |
| ૧૪. શાણ્ડિલ્ય દેશ | નંદિપુર | ૧0,000 |
| ૧૫. મલય દેશ | ભદ્દિલપુર | ૭0,0000 |
| ૧૬. મત્સ્ય દેશ | વેરાટ | ૮0,000 |
| ૧૭. વરૂણ દેશ | અછાપુર | ૨૪,000 |
| ૧૮. દશાર્ણ દેશ | મુત્તિકાવતી | ૧૮૯૨000 |
| ૧૯. ચેહિ દેશ | શુક્તિકાવતી | ૬૮,000 |
| ૨0. સિંધુસોવીર દેશ | વીતભય | ૬૮,000 |
| ૨૧. શુરસેન દેશ | મથુરા | ૬૮,000 |
| ૨૨. મંગ દેશ | પાવાપુરી | ૩૬,000 |
| ૨૩. માસ દેશ | પાવાપુરી | ૧,૪૨૫ |
| ૨૪. કુણાલ દેશ | સાવંત્થી | ૬૩0૫૩ |
| ૨૫. લાટ દેશ | કોટિ વર્ષ | ૨૧0૩000 |
| ૨૬. કેકઈ દેશ | શ્વેતામ્બિકા | અર્ધઆર્ય |

૨૫'' આર્ય દેશ અને ૩૧,૯૭૪ અનાર્ય દેશ છે.

## નવ નારદો અને સાત કુલકરો

| નારદ | દેહમાન | આયુષ્ય |
|---|---|---|
| ૧. ભીમ | ૮૦ ધનુષ્ય | ૮૪ લાખ પૂર્વ |
| ૨. મહાભીમ | ૭૦ ધનુષ્ય | ૭૨ લાખ પૂર્વ |
| ૩. રૂદ્ર | ૬૦ ધનુષ્ય | ૬૦ લાખ પૂર્વ |
| ૪. મહારૂદ્ર | ૫૦ ધનુષ્ય | ૩૦ લાખ પૂર્વ |
| ૫. કાળ | ૪૫ ધનુષ્ય | ૧૦ લાખ પૂર્વ |
| ૬. મહાકાળ | ૨૪ ધનુષ્ય | ૬૫,૦૦૦ વર્ષ |
| ૭. ચતુર્મુખ | ૪૦ ધનુષ્ય | ૩૨,૦૦૦ વર્ષ |
| ૮. નયરમુખ | ૧૬ ધનુષ્ય | ૧૨,૦૦૦ વર્ષ |
| ૯. ઉન્મુખ | ૮ ધનુષ્ય | ૧૦૦૦ વર્ષ |

**(પદ્મ ચરિત્ર)**

| કુલકરો | દેહમાન | પત્નીઓ |
|---|---|---|
| ૧ વિમલ | ૮૦૦ ધનુષ | ચંદ્રયશા |
| ૨ ચક્ષુષ્મંત | ૮૫૦ ધનુષ | ચંદ્રકાન્ત |
| ૩ યશમંત | ૮૦૦ ધનુષ | સરૂપા |
| ૪ અભિચંદ્ર | ૭૫૦ ધનુષ | પડિરૂયા |
| ૫ પ્રસેનજિત | ૭૦૦ ધનુષ | ચક્ષુકાંતા |
| ૬ મરૂદેવ | ૬૫૦ ધનુષ | શ્રી કાંતા |
| ૭ નાભિ | ૫૨૫ ધનુષ | મારૂદેવા |

ત્રીજા આરામાં પલ્યોપમનો આઠમો ભાગ બાકી રહે ત્યારે કુલકરની ઉત્પત્તિ થાય. **(ઉપદેશ સપ્તતિકા)**

## સોલ રોગના નામ

૧. શ્વાસ ચઢવું
૨. ભારે ખાંસી
૩. દાહજવર
૪. ભયંકર દાહ
૫. ઉદરશૂલ
૬. ભગંદર
૭. હરસ
૮. અજીર્ણ
૯. નેત્રભ્રમ
૧૦. મુખેસોજા
૧૧. અન્નકોષ
૧૨. આંખની પીડા
૧૩. શરીરે ખરજ
૧૪. કાનેવેદના
૧૫. જલોદર
૧૬. કોઢ રોગ

**(ઉપદેશ સપ્તતિકા)**

## અભવ્યને અપ્રાપ્ય ભાવો

૧. ઇન્દ્રપણું
૨. અનુત્તર વિમાનવાસીપણું
૩. ત્રિશષ્ટિની પદવી
૪. નારદપણું
૫. કેવલી-ગણધરના હાથે દીક્ષા
૬. તીર્થંકરનું વર્ષીદાન
૭. અધિષ્ઠાયક દેવ-દેવી
૮. લોકાંતિકપણું
૯. દેવતાનું સ્વામીપણું
૧૦. ત્રાયસ્ત્રિંશતપણું
૧૧. સંભિન્ન શ્રોતો લબ્ધિ
૧૨. પૂર્વધરની લબ્ધિ
૧૩. પરમાધામીપણું
૧૪. જુગલીયાપણું
૧૫. આહારક લબ્ધિ
૧૬. પુલાક લબ્ધિ
૧૭. મતિજ્ઞાનાદી લબ્ધિ
૧૮. સુપાત્ર દાન
૧૯. સમાધિ મરણ
૨૦. વિદ્યાચરણપણું
૨૧. મધુશિલ્પ લબ્ધિ
૨૨. ક્ષીરાશ્રવ લબ્ધિ
૨૩. ક્ષીણમોહ ગુણઠાણું
૨૪. ચૌદ રત્નો
૨૫. વિમાનનું અધિપતિ
૨૬. ભાવથી સમ્યકજ્ઞાન વિ.
૨૭. અનુભવ યુક્ત શક્તિ
૨૮. સાધર્મિક વાત્સલ્ય
૨૯. સંવેગપણું
૩૦. શુકલપક્ષપણું
૩૧. પ્રભુનાં માતા-પિતા વિ:
૩૨. પ્રભુનાં યક્ષ યક્ષિણી
૩૩. યુગપ્રધાનપણું
૩૪ આચાર્યદિ ના ૩૬ ગુણ
૩૫. પરમાર્થગુણો

૩૬-અનુબંધ, હેતુ, સ્વરૂપએ ત્રણ ભાવથી પામવાપણું. **(આત્મ પ્રબોધ)**

## વિક્રમ રાજાના વિક્રમ

❖ જે વખતે સિદ્ધસેન દિવાકર સૂરિએ મહાકાળીના મંદિરમાં અવંતી પાર્શ્વનાથની મૂર્તિને લિંગમાંથી પ્રગટ કરી તે વખતે રાજા સમ્યકત્વ પાયો. એ જ વખતે શ્રાવકના ૧૨ વ્રત સ્વીકાર્યા અને પુજારીઓને ૧૦૦૦ ગામનું દાન કર્યું.

- ❖ સિદ્ધસેન સૂરિ રાજા ને પૂર્વભવ સંભળાવે છે કે રાજન... તે પૂર્વભવમાં કોઈક મુનિને દાન આપ્યુ અને બકરાને બચાવેલા તેથી તું મહારાજા બન્યો.
- ❖ પૂર્વભવ સાંભળ્યા પછી રાજા અનેક પ્રકારની શાસન પ્રભાવના પાપોનાં પ્રાયશ્ચિત માટે કરે છે.
- ❖ કૈલાસ પર્વત જેવા ૧૦૦ જિનાલયો બંધાવ્યા.
- ❖ દરેક જિનની ૧ લાખ મૂર્તિઓ ભરાવી.
- ❖ મહાવીર સ્વામીના બધા આગમોને સોનેરી સ્યાહીથી લખાવ્યા.
- ❖ ૧ લાખ સાધર્મિકોને ભોજન કરાવી વસ્ત્રની લ્હાણી કરેલ.
- ❖ દરરોજ સવા કરોડ દ્રવ્યનું દાન કરેલ.
- ❖ ત્રણ કાલ જિનપૂજા, નવકારશી આદિતપ, ગરમપાણી, આદિ પીતા.
- ❖ ગુરૂની નિશ્રા હોય તો ઉપાશ્રય જઈ વંદન, ધર્મચર્યા કરતાં.
- ❖ ઉજ્જૈનમાં જટાધારીઓને મૂર્તિપૂજક બનાવેલા.
- ❖ ઋષભદેવ ભગવાનની પૂજા માટે સાંબદ્રા આદિ ૯૧ ગામો, વસાડ આદિ ૮૪ ગામો ધુંટારસી આદિ ૨૪ ગામો ઈસરોડા આદિ ૫૬ ગામો ભેટ આપેલા. **(વિક્રમ ચરિત્ર-વિવિધ તીર્થકલ્પ)**

## વિક્રમ રાજાની રાજઋદ્ધિ

| | | |
|---|---|---|
| ૮૦૦ | - | મુકુટબદ્ધ રાજાઓ સેવામાં રહેતા. |
| ૧૦૦૦૦૦૦૦ | - | મહાન પરાક્રમી સુભટો હતા. |
| ૧૬ | - | ઉત્તમ પંડિતો, ૧૬-વિદ્વાન ભાટ કવિઓ, ૧૬-ગાવાવાળા, ૧૬-નિમિત્તીવેત્તા, ૧૬-રાજવૈદ્યો. |
| ૩૦૦૦૦૦૦૦ | - | ૧૮ યોજનાના વિસ્તારમાં પાયદલ લશ્કર. |
| ૧૦૦૦૦૦૦૦૦ | - | દરેક પ્રકારનાં કુલ વાહનો. |
| ૪૦૦૦ | - | નાવ નાવડા, વહાણ વિ. **(આગમ સાર સંગ્રહ)** |

## પેથડ મંત્રીની પવિત્રતા

- ❖ ૫૬ ધડી સોનું બોલી તીર્થ ઉપર ઇંદ્રમાલા પહેરેલી. ૫૬ ધડી સુવર્ણ બોલ્યા પછી એક ધડીમાં ૧ યોજન ચાલે તેવી ઉંટડી (સાંઢ) ઉપર સોનું આવ્યા પછી ત્રીજા દિવસે મંત્રીએ અન્નજલ ગ્રહણ કરેલ. (૫૬ ધડી એટલે ૫૬૦ મણ સોનું થાય.)
- ❖ ૫૬ ધડી સોનું બોલી ગિરનાર તીર્થને શ્વેતાંમ્બર બનાવેલ.
- ❖ ૨૧ ધડી સોનું બોલી સિદ્ધાચલ તીર્થે જિનાલય બંધાવ્યું.
- ❖ ૭ કરોડ દ્રવ્ય ખર્ચી આગમો લખાવી જ્ઞાનભંડાર બનાવ્યા.
- ❖ ૧૧ લાખ દ્રવ્ય ખર્ચી શત્રુંજયનો સંઘ કાઢ્યો જેમાં સાત લાખ માણસ, બાવન જિનાલય અને ૧૨,૦૦૦ ગાડા હતા શત્રુંજયમાં ૨૫ ધડી સુવર્ણ ખર્ચેલ.
- ❖ કુલ ૮૪ જિનાલયો બંધાવેલ હતાં.
- ❖ ૧૮ લાખ દ્રવ્ય ખર્ચી માંડવગઢમાં ૭૨ દેરીવાળું જિનાલય બંધાવેલ.
- ❖ નવકાર મંત્રનું ભવ્ય ઉજમણું કરેલ જેમાં ૬૮-સોનાનાં ગોળા મોતી પરવાળાથી ભરેલાં, ૬૮ સર્વ પ્રકારનાં ફળો, ૬૮ સર્વ જાતિનાં સોના રૂપાનાં નાણાઓ, ૬૮ રેશ્મી વસ્ત્રો, ૬૮ ધજા આદિ મુકેલ.
- ❖ જ્યારે પેથડ મંત્રીએ ગુરૂ પાસે સમ્યક્ત્વ સ્વીકાર્યુ ત્યારે ૧,૨૫,૦૦૦ સાધર્મિકોને એક લાડુ ઉપર એક સોનામહોર મુકી પ્રભાવના કરેલ.
- ❖ સવા કરોડ દ્રવ્ય દાનશાળામાં વાપર્યું.
- ❖ ૩૨ વર્ષની ઉંમરે બ્રહ્મચર્ય વ્રત સ્વીકારેલ.
- ❖ માંડવગઢથી ૨ કોષ દૂર આજુબાજુ સાધુ મ.સા. વિચરતા હોય ત્યાં જઈ પ્રતિક્રમણ કરતાં અનં ૪ કોષ દૂર જઈ પકખી પ્રતિક્રમણ પણ કરતા.
- ❖ માંડવગઢના ૩૦૦ જિનાલયો ઉપર સોનાનાં કળશો ચઢાવેલ.
- ❖ ભીમ શ્રાવક જયારે ચતુર્થ વ્રત સ્વીકારી ૭૦૦ કારીગર વસ્ત્રોની સાધર્મિકને લ્હાણી કરી તેમાં એક વસ્ત્રની જોડ પેથડમંત્રીને આવી તો મંત્રી તે જોડને હાથી ઉપર પધરાવી વરઘોડા સાથે બહુમાન પૂર્વક પોતાના ઘરે લાવી. તેમાં ૧૦૦૦૦ નો ખર્ચ થયેલ.

❖ ચતુર્થવ્રત સ્વીકાર્યા પછી મંત્રીના શરીરનું એવું તેજ વધી ગયું કે એમના પગ ધોઈને પાણી પીવાથી રોગ ચાલ્યો હતો. રાજાની રાણીનો તાવ આ જ મંત્રીના સાલથી ઉતરેલ. ગાંડો થયેલો હાથી પણ મંત્રીના વસ્ત્રથી સારો થયેલ. ચતુર્થ વ્રત સ્વીકાર્યું ત્યારે ૧૪૦૦ શ્રાવકોને પાંચ-પાંચ રેશ્મી વસ્ત્ર મોકલેલા.

❖ આ મંત્રીએ ૧૮ લાખ રૂપિયા ખર્ચીને "શત્રુંજયાવતાર" નામે ૭૨ જિનાલય વાળુ ભવ્ય મંદિર માંડવગઢમાં બંધાવેલ.

❖ એક વખત પેથડ મંત્રીના પિતા દેદાશાને જ્યારે રાજાએ જેલમાં પૂર્યા ત્યારે તેમને પાર્શ્વનાથના નામસ્મરણથી બેડી તોડી નાખેલ.

❖ પેથડમંત્રીએ હેમડમંત્રીના નામે ૩-૩ વર્ષ દાનશાળા ખોલેલ અને પેથડ મંત્રીને રાજ્ય તરફથી વર્ષે ૧૪૭ મણ સોનું મળતું. તે દાનશાળામાં સવા કરોડનો ખર્ચ થયેલ. **(સુકૃત સાગર, પ્રબંધ-પંચશતી, ઉપદેશ સાર)**

## માંડવગઢનો મહિમા

❖ માંડવગઢમાં ૩૦૦ જિનમંદિરો અને સાત લાખની વસ્તી હતી.

❖ માંડવગઢમાં જે પાર્શ્વનાથની મૂર્તિ છે તે પ્રતિમા સીતા સતીએ ગોમયમય બનાવેલ. પછી તે સતીના શીલપ્રભાવથી વજ્રમયી બની ગયેલ.

❖ આ નગરમાં ચંદ્રાશાહ નામે શ્રેષ્ઠી હતા તેમણે રાજકીય ગૌરવ સાથે જૈન ધર્મની મહત્તા વધારી હતી. તેમણે ૭૨ જિનમંદિરો અને ૩૬ દિવાદાંડીઓ બંધાવેલ.

❖ આ જ નગરના સંગ્રામ સોનીએ માંડવગઢમાં કિર્તીમંદિર સાત માળનું બંધાવેલ સં.૧૫૦૨માં બુદ્ધિસાગર નામે ગ્રંથ રચેલ.

❖ આજ નગરના મેઘ મંત્રીએ સોમસુંદરસૂરિના ઉપદેશથી સોનાના ટંક સહિત ૧૦ શેર લાડવાની લ્હાણી માંડવગઢમાં કરેલ.

❖ આજ નગરમાં કુંવરપાલ નામનો શ્રાવક આઠ પહોર નવા-નવા પૂજાના કપડાં પહેરી પ્રભુ પૂજા કરતો અને નવી નવી આંગી બનાવતો.

- ઝાંઝણ મંત્રીએ જિનાલયનો જિર્ણોદ્ધાર કરાવી સાતમાળનું જિનમંદિર બનાવેલ.
- શ્રેષ્ઠી જાવડશાહે માંડવગઢમાં પાંચ જિનાલયો બંધાવેલ એમાં ૧૧ લાખ દ્રવ્યનો વ્યય કરેલ ૧૧ શેર સોનાની, ૨૨ શેર રૂપાની પ્રતિમા ભરાવેલ. આ શ્રેષ્ઠીની ઉદારતા ઘણી હોવાથી માંડવગઢમાં 'લઘુશાલીભદ્ર' નામે ઓળખતા.
- આજ નગરમાં ગધ્ધાશાહ અને ભેંસાશાહ નામે શ્રેષ્ઠી થયેલા જેમને ધોળ કાના વેપારીઓ ઉપર એક પ્રસંગે એવી છાપ પાડી કે તેમને 'શાહ' પદ છોડવું પડ્યું. આજે પણ દાનવીરોની મહેલતો ઉભી છે. એમની હવેલી આગળ ૧૪૦૦ સ્ફટીકના બિંબો ભર્યાની વાતો સંભળાય છે.
- આ નગરમાં કોઈ નવો સાધર્મિક આવે તેને ઘર દીઠ એક સુવર્ણ સોનામહોર અને એક ઇંટ અપાતી જેથી એક જ દિવસમાં ધનાઢ્ય બની જતો.
- સં.૧૩૪૯માં મંત્રી ઝાંઝણે માંડવગઢથી શત્રુંજયનો સંઘ કાઢેલ.
- ઝાંઝણ મંત્રી જ્યારે સંઘ લઈ અમદાવાદ પહોંચ્યા ત્યારે ગુજરાતના જમણવારમાં ૧૫ લાખ માણસો જમાડેલા.
- લીલાવતી રાણીએ માંડવગઢના શત્રુંજ્યાવતાર જિનાલયમાં એક લાખ સોનાનાં જવ થી સ્વસ્તિક કરેલ.
- આ નગરના મંત્રી સેસાશાહ પોરવાલે અચલગઢમાં ૧૪૦૦ મણ સોનાની પ્રતિમા ભરાવેલ.
- વેલ્લાકે માંડવગઢથી રાણકપુરનો ૩૦૦ સાધુઓ સાથે સંઘ કાઢેલ.
- માંડવગઢના હોજનશાહમાં પ્રથમણી દેવી ચિંતામણી પાર્શ્વનાથની પૂજા કર્યા પછી સવાલાખ સોનામહોરનું દાન દેતી. **(સુકૃત સાગર, ઉપદેશ તરંગીણી)**

## કુમારપાલના કર્તવ્ય

- ચોમાસામાં જીવોની ઉત્પત્તિ થવાનાં કારણે પાટણ બહાર નતા જતા.
- ચોમાસામાં દરરોજ એકાસણાં એમાં પણ ૮ જ દ્રવ્ય વાપરતા.
- જ્યારે ઉપાશ્રય માં સામાયિક કરવા જતાં ત્યારે ૧૮૦૦ શેઠીયાઓ

એમની સાથે જતાં ચોમાસામાં લીલોતરી ત્યાગ રાખતા.

❖ દરરોજ સાતલાખ ઘોડાઓ, ૧૧,૦૦૦ હાથીઓ અને ૮૦,૦૦૦ ગાયોને ગાળીને પાણી પીવડાવતા અને જ્યારે ઘોડા ઉપર બેસતા ત્યારે પૂંજણીથી સાફ કરીને બેસતા.

❖ પરિગ્રહ પરિમાણ વ્રતમાં એમને આ પ્રમાણે નિયમ રાખેલા... ૧૧ લાખ ઘોડા, ૧૧,૦૦૦ હાથી, ૫૦,૦૦૦ રથો, ૮૦,૦૦૦ ગાયો, ૩૨,૦૦૦ મણ તેલ-ઘી, સોના-રૂપાનાં ચાર કરોડ સિક્કા, ૧૦૦૦ તોલા મણિરત્ન, ઘર-દુકાન, વહાણ વિ. ૫૦૦ આદિનું વ્રત ગ્રહણ કરેલ.

❖ આ રાજા ના સમયમાં કતલખાનાં ન હતા. એક શેઠે 'જૂ' મારી તેની સજા રૂપે 'યૂકાવિહાર' નામનું જિનાલય બનાવેલ.

❖ દરરોજ યોગશાસ્ત્ર અને વીતરાગ સ્તોત્રનો પાઠ કર્યા પછી જ દંત ધાવનાદિ ક્રિયા કરતા.

❖ દરરોજ ૩૨ જિનાલયો ના દર્શન પછી જ ભોજન કરતા.

❖ પોતાનાં પાપો ની શુદ્ધિ માટે તારંગાજીમાં ૩૨ માલનું જિનાલય બંધાવેલ.

❖ આ રાજાએ શત્રુંજય ઉપર આદિનાથ ભ. ની નવલાખ દ્રવ્ય વડે નવા કરાવેલા ૧૦૦ પત્તીવાળા કમળનાં ફૂલો વડે નવ અંગે પૂજા કરેલ પછી એક કરોડ પુષ્પો વડે પૂજા કરેલ.

❖ શત્રુંજયના સાત સંઘ કાઢેલ તેમાં પ્રથમ સંઘમાં નવલાખ ના નવ રત્નો વડે જિનપૂજા કરેલ પૂજા કર્યા પછી ૯૮ લાખ ધન દાનમાં આપેલ.

❖ એક વખત રાજાના પૂજાના કપડાં ચાહડ મંત્રીએ પહેર્યા તેથી રાજાએ કહ્યું મારે હવે કામ નહિ આવે તેથી મંત્રી બંબેરા નગરીમાં જઈ ત્યાંના રાજાને જીતી ત્યાંના ૭૦૦ સાળવીયો પાટણ લઈ આવ્યો તેથી રાજા દરરોજ નવા કપડાંથી પૂજા કરતો.

❖ કુમારપાલના રાજાએ માછીમારો ની ૧,૮૦,૦૦૦ જાલો સળગાવીને ધન આપીને માછીમારોને સારા માર્ગે જોડેલા તથા ત્યાં જયચંદ્ર રાજાને ૨ કરોડ સોનેયા અને ૨૦૦૦ અશ્વો ભેટ આપેલ. **(કુમારપાલનો રાસ)**

## કોણ ક્યાં છે ?

| કોણ | ક્યાં છે. | આધાર ગ્રંથ |
|---|---|---|
| દશાર્ણભદ્ર | મોક્ષમાં | ઠાણાંગસૂત્રવૃત્તિ |
| દ્રૌપદિ | ૧૨માં દેવલોકે | હેમ-વીરચરિત્ર |
| ચિલાતીપુત્ર | ૮મા દેવલોકે | જ્ઞાતાસૂત્ર |
| નંદિષેણ | મોક્ષમાં | ઉપદેશપ્રસાદ |
| અષાઢાભૂતિ | મોક્ષમાં | ઉપદેશપ્રસાદ |
| આર્દ્રકુમાર | મોક્ષમાં | ઉપદેશપ્રસાદ |
| વંક્ચૂલ | ૧૨માં દેવલોકે | ઉપદેશપ્રસાદ |
| રોહિણેય ચોર | ૧લા દેવલોકે | ઉપદેશપ્રસાદ |
| ધન્વંતરી વૈદ્ય | સાતમી નરકે | ઉપદેશપ્રસાદ |
| સત્યકીવિદ્યાધર | નરકે | ઉપદેશપ્રસાદ |
| ભુવનાલંકારહાથી | ૫માદેવલોકે | જૈન રામાયણ |
| કૈકેયી | મોક્ષમાં | જૈન રામાયણ |
| ભામંડલ | દેવકુરૂમાં | જૈન રામાયણ |
| લવ-કુશ | મોક્ષમાં | જૈન રામાયણ |
| હનુમાન | મોક્ષમાં | જૈન રામાયણ |
| વાદિદેવસૂરિ | દેવલોકે | આચાર પ્રદીપ |
| ભરત | મોક્ષમાં | ઋષિમંડલવૃત્તિ |
| મહાબલ ઋષિ | ૫માં દેવલોકે | ઋષિમંડલવૃત્તિ |
| હેમચંદ્રાચાર્ય | ૪થા દેવલોકે | વિચાર સંગ્રહ |
| કુમારપાલ | વ્યંતરમાં | વિચાર સંગ્રહ |
| તામલી તાપસ | ઈશાનમોઈંદ્ર | વિચાર સાર |
| ઈન્દ્રજિત | મોક્ષમાં | શત્રુંજય માહા. |
| મેઘનાદ | મોક્ષમાં | શત્રુંજય માહા. |

| | | |
|---|---|---|
| રામના પુત્રો | મોક્ષમાં | શત્રુંજય માહા. |
| સાગરના ૬0000 પુત્રો | ૧૨મા દેવલોકે | અજિતનાથ ચ. |
| લક્ષ્મણ | ૪થી નરકે | પાંડવ ચરિત્ર |
| જરાસંઘ | ૪થી નરકે | પાંડવ ચરિત્ર |
| વાસુદેવ | દેવલોકે | પાંડવ ચરિત્ર |
| જટાયું પક્ષી | ૪ થા દેવલોકે | પાંડવ ચરિત્ર |
| પાંચ પાંડવ | મોક્ષમાં | પાંડવ ચરિત્ર |
| રાવણ | નરકમાં | પઉમ ચરિયં |
| મેઘકુમાર | દેવલોકે | કલ્પસૂત્ર |
| નળરાજા | દેવલોકે | કુમારપાલ પ્રતિ. |
| દમયંતી સતી | દેવલોકે | કુમારપાલ પ્રતિ. |
| રોહિણી | દેવલોકે | કુમારપાલ પ્રતિ. |
| દેવકી | દેવલોકે | કુમારપાલ પ્રતિ. |
| બળદેવ ઋષિ | દેવલોકે | કુમારપાલ પ્રતિ. |
| રથકાર | પાંચમા દેવલોકે | કુમારપાલ પ્રતિ. |
| હરણ | પાંચમા દેવલોકે | કુમારપાલ પ્રતિ. |
| ચેટક રાજા | દેવલોકે | કુમારપાલ પ્રતિ. |
| કપર્દિ યક્ષ | દેવલોકે | પુંડરીક ચરિત્ર |
| વેશ્રમણ | મોક્ષમાં | પઉમ ચરિયં |
| હરિષેણ ચક્રી | મોક્ષમાં | પઉમ ચરિયં |
| સમુદ્ર વિજય | ૪થા દેવલોકે | મૂળશુદ્ધિ-પ્ર. |
| શિવાદેવી | ૪થા દેવલોકે | નેમનાથ-કૃષ્ણ ચ. |
| પ્રદેશી રાજા | અમરવિમાને | નેમનાથ કૃષ્ણ ચ. |

## આઠ મદથી પ્રાપ્ત થતી આઠ પ્રકારની તિર્યંચ ગતિ

| | | |
|---|---|---|
| ૧. જાતિ મદ કરવાથી | - | કૃમિ વગેરે થાય. |
| ૨. કુલ મદ કરવાથી | - | શિયાલ વિ. થાય. |
| ૩. રૂપ મદ કરવાથી | - | ઉંટ વિ. થાય. |
| ૪. બલ મદ કરવાથી | - | પતંગીયા વિ. થાય. |
| ૫. વિદ્યા મદ કરવાથી | - | બોકડા વિ. થાય. |
| ૬. ઋદ્ધિ મદ કરવાથી | - | કૂતરા વિ. થાય. |
| ૭. સૌભાગ્ય મદ કરવાથી | - | સાપ વિ. થાય. |
| ૮. લાભ મદ કરવાથી | - | બળદ વિ. થાય. |

(મહાપુરૂષ ચરિત્ર)

## નરકમાં પંદર પરધામીની ભયંકર વેદના

| | | |
|---|---|---|
| ૧. અંબ | - | ૫૦૦ યોજન ઉછાળે. |
| ૨. અંબર્ષિ | - | છરાથી ટુકડા કરે. |
| ૩. શ્યામ | - | મુષ્ટિથી પ્રહાર કરે. |
| ૪. શબલ | - | આંતરડા હૃદયને ફાડે. |
| ૫. રૂદ્રદેવ | - | ભાલા, બરછીથી વિંધે. |
| ૬. ઉપરૂદ્રદેવ | - | અંગોપાંગને છેદે. |
| ૭. કાલદેવ | - | કડકડતા તેલમાં નાંખે. |
| ૮. મહાકાલદેવ | - | માંસના ટુકડા ખવડાવે. |
| ૯. અસિદેવ | - | તલવાર થી ટુકડા કરે. |
| ૧૦. પત્રધનુ | - | બાણોથી નાક-કાન વિંધે. |
| ૧૧. કુંભદેવો | - | કુંભીપાક માં પકવે. |
| ૧૨. વાલુકા | - | તપાવેલી રેતીમાં ભૂંજે. |
| ૧૩. વેતરણી | - | તપાવેલા સીસામાં નાંખે. |
| ૧૪. ખરસ્વર | - | કાંટાવાળા વૃક્ષોથી ખરડે. |
| ૧૫. મહાઘોષ | - | પશુઓની જેમ વાડમાં પૂરે. |

## અગ્યાર ગણધરોની માહિતી

| | ગણધરો | જન્મભૂમિ | માતા | પિતા | દીક્ષા | શિષ્ય | નિર્વાણ |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | ગૌમત સ્વામી | ગોબરગામ | પૃથ્વી | વસુભૂતિ | ૫૦મા વર્ષે | ૫૦૦ | ૯૨મા વર્ષે |
| ૨. | અગ્નિભૂતિ | ગોબરગામ | પૃથ્વી | વસુભૂતિ | ૪૭મા વર્ષે | ૫૦૦ | ૭૪મા વર્ષે |
| ૩. | વાયુભૂતિ | ગોબરગામ | પૃથ્વી | વસુભૂતિ | ૪૩મા વર્ષે | ૫૦૦ | ૭૦મા વર્ષે |
| ૪. | વ્યક્તભૂતિ | કોલ્લાક | વારૂણી | ધનમિત્ર | ૫૧મા વર્ષે | ૫૦૦ | ૮૦મા વર્ષે |
| ૫. | સુધર્માસ્વામી | કોલ્લાક | ભદ્દિલા | ધનમિત્ર | ૫૧મા વર્ષે | ૫૦૦ | ૧૦૧મા વર્ષે |
| ૬. | મંડિત | મૌર્યગામ | વિજયાદેવી | ધનદેવ | ૫૪મા વર્ષે | ૩૫૦ | ૮૩મા વર્ષે |
| ૭. | મૌર્યપુત્ર | મૌર્યગામ | વિજયાદેવી | મોર્યવિપ્ર | ૬૫મા વર્ષે | ૩૫૦ | ૮૩મા વર્ષે |
| ૮. | અકંપિત | મિથિલા | જયંતી | દેવદત્ત | ૪૯મા વર્ષે | ૩૦૦ | ૭૮મા વર્ષે |
| ૯. | અચલભ્રાતા | કોશલ | નંદા | શ્રીવસુ | ૪૭મા વર્ષે | ૩૦૦ | ૭૨મા વર્ષે |
| ૧૦. | મેતાર્ય | તુંગિક | વારૂણદેવી | શ્રીદત્ત | ૩૭મા વર્ષે | ૩૦૦ | ૬૨મા વર્ષે |
| ૧૧. | પ્રભાસ | રાજગૃહી | અતિભદ્રા | શ્રીબલ | ૧૬મા વર્ષે | ૩૦૦ | ૪૦મા વર્ષો |

(વિવિધતીર્થકલ્પ)

## સિદ્ધાચલની સિદ્ધિઓ

❖ શત્રુંજય તીર્થ સ્પર્શનાનું ફળ

❖ નદીશ્વરદ્વીપની જાત્રા કરવાથી જે પુણ્ય થાય તેનાથી બે ગણું પુણ્ય કુંડલગીરીની યાત્રા કરવાથી થાય.

✯ તેનાથી ત્રણ ગણું પુણ્ય રૂચકગિરીની યાત્રાથી થાય.

✯ તેનાથી ચાર ગણું પુણ્ય ગજદંતગિરીની યાત્રાથી થાય.

✯ તેનાથી બે ગણું પુણ્ય જંબુવૃક્ષ ઉપર આવેલા ચૈત્યોથી થાય.

✯ તેનાથી છ ગણું પુણ્ય ઘાતકી વૃક્ષ ઉપર રહેલા ચૈત્યોથી થાય.

✯ તેનાથી બાર ગણું પુણ્ય પુષ્કરવર દ્વીપના ચૈત્યોથી થાય.

✯ તેનાથી સો ગણું પુણ્ય મેરૂપર્વતની ચૂલિકા ઉપરના ચૈત્યોથી થાય.

✯ તેનાથી દસહજાર ગણું પુણ્ય અંજનગિરીની યાત્રાથી થાય.

★ તેનાથી લાખ ગણું પુણ્ય રૈવતગિરીની યાત્રાથી થાય.

★ તેનાથી ક્રોડ ગણું પુણ્ય શત્રુંજયની સ્પર્શના કરવાથી થાય.

(ઉપદેશ-પ્રસાદ)

❖ શત્રુંજય પર્વતને જોયા વિના શત્રુંજયે યાત્રા જતાં સંઘનું વાત્સલ્ય કરે તો ક્રોડ ગણું પુણ્ય થાય. (શ્રાદ્ધવિધિ)

❖ અન્ય સ્થાનમાં ક્રોડ પૂર્વ સુધી ક્રિયા કરતા જેટલું શુભ ફળ પામે તેટલું ફળ આ તીર્થમાં નિર્મલતાથી કરે તો અંર્તમુર્હુતમાં પામે. (શ્રાદ્ધવિધિ)

❖ શત્રુંજય તીર્થમાં રથ મુકવાથી ચક્રવર્તી થાય. (શ્રાદ્ધવિધિ)

❖ રાયણવૃક્ષના દરેક પાંદડામાં, ફળમાં, થડમાં દેવવાસ છે. માટે છેદવા નહિં.

❖ આ વૃક્ષને પૂજવાથી તાવ ઉતરી જાય.

❖ બે મિત્રો, બે બેનપણી થતાં આ વૃક્ષની સાક્ષી રાખે તો સુખી થાય.

❖ વૃક્ષ નીચે પડેલી છાલ, પાંદડાનું પાણી કરીને પીએ અથવા શરીર ઉપર સ્મરણ કરીને ચોપડે તો દુષ્ટ રોગ નાશ પામે..

❖ સોનાની ચોરી કરી હોય તો - ચૈત્રી પૂનમનો ઉપવાસ કરી યાત્રા કરવાથી શુદ્ધ થાય.

❖ વસ્રની ચોરી કરી હોય તો - આ તીર્થે સાત આંબિલથી શુદ્ધ થાય.

❖ કાંસા, તાંબા-પિત્તળની ચોરી કરી હોય તો - સાત દિવસ પુરિમઢ તપ કરવાથી શુદ્ધ થાય.

❖ મોતી-પરવાળાની ચોરી કરી હોય તો - ૧૫ આંબિલથી શુદ્ધ થાય.

❖ અન્ન-જલની ચોરી કરી હોય તો - સુપાત્ર દાનથી શુદ્ધ થાય.

❖ પશુઓની ચોરી કરી હોય તો - મૂલનાયકની પૂજાથી શુદ્ધ થાય.

❖ રાજભંડારમાંથી ચોરી કરી હોય તો - કાર્તિક માસમાં સાત આંબિલથી શુદ્ધ થાય.

❖ સધવા, વિધવા, સાધવી સાથે ગમન કરવાથી - ૭ મહિના સુધી તપ કરવાથી શુદ્ધ થાય.

❖ બીજાની વસ્તુ પોતે રાખી મુકે તો - ૭ માસ સામાયિકથી શુદ્ધ થાય.

## શત્રુંજયનો મહિમા

- ❖ આ તીર્થનું ધ્યાન કરવાથી - ૧૦૦૦ પલ્યોપમ.
- ❖ આ તીર્થે અભિગ્રહ ધારવાથી - લાખ પલ્યોપમ.
- ❖ આ તીર્થ તરફ ચાલવાથી - એક સાગરોપમ જેટલાં કર્મો નાશ પામે. (શત્રુંજય-કલ્પવૃત્તિ)
- ❖ આ તીર્થ પર નવકારશી કરવાથી - બે ઉપવાસનો લાભ.
- ❖ પોરસી કરવાથી - ત્રણ ઉપવાસ નો લાભ.
- ❖ પુરિમઢ કરવાથી - ચાર ઉપવાસ નો લાભ.
- ❖ એકાસણું કરવાથી - પાંચ ઉપવાસ નો લાભ.
- ❖ આંબિલ કરવાથી - પંદર ઉપવાસનો લાભ.
- ❖ ઉપવાસ કરવાથી - તીસ ઉપવાસનો લાભ. (શત્રુંજય-કલ્પવૃત્તિ)
- ❖ આ તીર્થ ઉપર ધૂપ કરવાથી - ૧૫ ઉપવાસનો લાભ.
- ❖ અને કપુરનો ધૂપ કરવાથી માસખમણનો લાભ થાય છે. (શત્રુંજય-કલ્પવૃત્તિ)
- ❖ શત્રુંજય તીર્થનાં દર્શન અને પૂજનથી - ૩૦ ઉપવાસનો લાભ.
- ❖ તળેટીમાં એક પહોર જાગરણ કરવાથી - છ મહિનાના ઉપવાસનો લાભ.
- ❖ શત્રુંજય તીર્થને સાત વખત વંદન કરવાથી - ત્રીજે ભવે મોક્ષ
- ❖ ચૈત્રી પૂનમના દિવસે ૧૦, ૨૦, ૩૦, ૪૦ અને ૫૦ પુષ્પોની માળા ચઢાવવાથી અનુક્રમે ૧, ૨, ૩, ૪, ૫ ઉપવાસનો લાભ થાય. **(ઉપદેશ પ્રસાદ સા. ૧૩)**
- ❖ સવારે ઉઠીને શત્રુંજયની સ્તુતિ કરવાથી સર્વ પાપોનો નાશ થાય. અન્ય તીર્થોને વિષે હજારો યાત્રા કરવાથી જેટલું પુણ્ય થાય તેટલું પુણ્ય આ તીર્થની યાત્રા કરવાથી થાય. **(ઉપદેશ પ્રસાદ)**
- ❖ તીર્થોદ્દભાવના તથા તીર્થોન્નતિના કારણે શત્રુંજય ઉપર જેવો તેવો સંયમી પણ પૂજનીક છે. **(શત્રુંજય - માહા.)**


ACHARYA SHRI KAILASSAGARSURI GYANMANDIR

* ભરત ચક્રવર્તીએ જિર્ણોદ્ધાર કરાવ્યા પછી ૧૦ લાખ ખેચરોએ એવો અભિગ્રહ કર્યો કે અમો સર્વદા અહીં જિન પૂજા કરશું. **(પુંડરિક-ચરિત્ર)**
* દેવદત્ત જ્યારે પુંડરીક ગણધરના હાથે સંયમ લે છે તે વખતે તેમની સાથે ૧૦,૦૦૦ જૈન શ્રાવકો સંયમ લે છે.
* ભરતચક્રીએ શત્રુંજયની તળેટીમાં ૨૨ યોજનના વિસ્તારવાળું પાંચ કરોડ ઘરો વસાવીને નગર બનાવેલા તેમાં ૨૫ લાખ જિનાલયો, પાંચ લાખ પૌષધશાળા અને પાંચ કરોડ બ્રાહ્મણો શ્રાવકો વસાવેલા. **(પુંડરીક-ચરિત્ર)**
* પાર્શ્વનાથ ભ.ના ભાઈ હસ્તિસેને સંઘ કાઢેલ તે વખતે રાયણ વૃક્ષમાંથી દૂધ ઝરેલ.
* ૫૦૦ વર્ષ પહેલાં દેવમંગલ ગણિએ ચંદનતલાવડી પાસે અઠ્ઠમ કરેલ તે વખતે કપર્દિ યક્ષે આદિનાથની રત્નમય પ્રતિમા બનાવેલ તેથી ત્રીજા ભવે મોક્ષે ગયેલ.

## સિદ્ધાચલ સિધ્યાં સાધુ અનંતાક્રોડ

* સોમદેવ રાજા ૮૦૦ સેવકો અને ૫૦ રાજાઓ સાથે ચંદસૂરિ પાસે સંયમી બની શંત્રુજય ઉપર મોક્ષે ગયેલ.
* વીર રાજા શત્રુંજયનો મહિમા સાંભળી સંયમ લઈ વીરસૂરિ બન્યાં અંતે ૩ લાખ સાધુઓ સાથે મોક્ષે ગયા.
* ઢંકસૂરિને કેવલજ્ઞાન થયાં પછી શત્રુંજયે નિર્વાણ પામ્યા તે સાંભળી તેમનો પુત્ર હરરાજા અસંખ્ય સંઘો સાથે શત્રુંજય ગયો ત્યાં આઠ કરોડ દ્રવ્ય ખર્ચી જિનાલય બંધાવ્યું. એ વખતે આ રાજા ઘેર બેઠા-બેઠા (આ પર્તતનું નામ ઢંક હોવાથી) ઢંક ઢંક એ પ્રમાણે ધ્યાન ધરતાં કેવલજ્ઞાન થયું. તે વખતે બે કરોડ મુનિઓ શત્રુંજયે મોક્ષ પામેલ.
* એક વખત અજીતનાથ ભ. આ તીર્થે દેશનાં આપતાં હતાં તે વખતે ૩ લાખ સાધુઓ મોક્ષ પામેલ.

- ❖ આ તીર્થ ઉપર શાંતિનાથ ભ.નું ધ્યાન ધરતા વજ્રદંભ નામના મુનિ એક લાખ પરિવાર સાથે મોક્ષે પામેલ.
- ❖ શાંતિનાથ ભ. ના ચાર્તુમાસમાં ૧,૫૨,૫૫,૭૭૭ મુનિવરો કેવલીબની મોક્ષે ગયેલ.
- ❖ દંડવીર્ય રાજા સંઘ લઈ આ તીર્થ આવેલ તે વખતે તેમનાં સંઘમાં રહેલ સાત કરોડ શ્રાવક-શ્રાવિકાઓ આ તીર્થનાં ધ્યાનમાં મોક્ષ પામેલ.
- ❖ ધન નામનો મંત્રી ૫૦૦ ભટો સાથે શત્રુંજયે આવ્યો ત્યારે પ્રથમ ૫૦૦ ભટો કેવલી બન્યા પછી મંત્રીને કેવલજ્ઞાન થયું.
- ❖ પ્રધુમ્ન વિ. સાડાત્રણ કરોડ કુમારો રાયણવૃક્ષને પ્રદક્ષિણા દેતાં કેવલી બનેલા.
- ❖ ભરત ચક્રવર્તી પાંચ કરોડ, એમનો પુત્ર ૧ લાખ અને બાહુબલીજીનો પુત્ર ૧૩ કરોડ મુનિવરો સાથે મોક્ષે ગયેલ.
- ❖ નમિવિદ્યાધરની ૬૪ પુત્રીઓ (ચૈત્ર વ. ૧૪) ને મોક્ષે ગયેલ.
- ❖ વાસુદેવની ૩૫,૦૦૦ સ્ત્રીઓ શત્રુંજય ઉપર બાકીની ૩૭,૦૦૦ સ્ત્રીઓ અન્ય તીર્થે મોક્ષે પામેલ.
- ❖ દેવકીના છ પુત્રો, જાદવ પુત્રો, સુવ્રત શેઠ, મંડક મુનિ, સેલક મુનિ, આઈમુત્તામુનિ આ તીર્થે મોક્ષ પામેલ.
- ❖ નેમિનાથ ભ. ના શિષ્ય ગૌતમ અણગાર એક માસનું અણસણ કરી આ તીર્થે મોક્ષે ગયેલ.
- ❖ આ તીર્થ ઉપર આદિનાથ ભગવાન ૬૯,૮૫,૪૪,૦૦ ૦૦ ૦૦ ૦૦ વાર સમવસર્યા.
- ❖ દેવલોકમાંથી સ્વયંપ્રભદેવે શત્રુંજય ઉપર આ પ્રમાણે મોક્ષ પામતા સાધુઓને જોયેલા. પહેલા દિવસ-૧ લાખ, બીજા દિવસે-૧ કરોડ, ત્રીજા દિવસે-૫૦૦૦, ચોથા દિવસે-૧૦૫, પાંચમા દિવસે-૧૦, છઠા દિવસે-૭૦૦, સાતમા દિવસે-૭૨૮ સાધુઓને મોક્ષ પામતા જોયેલા.

**(શત્રુંજય-કલ્પવૃત્તિ)**

- ભરતચક્રવર્તીના સંઘમાં વારાણસીથી શત્રુંજયના દર્શન થાય છે એ વખતે આદિનાથ પ્રભુની દેશના સાંભળી ને ૧૦,૦૦૦ ભવ્ય જીવોને કેવલજ્ઞાન થાય છે.
- અજીતનાથ ભ.આ ગિરી ઉપર ૩૦૦૦ વાર આવેલ.
- આવતી ચોવીશીના બધા તીર્થંકરો અહિં વિચરશે.
- ચંદ્રયશા રાજાએ ચંદ્રપ્રભ સ્વામીના સમયમાં અહીં નવો ઉદ્ધાર કરાવેલ. આ રાજાએ ૫૦,૦૦૦ જિનાલયો અને ૫ કરોડ જિનબિંબો ભરાવી સંયમ લઈ મોક્ષે ગયેલ.
- સુધર્મા ગણધર ના શિષ્ય ચિલ્લણ મુનિ સંઘ સાથે ગિરી ચઢતાં સંઘ અતિતૃષાતુર થયો તેથી મુનિએ વિદ્યાશક્તિથી પાણી મંગાવ્યું ત્યારથી ચંદન તળાવડી પ્રસિદ્ધ થઈ.
- અજીતનાથના શિષ્ય સુવ્રતાચાર્ય ગ્લાન હોવાથી પાણી લઈને ગિરી ઉપર આવ્યા. પાણી એક બાજુ મુકી કાઉસગ્ગ કરતાં હતાં તે વખતે કાગડાએ પાણી ઢોલી નાંખ્યું તેથી આચાર્યે ગુસ્સે થઈને કહી દીધું કે આજથી તારા વંશનું આગમન બંધ ત્યારથી આ ગિરી ઉપર પ્રાયઃ કાગડાઓ આવતા નથી.

## શત્રુંજયના સત્તર ઉદ્ધારો

| **કયો ઉદ્ધાર** | **કોને કરાવ્યો** |
|---|---|
| પ્રથમ ઉદ્ધાર | ભરત રાજા |
| બીજો ઉદ્ધાર | દંડવીર્ય રાજા |
| ત્રીજો ઉદ્ધાર | ઈશાનેન્દ્ર |
| ચોથો ઉદ્ધાર | ચોથા દેવલોકના ઈન્દ્રે |
| પાંચમો ઉદ્ધાર | પાંચમાં દેવલોકના ઈન્દ્રે |
| છઠો ઉદ્ધાર | ચમરેન્દ્રે |
| સાતમો ઉદ્ધાર | સગરચક્રીએ |
| આઠમો ઉદ્ધાર | વ્યંતરેન્દ્રે |

| | |
|---|---|
| નવમો ઉદ્ધાર | ચંદ્રયશ રાજા |
| દશમો ઉદ્ધાર | ચક્રાયુધે |
| અગ્યારમો ઉદ્ધાર | રામચંદ્રજીએ |
| બારમો ઉદ્ધાર | પાંચ પાંડવોએ |
| તેરમો ઉદ્ધાર | વિ. સં. ૧૦૮માં |
| તેરમો ઉદ્ધાર | જાવડે કરાવ્યો. વિ.સં. ૧૨૩૧માં |
| ચૌદમો ઉદ્ધાર | બાહડ શેઠે કરાવ્યો. વિ.સં. ૧૩૭૧માં |
| પંદરમો ઉદ્ધાર | સમરાશાહે કરાવ્યો. |
| સોળમો ઉદ્ધાર | કરમાશાહે કરાવ્યો. વિ.સ. ૧૫૮૭માં |
| સત્તરમો ઉદ્ધાર | દૂપ્પહસૂરિના ઉપદેશથી વિમલવાહન રાજા કરાવશે. (શત્રુંજય-મહાત્મ્ય) |

## સિદ્ધાચલના સંઘ પતિએ

- ❖ પાંડવોના સમયમાં ૨૫,૯૫,૭૫૦૦૦ રાજાએ સંઘપતિ બનેલા.
- ❖ ભંરત રાજાના સમયમાં ૯૯,૮૯,૮૪૦૦૦ સંઘપતિ થયેલા.
- ❖ સગરચક્રીના સમયમાં ૫૦,૯૫,૭૫૦૦૦ સંઘપતિ થયેલા.
- ❖ વિક્રમરાજાના સમયમાં ૮૪૦૦૦ સંઘપતિ થયેલા
- ❖ શેઠ જાવડશા ના સમયમાં ૩,૮૪૦૦૦ સંઘપતિ થયેલા.
- ❖ ત્યાર પછી જુદી જુદી જાતિવાળાઓએ પણ સંઘ કાઢેલા.

| | |
|---|---|
| ૭૦,૦૦૦ | ભાવસારો સંઘપતિ બનેલા. |
| ૧૬,૦૦૦ | રાજપુત્રો સંઘપતિ બનેલા. |
| ૧૫,૦૦૦ | જૈન બ્રાહ્મણો સંઘપતિ બનેલા. |
| ૧૨,૦૦૦ | કણબીઓ સંઘપતિ બનેલા. |
| ૯,૦૦૦ | લેઉઆઓ સંઘપતિ બનેલા. |
| ૫,૦૪૫ | કંસારાઓ સંઘપતિ બનેલા. |

૭,૦૦૦ ચાંડાલો સંઘપતિ બનેલા.

૫૦૦ ઉક્કડઢેઢો સંઘપતિ બનેલા. (નીચી જાતી વાળા)

❖ આ સંઘપતિઓ તળેટીની પ્રદક્ષિણા આપીને પાછા ફરેલા.

(પ્રબંધ પંચશતી)

## સંઘપતિઓના સંઘનું વર્ણન

❖ સૌ પ્રથમ ભરત ચક્રવર્તીનો શત્રુંજયનો સંઘ નિકળેલ. જેમાં.... ૩૨,૦૦૦ મુકુટબદ્ધ રાજાઓ, ૩૨,૦૦૦ નાટકીયાઓ, ૮૪ લાખ વાજીંત્રો, ૩ લાખ મંત્રીઓ, ૮૪ લાખ હાથીઓ, ૫ લાખ દીવીધારણ કરનારા, ૮૪ લાખ ઘોડાઓ, ૧૬,૦૦૦ યક્ષો, ૮૪ લાખ રથો, ૧૦ કરોડ ધજાઓ, ૧,૨૮,૦૦૦ વારાંગનાઓ, ૩ કરોડ વ્યાપારીઓ, ૩૨ કરોડ સુથારો, સવા કરોડ ભરતના પુત્રો, કરોડ સાધુ-સાધ્વીજીઓ, ૯૯ કરોડ સંઘપતિઓ. **(શત્રુંજય-કલ્પવૃત્તિ)**

❖ **વિક્રમ રાજાનો સંઘ**

૨૬૯ સેનાનાં દેરાસર, ૧,૧૦૦૯૦૦૦ બળદગાડા, ૫૦૦ હાથી દાંતના દેરાસર, ૧૮ લાખ ઘોડાઓ, ૫૦૦ ચંદનના દેરાસર, ૭૬,૦૦૦ હાથીઓ, ૭૦ લાખ શ્રાવક પરિવાર, ૭૬,૦૦૦ ઉંટો, ૫૦૦૦ આચાર્યો, ૪ કરોડ સ્ત્રીઓ. **(શત્રુંજય-કલ્પવૃત્તિ)**

❖ **પાંચ પાંડવોનો સંઘ**

૩૦૦ સોનાનાં જિનાલય, બે કરોડ શ્રાવકો, ૮૦૦ ચાંદીના જિનાલય, ૮૦૦ આચાર્યો, ૮૦૦૦ સાધુઓ, ૫૦,૦૦૦ હાથીઓ, ૮૦૦ રાજાઓ, ૮ લાખ ઘોડાઓ, ૧ કરોડ શેઠીયાઓ, કૃષ્ણમહારાજા સંઘ સાથે. **(શત્રુંજય-કલ્પવૃત્તિ)**

❖ **પાંચ પાંડવોનો સંઘ**

૫૦૦ સોનાનાં દેરાસર, હજારો સાધુ-સાધ્વીજીઓ, ૧૭૦૦ લાકડાનાં દેરાસર, ૨૪ કરોડ મનુષ્યો

આંબળા જેવા મોતીઓ વડે શત્રુંજયને વધાવેલ. પરિવાર સહિત રાજાએ દરેક મૂર્તિની પૂજા કરેલ. **(શત્રુંજય-કલ્પવૃત્તિ)**

❖ **દશરથ રાજાનો સંઘ**

૭૦૦ સોનાનાં જિનાલય, ૮૦૦ સંઘપતિઓ, ૪ હાથી દાંતના જિનાલય, ૧૦૦ રાજાઓ, ૫ કરોડ મનુષ્યો, દરેક ગામમાં સ્વામી વાત્સલ્ય. **(શત્રુંજય-કલ્પવૃત્તિ)**

❖ **રામચંદ્રજીનો સંઘ**

૫૦૦ સોનાનાં દેરાસર, ૧૯ કરોડ પાડાઓ(પાણી માટે), ૭૧૨ ચાંદીના દેરાસર, ૧૦,૦૦૦ હાથીઓ, ૫૦૧૨ લાકડાનાં દેરાસર, ૨૦ કરોડ ઘોડાઓ, ૭ કરોડ ગામડાઓ, કરોડ સાધુ-સાધ્વીજી.

હીરા-મોતીથી રાયણવૃક્ષને વધાવેલ. **(શત્રુંજય-કલ્પવૃત્તિ)**

❖ **વિ.સં. ૧૪૬૮માં નિકળેલ ગુણરાજશ્રાવકનો સંઘ**

૭૦૦ રથો, ૮૦૦ ઉંટો, ૫૦૦ ઘોડાઓ, ૪૦૦ પિત્તલના ઘડાઓ, ૩૬,૦૦૦ શય્યાપાલકો, ૫૦૦ પાડાઓ, હજારો પાલખીઓ, ૨ લાખ મનુષ્યો.

સોમસુંદરસૂરિ જેવાં ૧૦૦ આચાર્યો.

સોપારક નગરમાં ૬૦,૦૦૦ ટંક વાપરેલ.

૨૦,૦૦ સોનૈયા મુનિસુંદર વિ.ના ઉપાધ્યાય પદમાં વાપરેલ.

**(શત્રુંજય-કલ્પવૃત્તિ)**

❖ **સં. ૧૬૫૭માં નિકળેલ સંઘવી હેમરાજનો સંઘ**

૧૨૦૦ ગાડાં, ૫૦૦ ઊંટ, ૭૦૦ યાત્રિકો, ૫૦૦ હાથી, ૫૦૦ ઘોડા.

**(જૈન પરં.નો ઈતિ.-૩)**

❖ **થરાદના આભૂ સંઘવીનો સંઘ**

૭૦૦ લાકડાંના દેરાસર, ૪૭ બળદો, ૧૫૧૦ ઘોડાઓ, ૧૪,૦૦૦ ગાડાઓ, ૨૨૦૦ ઉંટ, ૧૦૦ રસોઈયાઓ, ૯૦ પાલખીવાળાઓ, ૧૪

લુહાર, ૭૬૦ પાણી માટે પાડાઓ, ૭ પાણીની પરબ, ૧૫૧૦ જિનબિંબો, ૯૯ શ્રીકરી (મીયાના), ૩૦૦ પાણીની પખાલો, ૧૦૦ રસોઈ માટે કડાયાં, ૧૦૦ તંબોલી, ૧૦૦ પંચકુલ, ૨૬૦ દુકાનો, ૧૭૫૨ કાષ્ઠનાં ભારા વહન કરનારા, ૩૬ આચાર્યો.

સંઘમાળ વખતે બધાને વસ્ત્ર ની લ્હાણી કરી.

આ સંઘમાં બાર કરોડ સોનામહોર નો ખર્ચ કરેલ. (સુકૃત સાગર)

**(ઉપદેશ સપ્તતિકા)**

❖ **માંડવગઢથી શત્રુંજય ગિરનાર તીર્થનો ઝાંઝણ મંત્રીનો મહા સંઘ**

૧૨ લાકડાનાં દેરાસર, ૨૦ આચાર્યો, ૧૨,૦૦૦ ગાડાઓ, ૧૨૦૦ ઉંટ, ૧૨ મોટા સંઘવીઓ સાથે, ૨૦૦૦ સૈનિકો, ૫૦,૦૦૦ પોઠિયા(સામાન માટે), ૧૦૦૦ ઘોડે સ્વારો, અઢી લાખ શ્રાવક-શ્રાવિકાઓ, તીર્થ પ્રવેશ વખતે સાત લાખ માણસો.

એ વખતે લક્ષ્મણજી માં ૧૦૧ જિનાલયો અને ૨૦૦૦ જૈનોનાં ઘર હતાં. ઝાંઝણ મંત્રીનો સંઘ સં. ૧૩૪૦ મહા સુદ ૫ ના દિવસે નિકળેલ.

**(સમ્રાટ-સંપ્રતિ)**

❖ **વસ્તુપાલ-તેજપાલનો સંઘ**

૨૪ રથ હાથી દાંત, ૧૧૦૦ દિગંબર સાધુઓ, ૪૫૦૦ સહેજવાલા, ૪૦૮ ઉંટો, ૪૫૦૦ ગાડા, ૪૫૦૦ ગાયકો, ૧૧૦૦ વ્હેલ, ૧૦૦૦ કંદોઈ (માત્ર મિઠાઈ માટે), ૫૦૦ પાલખીઓ, ૩૩૦૦ ચારણો, ૭૦૦ સુખાસન ૩૮૦૦ ભાટચારણો, ૨૦૦૦ સાધુઓ, ૧૩૫૦ કુંભારો, ૭ લાખ દીવીધરા, ૫૦૦ સુથારો, ૪૫૦૦ રથો, ૧૮૦ પિત્તલની પાલખીઓ, ૭૦૦ આચાર્યો, ૩૦૦૦ ઘોડાઓ, ૭૦૦ પાડાઓ, ૩૦૦૦ હાથીઓ. **(પ્રભાવક ચરિત્ર)**

## વસ્તુપાલ તેજપાલના ૧૨।। સંઘનો સમય

- ❖ પ્રથમ સંઘ ૧૨૪૯માં માતાપિતાની હાજરીમાં
- ❖ બીજો સંઘ ૧૨૭૩માં માતાપિતાના આત્મ શ્રેયાર્થે કરેલ.

૧લો સંઘ વિ.સં. ૧૨૭૭માં શત્રુંજયનો ગિરનારનો
૨જો સંઘ વિ.સં. ૧૨૮૩માં શત્રુંજયનો
૩જો સંઘ વિ.સં. ૧૨૮૪માં શત્રુંજયનો
૪થો સંઘ વિ.સ. ૧૨૮૫માં શત્રુંજયનો
૫મો સંઘ વિ.સ.૧૨૮૬માં શત્રુંજયનો
૬ઠો સંઘ વિ.સં. ૧૨૮૭માં શત્રુંજયનો
૭મો સંઘ વિ.સં. ૧૨૮૯માં શત્રુંજય ગિરનારનો
૮મો સંઘ વિ.સં. ૧૨૯૦માં શત્રુંજય ગિરનારનો
૯મો સંઘ વિ.સં. ૧૨૯૧માં શત્રુંજય ગિરનારનો
૧૦મો સંઘ વિ.સં. ૧૨૯૨માં શત્રુંજય ગિરનારનો
૧૧મો સંઘ વિ.સં. ૧૨૯૩માં શત્રુંજય ગિરનારનો
૧૨મો સંઘ વિ.સં. ૧૨૯૪માં શત્રુંજય ગિરનારનો

## કુમારપાલ રાજાના સંઘની વિશિષ્ટતા

- ❖ ૨૮૦૦ દેરાસર ૧૧૦૦૦ હાથીઓ (ઉપર રત્ન જડીત અંબાડી), ૫૦૦૦ સાધુઓ, ૧૧ લાખ ઘોડાઓ, ૧૬ લાખ યાત્રિકો, ૫૦,૦૦૦ રથ, દરેક ગામે રત્નજડીત ધજા ચડાવતાં. **(કુમારપાલ પ્રબંધ)**
- ❖ કુમારપાલના સંઘમાં વાગ્ભટટાદિ ૨૪ મંત્રીઓ હતા. નગરશેઠ નો પુત્ર આભડદે જે જયાં જયાં સંઘનો પડાવ થતો ત્યાં ઘરદીઠ સોનેયા ની લ્હાણી કરતો. દેપાળ કવિ, કપર્દિ ભંડારી, છાડા શેઠ વિ. સાથે થતા. આ સંઘમાં હરખચંદ શેઠ તથા હરપાળ શેઠ પ્રેમપૂર્વક વૃદ્ધ તથા બાલકોની ભક્તિ કરતાં દેવો શેઠ અને દુદો શેઠ સાકરનાં પાણીની પરબ સંભાલતો આંબોશેઠ અને અબજીશેઠ મોદકના હાટ મંડાવી લ્હાણી

કરતા. ખોખોશેઠ અને ખીમજીશેઠ હાથ પોળો રાખી ગુપ્તદાન કરતાં ભદોશેઠ ભૂપતશેઠ રસ્તામાં ઠંડા પાણીની વ્યવસ્થા કરતાં. થાવરશેઠને થોભોશેઠ લખમશીશેઠ શેરડી, કેળાં વિ. ફળ આપી ભક્તિ કરતાં. આ સંઘ જ્યારે ધંધુકા પહોંચ્યા ત્યારે ઘરદીઠ થાળી સહિત સોના-મહોરની લ્હાણી કરેલ. ગિરીરાજને પરવાળા તથા મોતીથી વધાવેલ. મૂલનાયકને નવ અંગે નવ લાખ કિંમતના રત્નો મૂકાયા તથા સુવર્ણમય એકવીશ ધજાઓ ચઢાવી. આ સંઘની તીર્થમાળાનો લાભ જગડુશાહે સવા કરોડ દ્રવ્ય બોલીને લીધેલ. **(કુમારપાલના રાસમાંથી)**

❖ ઉપલદેવ રાજાએ આ રત્નપ્રભસૂરિની નિશ્રામાં સંઘ કાઢેલ જેમાં સોના-ચાંદીના દેરાસર અને લાખ યાત્રિકો હતા.

❖ સમ્રાટ ચંદ્રગુપ્ત રાજાના સંઘમાં ૫ લાખ યાત્રિકો હતા.

❖ સંપ્રતિ રાજાના સંઘમાં ૫૦૦૦ આચાર્યો અને પાંચ લાખ યાત્રિકો હતા. ૨૦૮૦ દેરાસર હતાં.

❖ સારંગશાહે ખંભાત થી શિખરજીનો સંઘ કાઢેલ જેમાં આ. કક્કસૂરિજી, બીજા ૫૦૦૦ આચાર્યો, ૫૦૦ દેરાસર, કુલ ૧૨ કરોડનો ખર્ચ કરેલ. **(પાર્શ્વનાથ પરં. ઈતિ.)**

## મહાઋદ્ધિવંત રાજાઓ અને શ્રાવકો

❖ **રાજા રાવણની ઋદ્ધિ :** ૯ કરોડ રાક્ષસો, ૯,૯૯,૯૯૯૯ રાક્ષસબલ જેવાં સૈનિકો, કુંભકર્ણ વિ. ૧ લાખ ભાઈ, સવાલાખ પત્ની, સવાલાખ પુત્રી, ૩ કરોડ પુત્રી, ૮૮,૦૦૦ શાંતિકર્મ કરનારા ઋષિઓ, ૧૦૦ યોજન વિસ્તારવાળી, સાત કિલ્લા વડે વીંટળાયેલી, ૮૦૦ દરવાજા વાળી લંકા નગરી હતી. ૨૯૮ બહેન. **(પ્રબંધ પંચશતી)**

❖ **શાલીભદ્રના બનેવી ધન્યશેઠની ઋદ્ધિ :** અત્યંત સમૃદ્ધિથી ભરેલા ૧૫૦૦ ગામો, ૫૦૦ ઘોડાઓ, ૫૦૦ રથો, ૫૦૦ મોટા મંદિરો, ૫૦૦ દુકાનો, ૫૦૦૦ વ્યાપારીઓ, ૫૦૦ વાહનો, ૫૦૦ દેવવિમાનો, ભ્રમ

ઉત્પન્ન કરે એવાં સાત માળવાળા આઠ પત્નીઓ માટે આઠ મહેલો. ૮ ગોકુળો, ૫૬ કરોડ સોનેયા, અનેક દાનશાળાઓ, કિંમતી મણીરત્નો. (મહાવીર ચરિત્ર)

❖ **સંપ્રતિરાજાની ઋદ્ધિ :** ૮૦૦૦ રાજાઓ એમની આજ્ઞામાં, ૫૦,૦૦૦ હાથીઓ, એક કરોડ ઘોડાઓ, ૭ કરોડ સેવકો, નવ કરોડ રથો, સોના-રૂપાનાં ભંડારો, દરરોજ ચૈત્યપરિપાટી અને અષ્ટપ્રકારી પૂજા કરતા, ૨૦૦૦ ઉપાશ્રય બનાવેલ, ૭૫૦ દાનશાળા બનાવેલ, સવાલાખ જિન મંદિર અને ૩૬૦૦૦ જિર્ણોદ્ધાર કરાવેલ, અનાર્ય દેશમાં જૈન ધર્મની શાસન પ્રભાવના કરેલ. **(ભરતેશ્વર-વૃત્તિ)**

❖ **મહેશ્વરદત્ત શેઠની સંપત્તિ :** ૫૦૦ વહાણો, ૫૦૦ ગાડાઓ, ૫૦૦ ઘરો, ૫૦૦ વણિકપુત્રો, ૫૦૦ દુકાનો, ૫૦૦ ગોકુલો, ૫૦૦ હાથીઓ, ૫૦૦ ઘોડાઓ, ૫૦૦ શોભા કરનારી સ્ત્રીઓ, ૫૦૦ જાતનાં વાજીંત્રો, પાંચલાખ નોકરો, ૫૦૦ સુભટો, ૫૬ કરોડ સુવર્ણ ભંડારમાં, ૫૬ કરોડ સુવર્ણ વ્યાજમાં ૫૬ કરોડ સુવર્ણ વ્યાપારમાં. **(ભરતેશ્વર-વૃત્તિ)**

❖ **(ચંદ્રકેવલી) ચંદ્રશેઠની ઋદ્ધિ :** પૂર્વભવમાં સાતે ક્ષેત્રમાં ધન વાપરવાનાં કારણે ચન્દ્રશેઠ ચક્રવર્તી તરીકે પ્રસિદ્ધ થયો. ૧૧૦ વિદ્યાધરોએ ચંદ્રને ચક્રવર્તી તરીકે પ્રસિદ્ધ કરેલો, આ ચન્દ્રશેઠની પાસે ૧૬ મુખ્ય રાણી, ૧૬૦૦ બીજી રાણીઓ, ૧૬૦૦૦ દાસીઓ, ૧૬ મોટા મંત્રી, ૧૬૦૦ નાના મંત્રી, ચતુરંગી સેનામાં ૪૨ લાખ હાથી ઘોડા, રથ વિ., ૧૦ કરોડને ૪૮ લાખ સૈનિકો, ૪૨,૦૦૦ વાજીંત્ર વગાડનારા, ૪૨,૦૦૦ મહાવતો, ૪૨,૦૦૦ વાહનો વિ. **(ચન્દ્રકેવલી ચરિત્ર)**

❖ **(ચંદ્રકેવલી)ના પિતા પ્રતાપસિંહની ઋદ્ધિ :** ૧૦ લાખ નગરોના અધિપતિ, ૫૦૦ રાણીઓ, ૧ કરોડ સૈનિકો, ૧૦ લાખ ઘોડાઓ, ૧૦,૦૦૦ હાથીઓ, ૧૦,૦૦૦ રથો, ૧૦,૦૦૦ ઉંટો, ૧૦,૦૦૦

વાજીંત્રો, ૧૦,૦૦૦ ધજાઓ, કુશસ્થલનગરીના રાજા હતા.

**(ચન્દ્રકેવલી ચારિત્ર)**

❖ **અકબર બાદશાહની ઋદ્ધિ :** ૧૬,૦૦૦ હાથીઓ, નવલાખ ઘોડાઓ, ૨૦,૦૦૦ રથ, ૧૮ લાખ સૈનિકો, ૧૪,૦૦૦ હરણ, ૧૨,૦૦૦ ચિત્તા, ૫૦૦ વાઘ, ૧૭,૦૦૦ શકરા, ૨૦,૦૦૦ બાજ, ૭,૦૦૦ ગાનારા, ૧૧,૦૦૦ નૃત્યકાર, ૫૦૦ પંડીતો, ૫૦૦ મોટા પ્રધાનો, ૨૦,૦૦૦ કારકુનો, ૧૦,૦૦૦ ઉમરાવો, ૧૬,૦૦૦ સુખાસનો, ૧૫,૦૦૦ પાલખીઓ, ૮૦૦ ગાનારા, ૫૦૦૦ મદનભેરે, ૭૦૦૦ ધજાઓ, ૫૦૦ બિરૂદ બોલનારા, ૩૦૦ વૈદ્યો, ૧૬૦૦ સુથારો, ૮૬ માણસો મરદન કરવા વાળા, ૩૦૦ પંડીતો શાસ્ત્ર વાંચનારા, ૩૦૦ વાજીંત્ર વગાડનારા, તેના અંતપુરમાં ૫૦૦૦ પત્નીઓ દરેકને રહેવા માટે અલગ અલગ આવાસો, અકબરે એક વખત ૩૬,૦૦૦ ઘરોમાં સોનેયાની લ્હાણી કરેલ, અકબર મર્યો ત્યારે તેના ખજાનામાંથી બે કરોડ પૌંડની કિંમતના સિક્કાઓ નિકળેલ. બીજી છ તિજોરી પણ ભરેલી હતી. કુલ ૨૦ કરોડ પાઉંડ જેટલી સંપત્તિ હતી. **(હીર વિજયસૂરિરાસ)**

❖ **મદનબ્રહ્મરાજાની સંપત્તિ :** કાન્તીપુરી નગરીનો રાજા, એમાં ૮૪ જિનાલયો, ૮૪ ચાર રસ્તા, ૮૪ બગીચાઓ, ૮૪ સરોવર, રાજાને યોજન પ્રમાણ ૧૭ માળના આવાસો, ૫૦૦૦ રાણીઓ, ૩૬,૦૦૦ અન્ય રાણીઓ, ૩૩૩૦ હાથીઓ, પાંચ લાખ ઘોડાઓ, ૨૧ લાખ સૈનિકો, ૧૬ દેવીઓ હંમેશાં રાજાની આગળ નૃત્ય કરતી.

**(પુરાતન પ્રબંધ)**

❖ **દેવગિરીના રાજા રામની ઋદ્ધિ :** ૧૨,૦૦૦ વાજીત્રો, ૧ મોતીની જોડ, કષ્ટભંજન ઘોડો, ૫૬ કરોડ સોનેયા, ૮૦,૦૦૦ ઘોડા, ૧૨,૦૦૦ હાથી, બાવના ચંદન. **(જિનપ્રભસૂરિ-સુલતાન)**

❖ **ચંદ્રગુપ્ત સૈન્યબલ :** ૬૦,૦૦૦ સૈનિકો, ૩૦,૦૦૦ ઘોડાઓ, ૮,૦૦૦ રથો, ૭૫૦ હાથીઓ, ૮,૦૦૦ રથારોહિયો. **(સમ્રાટ સંપત્તિ)**

❖ **સિદ્ધરાજનું રૂદ્રમહાલ :** જેમાં ૧૪૪૪ થાંભલા, ૧૦૦ પુતલિયો, ૧૮ મણિમાણેકના સ્વયંવર, ૩૦,૦૦૦ ધજાદંડ, ૧૦,૦૦૦ સોનાનાં કળશ, ૫૬ કરોડ હાથી, ઘોડા, કોતરણીમાં. **(ઉપદેશ-સાર)**

❖ **હર્ષપુર નગર :** અજમેરની પાસે આવેલા હર્ષપુરમાં સુરપાલ રાજાના સમયમાં ૩૦૦ જિનમંદિર, ૪૦૦ અન્ય દેવનાં મંદિર, ૩૦૦૦ મહારાજના ઘર, ૯૦૦ બગીચા, ૭૦૦ વાવડી, ૨૦૦ કૂવા, ૭૦૦ દાનશાળાઓ હતી. **(પાર્શ્વનાથ પરં.)**

❖ **દ્રોપદીનો સ્વયંવર મંડપ :** જે મંડપમાં સમુદ્રવિજય વિ. ૧૦ ભાઈ, ૧૬,૦૦૦ રાજાઓ, ૮૮ કરોડ કુમારો, શાંબ-પ્રદ્યુમ્ન વિ. ૬૦,૦૦૦ કુમારો, વીરસેન વિ. ૨૧,૦૦૦ વીરો, ૫૬,૦૦૦ મહસેન વિ. દાયજામાં ૮ કરોડ સોનામહોર મુકેલ.

❖ દેવદ્રવ્યની વ્યવસ્થિત રીતે સંભાળ રાખનાર સુરસિંહ મહાઋદ્ધિવાલો બન્યો : દક્ષિણ ભરતાર્ધનો સ્વામી બન્યો, ૪,૦૦૦ રાણીઓ, ૪૮ કરોડ ગામો, ૪૮ કરોડ પાયદલ, ૧૬,૦૦૦ રાજધાની, ૩૬,૦૦૦ પાટણ, ૪૨ લાખ હાથી, ગોડા વિ., ૭૦,૦૦૦ વર્ષ રાજ્ય ભોગવ્યું, અંતે તીર્થંકર થઈ મોક્ષે જશે. **(વિવિધબોલ રત્નાકર)**

❖ **વિશાખાનો કરિયાવર :** ધનંજય શેઠે પોતાની પુત્રી વિશાખા ને મિગાર શેઠના દિકરા પુણ્યવર્ધન સાથે પરણાવેલ. દાયજામાં ૫૦૦ ગાડા સોનેયા, ૫૦૦ ગાડા સોનાનાં ઠામ, ૫૦૦ ગાડા રૂપાનાં પાત્ર, ૫૦૦ ગાડા તાંબાનાં ભાણા, ૫૦૦ ગાડા ખાદી, ૫૦૦ ગાડા ઘી, ૫૦૦ ગાડા ચોખા, ૫૦૦ હળ, ૫૦૦ રથ, ૫૦૦ ગાડા ગોળ, ૧૫૦૦ દાસી, ૬૦,૦૦૦ ગાયો, ૬૦,૦૦૦ બળદ, ૬૦,૦૦૦ વાછરડા વિ. આપેલ. **(ગોરક્ષ કલ્પતરૂ)**

❖ **પ્રદેશી રાજા પ્રભુને કરવા વંદન જતાં ઋદ્ધિનું પ્રમાણ :** ૨૮,૦૦૦ હાથીઓ, ૮૪ લાખ ઘોડાઓ, ૨૧,૦૦૦ રથો, ૯૧ કરોડ સૈનિકો, ૧૬,૦૦૦ ધજાઓ, ૫૦૦ છત્રો, ૬૯,૦૦ નૃત્યકરનાર સ્ત્રીઓ, ૫૦૦

રાણીઓ પાલખીમાં, સોના-રૂપાનાં વર્ષીદાન આપતાં પ્રભુને વંદન કરવા ગયેલ. તે વખતે રાજા વિચારે છે આવી ઋદ્ધિ વડે કોઈ ઈન્દ્ર પણ ન આવી શકે. રાજાના અભિમાનને દૂર કરવા સૌધર્મેન્દ્ર અનેકગણી ઋદ્ધિ લઈ વંદન કરવા આવે છે.

❖ **ઈન્દ્રની ઋદ્ધિ :** ૬૪,૦૦૦ હાથી, દરેક હાથીને ૫૧૨ મુખ, દરેક મુખ ઉપર ૮૮ દાંતો, દરેક દાંત ઉપર ૧૬ વાવડીઓ, દરેક વાવડી ઉપર ૮-૮ કમળો, દરેક કમળ ઉપર લાખ-લાખ પાંદડાઓ, તે પાંદડા ઉપર શરબદ્ધ નાટકીયાઓ.

વિશેષમાં ૧૬૭૭૭૨૧૬૦ જિનમંદિરો હતા. આ ઋદ્ધિ જોઈ પ્રદેશી રાજાનું અભિમાન ઉતરી ગયું. **(ભરતેશ્વર વૃત્તિ)**

❖ **દેવલોકમાં દેવોની ઋદ્ધિ :** એક વાણવ્યંતર ની દેવી કપાલમાં ટીલડી ચોંટે તેમાં આખા જંબુદ્વીપની ઋદ્ધિ સમાઈ જાય.

ઈન્દ્રની પગની મોજડીમાં માત્ર એક હીરામાં ચક્રવર્તીની સંપૂર્ણ ઋદ્ધિ આવી જાય.

દેવના પલંગ નીચે મૂકવાના પડવાયામાં અઢી દ્વીપની ઋદ્ધિ આવી જાય. ભવનપતિમાં ચમરેન્દ્ર બલિન્દ્રની દેવીએ આઠ-આઠ હજાર વૈક્રિય રૂપો કરે. **(વિવિધ વિષય વિચારમાળા)**

❖ **ઈન્દ્રની ઋદ્ધિ :** સુધર્માસભામાં ૩૨ લાખ વિમાનનો સ્વામી, ૮૪૦૦૦ સામાનિક દેવ, ૩૩ ત્રાયસ્ત્રિંશત દેવ, ૧૬૦૦૦ દેવીઓ થી સેવિત, ૮ અગ્રમહિષિઓ, ૧૨,૦૦૦ અભ્યંતર સભાનાદેવ, ૧૪,૦૦૦ મધ્યસભાના દેવ, ૧૬,૦૦૦ બહાર સભાના દેવ, સાત કટક, ૩,૩૬૦૦૦ અંગરક્ષક દેવ. **(પ્રબંધ પંચશતી)**

## ગુરૂકૃપા

❖ હંસાવળીના પુત્ર જસારાણાને ગુરૂકૃપાથી પારસ પ્રાપ્ત થવાથી એક વિશાળ જિનમંદિર, સંઘયાત્રા, સાધર્મિક ભાઈઓને સુવર્ણની પ્રભાવના કરેલ.

❖ ઉપકેશપુરના શાહ સારંગને સુવર્ણ રસ પ્રાપ્ત થવાથી ધાર્મિક ક્ષેત્રોમાં ધન વાપરી દીક્ષા લીધી.

❖ કરણાવતીમાં શાહ પાતાને એક સુવર્ણ થેલી મળેલી જેથી ભયંકર દુષ્કાળમાં રાજા તથા પ્રજાને અન્નદાન આપેલ.

❖ પાર્શ્વદત્ત શ્રેષ્ઠિને ગુરુકૃપાથી પારસની પ્રાપ્તિ થવાથી ચિત્રકોટનો કિલ્લો બનાવ્યો તેમાં અનેક જિન મંદિરો બનાવ્યા.

❖ ડીડવાના ભૈંસાશાહ ચોરડીયાને ગુરુકૃપાથી છાણનો ઢગલો સોનાનો ઢગલો થઈ ગયો. તે સોનાથી ગદિયાણા સિક્કા બનાયા તેથી તેના વંશનું નામ 'ગદહિયા' પડી ગયું.

❖ માંડવગઢના પેથડમંત્રીને ચિત્રાવળી પ્રાપ્ત થઈ જેથી શંત્રુજયનો સંઘ કાઢ્યો અને ૮૪ જિન મંદિર બનાવ્યા.

❖ અમદાવાદ શાન્તિદાસ શેઠને વિજય યંત્ર પ્રાપ્ત થયું તેથી ધર્મમાં વિપુલ દ્રવ્ય વાપર્યું.

❖ ફલોધીના પાર્શ્વગરૂડ શેઠને ગુરૂકૃપાથી સ્વર્ણ વિદ્યા પ્રાપ્ત થઈ. તેથી ફળ વૃદ્ધિ પાર્શ્વનાથ જિન ચૈત્ય બનાવ્યું.

❖ નાગપુરના પુનડ શેઠને દ્રવ્ય પ્રાપ્ત થવાથી શત્રુંજયનો વિરાટ સંઘ કાઢ્યો.

❖ ભંડાર મુગલ સમ્રાટને દેખાડી ચકિત કરેલ.

❖ જેસલમેરના વીર થૈરૂશાહ ભણસાલીને ચિત્રાવલી પ્રાપ્ત થઈ તેથી શત્રુંજયનો સંઘ કઢાવ્યો.

❖ તક્ષશિલાના સંઘ ઉપર માનદેવસૂરિની કૃપાથી લઘુશાન્તિ સ્તોત્રથી ઘોર સંકટ મારી રોગ દૂર થઈ ગયો.

❖ એક વખત બ્રાહ્મણોએ જૈન મંદિરમાં ગાય નાંખી દીધી તેથી ચમત્કારી જીવદેવસૂરિએ પરદેહ પ્રવેશિણી વિદ્યાથી તે મૃતગાયને શિવાલયમાં નાંખી દીધી. જેથી ઘણી જ શાસન પ્રભાવના થઈ.

- ❖ આચાર્ય સિદ્ધસૂરિએ પંજાબમાં પાંચ પીરોને વશમાં કરીને યવનોને અપૂર્વ ચમત્કાર બતાવ્યો. આજ પર્યન્ત તે સિદ્ધપીર નામથી પૂજાય છે.
- ❖ સૂરતના શાંતિદાસના શેઠના નોકર શાંતિને યતિકૃપા ફળવાથી અમદાવાદનો નગર શેઠ બન્યો અને સાત પેઢી સુધી ધન-દૌલત તથા પરિવાર અખૂટ રહ્યો.

## વિમલમંત્રીનું વિમલસહિ

- ❖ સં. ૧૦૧૩ માં ગુજરાતના રાજા ભીમદેવના મુખ્યમંત્રી વિમલ હતા.
- ❖ સં. ૧૧૦૦માં વિમલવસહિ જિનમંદિરનું નિર્માણ કરેલ.
- ❖ આ જિનાલયની પાછળ ૧૮ કરોડને ૫૩ લાખનો ખર્ચ થયેલ.
- ❖ આ જિનાલય બાંધતા ૧૪ વર્ષ લાગ્યા હતા.
- ❖ આ જિનાલયનાં કામ માટે દરરોજ ૧૫૦૦ કારીગર અને ૫૨૦૦ મજુરો કામ કરતા.
- ❖ આ જિનાલયની જગ્યા માટે ૪ કરોડ ૫૩ લાખને ૬૦,૦૦૦ રૂપીયાનો ખર્ચ થયેલ.
- ❖ જમીન લેવા માટે જમીન ઉપર ચોરસ સોનામહોર પાથરી બ્રાહ્મણોને આપી પછી આ જગ્યા મળેલી.
- ❖ આ જિનાલયમાં મૂલનાયક આદિનાથ ભગવાન છે. જેથી શત્રુંજયાવતાર નામથી ઓળખાય છે.
- ❖ વિમલમંત્રીના ભોજન અવસરે ૮૪ શ્રેષ્ઠ જાંગિક ઢોલ વાગતાં.
- ❖ વિમલમંત્રીના પ્રતિપ્રયાણમાં ૨૭ લાખ દ્રવ્યનો વ્યય થતાં.
- ❖ આ મંત્રીએ ૧૨ બાદશાહોને જીતીને ૧૨ છત્ર ગ્રહણ કરેલા.
- ❖ કુંભારીયાના જિનમંદિર માટે વિમલમંત્રીએ પાયા ખોદાવ્યાં ત્યારે તે પાયાને ભરવા માટે સોના-રૂપાની ઈંટોની ૭૦૦ સાંઢો ભરીને લાવેલ તે બધી સલાટો ના સલાહથી પાયામાં ધરબાવી દીધી.
- ❖ કુંભારીયામાં પ્રથમ ૩૬૦ જિનમંદિરો હતા.

(વિમલપ્રબંધ, - અર્બુદાદિતીર્થ ગુણમાળા)

## ઝાંઝણ મંત્રીના સંઘની વિશિષ્ટતા

- ❖ દેદાશાહનો પુત્ર પેથડ અને પેથડનો પુત્ર ઝાંઝણ જે મહાદાનવીર અને ધર્મિષ્ઠ હતો.
- ❖ આ મંત્રી જયારે માંડવગઢથી અઢી લાખ યાત્રીઓ સાથે સંઘ લઈ શત્રુંજય પહોંચેં ત્યારે ઋષભદેવની સોના-રૂપાની પૂજા કર્યા પછી ૩ કરોડ સુગંધી પુષ્પો વડે પ્રભુની પુષ્પપૂજા કરે છે.
- ❖ થરાદના આભૂસંઘવીના સંઘ ને ભોજન કરાવે છે.
- ❖ આ મંત્રીએ એક મૂડાપ્રમાણ પહોલી ઉપર સોનાની પાટથી ભરેલી નીચે ચાંદીના પાટથી ભરેલી વચ્ચે રેશમી વસ્ત્રવાળી શત્રુંજયના શિખરથી ગિરનારના શિખર સુધી લાંબી ધજા બાંધે છે. જે ધજામાં ૫૪ ધડી સુવર્ણ ખર્ચ થયેલ.
- ❖ આ મંત્રીનો સંઘ જ્યારે અમદાવાદ પહોંચ્યો ત્યારે રાજાની આજ્ઞાથી સમગ્ર ગુજરાતની પંદર લાખની વસ્તીને ભોજન કરાવે છે. મોટા મોટા ૧૦૦ મંડપો બાંધે છે. છ દિવસે આખું ગુજરાત જમે પછી પણ ઘણી મિઠાઈ વધવાથી રાજાને દેખાડી આશ્ચર્ય પમાડે છે.
- ❖ આ સંઘ સાબરમતિમાં નદી કિનારે ગુજરાતને જમાડવાની તૈયારી માટે મહિના સુધી રોકાય છે.
- ❖ આ મંત્રીએ અમદાવાદ ના સારંગ રાજા પાસે વચન આપી કેદી કરેલા ૯૬ રાજાઓને છોડાવે છે. તે વખતે આભૂ સંઘવી ૪૮ લાખ રૂપિયા સારંગ રાજાને ભેટ આપે છે. અને ઝાંઝણ મંત્રી બધા રાજાઓને એકેક ઘોડો અને પાંચ પાંચ વસ્ત્ર ભેટ આપે છે.
- ❖ આ મંત્રીનો સંઘ જીરાવલી પહોંચ્યા ત્યારે મંત્રીએ છ મણ કપૂરથી ધૂપપૂજા અને કરોડ પુષ્પથી પુષ્પ પૂજા કરેલ.
- ❖ જીરાવલા તીર્થમાં ભગવાનની ઉપર સુવર્ણ તારથી ભરેલો ચંદરવો બાંધેલ જે લાખ રૂપિયાનો થયેલ. **(સુકૃત-સાગર)**

## 'દેવગિરિના જિનાલયની વિશિષ્ટતા'

❖ દેવગિરિનું જિનાલય માંડવગઢના પેથડ મંત્રીએ બનાવેલ.
❖ આ જિનાલયની જગ્યા લેવા માટે હેમાદ્રિ મંત્રીના માટે ત્રણ વર્ષ સુધી દાનશાળા ખોલેલ. તેથી મંત્રી ખુશ થઈ રાજાને વાત કરી અને રાજાએ જગ્યા આપી.
❖ જે સોમપુરાએ રૂદ્રમહાલય બનાવેલ તેના વંશમાં ઉત્પન્ન થયેલ રત્નાકર નામના સલાટે આ જિનાલય બનાવેલ.
❖ પેથડ મંત્રીએ કારીગરોના નિભાવ માટે માંડવગઢથી ૩૨ સાંઢો ભરી સુવર્ણ મોકલેલ.
❖ આ જિનાલયના નિર્માણ માટે દેવગિરિમાં ૧૦,૦૦૦. ઈંટના નિભાડા રોકેલા. દરેક નિભાડામાં ૧૦,૦૦૦ ઈંટો પકાવવામાં આવતી.
❖ આ જિનાલયના ૩ વાંસ ઉંડા ખોદેલ પાયામાં ૧૫ શેર સીસાનો રસ પૂરેલ.
❖ જિનાલયમાં ૨૧ ગજ લાંબી ૧૪૪૪ પત્થરની પાટો ગોઠવેલ. પ્રતિષ્ઠા મહોત્સવ વખતે દરરોજ ૧૦૮ બ્રહ્મચારી શ્રાવકો વિધિપૂર્વક સ્નાત્રપૂજા કરતાં. મંત્રી તેમની ભક્તિ પણ કરતાં.
❖ પ્રતિષ્ઠા વખતે મંત્રીએ સર્વગચ્છના સાધુઓની વસ્ત્રથી ભક્તિ કરેલ.
❖ ચોરાશી હજાર શ્રાવકોને સોનાનાં વેઢ ભેટ આપેલ.
❖ આ જિનાલયમાં ૮૩ અંગુલ પ્રમાણવાળી વીર પ્રભુની પ્રતિમા પધરાવેલ.
❖ આ જિનાલયની પ્રતિષ્ઠા વખતે એ સમયમાં મંત્રીને પાંચ લાખ દ્રવ્યનો ખર્ચ થયેલ. (સુકૃત - સાગર)

## અગ્યાર રૂદ્રોના નામો

❖ આ ૧૧ રૂદ્રો તીર્થંકરોના પરમ ભક્ત હોઈ અંગવિદ્યાના જાણકાર હતા. એમનું વિશેષથી વિસ્તાર પૂર્વમાં આવે છે.

| | | | |
|---|---|---|---|
| ૧. | ભીમાવલી | - | ઋષભદેવ વખતે |
| ૨. | જિતશત્રુ | - | અજિતનાથ વખતે |
| ૩. | ભદ્રનામા | - | સુવિધિનાથ વખતે |
| ૪. | વિશ્વાહલ | - | શીતલનાથ વખતે |
| ૫. | સુપ્રતિષ્ઠ | - | શ્રેયાંસનાથ વખતે |
| ૬. | અચલ | - | વાસુપૂજ્ય વખતે |
| ૭. | પુંડરીક | - | વિમલનાથ વખતે |
| ૮. | અજિતધર | - | અનંતનાથ વખતે |
| ૯. | અજીતનાથ | - | ધર્મનાથ વખતે |
| ૧૦. | પેઢાલનામા | - | શાંતિનાથ વખતે |
| ૧૧. | સત્યકીસુત | - | મહાવીરસ્વામી વખતે |

## બાર ચક્રવર્તીનો કોઠો

| | નામ | નગરી | પિતા | માતા | ઉંચાઈ | આયુષ્ય | ગતિ |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | ભરત | વિનીતા | ઋષભદેવ | સુમંગલા | ૫૦૦ ધનુષ્ય | ૮૪ લાખ પૂર્વ | મોક્ષ |
| ૨. | સગર | અયોધ્યા | સુમિત્ર | યશોમતિ | ૪૫૦ ધનુષ્ય | ૭૨ લાખ પૂર્વ | મોક્ષ |
| ૩. | મઘવા | શ્રાવસ્તી | વિજય | ભદ્રા | ૪૨॥ ધનુષ્ય | ૫ લાખ વર્ષ | ત્રીજા દેવલોકે |
| ૪. | સનત્કુમાર | હસ્તિનાપુર | અશ્વસેન | સહદેવ | ૪૧॥ ધનુષ્ય | ૩ લાખ વર્ષ | ત્રીજા દેવલોક |
| ૫. | શાંતિનાથ | હસ્તિનાપુર | વિશ્વસેન | અચિરા | ૪૦ ધનુષ્ય | ૧ લાખ વર્ષ | મોક્ષ |
| ૬. | કુંથુનાથ | હસ્તિનાપુર | શૂર | શ્રીદેવી | ૩૫ ધનુષ્ય | ૯૫૦૦૦ વર્ષ | મોક્ષ |
| ૭. | અરનાથ | હસ્તિનાપુર | સુદર્શન | મહાદેવી | ૩૦ ધનુષ્ય | ૮૪૦૦૦ વર્ષ | મોક્ષ |
| ૮. | સુભુમ | તાપસાશ્રમ | કૃતવીર્ય | તારા | ૨૮ ધનુષ્ય | ૬૦૦૦૦ વર્ષ | ૭મી નરકે |
| ૯. | મહાપદ્મ | હસ્તિનાપુર | પદ્મોત્તર | જવાલા | ૨૦ ધનુષ્ય | ૩૦૦૦૦ વર્ષ | મોક્ષ |
| ૧૦. | હરિષેણ | કાંપિલ્યપુર | મહાહરિ | મહિર્ષી | ૧૫ ધનુષ્ય | ૧૦૦૦૦ વર્ષ | મોક્ષ |
| ૧૧. | જય | રાજગૃહ | વિજય | વપ્રા | ૨ ધનુષ્ય | ૩૦૦૦ વર્ષ | મોક્ષ |
| ૧૨. | બ્રહ્મદત્ત | કાંપિલ્યપુર | બ્રહ્મરાજા | ચૂલિની | ૭ ધનુષ્ય | ૭૦૦ વર્ષ | ૭મી નરકે |

## નવ બળદેવનો કોઠો

| | નામ | નગર | પિતા | માતા | આયુષ્ય | ગતિ |
|---|---|---|---|---|---|---|
| ૧. | અચલ | પોતનપુર | પ્રભાવતી | ભદ્રા | ૮૫ લાખ વર્ષ | મોક્ષ |
| ૨. | વિજય | દ્વારિકા | બ્રહ્મરાજા | સુપ્રભા | ૭૫ લાખ વર્ષ | મોક્ષ |
| ૩. | ભદ્ર | દ્વારિકા | રૂદ્રરાજા | સુપ્રભા | ૬૫ લાખ વર્ષ | મોક્ષ |
| ૪. | સુપ્રભ | દ્વારિકા | સોમરાજા | સુદર્શના | ૫૫ લાખ વર્ષ | મોક્ષ |
| ૫. | સુદર્શન | અશ્વપુર | શિવરાજા | વિજયા | — | મોક્ષ |
| ૬. | આનંદ | ચક્રપુર | મહાશિર | વૈજયંતી | — | મોક્ષ |
| ૭. | રામ | અયોધ્યા | દશરથ | કૌશલ્યા | ૧૫૦૦૦ વર્ષ | મોક્ષ |
| ૮. | બલભદ્ર | દ્વારિકા | વસુદેવ | રોહિણી | ૧૨૦૦૦ વર્ષ | ૫મો દેવલોક |

## નવ પ્રતિવાસુદેવનો કોઠો

| | નામ | નગરી | પિતા | માતા | ઉંચાઈ | આયુષ્ય | ગતિ |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | અશ્વગ્રીવ | રત્નપુર | મયૂરગ્રીવ | નીલાંજના | ૮૦ ધનુષ | ૮૪ લાખ વર્ષ | ૭મી નરકે |
| ૨. | તારક | વિજયપુર | શ્રીધર | શ્રીમતી | ૭૦ ધનુષ | ૭૨ લાખ વર્ષ | ૬ઠી નરકે |
| ૩. | મેરક | નંદનપુર | કેશરી | સુંદરી | ૬૦ ધનુષ | ૬૦ લાખ વર્ષ | ૬ઠી નરકે |
| ૪. | મધુ | પૃથ્વીપુર | વિલાસ | ગુણવતી | ૫૦ ધનુષ | ૩૦ લાખ વર્ષ | ૬ઠી નરકે |
| ૫. | શંભુ | હરિપુર | — | — | ૫૦ ધનુષ | — | ૬ઠી નરકે |
| ૬. | બલી | અરિજય | મેઘનાદ | — | ૨૬ ધનુષ્ય | — | ૬ઠી નરકે |
| ૭. | પ્રહલાદ | તિલકપુર | — | — | ૨૬ ધનુષ | — | ૬ઠી નરકે |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૮. રાવણ | લંકા | રત્નશ્રવા | કૈકસી | ૧૬થી વધારે | ૧૨૦૦૦ વર્ષ | ૪થી નરકે |
| ૯. જરાસંઘ | રાજગૃહ | વૃહદ્રથ | – | – | – | ૪થી નરકે |

## રાણકપુર તીર્થની રમ્યતા

❖ રાણકપુર મંદિરના સ્થાપક કુંભારાણાનો મંત્રી ધરણાશાહ પોરવાલે ૩૨ વર્ષની ઉંમરે ૩૨ સંઘોની વચ્ચે શત્રુંજય ઉપર સોમસુંદર સૂરિજીના હસ્તે તીર્થમાલા પહેરી બ્રહ્મચર્ય વ્રત સ્વીકારેલ.

❖ તીર્થમાલ વખતે જ પ્રતિજ્ઞા લીધેલી કે રાણકપુરમાં નલિની ગુલ્મવિમાન જેવું જિનાલય બંધાવવું.

❖ કુંભારાણા પાસેથી જમીન લઈ સ. ૧૪૪૬માં જિનાલયનું કામ શરૂ કરાવ્યું અને ૧૪૯૬માં પ્રતિષ્ઠા કરાવી. અને ત્રૈલોક્યદીપક નામ રાખ્યું ૫૦ વર્ષ કામ ચાલ્યું.

❖ પાંચમી સદીમાં ૨૭૦૦ જૈનોના ઘર હતા.

❖ આ જિનાલયમાં ૪૮૪૦૦ (વર્ગ) ચો. ફુટ નો ઘેરાવો છે.

❖ આ જિનાલયમાં ૮૨ દેરીઓ અને ૧૪૪૪ થંભા છે. દરેકની કોતરણી અલગ અલગ છે.

❖ આ જિનાલયમાં અષ્ટાપદ, શત્રુંજય, ૨૪ મંડપ, ૧૦૦ તોરણ, ૯ ભોંયરા, ૪ વિશાલ રંગમંડપ, ૫૫૨ પુતળીઓ છે.

❖ આ જિનાલયમાં કુલ ૯૯ કરોડનો ખર્ચ થયેલ છે.
જમીનથી ૪૫ ફુટ મંદિર ઉંચું. મંદિરનો પાયો સાત માથોડા છે.

❖ કહેવાય છે કે ચિત્તોડના રાણાએ ધરણાશાહની નકલ કરવા જિનાલયમાં એક વિશાળ થાંભલો બનાવ્યો પણ તે કરી ન શક્યા તેથી અધૂરો રહ્યો.

❖ મૂલનાયકની સામે ૧ હાથી અને તેની પાસે ૫૦૦ વર્ષ પુરાણું રાયણ વૃક્ષ છે. તેની સામે ૧૦૦૮ ફણાને ધારણ કરનાર નાગ-નાગણીયુક્ત પાર્શ્વનાથની મૂર્તિ છે.

❖ પહેલા અહીં ૮૪ ભોંયરા હતા. હાલ નવ ભોંયરા છે. આ જિનાલયમાં જુદા જુદા ૭૬ શિલ્પની સજાવટ છે. દરેક દેરાસર ઉપર ૨૦-૨૦ પ્રકારની કારીગરી છે.

❖ ધરણાશાહને આ મંદિર ૯ માળનું બનાવવું હતું. પરન્તુ અંતસમય નજીક આવવાથી ૩ માળનું બન્યું.

❖ આ જિનાલયની પ્રતિષ્ઠા વખતે ૪ આચાર્ય, ૯ ઉપાધ્યાય ૫૦૦ સાધુઓ હતા. ૭૦૦૦ જાદુજુદા ગચ્છના સાધુ હતા. **(પ્રાચીન તીર્થ ઈતિ.)**

## અંબાદેવીએ પોરવાલને આપેલા ૭ વરદાનો

૧. પ્રતિજ્ઞા નિર્વાહ (લીધેલું પણ પાલનાર)
૨. સ્થિર પ્રકૃતિવાળા
૩. પ્રૌઢ વચન (ભાર બોજવાળી વાણી)
૪. બુદ્ધિશાળી
૫. સર્વનો ભેદ સમજવાની શક્તિ
૬. દ્રઢ મનોબળ
૭. મહત્વકાંક્ષા **(પ્રગ્વાટ ઈતિહાસ)**

## કઈ નવકારવાળી ઉત્તમ કહેવાય

૧. હાથ ઉપર નવકાર ગણવાથી મહાન લાભ થાય છે.

❖ શંખની, પરવાલાની, રક્તચંદનની માળા ૧૦૦૦ ગણું ફળ આપે.
❖ સ્ફટિકની માળા ૧૦,૦૦૦ ગણું ફળ આપે.
❖ મોતીની માળા લાખ ગણું ફળ આપે.
❖ સુખડની માળા કરોડ ગણું ફળ આપે.
❖ સુવર્ણની માળા દસ કરોડ ગણું ફળ આપે.
❖ કમલ બંધથી નવકાર કોડા કોડી ગણું ફળ આપે.
❖ રૂદ્રાક્ષની માળા અસંખ્ય ગણું ફળ આપે.
❖ પુત્રંજીવાની માળા અનંત ગણું ફળ આપે.
❖ સુતરની માળા પૂર્ણ ફળ આપે. **(હિતશિક્ષાનો રાસ)**

## ઐતિહાસિક - ઘટનાઓ

❖ વિદ્યાસિદ્ધ પાદલિપ્તસૂરિ અને બપ્પભટ્ટિસૂરિ મ.સા. સમેતશિખર તીર્થની વિદ્યા દ્વારા હંમેશા યાત્રા કરતા હતા. **(પ્રભાવક-ચારિત્ર)**

❖ ત્રીજા સૈકામાં થયેલા વીરસેન અને નાકોરસેન નામના બે ભાઈઓએ દસ ગામના અંતરે વીરમપુર અને નાકોર નગર વસાવેલ.

❖ વીર સં. ૬૦૦માં નાહડ રાજાએ સાંચોરમાં એક મોટું ચૈત્ય બનાવી પિત્તલમયી મહાવીર સ્વામીની પ્રતિમા પધરાવી જજ્જિગસૂરિના હાથે પ્રતિષ્ઠા કરાવેલ. **(વિવિહોતિત્થ કપ્પો)**

❖ બીજા સૈકામાં નાગાર્જૂને પોતાના ગુરુ પાદલિપ્તસૂરિના નામ ઉપરથી પાલિતાણા નગર વસાવેલા.

❖ સં. ૭૦૦માં ભીનમાલ ફરીથી વસેલ. ૭૩૩માં શ્રી જિનદાસ ગણિએ નિશીથચૂર્ણીની રચના કરી. તેમાં શ્રીમાલના રૂપા નાણા ચલણની હકીકત નોંધેલી છે.

❖ જયાનંદસૂરિના ઉપદેશથી પોરવાડ મંત્રી સામંતે ૯૦૦ જિનમંદિરનો જિર્ણોદ્ધાર કરાવેલ.

❖ નાકોડાજી તીર્થમાં ૯૦૯માં જૈનોના ૨૭૦૦ ઘર હતા.

❖ સં. ૧૨૪૦-૪૩ માં જૈનોના ૨૭૦૦ ઘર હતા.

❖ સં. ૧૩૧૬માં મંડલીક રાજાએ ગિરનારના નેમિનાથ ભ.ના જિનાલયને સોનાના પતરાથી મઢાવ્યાનો શિલાલેખમાં ઉલ્લેખ આવે છે.

❖ ખંભાતના માણેકચોકમાં ચિંતામણી પાર્શ્વનાથના દેરાસરમાં ૨૪ ભગવાન એક સરખા છે. જેમાં ૧૩ ભગવાન કસોટી પથ્થરના છે. આવા એક જ સરખા પ્રતિમાજી બીજે ક્યાંય પ્રાયઃ નથી.

❖ ૧૧મી સદીમાં કવિશ્વર ધનપાલભોજરાજાથી ખિન્ન થઈ માળવા થી સાંચોર આવી વસ્યા હતા.

❖ વૈશાખ સુદ - ૫ ના દિવસે ગુણસાગરસૂરિએ પાવાગઢ તીર્થ ઉપર જીરાવલા પાર્શ્વનાથ તથા અભિનંદન સ્વામીની પ્રતિષ્ઠા કરાવેલ.

❖ સં. ૧૧૫૦ હેમચંદ્રાચાર્યે ખંભાતમાં દીક્ષા લીધેલ.

❖ દયાલશાહે દયાલ શાહ નામનો કિલ્લો બનાવી તેની ઉપર નવ માળનું જિન માદેર બનાવેલ જેની ધજાની છાયા ૧૨ માઈલ દૂર પડતી હતી. પાછળથી ઔરંગઝેબે રાજશાહી કિલ્લો માની તોડી નાંખ્યો. આજે તો માત્ર એક જમાળ જ છે.

❖ ડુંગરપુરની ઘાટી ઉપર મંત્રી શાલાશાહે ૫૨ દેરીવાળું શિખરબંધી જિનાલય બંધાવેલ. એમાં એક નવું ભોંયરું બનાવેલ. જે રાજમહેલ સુધી લાંબું હતું. આ ભોંયરા વાટે મહારાણી દરરોજ પાર્શ્વનાથ ભગવાનના દર્શન કરવા જતા. હવે ભોંયરું બંધ થઈ ગયું.

❖ 'મહાનિશીથસુત્ર'માં જણાવ્યું છે કે બાહુબલી રાજાએ તક્ષશીલામાં ધર્મચક્રતીર્થની સ્થાપના કરેલ. જે ચંદ્રપ્રભ જિનેશ્વરનું ધામ હતું.

❖ શ્રી જિનદેવસૂરિની સુલતાન બાદશાહ સાથે મુલાકાત થતાં સુલતાને 'સુલતાનસરાઈ' નામની જગ્યા (જેમાં ૮૦૦૦ શ્રાવકો રહી શકે) ભેટ આપેલી. જેનું "ભટ્ટારકસરાઈ' નામ પાડેલ. સુલતાને ત્યાં જિનચૈત્ય અને પૌષધશાળા બનાવેલ. સં. ૧૩૮૯માં જિનપ્રભસૂરિએ એ ચૈત્યની પ્રતિષ્ઠા કરાવેલ.

❖ 'બૃહકલ્પસૂત્ર'હમાં મથુરાના ઘરના બારણાં ઉપર અર્હતપ્રતિમાની સ્થાપના કરવામાં આવતી હતી. જે 'મંગલ-ચૈત્ય' કહેવાતું. મકાન પડી ન જાય તે ખાતર આ સ્થાપના અનિવાર્ય ગણાતી. આથી મથુરા સાથે સંબંધ ધરાવતા ૯૬ ગામોમાં આવા મંગલ-ચૈત્યની સ્થાપના કરવામાં આવી હતી.

❖ જૈન સાહિત્યમાં રાજગૃહના ઋદ્ધિ સંપન્ન શેઠ શાલીભદ્રની સંપત્તિનો ખ્યાલ આપતા એવું જણાવે છે કે તેના પિતા દેવલોકમાંથી દરરોજ ૩૩

પેટી દેવી અલંકારોથી ભરીને મોકલાવતાં તે અલંકારો એક દિવસ પહેરી બીજા દિવસે નિર્માલ્યરૂપે કૂવામાં ફેંકી દેવામાં આવતાં. જે 'નિર્માલ્યકૂઈ' કહેવાતી. તે સ્થળને આજે મણિયાર મઠરૂપે જોવામાં આવે છે. જે મઠ એક મોટી ઈમારતરૂપે કેહવાય છે.

❖ ભગવાન મહાવીરના ૧૧ ગણધરો વૈભારિગિર ઉપર નિર્વાણ પામ્યા હતા. 'જ્ઞાતાસૂત્રમાં' વર્ણિત નંદમણિયારની વાવ, વીરપોષાલ, જરાસંઘનો કિલ્લો, શ્રેણીકનો ભંડાર, પાલી લિપીનો શીલાલેખ વિ. સ્થળો આ ગિરિ ઉપર હતા.

❖ મુનિ સુવ્રત સ્વામીએ હસ્તિનાપુરમાં વિચરી સાત કરોડ સોનામહોરના ઘણી ગંગદત્તને અને કાર્તિકસ્વામીને દીક્ષા આપેલ. ત્યારપછી વીરપ્રભુએ આ ભૂમિમાં આવી પોટ્ટિલ તથા શિવરાજને દીક્ષા આપેલ.

❖ પટણા નગરને ૬૪ દરવાજા કિલ્લાને ૫૭૦ બુરજ હતા. એ કિલ્લાની આસપાસ ૩૦ હાથ ઉંડી ૬૦૦ હાથ પહોળી ખાઈ હતી.

❖ મુર્શીદાબાદમાં 'કોટિધ્વજ કોઈ સહસ'ના કથનથી હજાર જેટલાં કરોડ પતિઓ હતા.

❖ અંતિમ ચૌદ પૂર્વઘર ભદ્રબાહુસ્વામી ૧૫ દિવસનો અનસન કરી ક્લીંગ દેશના કુમારગિરિ ઉપર સ્વર્ગસ્થ થયા હતા.

❖ શાસનના નવમા વર્ષ ૩૮ લાખ રૌપ્ય મુદ્રાઓનો ખર્ચ કરી 'મહાવિજયી' નામનો પ્રસાદ ખારવેલ રાજાએ બનાવેલ. એજ વર્ષે 'કિમીચ્છિક' દાન આપી 'કલ્પદ્રુમ'ની પૂજા કરેલ. (જેને શાસ્ત્રાનુસાર આવી પૂજા ચક્રવર્તી જ કરી શકતો.) આ રાજાએ ૧૩ માં વર્ષે શ્રાવકના ૧૨ વ્રત સ્વીકારેલ અને શ્રમણોને રહેવા માટે ૧૧૭ ગુફાઓ કુમારી પર્વત કરાવેલ.

❖ ૭૫ લાખ રૂપિયા ખર્ચી ખારવેલે પોતાની રાણી માટે આશ્રય સ્થાન બનાવેલ.

❖ બીકાનેરમાં ૮૪ ગચ્છના ૮૪ ઉપાશ્રયો હતા.

❖ બેણપના કરોડપતિ કપર્દિ શેઠની પુત્રી સોમાઈએ દીક્ષા લીધા પછી તેમને મહત્તરા પદવી આપેલ. એ કપર્દિને સિદ્ધરાજે રાજ ભંડારી બનાવી ૧૮ ગામો ભેટ આપેલ.

❖ કુમારપાલ રાજાના સમયમાં આર્યરક્ષિતસૂરિ પાટણ આવે ત્યારે કપર્દિ શેઠે ખેસના છેડાથી વંદન કરેલ. તેથી 'અચલગચ્છ' નામ પડેલ.

❖ કર્ણદેવ રાજાએ છ લાખ ભીલોના સ્વામી આશાવલ ભીલને જીતી સાબરમતિના કિનારે કર્ણાવતી નગર વસાવેલ.

❖ સંપ્રતિ રાજાનો દશ દિવસની ઉંમરે વિજયાદશમીના દિવસે રાજ્યાભિષેક થયેલ.

❖ વીર સં. ૨૪ માં અવંતીવર્ધન રાજાએ જંબુસ્વામી પાસે દીક્ષા લીધી હતી.

❖ ઈ.સ. ૪૪૬માં વિનયરત્ન સાધુના હાથે ઉદાય રાજાનું મૃત્યુ થયું.

❖ ઈ.સ.પૂ. ૩૦૦ની સાલમાં બનેલી પ્રાચીનતમ બે જિન મૂર્તિઓ પટણાના મ્યુઝિયમમાં વિદ્યમાન છે.

❖ વીર સં. ૩૧૦માં સિદ્ધસેનસૂરિએ વિક્રમાદિત્ય રાજાની સમક્ષ મહાકાલ મંદિરમાં પધરાવેલ લીંગનો સ્ફોટ કરી બતાવ્યો ત્યારે શાસન પત્ર લખી આપેલ કે આ મંદિર જૈનોનું છે.

❖ વિ.સં.૧૦૮માં મહુવાના જાવડશેઠે ઋષભદેવની પ્રતિમા તક્ષશીલામાંથી લાવી શત્રુંજયમાં મૂળ નાયક તરીકે સ્થાપેલ.

❖ ૧૦માં સૈકાની શ્યામપાષાણની બે બૌદ્ધ મૂર્તિઓ અયોધ્યાના જિન મંદિરમાં જિન મૂર્તિ તરીકે પૂજાય છે.

❖ ૧૩માં સૈકામાં દેવેન્દ્રસૂરિએ અયોધ્યામાં વસતિ ઘટી જવાથી ત્યાંની ૪ મૂર્તિઓ શેરીસા લઈ ગયેલ.

❖ પાદલિપ્તસૂરિનો જન્મ અયોધ્યા નગરીમાં થયો હતો.

❖ ૬૮૦માં કુલપાકજી તીર્થમાં શંકરગણ રાજાએ ભવ્ય મંદિર બંધાવી નિભાવ માટે બાર ગામનું શાસન આપેલ.

❖ લક્ષ્મણની મુખ્ય ૮ રાણીઓ તથા તેનાં ૮ પુત્રો

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. | વિશલ્યા - શ્રીધર | ૫. | વનમાલા | - | અર્જુનવૃક્ષ |
| ૨. | રૂપમતી - પૃથ્વીતિલક | ૬. | અતિવીર્ય | - | શ્રીકેશી |
| ૩. | કલ્યાણમાળા - મંગલનિલય | ૭. | અભયવતી | - | સર્વકીર્તિ |
| ૪. | પદ્માવતી - વિમલપ્રભ | ૮. | મનોરા | - | સુપાર્શ્વકીર્તિ |

❖ આ બધા પુત્રો મહાબલ મુનિ પાસે સંયમ લે છે. **(પદ્મચરિત્ર)**

❖ હનુમાન ૭૫૦ રાજાઓ સાથે ચારણશ્રમણ ધર્મરત્ન પાસે સંયમ લે છે. અને તેની ૧૦૦૦ પત્ની ૧૦૦૦ પત્નીઓ લક્ષ્મીમતી સાધ્વીજી પાસે સંયમ લે છે. હનુમાન મોક્ષે જાય છે. **(પદ્મચરિત્ર)**

❖ હલ્લ-વિહલ્લ શ્રેણીકના પુત્ર તે વીર પ્રભુ પાસે સંયમી બની ગુણરત્ન સંવચ્છર તપ કરી. ૧૧ અંગભણી અનુત્તર વિમાનમાં ગયેલા. **(ઋષિમંડલસ્તવ)**

❖ સં. ૧૬૭૫ અને ૧૬૮૩માં થયેલા વર્ધમાન શાહ પદ્માશાહે શત્રુંજય મહાતીર્થની ૯૯ વાર સંઘ સાથે યાત્રા કરેલ. **(જૈન તીર્થ ઈતિ.)**

❖ ચક્રવર્તીનો રાજ્યાભિષેક ૧૨ વર્ષ સુધી ચાલે. બધા રાજાઓ ૧૨ વર્ષ સુધી ત્યાં જ રોકાય. **(આવશ્યક નિર્યુક્તિ)**

❖ ભરત રાજાને આરીસા ભવનમાં કેવલજ્ઞાન થયા પછી તેમની પાટે થયેલા આદિત્યયશ, મહાયશ, બલભદ્ર, બલવીર્ય, કીર્તિવીર્ય, જલવીર્ય એમ છ રાજાઓ કેવલજ્ઞાન પામી મોક્ષે ગયેલા. **(ગીરનાર મહા.)**

❖ ૧૦-૧૧માં સૈકામાં માળવાના મૂંજ અને ભોજ રાજાના રાજકાળમાં વાદીવેતાલ શાંતિસૂરિએ ભોજની રાજસભામાં ૮૪ વાદીઓને જીતી ૭૪ લાખ માળવાના સિક્કા મેળવ્યા હતા.

❖ ૧૧ સૈકામાં પ્રદ્યુમ્નસૂરિએ ગ્વાલિયરના રાજાને પોતાની વાદશક્તિથી રંજીત કરેલ.

❖ ૧૨મી શતાબ્દીમાં દિલ્હીમાં બંધાયેલ એક જૈન મંદિર આજે કુતુબુદ્દીન મસ્જીદમાં ફેરવાઈ ગયેલ. જેમાં જૈન મૂર્તિઓ છે.

❖ ૧૨ માં સૈકામાં અભયદેવસૂરિએ શેઢી નદીના કિનારેથી સ્તંભન પાર્શ્વનાથની મૂર્તિ પ્રગટ કરેલ. જે હાલ ખંભાતમાં છે.

❖ ૧૪મી સદીના જિનપ્રભસૂરિ કહે છે કે અંતરિક્ષ પાર્શ્વનાથની મૂર્તિ નીચેથી પાણીયારી સ્ત્રી નીકળી જાય તેટલી જગ્યા હતી. પરંતુ કલયુગના પ્રભાવે નીચે આવી ગઈ.

❖ ૧૬મી શતાબ્દીમાં ચિત્તોડમાં ૩૨ જિનાલયો હતા. એમ એ તીર્થમાળા ઉપરથી જણાય છે. **(સર્વતીર્થ સંગ્રહ)**

❖ કુમારપાળની અજબ તાકાત : એક વખત કુમારપાળ લડાઈની તૈયારી માટે ઘોડાઓને પુંજણીથી સાફ કરે છે. તે વખતે ૭૨ રાણાઓ હસે છે કે આ વાણિયો યુદ્ધમાં શું કરશે ? એ વખતે પોતાની તાકાત બતાવવા માટે એક જ ભાલાથી સોપારીની આખી ગુણ ઉડાડી દીધી અને ભાલાના એક જ પ્રહારથી લોઢાની સાત કડાઈઓ વીંધી નાંખી.

(કુમારપાળ પ્રબંધ)

## હીરસૂરિજીથી બોધ પામેલ મુસલમાન રાજાઓ

૧. અકબર બાદશાહ
૨. અબુલ ફજલ
૩. ફૈજી
૪. શેખ મુબારક
૫. જાફરબેગ આસીફખાન
૬. કાસમ કાબલી
૭. અબ્દુસ્સમદ
૮. આજમખાન કોકા
૯. મુલ્લાશાહ મહમ્મદ
૧૦. શાહબાદી
૧૧. સુફી મહમ્મદ
૧૨. સદર જહાન
૧૩. મીરશરીફઅમલી
૧૪. સુલતાનખ્વાજાસદર
૧૫. મિરજાજાની હાકમઠઠ્ઠા
૧૬. નકીશાસ્તરી
૧૭. શેખ જાદાગોસલા
૧૮. બીરબલ

❖ અકબર બાદશાહ માત્ર એક જ વખત ભોજન કરતો. તેમાં દૂધ, ચોખા અને મીઠાઈ લેતો અને જવખાર નાંખીને ગંગાનું ઠંડું પાણી પીતો. એના ઘરમાં રસોઈઘરમાં ચંદરવો બાંધતા. જેથી કોઈ જીવજંતુ અંદર ન પડે. આ બાદશાહ માત્ર ૩ કલાક નીંદ લેતો. બાકીના સમયમાં સંગીત સાંભળતો. **(સૂરિ-સમ્રાટ)**

❖ ૮૪ લાખ પૂર્વ અને ૮૯ પખવાડીયા ૩જા આરાના બાકી રહ્યા ત્યારે ઋષભદેવનો જન્મ થયેલો. અને ૩જા આરાના ૭૮ લાખ પૂર્વ અને ૮૯ પખવાડીયા બાકી રહ્યા ત્યારે ભરતચક્રીનો જન્મ થયેલ. ઋષભદેવના જન્મ પછી ૭ લાખ પૂર્વે ભરતનો જન્મ થયેલ. **(કાળ-સપ્તતિકા)**

❖ ભીનમાલમાં સિંહ નામે સોલંકી રાજા હતો એ વખતે ત્યાં ૩૧૦૦૦ બ્રાહ્મણોના ઘર હતા.

❖ ચંદ્રાવતી નગરીમાં ૪૪૪ જિન મંદિરો, ૯૯૯ શિવાલયો લાકડાંના બનેલા હતા. મહમ્મદ ગિઝનીએ સં. ૧૦૮૦માં ચંદ્રાવતીનો નાશ કરેલ.

❖ અમરસિંહ મહાદાની હતો. એણે એક ગવૈયાને માત્ર એક ધ્રુવપદથી ખુશ થઈ ૧૦૦૦ ટાંક આપ્યા હતા. આજ અમરસિંહે પાંડુ દેશના ૧૧ લાખ કેદિત માણસોને જેલમાંથી છોડાવેલા અને દેવગિરિમાં નવા જૈનોને વસાવી 'રામરાજ્ય' પ્રર્વતાવેલ. ઉરંગલમાં જિનમંદિર બંધાવેલ. અમરસિંહના પુત્રે શત્રુંજયનો સંઘ કાઢેલ જેમાં ૨૪ જિનાલયો હતો. **(હેમપ્રબંધ)**

❖ સંઘવી કર્મશાહે કરાવેલ શંત્રુંજયના ઉદ્ધાર વખતે ૧૦ આચાર્યો હાજર હતા અને સૌએ સર્વાનુમતે ઠરાવ કરેલ કે આ તીર્થ ૮૪ ગચ્છોનું છે. **(શિલાલેખ)**

❖ સજ્જન મંત્રી પ્રતિદિન જિનપૂજા અને પ્રતિક્રમણ કરવાવાળો હતો. યુદ્ધ કરવા જાય તો પણ પ્રતિક્રમણ કર્યા વગર ન જાય. **(આચાર-પ્રદીપ)**

❖ કવિ શ્રીપાલ એ અંધ હતો. પરંતુ ઉદ્‌ભટ્ટ અને મહાવિદ્વાન કવિ હતો.

મનગમતું કાવ્ય વિનાવિલંબે બનાવી દેતો આ કવિએ એક જ દિવસમાં 'વૈરોચન પરાજય પ્રબંધ' રચેલ. તેથી રાજાએ 'કવિચક્રવર્તી' બિરૂદ આપેલ. આ કવિએ એક જ કાવ્યના ૧૦૦ અર્થો કરેલા. **(કવિ શ્રીપાલ)**

❖ **અનુપમાદેવીનું ઉજમણું :** સં.૧૨૯૨ માં અનુપમાદેવીએ જ્ઞાનપંચમીની આરાધના કરી અને તપ પૂર્ણ થયા પછી ભવ્ય ઉજમણું કર્યું. જેમાં ૨૫ સમવસરણ, શત્રુંજયની તળેટીમાં ૨૫ વાડીઓ, ગિરનારની તળેટીમાં ૧૬ વાડીઓ, તેજલપુરમાં જિનાલય અને પૌષધશાળા, સાધુના ઉપકરણોના નામવાળા પાત્રા, ઝોળી, દાંડા, દોરી ગામ વસાવ્યા.

❖ નંદીશ્વર તપનાં ઉજમણામાં જ્યાં સુધી શત્રુંજયમાં નંદીશ્વરનું જિનાલય ન બંધાય ત્યાં સુધી એકાસણા કરેલા. જિનાલય પૂર્ણ થયા પછી જ એકાસણા છોડેલ. અને ત્યાં 'અનુપમ સરોવર' બનાવેલ.

❖ મહામંત્રી તેજપાલ પણ સં. ૧૦૩૮માં શંખેશ્વર પાસે ચંદુર ગામમાં સમાધિપૂર્વક મરણ પામેલ. તેના પુત્રે ચંદુરમાં જિનાલય બનાવેલ જે આજે પણ છે. **(પ્રભાવક ચ. / પ્રબંધાવળી)**

❖ ભીમાશાહ : એ ખંભાતનો વ્યાપારી હતો. એંને ખંભાતમાં જગ્યા ન મળવાથી ગામ બહાર હાથી દાંતની પૌષધશાળા બનાવેલ. વસ્તી વધવાથી ખંભાતમાં આવી ગઈ.

❖ ભીમાશાહ : આ પણ ખંભાતનો વતની હતો. એને સં. ૧૩૨૭માં દેવેન્દ્રસૂરિના સ્વર્ગગમન પછી ૧૨ વર્ષ સુધી અન્નનો ત્યાગ કરેલ. આજ ભીમાએ બ્રહ્મચર્ય વ્રત સ્વીકાર્યું ત્યારે ૭૦૦ સ્થાનોમાં એક રેશ્મી સાડી અને પાંચ વસ્ત્રોની પ્રભાવના કરેલ. **(તીર્થ-સંગ્રહ)**
જગતગુરુ હીરસૂરિજીએ ખંભાતમાં ૭ ચાતુર્માસ કરેલ અને ૨૫ જિનાલયોની પ્રતિષ્ઠા કરાવેલ. **(હીરસૂરિરાસ)**

❖ આભડશેઠ મહાદાનેશ્વરી હતો. તે દરરોજ એક ઘડા જેટલું ઘી વહોરાવતો. પાટણની પ્રત્યેક પૌષધશાળાઓમાં રહેલ સાધુઓને બોલાવી ભક્તિ કરતો. આ શેઠે કુલ ૧૦,૮૦,૦૦,૦૦૦ દ્રવ્ય દાન આપેલ.

❖ વિક્રમની ૧૯મી શતાબ્દીમાં જામનગરના ફતેહચંદ કપૂરચંદ લાલન એક વિદ્વાન હતો. તેણે ઘણા ગામોમાં જૈન ધર્મનો પ્રચાર કરેલ. આ લાલને વર્ષભરમાં ૧૮૦૦ સામાયિક કરતા.

❖ ભાનુચંદ્રજી ઉપા. નો જન્મ તથા જ્ઞાનસારની રચના "સિદ્ધપુર'માં થયેલ. સં. ૧૪૭૯માં તારંગાજીનો જિર્ણોદ્ધાર થયો તે વખતે પ્રતિષ્ઠામાં આ. સોમસુંદરસૂરિ સહિત ૧૮૦૦ સાધુઓ હતા.

❖ મંત્રી આલિગદેવે સિદ્ધપુરમાં પાર્શ્વનાથની મૂર્તિ પધરાવી. ત્યારે સુલતાને મૂર્તિ તોડવાનો ઈરાદો કર્યો. એ વખતે ભોજકોએ સુલતાનની હાજરીમાં દીપકરાગ ગાવી ૧૦૮ દીવા પ્રગટાવ્યા અને એક સર્પ સુલતાન સામે આવી બેઠો. આ ચમત્કાર જોઈ પ્રતિમાને તોડી નહીં. ત્યારથી આ પાર્શ્વનાથનું નામ સુલતાન પાર્શ્વનાથ તરીકે પ્રસિદ્ધ થયું.

❖ ઉજ્જૈનનાં રહેવાસી શેઠ જિનભદ્રને બે પુત્રો હતા. મોટો વીરધવલ નાનો ભીમકુમાર. તેમાં વીરધવલે પોતાનો લગ્નોત્સવને દીક્ષામહોત્સવમાં ફેરવી ૧૩૦૨માં દેવેન્દ્રસૂરિ પાસે સંયમી બનેલ. થોડા સમંય પછી ભીમકુમાર પણ સંયમી બનેલ.

❖ જે માણસ કારતક સુદ-૧ ના દિવસે જિનેશ્વરની સામે ૧ લાખ અખંડ દાન્યનાં (ચોખાનાં) દાણા મૂકે તો તે માણસ પુણ્યશાળી અને અપ્રમાણ ધાન્યવાળો થાય. **(સુકૃત સાગર)**

❖ ચંડપ્રદ્યોતન રાજાએ ભ્રાજિલ શ્રાવક નામથી શહેર વસાવેલ અને તેની વ્યવસ્થા માટે ૧૨૦૦ ગામો ભેટ આપેલ. તેજ ગામ જીવીતસ્વામી તીર્થ તરીકે પ્રસિદ્ધ થયેલ. આર્ય મહાગિરિ તથા આર્યસુહસ્તીસૂરિ ત્યાં અનેકવાર પધારેલા. **(ઓધનિર્યુક્તિ)**

❖ પાદલિપ્તસૂરિએ પોતાની તર્જની આંગલીને ઢીંચણ ઉપર ફેરવી મુરૂંડ રાજાની મસ્તકની વેદના દૂર કરી હતી. તેથી રાજા ઘોડા પર બેસી ગુરૂ પાસે ધર્મગોષ્ઠી માટે જતો. **(નિશીથભાષ્ય)**

❖ શ્રીપાલ રાજા તથા ૭૦૦ કોઢિયાનો ૧૮ જાતનો કોઢ ઉજ્જૈનમાં

કેસરીયાજીની મૂર્તિ સામે શ્રી સિદ્ધચક્ર યંત્રના જલસ્નાનથી દૂર થયો હતો. તે મૂર્તિ હાલ મેવાડમાં ધૂળેવા ગામમાં છે. **(શ્રીપાલચરિત્ર)**

❖ વિ.સં. ૭૯૫માં ભિન્નમાલ નગરમાં જ્યારે ભાણ રાજા રાજ્ય કરતો તે વખતે ત્યાં શ્રીમાળી જ્ઞાતિના ૬૨ બ્રાહ્મણો કરોડપતિ થઈને વસતા હતા. ઉદયપ્રભસૂરિએ ઉપદેશ આપીને તેમને જૈન બનાવેલા.

**(પાર્શ્વનાથ પરં. ઈતિ.)**

❖ જ્યારે હેમચંદ્રસૂરિએ પાટણમાં પ્રવેશ કર્યો ત્યારે તેમના સામૈયામાં ૧૮૦૦ કરોડપતિઓ હતા. તે વખતે પાટણમાં એવો નિયમ હતો કે જેની પાસે જેટલાલાખ રૂપિયા હોય તેટલા દીવા તથા જેની પાસે જેટલા કરોડ રૂપિયા હોય તેટલી ધજાઓ પોતાના મહેલ ઉપર રાખતા. તેથી આવનાર સાધર્મિકને તકલીફ ન પડે. પાટણમાં ૮ ચોક અને ૮૪ બજારો હતા. સોનાંરૂપાંના સિક્કા પાડવાની ટંકશાળ હતા.

**(જૈન તીર્થ સર્વ સંગ્રહ)**

❖ પેથડના પિતા દેદાશાહને કંકુમરોળ પૌષધશાળા માટે ૫૦ પોઠો કેસરની લાવીને જે સાર્થવાહે આપેલ તે સાર્થવાહ ૧૦,૦૦૦ બળદોના પરિવાર સાથે ૩૬૦ જાતનાં કરિયાણા લઈને આવેલ. **(સુકૃત-સાગર)**

❖ છઠ્ઠા આરામાં 'ગંગા નદી' રથમાર્ગ જેટલી ટૂંકી થશે અને બીજી ૧૪૦૦૦ નદીઓ ભૂમિ ઉષ્ણ થવાથી શોષાઈ જશે. **(જંબૂદ્વીપ - પ્રજ્ઞપ્તિ)**

❖ સતી સિતા પોતાનું શીલનું સત્વ બતાવા માટે ૩૦૦ હાથ ઉંડી ખાઈ બનાવે. તેમાં જલતા અંગારા નાંખે. અને પછી બોલીકે 'રામ' સિવાય મનથી બીજા કોઈની ઈચ્છા કરી હોય તો હું ભસ્મ થઈ જઈશ. એમ કહી ખાઈમાં પડે છે. શીલના પ્રભાવથી તે અગ્નિ પાણી બને છે અને કમળ ઉગે છે. **(પદ્મચરિત્ર)**

❖ કુસુમપુર નગરનાં ધનદરાજાનાં પુત્ર ભુવનતિલકે રત્નભાનુ કેવળી પાસે પૂર્વભવ સાંભળી (પૂર્વભવમાં ૫૦૦ સાધુઓને મારવા માટે ઝેર નાંખેલ) તેજ કેવલી પાસે સંયમ લઈ ૭૨ લાખ પૂર્વ સુધી સાધુઓની

વૈયાવચ્ચ કરી. ૮૦ લાખ પૂર્વ સુધી સંયમ પાળી કેવળી બની મોક્ષે પધાર્યા. **(પુષ્પમાલા ચરિત્ર)**

❖ જ્યારે રાણા પ્રતાપ હારીને નિરાશ થઈ ગયા ત્યારે લક્ષ્મીસાગરસૂરિએ તેને પાર્શ્વનાથનું ધ્યાન ધરવા કહેલ. પ્રતાપે શ્રદ્ધાપૂર્વક સાધના કરી તેથી ભીમાશાહે પ્રતાપને ઘણું ધન આપ્યું. તેથી રાણાએ ૫૨ કિલ્લા અને ઉદયપુરને જીત્યો. પછી તે રાણાએ મેવાડની હદમાં ડુંગર વચ્ચે નાગફણા પાર્શ્વનાથનું જિનાલય બનાવેલ. **(ભારતી તીર્થ ઈતિ.)**

❖ **ચૌદ રાજલોકનું પ્રમાણ :** ઉજ્જૈની નગરીમાં આ શેઠે ૧૮ કરોડ સોનૈયા ખર્ચી શાસ્ત્રીય નિયમ પ્રમાણે સાત માળનો મહેલ બનાવ્યો જેને બનતા ૧૨ વર્ષ લાગ્યા. જ્યારે શેઠ મહેલમાં સુવા ગયા ત્યારે પડું પડું એમ બોલવા લાગ્યો. ભયના કારણે શેઠે વિક્રમ રાજાને મહેલ વેચ્યો અને વિક્રમ રાજાને આવો શબ્દ સંભળાયો ત્યારે કીધું કે પડ. તે વખતે સુવર્ણ પુરૂષ પડ્યો. **(શ્રાદ્ધવિધિ)**

❖ ફિરોઝનગરમાં અકુ સંઘવી ૯૬ વર્ષની ઉંમરે યુવાન જેવા લાગતા. તેના ઘરમાં ૯૧ પુરૂષો પાઘડીબંધ હતા. આ સંઘવીએ અનેક પૌષધશાળા તથા જિન પ્રસાદો બનાવેલા. આ સંઘવી હીરસૂરિજીનો પરમભક્ત હતો. **(સૂરિ સમ્રાટ)**

❖ **અક્ષૌહિણી સેનાનું પ્રમાણ :** જે સેનામાં ૨૧૮૭૦ રથ, ૨૧૮૭૦ હાથી, ૧૯૩૫૦ યૌદ્ધાઓ, ૬૫૬૧૦ ઘોડાઓ આવે. કુલ ૧,૨૮,૦૦૧ની સંખ્યા થાય તે અક્ષૌહિણી. અને ૧૨,૨૧,૨૪,૯૦૦ આટલું પ્રમાણ મહાઅક્ષૌહિણી સેનાનું છે.

❖ રામના સૈન્યમાં ૧૦૦૦ તથા રાવણના સૈન્યમાં ૪૦૦૦ અક્ષૌહિણી સેના હતી. **(પ્રશનોત્તર-પ્રદીપ / પઉમચરિયં)**

શીશુનાગવંશના નવનંદ

| | | | વીર સંવત્ | |
|---|---|---|---|---|
| ૧. | નંદિવર્ધન | - | ૬૦ થી ૯૨ | |
| ૨. | મહાનંદી | - | ૯૨ થી ૧૧૦ | |
| ૩. | મહાનંદ | - | ૧૧૦ થી ૧૪૭ | |
| ૪. | સુમાલી | - | ૧૪૭ થી ૧૫૪ | |
| ૫. | બૃહસ્પતિ | - | ૧૫૪ થી ૧૫૭ | |
| ૬. | ધનનંદ | - | ૧૫૭ થી ૧૬૧ | |
| ૭. | બ્રહદર્થ | - | ૧૬૧ થી ૧૭૧ | |
| ૮. | સુદેવ | - | ૧૭૧ થી ૧૭૭ | |
| ૯. | મહાપદ્મ | - | ૧૭૭ થી ૨૧૦ | **(સમ્રાટ-સંપ્રતિ)** |

❖ વિજયદેવસૂરિએ દિગંબર કુમુદચંદ્રને જીત્યો ત્યારે તેની પાસેથી જીતનાં ચાર જોડ નિશાન, ૫૮૫ ઉત્તમ ઘોડા, ૧૧૦૦ લડવૈયા, ૧૨૮૨ મહંતો, ૪૦૦ બળદગાડા, ૫૭૨ સેવકો, ૨૦ લાખ પ્રસિદ્ધ ગ્રંથો, બે લાખ નાણું, અને કુમુદની પદવી ગ્રહણ કરેલ. સં. ૧૧૮૧ માં જીતેલ.

**(વિમલ પ્રબંધ)**

❖ સં. ૧૧૭૪ માં દેવસૂરિએ પાટણમાં જીતેલા ૮૪ વાદીઓ.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૮ | - | બ્રાહ્મણમતવાલાને | ૪ | - | ક્ષત્રિયમતવાલાને |
| ૯ | - | બૌદ્ધમતવાલાને | ૨ | - | જોઈઅમતવાલાને |
| ૧૮ | - | ભગવમતવાલાને | ૧ | - | ધીવરમતવાલાને |
| ૧૬ | - | શિવમતવાલાને | ૧ | - | ભિલ્લમતવાલાને |
| ૭ | - | ગંધર્વમતવાલાને | ૧ | - | ભૌતિકમતવાલાને |
| ૭ | - | દિગંબરમતવાલાને | ૮૪ | - | વાદીઓને જીતેલા. |

**(ઉપદેશસપ્તતિકા)**

❖ ૧,૪૨,૩૦૨૪૯ યોજનથી અધિક સિદ્ધશીલાની પરિધિ છે.

**(ભગવતીસૂત્ર)**

રત્નચૂડ રાજા જ્યારે પુંડરીક ગણધર પાસે દીક્ષા લે છે ત્યારે પાંચ હજાર માંડલીક રાજા સાથે દીક્ષા લે છે. **(પુંડરીક-ચ)**

❖ **કૃત્રિકાપણ :** પૂર્વે મોટી-મોટી નગરીઓમાં દેવાધિષ્ઠિત દુકાન હતી કે જ્યાંથી ત્રણ ભુવન માંહેની જે વસ્તુ માંગો તે બધી મળી જાય. **(ભગવતી સૂત્ર)**

❖ રત્નકંબલ : 'મૂષકરોમજવસ્ત્રમ્' ઠાણાંગસૂત્રમાં આવે છે કે અગ્નિમાં ઉત્પન્ન થયેલ ઉંદરીના લોમના વસ્ત્રથી બને છે. તે રત્નકંબલ ને ધોવા માટે અગ્નિમાં નાંખવી પડે. **(પ્રશ્નોત્તર પ્રદીપ)**

❖ વિજય રાજધાનીનો કિલ્લો ૩૬|| યોજન ઉંચો છે. **(જીવાભિગમસૂ.)**

❖ બે કોડા કોડિ, પંચાશીલાખ કોડિ, ૭૧૦૦૦ કોડિ, ૪૦૦ કોડિ ૨૮ કોડિ, ૫૭ લાખ ૧૪૨૮૫ આટલી ઈંદ્રાણીઓ દેવલોકમાં એક ઈંદ્રના જન્મ વિષે હોય. **(રત્નસંચય પ્ર.)**

❖ સાડાબાર કરોડ સુવર્ણ : ૧,૩૦,૨૦૦ મણ, ૧૩ શેર અને ૨૪ ટાંક પ્રમાણ સોનું થાય. **(રત્નસંચય પ્ર.)**

❖

| | | |
|---|---|---|
| રાજાઓના ઘરો | - | સાત માળનાં |
| યુગલીયાના ઘરો | - | આઠ માળનાં |
| વાસુદેવના ઘરો | - | ૧૮ માળનાં |
| ચક્રવર્તીના ઘરો | - | ૩૬ માળનાં હોય |

**(વિજયસેનસૂરિપત્રે)**

❖ દ્વારિકાના દાહમાં જે ૧૩૨ કુલ કોટિ યાદવોનો નાશ થયેલ તેમાં ૫૬ કુલકોટી યાદવો દ્વારિકામાં હતા. અને ૭૨ કુલકોટિ યાદવો નગરીની બહાર હતા. જેઓ ચારિત્ર ગ્રહણ કરવાનું કબૂલ કરેલ તેમને નેમનાથ ભ. પાસે મોકલેલ. બાકીનાં નગરથી દૂર ગયેલાં તેમને ખેંચી ખેંચીને દાહમાં બાળેલ. **(સંબોધસિત્તરિ)**

❖ નિર્દયતા વડે એક લાખ ગર્ભવતી સ્ત્રીનાં પેટ ચીરે અને તેમાંથી સાત-આઠ માસના ગર્ભને મારી નાંખે તેમાં જેટલું પાપ લાગે તેના કરતા

નવ ગણું પાપ સાધુ જો સ્ત્રી સેવન કરે તો લાગે. અને સાધ્વીને સેવનથી ૧૦૦૦ ગણું પાપ લાગે. **(સંબોધ સિત્તરી)**

❖ સિંહ કેસરીયા લાડુ : જે ૬૪ પ્રકારનાં કુસુમનો રસ, ૮૪ પ્રકારના રાજદ્રવ્ય અને ૧૬ પ્રકારના સુગંધી દ્રવ્યો નાંખવાથી બને છે. **(ઉત્તરાધ્યયન વેતાલવૃત્તિ)**

❖ ચક્રવર્તીના નવ નિધાનોમાં જે શાશ્વતા દિવ્ય પુસ્તકો હોય છે તેમાં સંપૂર્ણ વિશ્વની વ્યવસ્થા બતાવેલ છે. **(લોક પ્રકાશ)**

❖ હસ્તિનાપુરમાં મહાબલ રાજા જ્યારે સંયમ લે છે ત્યારે લાખ સોનૈયા આપી પાત્રા મંગાવે છે. લાખ સોનૈયા આપી રજોહરણ મંગાવે છે અને લાખ સોનૈયા આપી હજામને બોલાવે છે. **(ઉપદેશ-પ્રસાદ)**

❖ વીર પ્રભુની પુત્રી સુદર્શના ૧૦૦૦ સ્ત્રીઓ સાથે અને જમાલી ૫૦૦ ક્ષત્રિયો સાથે સંયમ ગ્રહણ કરે છે. **(ઉપ. પ્રાસા.)**

❖ કલંકીરાજાનો પુત્ર દરરોજ જિનપ્રતિમાને સ્થાપના કર્યા પછી ભોજન ગ્રહણ કરવાવાળો થશે. **(વિવિધ તીર્થ કલ્પ)**

❖ પાંચમાં આરાના છેડે આ દુપ્પહસૂરિ થશે જેઓ ૧૨ વર્ષ ગૃહસ્થપણામાં, ૪ વર્ષ સાધુપણામાં, ૪ વર્ષ આચાર્ય પદવી પાળી છઠની ઉગ્ર તપસ્યા કરનારા થશે. છેલ્લે અઠમની તપસ્યા કરી બે હાથની કાયાવાળા સ્વર્ગે જશે. ત્યાંથી ચાર ભવે મોક્ષે જશે. **(વિવિધતીર્થ કલ્પ)**

❖ બીજા આરાનાં છેડે સાત દિવસ પુષ્કરાવર્ત મેઘ વરસશે તેથી પૃથ્વીનો તાપ દૂર થશે. એવી રીતે જુદા જુદા મેઘો ૩૫ દિવસ સુધી વરસશે. પૃથ્વી ફળ-ફૂલથી ખીલી ઉઠશે. મનુષ્ય-તિર્યંચો રોગ રહિત બનશે. **(તિત્થોગાલિયપન્ના)**

❖ નવાંગી ટીકાકાર અભયદેવસૂરિએ સ્તંભન પાર્શ્વનાથની મૂર્તિ પ્રગટ કરવા માટે જે 'જયતિહુઅણસ્ત્રોત'ની રચના કરેલી તેની ૩૨ ગાથા હતી. એક વખત પદ્માવતી દેવીએ પ્રગટ થઈને કહ્યું કે આની બે

ગાથાથી વારંવાર ઈન્દ્રને આવવું પડે માટે બે ગાથા ભંડારી દો. ત્યારથી ૩૦ ગાથાનું સ્તોત્ર રહ્યું. **(પ્રાચીન તીર્થ ઈતિ.)**

❖ જયારે દ્રાવિડ ને વારિખિલ્લનું યુદ્ધ થયું ત્યારે પાંચ યોજન જગ્યા મુકી બંનેના સૈન્યોએ પડાવ નાંખ્યો. દરેક સૈન્યમાં ૧૦ લાખ હાથી, ૧૦ લાખ ઘોડા, ૧૦ લાખ રથ, ૧૦ કરોડ સૈનિક હતા. આ યુદ્ધ સાત માસ સુધી ચાલ્યું આમાં ૧૦ કરોડ યોદ્ધાઓ મરણ પામ્યા.

**(શત્રુંજય-કલ્પવૃત્તિ)**

❖ જયારે રામ-લક્ષ્મણ સૈન્ય સહિત લંકા જાય ત્યારે વચ્ચે સમુદ્ર આવે છે. ત્યારે રામ વિચારે છે હવે શું કરવું. તે વખતે આજુબાજુ ફરતાં સ્તંભન પાર્શ્વનાથનું જિનાલય દેખાયું ત્યાં જઈ ધ્યાન ધરવા લાગ્યા. હે વિશ્વવત્સલ ! આપના પ્રભાવથી જલસ્તંભી જાય તો સીતાને લઈ આવીયે. એમ ત્યાં સાત માસને નવ દિવસ સુધી પાર્શ્વનાથની આરાધના કરી તેથી જલ સ્તંભી ગયું. (શત્રુંજય કલ્પવૃત્તિ)

❖ અર્જુન માળીએ ૧૬૩ દિવસમાં ૧૧૪૧ સ્ત્રીપુરુષોનો ઘાત કરેલો.

❖ પહેલા દેવલોકમાં આદિનાથ અને વીરપ્રભુની વચ્ચે ૫૦ લાખ ઈંદ્રો થયેલા.

❖ ભરતચક્રવર્તીને પુત્રો - સવા કરોડ, પૌત્રાઓ - સાડા ત્રણ કરોડ.

❖ ભરતનો પુત્ર સૂર્યયશાને પુત્રો - સવા લાખ. સ્ત્રીઓ - ૩૦,૦૦૦

❖ બાહુબલીજીને પુત્રો - ત્રણ લાખ.

❖ બાહુબલીના પુત્ર ચંદ્રયશાને પુત્રો - ૭૨૦૦૦ સ્ત્રીઓ - ૨૪૦૦૦

**(સં.૧૭૫૧ની હસ્તલિખીત પ્રત)**

❖ વીર પ્રભુના નિર્વાણ પછી ૬૨૦ વર્ષે આચાર્યદિક ગામમાં વસતિ કરવાં લાગ્યા.

❖ વીર સં. ૫૮૫ વર્ષે હરિભદ્રસૂરિ થયેલા. **(કાળ-સપ્તતિકા)**

❖ ચક્રવર્તીનું ભોજન : નિરંતર શેરડીના ચારાને ચરનારી એવી સવા લાખ ગાયોનું દૂધ તેની ખીર ૩૬૦ રસોઈયા બનાવે કાલજીપૂર્વક ઉબાલી ઉબાલી ને ગરમ કરે તેવી ખીરને ચક્રવર્તી આરોગે.

❖ રામચંદ્રજી દીક્ષા લેવા જાય ત્યારે તેમની સાથે ૧૬,૦૦૦ રાજાઓ અને ૩૭,૦૦૦ રાણીઓ દીક્ષા લે છે. રામચંદ્રજી સુવ્રતમુનિ પાસે નવપૂર્વનો અભ્યાસ કરેલો. **(પઉમ ચ. પર્વ ૧૧૪)**

❖ કેવલી બનેલાં રામચંદ્રજીને સીતેન્દ્રે પુછ્યું લક્ષ્મણ ક્યારે મોક્ષે જશે ત્યારે કેવલી ભગવંત કહે છે - ચોથી નરકમાંથી નીકળી પુષ્કરવર દ્વીપના વિદેહમાં પદ્મ નામે ચક્રવર્તી થશે. ત્યાં સંયમ લઈ પદ્મ નામનાં તીર્થંકર બની મોક્ષે જશે. **(શત્રુંજય કલ્પવૃત્તિ)**

❖ લવ અને કુશ પોતાના પુત્રોને રાજ્ય ઉપર સ્થાપન કરી સંયમ લઈ કેવલી બની શત્રુંજય ઉપર મોક્ષે ગયા. **(શત્રુંજય કલ્પ)**

❖ કુમારપાલ રાજા સંઘ લઈ શત્રુંજય ઉપર જાય છે. તે વખતે ત્યાંના મુખ્યદ્વારને સવાશેર સાચા મોતીથી વધાવે છે.

❖ પાંચ પાંડવો કૃષ્ણના મૃત્યુથી વૈરાગ્ય પામી સુસ્થિત ગુરુ પાસે સંયમ લઈ ૧૧ અંગનો અભ્યાસ કરે છે. એમાં યુધિષ્ઠિર ૧, પૂર્વી બને છે. આ પાંચે પાંડવો શત્રુંજય ઉપર ૨૦ કરોડ મુનિવર સાથે આસો સુદ-પૂનમના દિવસે મોક્ષે જાય છે. **(સૂરિ-સમ્રાટ)**

❖ રાવણનો જીવ રાવણના ભવથી માંડીને ૧૪ ભવ પછી તીર્થંકર થશે. **(પઉમચરિયં)**

❖ દ્વારિકા નગરીમાં સાડત્રણકુમારો યાદવોના થયેલા **(સેનપ્રશ્ન)**

❖ લવણસમુદ્રમાં જગતીની પાસે માખીની પાંખ પ્રમાણ જલ રહેલું છે તે ભરતી આવવાથી ન્યૂનાધિક થતું નથી. **(સેનપ્રશ્ન)**

❖ જ્યારે યુધિષ્ઠિર બધા ભાઈઓ સાથે વનમાં જાય છે. તે વખતે રાત્રિમાં ભાઈઓની સંભાળ માટે સામાયિક લઈને બેસે છે એ વખતે સાત તાડ જેટલું લાંબુ શરીર છે. જેનું એવો કલિ નામનો દેવ આવી ઉપસર્ગ કરે છે. પરન્તુ યુધિષ્ઠિર ડગતો નથી. તેથી દેવ પ્રસન્ન થાય છે. અને નાનું શરીર બનાવી તેને નમે છે. આ કાળમાં પણ જે સામાયિક માં અડગ રહેશે તે સફલતાને પ્રાપ્ત કરશે. **(પ્રબંધ-પંચશતી)**

❖ દિલ્હીના મંત્રી મહણસિંહને એવો નિયમ ક જ્યાં જાય ત્યાં પ્રતિક્મણ વિના ન ચાલે. એક વખત પોતે જેલમાં પૂરાણા ત્યાં પણ ૫૦ દિવસ સુધી એક એક સોનામહોર આપી પ્રતિક્રમણના સમય માટે રજા લેતા.

**(પ્રબંધ - પંચશતી)**

❖ પંચમકાળમાં નરકગામીની સંખ્યા : વીરપ્રભુના ૨૫૦૦ વર્ષ પછી

| | | |
|---|---|---|
| ૫૫,૫૫,૫૫,૫૫૫ | - | આચાર્ય ભગવંતો |
| ૮૮,૮૮,૮૮,૮૮૮ | - | શ્રાવકો |
| ૬૬,૬૬,૬૬,૬૬૬ | - | સાધુભગવંતો |
| ૯૯,૯૯,૯૯,૯૯૯ | - | શ્રાવિકાઓ નરકે જવાવાળા થશે. |

**(ગિરનાર માહાત્મ્ય)**

❖ અલ્હાબાદમાં કેપ્ટન સ્કોર્સબીએ એક પાણીના બિંદુમાં ૩૬૪૫૦ ત્રસજીવો દુરબીન દ્વારા જોઈને કહેલાં. **(આગમ સાર સંગ્રહ)**

❖ શાલીભદ્રશેઠના ચાર આશ્ચર્ય

૧. દેવઋદ્ધિને મનુષ્યપણામાં ભોગવી

૨. શ્રેણીકરાજાને શ્રેણિકારૂં નામનું કરિયાણું ગણ્યું.

૩. સોનાનાં અલંકારો ફુલમાલાની જેમ નાંખી રોજ નવા પહેરતાં.

૪. શ્રેણીક રાજાનો સ્પર્શ થતાં પરસેવો પરસેવો થઈ ગયો.

**(પ્રબંધ-પંચશતી)**

❖ માળવા દેશમાં ૯૬ લાખ ગામો આવતાં એ દેશનો રાજા મુંજ હતો. અને કાન્યકુબ્જ દેશમાં ૩૬ લાખ ગામો આવતાં. એ દેશનો રાજા વનરાજ હતો. **(પ્રબંધ-ચિંતામણી)**

❖ ભોજરાજાનાં દરબારમાં ૯૯૯ પંડિતો રાખેલા હતા જેઓ શાસ્ત્રમાં પારંગત હતા. દેશદેશના પંડિતોને જીતી ગાડું ભરી સુવર્ણ એકઠું કરેલું.

**(પ્રબંધ-ચિંતામણી)**

❖ અભયકુમાર મંત્રીનો પૂર્વભવ : પૂર્વભવમાં પોતે માંગીને એક મણ એટલું અનાજ એકઠું કરી પોતાનું જીવન ચલાવતો. એક વખત એક

શેઠે કહ્યું કે હું તને એક મણ કરતાં વધારે અન્ન આપીશ. તું મારી પાસે રહીજા. તારે મને બગીચામાંથી ફૂલ લાવીને આપવાના. એક વખતે આ છોકરાએ પોતાનાં આવેલા અન્નમાંથી ફૂલો લાવી પ્રભુને ચડાવ્યા તેથી કાળ કરી દેવલોકે ગયો ત્યાંથી ચ્યવી શ્રેણીક રાજાનો પુત્ર અભય બન્યો. **(પ્રબંધ-પંચશતી)**

❖ આબુજી પર્વત ઉપર શિખર બંધી જિનાલય થતું નથી કારણ કે એ પર્વત નીચે અર્બુદ નામનો નાગ છે. જે છ મહીને એકવાર હાલે છે. ત્યારે પર્વત કંપાયમાન થાય. માટે સર્વે જિનાલયો શિખર વિનાના છે. **(પ્રબંધ-પંચશતી)**

❖ ભવિતવ્યતા : જ્યારે લક્ષ્મણ વડે રાવણ હણાયો ત્યારે માત્ર અંતર્મુર્હુત પછી અતિબલ નામના કેવલી ૫૬,૦૦૦ સાધુ સમુદાય સાથે લંકાનગરીમાં પધાર્યા. જો તે કેવલી રાવણની હાજરીમાં આવ્યા હોત તો અવશ્ય સંધિ થાત. પરંતુ એક મુહુર્ત મોડું થયું તેનું નામ ભવિતવ્યતા. **(પ્રબંધ-પંચશતી)**

❖ શત્રુંજય ઉપર રહેલી ચેલણ તલાવડીની નજદીક દેવતાધિષ્ઠિત ગુફામાં બિરાજમાન ભરતચક્રીએ ભરાવેલી જિન પ્રતિમાને નમસ્કાર કરવાથી એકાવતારી થવાય છે. **(શત્રુંજય કલ્પવૃત્તિ)**

❖ ગૌશાળાએ જે વીરપ્રભુ ઉપર જે તેજાલેશ્યા છોડી હતી તેમાં ૧૬ દેશને ભસ્મીભૂત કરવાની તાકાત હતી. **(ઉપદેશ રત્નાકર)**

❖ નંદિષેણ મુનિએ ૧૨ વર્ષ સુધી વેશ્યાના ઘરમાં રહીને ૪૩,૨૦૦ માણસોને પ્રતિબોધ આપી સંયમ માટે પ્રભુ પાસે મોકલેલા.

❖ લવણ સમુદ્રમાં ૫૦૦ યોજનનાં માછલા હોય છે.

❖ કાલોદધિ સમુદ્રમાં ૭૦૦ યોજનનાં માછલા હોય છે.

❖ સ્વયંભૂરમણ સમુદ્રમાં ૧૦૦૦ યોજનના માછલા હોય છે.

❖ વિજય રાજધાની ૧૨૦૦ યોજન લાંબી, ૩૭,૯૦૦ યોજન તેને ફરતી પરિધિ, ૩૭ાા યોજન ઉંચો ગઢ, એ રાજધાનીમાં ૫૦૦ દરવાજા,

૧૨૦૦ યોજન લાંબો અને પહોળો ચોતરો, તેની ઉપર ૬૨॥ યોજન ઉંચો પ્રાસાદ, આજુ બાજુ કુલ ૮૫ પ્રાસાદો, સુધર્મા સભામાં ૬૦૦૦ ચોખૂણા ઓટલા છે. (અઢી દ્વીપના સંગ્રહમાંથી)

❖ વસ્તુપાલ મંત્રીએ શંખરાજાને હરાવી તેની પાસેથી ૫૦૦૦ સોનાની ઈંટ, ૧૪૦૦ ઘોડી, અને રત્નમાણેકના થાળને ગ્રહણ કરી વીરધવલ રાજાને આપેલ. તેથી રાજાએ મંત્રીને ત્રણ પદવીઓ આપેલ.

❖ આષાઢભૂતિ લાડુ વહોરવા માટે ચાર પ્રકારના રૂપો કરે છે.
૧. સાધુ વેષે ૨. કાણાનું ૩. કુબડાનું ૪. કોઢિયાનું **(દર્શનરત્ન રત્નાકર)**

❖ પવનંજય દીક્ષા લઈ મોક્ષે જાય છે. અંજના સતીપણ મુનિચંદ્રસૂરિ જોડે દીક્ષા લઈ મોક્ષે જાય છે. અને હનુમાન પણ દેવસૂરિ પાસે દીક્ષા લઈ શત્રુંજય પર મોક્ષે જાય છે. **(ભરતેશ્વર વૃત્તિ)**

❖ જ્યારે શ્રેણિક રાજાનો જીવ ભરત ક્ષેત્રમાં અવતરશે ત્યારે મોટા મોટા રત્નનો વરસાદ વરસશે. અને તેજ રાત્રે કમળોનો વરસાદ વરસશે તેથી તેમનું ‘પદ્મનાભ’ રાખવામાં આવશે.

❖ કુન્તીદેવી પાંચ પાંડવોની સાથે શત્રુંજય ઉપર મોક્ષે ગયેલી. અને દ્રોપદી હાલ પાંચમાં દેવલોકે છે. જે થોડા ભવ પછી મોક્ષે જશે.
**(ભરતેશ્વર-વત્તિ)**

❖ સુધર્મા સભાની મધ્યમાં સાડાઆઠ યોજન માણવક સ્તંભ હોય જેની વચ્ચે સિકાઓની અંદર વજ્ર ના દાભડામાં જિનેશ્વરની દાઢાઓ છે. જેને દેવતાઓ પૂજે છે. **(જીવાભિગમ સૂત્ર)**

❖ ભરત ચક્રીએ નીલ-મણિ રત્નથી જડિત ઘણી પાઠશાળાઓ બનાવી. પછી પોતે અઠ્ઠમ કરી સરસ્વતીની આરાધના કરી બધી પાઠશાળાઓને પુસ્તકોથી ભરે છે. **(પુંડરીક-ચરિત્ર)**

❖ ભરતચક્રીએ પ્રભુ પાસે એવો અભિગ્રહ કરેલો કે મારે દરરોજ જિનપૂજા કરવી. તેથી ઈન્દ્રે ચક્રીને એક મણીમય જિનબિંબ આપ્યું. તે જિનબિમ્બને પોતાનાં મહેલમાં રાખી દરરોજ અષ્ટપ્રકારી પૂજા કરતાં અને ૧૨ શ્લોકવાળું સ્તોત્ર બોલતાં. **(પુંડરીક-ચરિત્ર)**

❖ ચાર પ્રકારના મેઘનું સ્વરૂપ

૧. પુષ્કરાર્વ મેઘ :- આ મેઘ એકવાર વરસે તેથી ૧૦,૦૦૦ વર્ષ સુધી નવાં ઘાસ-પાણી પોતાની મેળે થયા જ કરે. આ વરસાદ પહેલાં આરામાં થાય.

૨. પ્રદ્યુમ્ન મેઘ :- જે એકવાર વરસે તેથી ૧૦૦૦ વર્ષ સુધી નવાં ઘાસ-પાણી થયાં કરે. આ બીજા આરામાં થાય.

૩. જીમૂત મેઘ : જે એક વાર વરસે જેથી ૧૦ વર્ષ સુધી નવાં ઘાસ-પાણી થયા કરે. આ ત્રીજા-ચોથા આરામાં હોય.

૪. જિમ્હ મેઘ :- જે ઘણીવાર વરસવા છતાં કાંઈ અસર ન થાય. જે પાંચમાં આરામાં થાય.

❖ **સાતમી નરકમાં રહેલા જીવો.**

પરશુરામ, દાઢાદાલ, છાતીસુત, વસુરાજા, સુભુમ ચક્રવર્તી, બ્રહ્મદત્ત ચક્રવર્તી, મમ્મણશેઠ **(જીવાભિગમ સૂત્ર)**

❖ સર્વાર્થ વિમાનનું સુખ :- વિમાનનું આયુષ્ય, ૩૩ પખવાડીયે શ્વાસ લે, શ્વાસ ઉતરતાં ૩૩ સાગરોપમનું લાગે. ૩૩૦૦૦ વર્ષે આહારની ઈચ્છા થાય. મૂઢા હાથની કાયા. તેમની શય્યા ઉપર સ્ફટિક મણીનું ઝુમ્મર જે ચારે દિશામાં અથડાવવાથી તેમાંથી ૩૨ રાગીણીઓ નિકળે. પુષ્પની શય્યામાં સૂતા તત્વચિંતન કરે. શંકા થાય તો સીમંધર સ્વામીને પૂછે. ભગવાન પણ મનથી જવાબ આપે.

❖ મહાવિદેહમાં રહેલા સાધુઓ પણ ૩૨ કવલનો આહાર કરે છે. તેમને ૩૨ મુડાનો એક કવલ થાય. ૩૨ કવલનું ૧૦૨૪ મુડા પ્રમાણ આહાર થાય.

❖ મહાવિદેહના સાધુનાં મુખનું પ્રમાણ ૫૦ હાથ જેટલું અને પાત્રના તળીયાનું પ્રમાણ ૧૭ ધનુષ લાંબુ હોય છે.

❖ મહાવિદેહના સાધુઓની એક મુહપત્તિથી ભરતક્ષેત્રની ૧,૬૦,૦૦૦ મુહપત્તિઓ થાય. (અહીં કરતાં ૪૦૦ ગણી લાંબી ૪૦૦ ગણી પહોળી હોય.) **(રત્ન સંચય પ્રકરણ)**

❖ આલોચના લેવા માટે ગીતાર્થ ગુરૂની શોધ ઉત્કૃષ્ટ થી ૭૦૦ યોજન અને કાળથી ૧૨ વર્ષ સુધી કરવી જોઈએ. **(પંચાશક-ગ્રંથ)**

❖ પરમાત્માને જે વૃક્ષ નીચે કેવલજ્ઞાન થાય છે તે વૃક્ષો ભગવાનનાં શરીરથી ૧૨ ગણાં મોટા હોય છે. **(સપ્તતિ શતસ્થાન પ્ર.)**

❖ દરેક જિનેશ્વરોનાં ખભાં ઉપર સૌધમેન્દ્ર લાખ સોનૈયાવાળુ દેવદૂષ્ય વસ્ત્ર સ્થાપન કરે છે. જે જિનેશ્વરો મોક્ષે જાય ત્યાં સુધી રહે. વીરપ્રભુને એક માસ અધિક એક વર્ષ સુધી રહે. **(સપ્તતિ શતસ્થાન પ્ર.)**

❖ વર્તમાનમાં જ્ઞાન-દર્શનથી શાસન ચાલે છે ચારિત્રનો વિચ્છેદ થયો છે એવું જે બોલે તેને આંબિલનું પ્રાયશ્ચિત આવે. **(વ્યવહાર સૂત્ર)**

❖ આલોચનાના પરિણામવાળો સાધુ સમાધિ મરણ પામીને ફરી આરાધના કરીને ત્રીજે ભવે મોક્ષ પામે. **(ઓઘ નિર્યુક્તિ)**

❖ અવિધિએ કરવા કરતા ન કરવું સારૂં. તેને જ્ઞાની ઉત્સૂત્ર પ્રરૂપણા કહે છે. કારણ - અવિધિએ કરે તેને ઓછું પ્રાયશ્ચિત આવે અને બીલકુલ ક્રિયા નથી કરતો તેને મોટું પ્રાયશ્ચિત આવે. **(પંચાશક ગ્રંથ)**

❖ જ્યારે થાવચ્ચાકુમાર દીક્ષા લેવા તૈયાર થયો ત્યારે કૃષ્ણ રાજાએ દ્વારિકામાં એવી ઘોષણા કરી કે જે કોઈ દીક્ષા લેશે તેના કુટુંબનું પાલન હું કરીશ. **(જ્ઞાતાસૂત્ર)**

❖ અશુદ્ધ વસ્ત્ર પહેરીને જો પૂજા કરે તો દોષનો ભાગી થાય અને નીવીનું પ્રાયશ્ચિત આવે. **(પ્રશ્નોત્તરરત્ન ચિંતામણી)**

❖ જિન પૂજાકરવાવાળાને જો શક્તિ હોય તો ઓરશીયા સહિત સર્વે ઉપકરણો ઘરના વાપરવા જોઈએ. જિનાલયનું દ્રવ્ય વાપરવાથી લાભ ન થાય. કદાચ વાપરે તો નકરો ભરવો જોઈએ. **(શ્રાદ્ધવિધિ)**

❖ પ્રભુનાં નવ અંગે સોના યા ચાંદીના ચકતા ચોડવા જોઈએ. જેથી પૂજા કરવાથી પ્રભુનું અંગ ખવાતું નથી. એ મોટો લાભ છે. આશાતનાથી બચી જવાય છે. **(પ્રશ્નોત્તરી)**

❖ વીરપ્રભુ કહે છે કે ગૌતમ ! ઈંદ્ર જે વખતે મુખ આગળ વસ્ત્ર અથવા

હાથ રાખી બોલે તે નિરવદ્ય ભાષા છે અને ઉઘાડે મુખે બોલે તે સાવદ્ય ભાષા છે. **(ભગવતી સૂત્ર)**

❖ જો કોઈ પરમાત્માની અથવા બીજી કોઈપણ જાતની સોગન ખાય છે તે બોધિ-બીજ નાશ કરે છે. અને અનંત સંસારનો બંધ કરે છે. દેવ ગુરુના સોગન ખાવાવાળા મિથ્યાત્વી છે. **(શ્રાદ્ધવિધિ)**

❖ ચતુર્થ ભક્ત કરનારને પારણે અથવા ઉત્તર પારણે એકાસણું કરવાનું વિધાન નથી. ચતુર્થ ભક્ત = એક ઉપવાસ. છઠ ભક્ત = બે ઉપવાસ. વીરપ્રભુએ એવી રીતે ૨૯૯ છઠ કરેલા. **(ભગવતી ઠાણાંગસૂત્ર)**

❖ દેવદ્રવ્યના ખર્ચે દીવો અથવા લાઈટ વિ. બનાવેલ હોય તો ત્યાં લઈ કાગલ વંચાય નહિં. પૈસા પણ ગણાય નહિં. **(શ્રાદ્ધવિધિ)**

❖ અંબડ તાપસ અણસણ કરી બ્રહ્મદેવલોકે જશે. ત્યાંથી મહાવિદેહમાં દ્રઢ પ્રતિજ્ઞ નામે મહર્દ્ધિક થઈ મોક્ષે જશે. **(ભગવતી સૂત્ર)**

❖ સાધુ સાધ્વીજીને ભરત ભરેલાં તેમજ દોરાદિકથી ભરેલા વસ્ત્રો કામ ન આવે. **(ગચ્છા ચાર પયન્ના)**

❖ શ્રાવક-શ્રાવિકાએ સામાયિક પ્રતિકમણાદિ આવશ્યક ક્રિયામાં મુહપતિ ચરવલો અવશ્ય રાખવા જોઈએ. **(અનુયોગ દ્વાર)**

❖ કાચી કેરી, ચિભડા, ટામેટા વિ. પ્રબલ અગ્નિ સંસ્કાર લવણાદિકથી પ્રાસુક થયા પછી અચિત ભોજીને કલ્પે. **(શ્રાદ્ધવિધિ)**

❖ કાચા પાણીમાં ગોળ-ખાંડ વિગેરે નાંખવાથી વર્ણ ગંધ બદલાઈ ગયા પછી તે પાણીનો કાળ - ચોમાસામાં ૩ પ્રહર. શિયાલાયમાં - ૪ પ્રહર, ઉનાલામાં - ૫ પહર જાણવો. **(પ્રવચન - સારો)**

❖ સ્થાપનાચાર્યજી પગથી ઉંચા એટલે જઘન્યથી ૪ અંગુલ અને ઉત્કૃષ્ટ મસ્તક સુધી ઉંચા હોય તો ક્રિયા શુદ્ધ ગણાય. **(હીર-પ્રશ્નોત્તરી)**

❖ ઉંટડી તથા ઘેટીનું દૂધ અભક્ષ્ય છે. **(પિંડનિર્યુક્તિ)**

❖ પૌષધમાં લઘુનીતિ કરીને આવ્યા પછી ઈરિયાવહી કરી ગમણાગમણે અવશ્ય કરવા. **(આચારમયવીર સામાચારી)**

❖ શ્રાવકને પચ્ચક્ખાણ આવતું હોય તો જાતે લેવું. પરન્તુ સાધ્વીજી અથવા શ્રાવિકા પાસે ન લેવું જો ન આવતું હોય અને બીજા કોઈ આપનાર ન હોય તો વિચારી લેવું. **(ચૈત્યવંદન-ભાષ્ય)**

❖ સામાયિક-પૌષધ આદિમાં રહેલ શ્રાવક-શ્રાવિકાઓને કલ્પસૂત્ર આદિની વાસક્ષેપની પૂજા તેમજ પટમાં ચિત્રેલ પ્રતિમાજીની પૂજા ન થાય. **(સેન પ્રશ્ન)**

❖ નરકમાં નારકીઓને જે દુઃખ પડે તેનાથી અનંત ગણું દુઃખ નિગોદના જીવોને હોય છે. અવ્યક્ત પણે ભોગવતા હોવાથી નરક જેવું તીવ્ર જણાતું નથી. **(રત્નસંચય)**

❖ ગળી વડે રંગેલા વસ્ત્રથી મનુષ્યના શરીરમાં નિગોદના જીવો ઉત્પન્ન થાય છે. ગળીના રંગમાં વાળની અગ્રભાગની અણી જેવા અનેક ઉરપરિસર્પો સંમૂચ્છિ૮ મપણે ઉત્પન્ન થાય છે. **(પન્નવણા સૂત્ર)**

❖ અભવ્યજીવને હું ભવ્ય કે અભવ્ય આવી શંકા ક્યારે ન થાય. **(આચારંગસૂત્ર)**

❖ નિગોદમાંથી નિકળીને સાત-આઠ ભવે ભરત મોક્ષે ગયેલાં. **(સૂયગડાંસૂત્ર)**

❖ રૂદ્ર (ક્ષુલ્લક) સાધુએ ૫૦૦ સાધુઓને મારવા માટે પાણીમાં ઝેર નાંખેલ. દેવીને ખબર પડતા ઝેરી સંહરી લીધું. પછી તે રૂદ્ર સાધુ ઘણો દુઃખી થયો. અનંતા ભવો ભમ્યા પછી મનુષ્ય બન્યો. તીર્થંકરનો ઉપદેશ સાંભળી પ્રાયશ્ચિત માંગ્યું. એ વખતે એને એવો અભિગ્રહ કર્યો કે દરરોજ ૫૦૦ સાધુઓને વંદન વૈયાવચ્ચ કર્યા પછી જ આહાર પાણી વાપરવા. જે દિવસે ૫૦૦ની પુરી વૈયાવચ્ચ ન થાય તો દિવસે આહારનો ત્યાગ રાખતાં. આ નિયમ છ મહિના સુધી પાળ્યો. પછી કાળ કરી દેવલોકે. અનુક્રમે મનુષ્ય અને ઉત્તરોત્તર બધા દેવલોકે જઈ મોક્ષ પ્રાપ્ત કર્યો. **(સંવેગરંગશાળા)**

❖ તીર્થંકરના જીવોને તથા એકાવતારી જીવોને દેવલોકને વિષે મૃત્યુ

પામતા છ મહીને ચ્યવનના ચિહ્નો દેખાતા નથી. પરંતુ શાતાવેદનીય કર્મનો ઉદય હોય છે. **(સૂયગડાંગ સૂત્ર)**

❖ ગીતાર્થને એક પહોર અને અગીતાર્થને બે પહોર નિદ્રા કરવાનો અધિકાર છે. **(સૂયગડાંગ સૂત્ર)**

❖ મહાવિદેહ ક્ષેત્રમાં દિન-રાત્રિનું પ્રમાણ સરખું છે. ત્યાં છ ઋતુઓ હંમેશા હોય છે. **(ભગવતી સૂત્ર)**

❖ મેઘ નરક સુધી તથા ૧૨માં દેવલોક સુધી વરસે. લોકાતિંક દેવતાના વિમાન અસંખ્યાતા યોજન શતસહસ્ર છે. **(ભગવતી સૂત્ર)**

❖ પાંચમો આરો શ્રાવણવદિ પાંચમે બેઠો. છઠ્ઠો આરો પણ તેજ દિવસે બેસશે. **(જંબુદ્વિપ-પ્રજ્ઞપ્તિ)**

❖ સાધુઓ પોતાના ઉપકરણો માણસ પાસે ઉપડાવે તો પ્રાયશ્ચિત આવે. **(નિશીથસૂત્ર)**

❖ મુહપતિ પડિલેહણ કર્યા વિના વાંદણા આપે તો ગુરૂ પ્રાયશ્ચિત આવે. **(વ્યવહાર સૂત્ર)**

❖ ચક્રવર્તીના પ્રસાદો ૧૦૮ હાથ પ્રમાણ. વાસુદેવોના પ્રસાદો ૬૪ હાથ પ્રમાણ અને માંડલીકના ૩૨ હાથ પ્રમાણ પ્રસાદો હોય છે. **(વ્યવહાર સૂત્ર)**

❖ બ્રહ્મચર્યથી પતિત થયેલા સાધુને વંદન કરે તો અનંતભવ ભ્રમણ કરે. આ વાત સીમંધર સ્વામીએ દેવતાને કહેલી. **(મહાનિશીથ સૂત્ર અ. ૨)**

❖ તીર્થંકરનું સ્વરૂપ પૃથ્વીથી અઢીગાઉ જેટલું ઉંચું હોય છે. **(આવશ્યક સૂત્ર)**

❖ સામાયિક બેઠા બેઠા લે અને પ્રતિક્રમણ બેઠાબેઠા કરે તો આંબિલનું પ્રાયશ્ચિત આવે. **(શ્રાદ્ધિજતકલ્પ)**

❖ તપચિંતામણી કાઉસગ્ગમાં પચ્ચકખાણ ચિંતવી કોઈના આગ્રહથી બીજું પચ્ચકખાણ કરે તો ભંગ દોષ નથી. **(સેન પ્રશ્ન)**

❖ બાહુબલીનું આયુષ્ય ૮૪ લાખ પૂર્વનું હતું. **(સેન પ્રશ્ન)**

❖ જ્ઞાનપંચમીનો તપ કારણસર વદ પાંચમે અથવા બીજા દિવસે પણ થઈ શકે. **(વિશેષ શતક)**

❖ જિન મંદિરમાં દર્શન કરતી વખતે પાઘડી-ટોપી ઉતારે તો અપશુકન. **(વિચાર શાતક)**

❖ જયારે વીર પ્રભુ પાસે ઈન્દ્રભૂતિ આદિ બધા બ્રાહ્મણો સંયમ સ્વીકારે છે તે બધાની જનોઈનું વજન ૩॥ મણ હોય છે. **(કલ્પસૂત્ર)**

❖ જ્યાં સુધી વિધિપૂર્વક ચૈત્યવંદન અને સાધુવંદન ન કરે ત્યાં સુધી શ્રાવક શ્રાવિકાને પાણી પીવું કલ્પતું નથી. **(આચાર દિનકર)**

❖ પૂજા કરતી વખતે પુરુષોએ બે અને સ્ત્રીઓએ ત્રણ વસ્ત્ર પહેરવા જોઈએ. **(ઉપદેશ ચરિત્ર)**

❖ સાધુ સાધ્વીને કપાસના તથા ઉનના વસ્ત્રો કલ્પે. **(ઠાણાંગસૂત્ર)**

❖ સાંજના પ્રતિક્રમણમાં સામાયિક લીધા પછી ખમાસમણ આપી મુહપતિ પડિલેહણનો આદેશ માંગવો જોઈએ. **(સેનપ્રશ્ન)**

❖ ચોમાસામાં ખાંડ, ખજૂર, દ્રાક્ષ, મેવો, સુકવણી, શાકભાજી અભક્ષ્ય છે. કારણ કે તેમાં ત્રસ જીવોની ઉત્પત્તિ છે. **(શ્રાદ્ધવિધિ)**

❖ પ્રથમ પૌષધ લઈ પછી પ્રતિક્રમણ કરે કારણ કે દિવસનો ચાર પહોર અને રાત્રિનો ચાર પહોરનો પૌષધ કરેલ છે. મોડો લે તો મોડો પારે. સૂર્યોદય પહેલાં પૌષધ લેવો જોઈએ. **(શ્રાદ્ધવિધિ)**

❖ શ્રાવક સાધુ પાસેથી કાગલ પેન્સીલ લઈ પોતાના કામમાં વાપરે તો ગુરુદ્રવ્યનો દોષ લાગે નવકારવાળી લઈ શકાય. **(શ્રાદ્ધવિધિ)**

❖ શ્રેણિક રાજાની ૧૦ રાણીએ દીક્ષા પછી કરેલો તપ

| | | | |
|---|---|---|---|
| ૧. | કાળી | - | રત્નાવલીતપ |
| ૨. | સુકોલી | - | કનકાવલી તપ |
| ૩. | મહાકાળી | - | ક્ષુલ્લકસિંહ નિષ્ક્રિડિત તપ |
| ૪. | કૃષ્ણા | - | મહાસિંહ નિષ્ક્રિડિત તપ |
| ૫. | સુકૃષ્ણા | - | ભિક્ષુ પ્રતિમા |

| | | | |
|---|---|---|---|
| ૬. | મહાકૃષ્ણા | - | ક્ષુલ્લકસર્વતોભદ્ર પ્રતિમા |
| ૭. | વીરકૃષ્ણા | - | મહાભદ્ર પ્રતિમા |
| ૮. | રામકૃષ્ણા | - | ભદ્રોત્તર પ્રતિમા |
| ૯. | પિતૃસેનકૃષ્ણા | - | મુક્તાવલી તપ |
| ૧૦. | મહાસેનકૃષ્ણા | - | વર્ધમાન તપ |

**(અંતગડદશાંગ સૂત્ર વર્ગ-૮ અ. ૧૦)**

❖ તુંગીયાનગરીના શ્રાવકો કોઈ દિવસ ઘરના દરવાજા બંધ નહીં કરતાં. જે ભિક્ષુક આવે બધાને દાન આપે. જિન પ્રચવનને ક્યારે મૂકે નહિં. દેવતાઓથી ચલાયમાન ન થાય. રોમેરોમે જિનભક્તિ વસેલી. પર્વતિથિએ પૌષધ કરવાવાળા આવા શ્રાવકો હતા. **(ભગવતી સૂત્ર)**

❖ પ્રથમ દેવલોકમાં સૂર્યાભદેવનું વિમાન સાડા બાર લાખ યોજન વિસ્તારવાળું એ વિમાનને ૪૦૦૦ દરવાજા. વિમાનની ચારે બાજુ ૫૦૦ યોજન ઉંચો કિલ્લો. અને ૧૦૦ યોજન પહોળો.

**(રાયપસેણી સૂત્ર)**

❖ કુલપાકજી તીર્થમાં જે ઋષભદેવની પ્રતિમા છે તે ૬૮૦ વર્ષ સુધી આકાશમાં અદ્ધર રહેલી. **(ઉપદેશ-સપ્તતિકા)**

કોટિશીલાનું સ્વરૂપ : ઉત્સેધાંગુલ થી નિષ્પન્ન ૧ યોજન લાંબી, ૧ યોજન પહોળી, ૧ યોજન ઉંચી એવા માપની કોટિશીલા છે. તે શીલા ભરતક્ષેત્રના મગધ દેશમાં દશાર્ણ પર્વત પાસે છે.

❖ આ કોટિશીલા ઉપર શાંતિનાથ ભ. નામના પ્રથમ ગણધર સંખ્યાતા મુનિવરો સાથે મોક્ષે પધાર્યા છે.

❖ અરનાથના ૧૨ કરોડ મુનિવરો, મુનિસુવ્રત સ્વામીના - ૩ કરોડ મુનિવરો. મલ્લીનાથના - ૬ કરોડ મુનિવરો, નમિનાથ તી. ના - ૧ કરોડ મુનિવરો આ શીલા ઉપર મોક્ષે પધાર્યા છે.

❖ ત્રિપૃષ્ઠ વાસુદેવે કોટિ શીલાને ડાબા હાથે ઉપાડી મસ્તક ઉપર છત્ર રૂપે કરેલી.

❖ આ કોટિશીલા નો તપ પણ તપાવળીમાં છે. **(વિશેષ શતક)**

❖ સોપારક નગરનાં અંધ શિલ્પીને શેરીસા પાર્શ્વનાથની મૂર્તિ એક જ રાતમાં બનાવેલી. પરંતુ પ્રતિમાની છાતીમાં એક મસો રહી ગયો તેને દૂર કરવા શિલ્પીએ ટાંકણું માર્યું તેથી લોહીની ધારા છૂટી. દેવેન્દ્રસૂરિ એ આંગલી દાબી એટલે લોહી બંધ થઈ ગયું. આ જ મૂર્તિ હાલ સેરિસા તીર્થમાં છે. **(વિવિધ તીર્થકલ્પ)**

❖ મથુરા તીર્થની મહાનતા : આ તીર્થ અત્યંત પ્રાચીન છે. ઓઘ નિયુક્તિમાં આ તીર્થનું વર્ણન આવે છે. આ તીર્થમાં જંબુસ્વામી વિ. ના પ૨૭ સ્તૂપો હીરસૂરીજીએ જોયેલા. કૃષ્ણ વાસુદેવનો જન્મ, મંગુસૂરિનું મંદિર, વિશ્વભૂતિ મુનિનું નિયાણું, દંડમુનિને કેવલજ્ઞાન, રાજર્ષિ શંખ, કંબલ-સંબલ, સાધવી પુષ્પ ચૂલાને કેવલજ્ઞાન, વીર પ્રભુને ઉપસર્ગ, અઢાર નાતરા, નિવૃત્તિનો સ્વયંવર ઈન્દ્ર નિગોદનો પ્રશ્ન, ત્રણ પુષ્પ મિત્રો, વિ. થયેલા. **(વિવિધ તીર્થ કલ્પ)**

❖ કુલપાકજી તીર્થમાં હાલ જે ઋષભદેવની મૂર્તિ છે તે ભરત ચક્રવર્તીએ પોતાની આંગલીના વીંટીના લીલા માણેકમાંથી બનાવેલી જેથી 'માણેકસ્વામી' તરીકે પ્રસિદ્ધિ પામી. વિદ્યાધરો, દેવલોકના દેવોએ, રાવણ મંદોદરીએ, આ પ્રતિમા પૂજેલી. શંકરગણ રાજાએ આ પ્રતિમા પૂજેલી. **(વિવિધ તીર્થકલ્પ)**

❖ ભરત ચક્રવર્તીએ અષ્ટાપદ તીર્થ ઉપર ૧ યોજન લાંબું અડધો યોજન પહોળું અને ત્રણ ગાઉ ઉંચું જિનાલય આદિનાથ તી.નું બનાવેલ. **(વિવિધ તીર્થકલ્પ)**

❖ રત્નસાર શ્રાવકે ગિરનાર તીર્થ પર સ્થાપન કરેલી પ્રતિમા ૧,૩૬,૨૫૦ સુધી ગિરનાર ઉપર રહેશે પછી અદ્રશ્ય થઈ જશે. છઠ્ઠા આરામાં અંબિકા એ પ્રતિમાને પાણીમાં લઈ જઈ તેની પૂજા કરશે. પ્રતિષ્ઠા વખતે રત્નસારને અંબિકાદેવીએ કલ્પવૃક્ષના ફૂલની માલા પહેરાવેલ. **(પ્રબંધ-પંચશતી)**

❖ પાટણ ના કોકાના પાડામાં જે પાર્શ્વનાથની મૂર્તિ છે તેમનું પ્રથમની ચાર ઘડી સુધી નામ લેવાથી પૂજા કરવાથી શંખેશ્વર પાર્શ્વનાથની ભક્તિ જેટલો લાભ મળે. જે શંખેશ્વર તીર્થમાં અભિગ્રહ કર્યા હોય તે અહીં પૂજા કરવાથી ફળીભૂત થાય છે. **(વિવિધ તીર્થકલ્પ)**

❖ અષ્ટાપદ પર્વત ઉપર આદિત્ય યશથી આરંભીને ૫૦ લાખ કરોડ સાગરોપમ કાળ સુધી ભરત મહારાજાના વંશની પરંપરા રાજઋષિઓ સર્વાર્થસિદ્ધિ અને શિવગતિ વરેલા. **(વિવિધ તીર્થકલ્પ)**

❖ ગિરનાર તીર્થના નામ અને ઉંચાઈ

| | | | |
|---|---|---|---|
| ✯ | પહેલા આરામાં કૈલાસ | - | ૨૬ યોજન |
| ✯ | બીજા આરામાં ઉજ્જયંત | - | ૨૦ યોજન |
| ✯ | ત્રીજા આરામાં રૈવતગિરિ | - | ૧૬ યોજન |
| ✯ | ચોથા આરામાં સ્વર્ગગિરિ | - | ૧૦ યોજન |
| ✯ | પાંચમાં આરામાં ગિરનાર | - | ૨ યોજન |
| ✯ | છઠ્ઠા આરામાં નંદભદ્ર | - | ૧૦૦ ધનુષ |

**(ઉપદેશ-સપ્તતિકા)**

❖ નાગાર્જુનસૂરિ, સ્કંદિલસૂરિ, પાદલિપ્તસૂરિ, બપ્પભટ્ટિસૂરિ, યશોભદ્રસૂરિ આ પાંચ આચાર્ય હંમેશા વિદ્યા દ્વારા શંત્રુજય, ગિરનાર, શંખેશ્વર, નાંદિયા, બ્રાહ્મણવાડાની યાત્રા કર્યા પછી આહાર પાણી કરતા. **(જૈન ઈતિહાસ)**

❖ ભીનમાલમાં શ્રીમાળીઓના ૯૦,૦૦૦ મોટા મંદિરો હતા. ૪૫૦૦૦ બ્રાહ્મણોનાં ઘર હતા. ત્યાં મુનિઓની ૧૦૦૦ પૌષધશાળા હતી. ૧૦૦૦ યજ્ઞસાળાઓ હતી. ત્યાં કોટિધ્વજ કોટમાં રહેતા અને લખપતિઓ બહાર રહેતા. **(વિમલપ્રબંધ)**

❖ ઈક્ષ્વાકુવંશમાં ઉત્પન્ન થયેલાં અલમ્બુશાના સમયે આ વૈશાલીનગરીમાં ૭૭૦૭ મહેલ, ૭૭૦૭ બાગ બગીચા, ૭૭૦૭ સોનાની વાવડીઓ, ૭૭૭૦૭ ચોતરા. આ નગરીમાં બધા મહેલો ઉપર સોનાનાં શિખરો

હતા. દરેક કુલનાં પ્રતિનિધિ રાજા કહેવાતા. આ નગરનાં બહારના ભવનો ઉપર ચાંદી અને તાંબાના શિખરો હતા.

**(ચંદ્રકેવલી પરિશિષ્ટ હિન્દી)**

❖ શીલવ્રતધારી દંપતિ : કચ્છ દેશમાં 'સુકચ્છ' નામના નગરમાં બહુલ શ્રાવકે તથા શ્યામાશ્રાવિકા. આ. પદ્મસૂરિના ઉપદેશથી જિનધર્મના મહારાગી બન્યા. આ બંને દંપત્તિએ બાલ્યકાળમાં એકાંતરે બ્રહ્મચર્ય પાળ્યું. આ બંને ભરવાડ જાતિનાં હતા. એમણે ઘણા ભરવાડોને જૈન બનાવેલાં. કહેવાય છે કે દેવતાઓ પણ એમની સેવામાં હાજર રહેતા.

**(અમમ-ચરિત્ર)**

❖ રામચંદ્રજીએ નિમિત્તવેતાને પૂછ્યું કે લંકા કેવી રીતે જીતાય ? ત્યારે નિમિત્તિયાએ કહ્યું કે લંકામાં રહેલી ચંદ્રપ્રભસ્વામીની મૂર્તિ લાવવામાં આવે તો લંકા જીતાય. રામે હનુમાન પાસેથી તે મૂર્તિ મંગાવી પછી લંકાને જીતી. હાલ તે મૂર્તિ નાસીકમાં છે.

❖ ૪૦૯૬ યુગલિયાં વાળોનો ભરત ક્ષેત્રના માનવીનો એક વાળ થાય.

❖ દરેક શ્રાવક શ્રાવિકાએ પોતાના પુત્રાદિના જન્મ તથા વિવાહાદિના પ્રસંગ સ્વશક્તિ અનુસાર અઠ્ઠાઈ મહોત્સવ ઉદ્યાપન આદિ પ્રસંગો ઉજવવા જોઈએ. **(શ્રાદ્ધવિધિ)**

❖ **દસ પ્રકારે અસ્વાધ્યાય**

| | | | |
|---|---|---|---|
| ૧. | હાડ | ૬. | ચંદ્રગ્રહણ |
| ૨. | માંસ | ૭. | સૂર્યગ્રહણ |
| ૩. | લોહી | ૮. | રાજામંત્રીમરણ |
| ૪. | મલમૂત્રસામીપ્ય | ૯. | મલ્લયુદ્ધાદિસંગ્રામ |
| ૫. | શ્મશાનસામીપ્ય | ૧૦. | ઉપાશ્રયમાં જીવજંતુનું મરણ |

**(ઠાણાંગસૂત્ર)**

❖ **મનુષ્યલોકની છ નરક**

| | | | |
|---|---|---|---|
| ૧. | કુગ્રામમાં વાસ | ૪. | ક્રોધિત સ્ત્રી |
| ૨. | કુરાજાની સેવા | ૫. | કન્યાનું બહુત્વ |
| ૩. | કુત્સિત ભોજન | ૬. | કંગાલ હાલત **(શ્રાદ્ધગુણવિવરણ)** |

❖ વિવેકહર્ષ ગણીના સદુપદેશથી કચ્છનરેશ ભારમલજીએ અમારિપર્વતન તથા રાજવિહારમંદિર ભૂજ નગરમાં બંધાવેલ.

**(શત્રુંજ્યાવતાર શિલાલેખ)**

❖ જે ઘરને વિષે પાંચ મુકુટબદ્ધ ગૃહસ્થો હોય તેનું એકકુલ થાય. એવી રીતે ૯૫ કુલોની એક કુલકોટિ થાય. એવી રીતે યાદવોની ૫૬ કુલકોટિ જાણવી. **(નેમનાથ ચારિત્ર)**

❖ વીજણાથી ઉત્પન્ન થયેલ વાયુ અચિત છે. **(વિશેષશતક)**

❖ ઋષભદેવથી શીતલનાથ સુધી = ૧૨ માસ તપ
શીતલનાથથી શાંતીનાથ સુધી = ૮ માસ તપ
શાંતીનાથથી મહાવીર સ્વામી સુધી ૬ માસ તપ જાણવો.

**(સેનપ્રશ્ન)**

❖ કયું પાણી કેટલા પહોર સુધી કલ્પે...

| | | |
|---|---|---|
| ✯ ચોખા છાશવાળા | - | ૮ પહોર |
| ✯ છાશ | - | ૧૬ પહોર |
| ✯ પાપડ-વડી | - | ૪ પહોર |
| ✯ ધાન્યધોવણ | - | ૬ ઘડી |
| ✯ રાખનું ધોવાણ | - | ૨ ઘડી |
| ✯ ત્રીફળાનુંધોવણ | - | ૨ પહોર |
| ✯ બુચકણનું પાણી | | ૩-૪-૫ પહોર |
| ✯ ફળનું ધોવાણ | - | ૧ પહોર |
| ✯ જારની રાબડી | - | ૧૨ પહોર |
| ✯ છાશની રાબડી | - | ૧૨ પહોર |
| ✯ રાયતું | - | ૧૬ પહોર |
| ✯ કડાઈ શેક્યા ધાન્ય | - | ૨૪ પહોર |
| ✯ ગૌમુખ | - | ૨૪ પહોર |
| ✯ શીરો લાપસી | - | ૪ પહોર |

★ રાંધેલી દાલ - ૪ પહોર

★ રાંધ્યું ધાન્ય - ૪ પહોર

**(પ્રવચન સારોદ્ધાર)**

❖ જમાલી વીરપ્રભુનો ભાણેજ હતો. તેને પ્રિયદર્શના વિગેરે આઠ પત્નીઓ હતી.

❖ તીર્થંકરનો જન્મોત્સવ કરવા માટે અઢીદ્વીપ બહાર રહેલા અસંખ્યાત સૂર્ય ચંદ્ર આવે છે. **(આદિનાથ ચ.)**

❖ ઓઘાનો પાટો તથા નિશિથિયું સાધુ સાધ્વીને રાખવું જોઈએ. **(ઠાણાંગસૂત્ર)**

❖ ઓઘાના પાટામાં સમવસરણનું ચિત્ર કરવાનું કહેલ છે. **(આવશ્યકસૂત્ર-નિશીથસૂત્ર)**

❖ ઝોળીની ગાંઠ નહિં પડિલેહણ કરનારને પ્રાયશ્ચિત આવે. **(મહાનિશીથસૂત્ર)**

❖ સાધુ સાધ્વીઓ મચ્છરદાની રાખી શકે. **(બૃહત્કલ્પભાષ્ય)**

❖ સાધુને દંડાસણ તથા રજોહરણ બંને રાખવા જોઈએ. **(મહાનિશીથ)**

❖ તીર્થંકર ગૃહસ્થાવસ્થામાં ફળ-દિપક-કેસર આદિથી જિન પૂજા કરે. **(શત્રુંજય-મહા.)**

❖ થાવચ્ચાપુત્રની સાથે દીક્ષા લેનાર ૧૦૦૦ પુત્રોના ઘરોનું રક્ષણ કૃષ્ણ મહારાજાએ કરેલ. **(જ્ઞાતાસૂત્ર)**

❖ ઋતુભેદે સૂર્યની કિરણો

| | | | | | |
|---|---|---|---|---|---|
| ચૈત્રમાં | - | ૧૦૦૦ | પોષમાં | - | ૧૦૦૦ |
| વૈશાખમાં | - | ૧૩૦૦ | કારતકમાં | - | ૧૧૦૦ |
| માગશરમાં | - | ૧૦૫૦ | શ્રાવણમાં | - | ૧૪૦૦ |
| આસોમાં | - | ૧૬૦૦ | ભાદરવામાં | - | ૧૪૦૦ |
| જેઠમાં | - | ૧૪૦૦ | મહામાં | - | ૧૧૦૦ |
| અષાઢમાં | - | ૧૫૦૦ | ફાગણમાં | - | ૧૦૫૦ |

**(કલ્પસૂત્ર)**

## ચેટક અને કોણિકનું મહા ભયંકર યુદ્ધ...

- ❖ આ યુદ્ધમાં કોણિકની પાસે ૩૩૦૦૦ હાથી, ૩૩૦૦૦ ઘોડા અને ૩૩ કરોડ મનુષ્યો હતા.
- ❖ ચેટક રાજા પાસે ૫૭૦૦૦ હાથી, ૫૭૦૦૦ ઘોડા અને ૫૭ કરોડ મનુષ્યો હતા. આ યુદ્ધમાં પહેલા દિવસે ૯૬ લાખ અને બીજા દિવસે ૮૪ લાખ માણસોનો સંહાર થયો.
- ❖ આ યુદ્ધમાં વરુણ સારથી સૌધર્મ દેવલોકે તેનો મિત્ર મનુષ્ય ગતિમાં ૧૦,૦૦૦ એક માછલીના ગર્ભમાં બાકીના તિર્યંચ અને નરકમાં વરૂણ અને તેનો મિત્ર મહાવિદેહમાં જન્મ લઈ મોક્ષે જશે.
- ❖ ચેટક રાજાને યુદ્ધમાં એવો નિયમ હતો કે એક દિવસે એક જ બાણ છોડવું તેથી દસ દિવસે દસ ભાઈ મરે છે.
- ❖ કોણિકના દશે ભાઈ મરીને ચોથી નરકમાં ગયા ત્યાંથી મહાવિદેહમાં જન્મ લઈ મોક્ષે જશે. **(ભગવતી સૂત્ર - નિરયાવલિકા)**
- ❖ ત્રિશલા માતા ચૌદસ્વપ્નમાં જે લક્ષ્મી દેવીના સ્વપ્નને જુએ છે તે લક્ષ્મી દેવીની ચારે બાજુ ૧ કરોડ ૨૦ લાખ ૫૦૧૨૦ કમળો છે. તે સર્વે કમળોમાં દેવ દેવીઓનો પરિવાર છે. **(કલ્પસૂત્ર)**
- ❖ એક પણ અક્ષર શીખડાવનાર ગુરૂને જે બહુમાન આપતો નથી તે સેંકડો વાર કૂતરાની યોનીમાં ઉત્પન્ન થઈ ચંડાલને વિષે ઉત્પન્ન થાય છે. **(ઉપદેશ પ્રાસાદ)**

## શ્રેણિક રાજાના દશ પૌત્રાઓની ગતિ

| | નામ | ગતિ | | નામ | ગતિ |
|---|---|---|---|---|---|
| ૧ | પદ્મકુમાર | સોધર્મ દેવલોકે | ૬ | પદ્મસેણ | લાંતક દેવલોકે |
| ૨ | મહાપદ્મ | ઈશાન દેવલોકે | ૭ | પદ્મગુલ્મ | મહાશુક્ર દેવલોકે |
| ૩ | ભદ્રકુમાર | સનત્કુમાર દેવલોકે | ૮ | નલિનગુલ્મ | સહસ્રાર દેવલોકે |
| ૪ | સુભદ્રકુમાર | માહેન્દ્ર દેવલોકે | ૯ | આણંદ | પ્રાણત દેવલોકે |
| ૫ | પદ્મભદ્ર | બ્રહ્મલોક દેવલોકે | ૧૦ | નંદન | આનત દેવલોકે |

**(નિરયાવલિકાસૂત્ર)**

❖ અગ્નિ વડે તપાવેલી સોયો વડે નિરંતર ભેદાતા પ્રાણીને જેટલું દુઃખ થાય તેના કરતા હે ગૌતમ ! આઠગણું દુઃખ ગર્ભમાં રહેલા જીવને થાય. ગર્ભમાંથી નિકળતા જીવને યોનિરૂપી યંત્રમાં પીલવાથી લાખગણું દુઃખ થાય છે. **(ઉપદેશ-પ્રસાદ)**

❖ સુધર્માસ્વામીથી માંડીને દુપ્પહસૂરિના શાસનકાળમાં ૨૦૦૪ યુગપ્રધાનો અને ૧૧,૧૬૦૦૦ યુગપ્રધાન જેવાં આચાર્યો થશે. । યુગપ્રધાન એકાવતારી, આગમના જાણકાર અને બે ત્રણ ગુણથી યુક્ત બનશે. **(કાળ સપ્તતિકા)**

❖ ખારાં પાણીમાં ઉત્પન્ન થયેલા પોરાઓ (જીવો) મીઠા પાણીમાં મીશ્ર કરવાથી મરી જાય. તેથી એક બીજા પાણીને મિશ્રીત ન કરવાં. **(ઉપદેશ-પ્રાસાદ)**

❖ ૩૬ આંગલ લાંબુ અને ૨૦ આંગલ પહોળા વસ્ત્રનું ગરણું કરીને વાપરવું જોઈએ. વેદ ભણેલાં બ્રાહ્મણને સમગ્ર વસ્તુની દાન આપવાથી જે પુણ્ય થાય તેનાથી કોટિ ગણું પુણ્ય વસ્ત્ર વડે પાણી ગળવાથી થાય છે. **(ઉપદેશ-પ્રાસાદ)**

❖ છાશમાંથી બહાર કાઢ્યા પછી અંતર્મુહૂર્ત માત્રમાંજ માખણને વિશે ઘણા જીવો ઉત્પન્ન થાય છે. **(ઉપદેશ-પ્રસાદ)**

❖ શરદ ઋતુમાં જે પાણી પીધું હોય, પોષમાં જે ખવાયું હોય અને જેઠ અષાઢમાં સુવાયું હોય તે નિરોગી બને છે. વર્ષાઋતુમાં - લવણ, શરદઋતુમાં - પાણી, હેમંતઋતુમાં - ગાયનું દૂધ, શિશિરઋતુમાં - આમળાનો રસ, વસંતઋતુમાં - ઘી ગ્રીષ્મઋતુમાં ગોળ અમૃતસમાન છે. **(ઉપદેશ-પ્રાસાદ)**

❖ ઉદયન રાજશ્રીનું અંતિમ સમયે ધર્મબોધ માટે જે બનાવટી સાધુ બનેલા પછી ભાવ બદલાતા વિધિપૂર્વક દીક્ષા લીધી. ગિરનાર ઉપર જઈ ૬૦ દિવસના ઉપવાસ કરી દેવલોકે ગયો. **(કુમારપાળ ચારિત્ર)**

❖ પાન ખાવાથી અસંખ્યાત જીવોની વિરાધના થાય. **(શ્રાદ્ધવિધિ)**

❖ અંબડ તાપસના ૭૦૦ શિષ્યો અણસણ કરી પાંચમાં દેવલોકે ગયા. **(શ્રાદ્ધવિધિ)**

❖ શ્રેણિક રાજાનો સેચનક હાથી - ૭ હાથ ઉંચો, ૯ હાથ લાંબો, ૩ હાથ પહોળો, ૧૦ હાથ વિસ્તારમાં ૪૪૦ લક્ષણોથી યુક્ત હતો. **(શ્રાદ્ધગુણ વિવરણ)**

❖ વીરપ્રભુના નિર્વાણ પછી ૧૧૧૬૦૦૦ રાજા જિનેશ્વર પ્રત્યે ભક્તિવાળા થશે. **(કાલસપ્તતિકા)**

❖ લક્ષ્મીનું સ્થાન પૂર્વ દિશામાં, રસોડું અગ્નિ ખુણામાં, શયન દક્ષિણ દિશામાં શસ્ત્રાદિક - નૈઋત્ય ખુણામાં, દેવમંદિર - ઈશાનખુણામાં, ભોજન-પશ્ચિમ દિશામાં ધાન્યસંગ્રહ - વાયવ્યખૂણામાં રાખવું જોઈએ. **(શ્રાદ્ધગુણ વિવરણ)**

❖ જે પુરુષ માતાપિતા તથા વડીલ વર્ગને નમસ્કાર કરે તે તીર્થ યાત્રાનાં ફળ ને પામે. **(શ્રાદ્ધગુણ વિધિ)**

**કયા ગચ્છની ઉત્પત્તિ ક્યારે થઈ ?**

વીર પ્રભુ પછી ૬૦૯ વર્ષે દિગંબર મત.

વીર પ્રભુ પછી ૧૧૧૩ વર્ષો અંચલગચ્છ મત.

વીર પ્રભુ પછી ૧૧૫૯ વર્ષે પૂનમ ગચ્છ

વીર પ્રભુ પછી ૧૨૦૪ વર્ષે કરતર ગચ્છ મત.

વીર પ્રભુ પછી ૧૨૩૬ વર્ષે સાઢ પૂનમીયા મત.

વીર પ્રભુ પછી ૧૫૭૨ વર્ષે પાર્શ્વચંદ્રગચ્છ મત.

વીર પ્રભુ પછી ૧૭૦૯ વર્ષે ઢુંઢક મત. **(અજ્ઞાનતિમિર તી/.)**

❖ કૃષ્ણને ૧૬૦૦૦ રાણીઓ બળદેવને ૮૦૦૦ રાણીઓ અને વસુદેવને ૭૨૦૦૦ રાણીઓ હતી. **(કૃષ્ણ વાસુદેવ ચ.)**

❖ ઋષભદાસ કવિકૃત સ્તવન પ્રતિક્રમણાદિમાં બોલાય. **(સેનપ્ર.)**

❖ ચેટક રાજાની સાત કન્યા અને જમાઈના નામ.

૧. પ્રભાવતી - ઉદાયન ૨. પદ્માવતી - શતાનીક

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩. મૃગાવતી | - | શતાનીક | ૬. સુજયેષ્ઠા | - | સાધ્વીજતી |
| ૪. શિવા | - | ચંડપ્રદ્યોતન | ૭. ચેલણા | - | શ્રેણિક |
| ૫. જયેષ્ઠા | - | નંદીવર્ધન | | | |

**(જૈન પરંપરાનો ઈતિ.)**

❖ નાગકુમારમાંથી નીકળેલા પણ ઐરવત ક્ષેત્રમાં આ અવસર્પિણીમાં ચોવીશીમાં તીર્થંકર થયેલા છે. **(વસુદેવચરિત્ર)**

❖ આઠમ અને ચૌદસ બે દિવસ વાચના ન અપાય. **(ઉત્તરાધ્યયન સૂ.)**

❖ વડના ટેટા વિગેરે અભક્ષ્ય વસ્તુ અજાણતા ખાય તો છઠનું પ્રાયશ્ચિત આવે. **(શ્રાદ્ધજિતકલ્પ)**

❖ બ્રહ્મચર્ય વ્રતધારક ભીષ્મપિતામહ કુરુક્ષેત્રની નજીક ગુફામાં આ. ભદ્રગુપ્તસૂરિ પાસે સંયમ લઈ અનસન કરી અચ્યુત લેવલોકે ગયા. **(પાંડવ ચરિત્ર)**

❖ ગૌશાળી હાલ અચ્યુત દેવલોકમાં છે. ત્યાંથી ચ્યવી દરેક ગતિમાં અનંતુ દુઃખ સહન કરી મહાવિદેહમાં ધનાઢ્ય ગૃહસ્થના 'દ્રઢપ્રતિજ્ઞ' નામે પુત્ર થશે. દીક્ષા લઈ કેવલી બની મોક્ષે જશે. **(મહાવીર ચરિત્ર)**

❖ દ્વાદશાંગી અને ૧૪ પ્રકીર્ણક ના કુલ અક્ષર - એક લાખ ચોરાશી હજાર ચારસો સડસઠ કોડકોડી ચુમ્માલીસ લાખ સત્તર હજાર ત્રણસો સત્તર કરોડ, પંચાવન લાખ એકાવન હજાર છસો પંદર છે. **(હરિવંશ પુરાણ)**

❖ લક્ષ્મણા સાધ્વીજીનો સશલ્ય તપ :- બે, ત્રણ, ચાર, પાંચ ઉપવાસ પારણે નીવિ - ૧૦ વર્ષ સુધી. માત્ર ઉપવાસના પારણે ભુંજવેલા ચણા - બે વર્ષ સુધી. માસખમણ - ૧૬ વર્ષ સુધી. આંબિલ - ૨૦ વર્ષ સુધી. આ પ્રમાણે ૫૦ વર્ષ તપ કર્યો પરંતુ સશલ્ય હોવાથી નિષ્ફળ ગયો. **(ઉપદેશ-પ્રાસાદ)**

❖ ૩૬૩ પાખંડીઓ...
૧૮૦-ક્રીયાવાદી, ૮૪ અક્રિયાવાદી, ૬૮ અજ્ઞાની, ૩૨ વૈનયિક **(આચારંગસૂત્ર)**

❖ બળદેવના પાંચ ભવો...
૧. બળદેવ ૨. પાંચમા દેવલોકે ૩. મનુષ્ય ૪. દેવલોકે ૫. મનુષ્ય થઈ મોક્ષે **(પદ્મુમ્ન ચરિત્ર)**

❖ ઝુંટણ નામનું પ્રાણી જે મનુષ્યની ગર્મીથી જીવે એ પ્રાણીને મનુષ્ય છ મહીના સુધી પોતાની સાથે જ રાખે. છ મહીના પછી એનાં વાળ કાપે તેમાંથી રત્નકંબલ બને. **(ઉપદેશ-પદ)**

❖ શ્રાવક-શ્રાવિકાને ઉપધાન તપ કરવો જરૂરી છે ?
નવકારમંત્રની વાચના લેવા માટે ઉપધાન તપ અવશ્ય કરવું જોઈએ. જે ઉપધાન તપ કરતો નથી તેને નવકાર શુદ્ધ થતો નથી. અને આગળના ભવમાં નવકાર ઈરિયાવહી વિ. સૂત્રો પ્રાપ્ત થતાં નથી. જે ઉપધાન તપને બહુમાન આપતો નથી. તે અનંત સંસારી થાય છે.
**(મહાનિશીથસૂત્ર અ-૩)**

❖ ૭૦૦ યોજન વિસ્તારવાળું રાક્ષસ દ્વીપ લવણ સમુદ્રમાં છે. તેની મધ્ય ત્રિકૂટ નામનો પર્વત નવ યોજન ઉંચો છે. ૫૦ યોજન વિસ્તારવાળો તે પર્વતની નીચે લંકા નગરી છે. ત્યાં બધા વિદ્યાધરો રહે છે. ત્યાં ભીમદેવે જે દિવ્ય હાર નવલખો મેઘવાહનને આપેલાં તે હાર અજીતનાથથી માંડી મુનિસુવ્રત સ્વામીના આંતરા કોઈ વડે પહેરાયો નહીં. જ્યારે પાતાલ લંકાનો સ્વામી સુમાલીનો પુત્ર રત્નાશ્રવ અને રત્નાશ્રવનો પુત્ર રાવણે આ હાર પહેર્યો. આ હારમાં રહેલા રત્નકિરણોથી રાવણ ના દશ મુખ દેખાય તેથી દશમુખ નામ પડ્યું. **(પદ્મચરિત્ર ઉ.૫)**

❖ રાવણ જ્યારે વિદ્યાસાધવા પરમાત્મા આગળ બેસે છે ત્યારે ૧૬ અક્ષરથી નિબદ્ધ એવો દશક્રોડહજાર મંત્રાક્ષરનો જાપ કરે છે. એ વખતે રાવણને ઘણાં ઉપસર્ગો થાય છે. છતાં ચલાયમાન થતો નથી. તેથી દેવે પ્રસન્ન થઈ રાવણને ૧૦૦ વિદ્યાઓ આપે છે. (કહેવાય છે કે એ વખતે રાવણે સાચું ધ્યાન ધર્યું હોય તો કર્મ ખપાવી મોક્ષે જાત)
**(પદ્મચરિત્ર ઉ. ૭)**

❖ યજ્ઞની ઉત્પત્તિ ક્યારે થઈ ?

રાવણનાં સમયમાં વસુરાજા અને પર્વત થયેલા. પર્વતે જ યજ્ઞમાં બકરાની બલી આપવાનું ચાલુ કરેલ. પછી પર્વત મરી વ્યંતર થયો અને બ્રાહ્મણ રૂપ ધારણ કરી માંસ-દારૂ જીવ હિંસા કેવી રીતે કરવી તેના શાસ્ત્રો બનાવ્યા. જેના કારણે આજ સુધી યજ્ઞની પદ્ધતિ ચાલુ છે.

**(પદ્મચરિત્ર ઉ. ૧૧)**

❖ ૧૮ વર્ષની ઉંમરમાં રાવણે સમસ્ત પૃથ્વીના બધા દેશો અને રાજાઓને જીતી લે છે. રામ-રાવણના સમયમાં જે જે યુદ્ધો થયા છે. તે યુદ્ધ પછી ઘણા રાજાઓ વૈરાગ્ય પામી સંયમ ગ્રહણ કરેલ. **(પદ્મચરિત્ર ઉ.૧૨)**

❖ કેવલી ભગવાન પાસે રાવણ એવી પ્રતિજ્ઞા કરે છે ક્યારે પણ સુરૂપવાળી સ્ત્રીની પ્રાર્થના કરીશ નહીં અને પોતાની સ્ત્રીની ઈચ્છા પ્રમાણે વર્તીશ. કુંભકર્ણ એવો નિયમ લે છે કે હંમેશાં પરમાત્માની પ્રક્ષાલપૂજા અને સ્તુતિ વિ. કરીશ.

❖ હનુમાન અને વીભીષણ સમ્યક્ત્વ ગ્રહણ કરે છે. **(પદ્મચરિત્ર- ઉ. ૧૩)**

કયા ક્ષેત્રમાં કેટલું આયુષ્ય ?

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. | હેમવંતમાં | - | ૧ પલ્યોપમ | શરીર ઉંચાઈ | - ૨૦૦૦ ધનુષ |
| ૨. | હરિવર્ષમાં | - | ૨ પલ્યોપમ | શરીર ઉંચાઈ | - ૪૦૦૦ ધનુષ |
| ૩. | દેવકુરુમાં | - | ૩ સાગરોપમ | શરીરની ઉંચાઈ | - ૬૦૦૦ ધનુષ |

**(પદ્મ ચરિત્ર પર્વ - ૧૦૨)**

❖ રાવણના વંશની ઉત્પત્તિઅજીતનાથ ભ.ના સમયમાં રામના વંશની ઉત્પત્તિ શીતલનાથ તી. ના સમયમાં (હરિવંશમાં) થયેલ.

**(પદ્મચરિત્ર ઉ ૨૧)**

❖ દશરથનો જન્મ થયા પછી એનાં પિતા દીક્ષા લે છે. દશરથ નાની ઉંમરમાં રાજગાદીએ બેસે છે. એક વખત નારદમુનિ દશરથ પાસે આવે છે ત્યારે દશરથે પૂછ્યું ક્યાંથી આવો છો ? નારદે કહ્યું હું હાલ

મહાવિદેહની પુંડરિક વિજયમાં સીમંધર સ્વામીની દીક્ષા જોઈને આવું છું. **(પદ્મચરિત્ર ઉ. ૨૩)**

❖ ભરતે એવો અભિગ્રહ કરેલો કે જ્યારે રામ અયોધ્યામાં આવશે ત્યારે હું દીક્ષા લઈશ. **(પદ્મચરિત્ર ઉ. ૩૨)**

❖ રામચંદ્રજીને એવો નિયમ હતો કે કોઈ જિનાલયમાં જઈ પ્રભુને નમસ્કાર કરે અથવા અણુવ્રત ધારણ કરે તેમને ઘણું દ્રવ્ય દાન આપતાં. **(પદ્મચરિત્ર ઉ. ૩૫)**

❖ એક શિકારી ભોજન માટે પક્ષીને મારે છે ત્યારે બે ખેડૂત તે પક્ષીને બચાવે તેથી પક્ષી બચી જાય છે. તે બે ખેડૂતો કાળ કરી મુનિસુવ્રત સ્વામીનાં શાસનમાં દેશભૂષણ કુલભુષણ નામનાં મુનિ થાય છે. રામ-લક્ષ્મણ પણ તેમની ધર્મ દેશના સાંભળે છે. **(પદ્મચરિત્ર ઉ. ૩૯)**

❖ જ્યારે હનુમાન વીંટી લઈ સીતા પાસે જાય છે અને કહે છે તું મારા ખભા ઉપર બેસ ! જેથી રામ પાસે લઈ જાઉં ત્યારે સીતાએ કહ્યું કે મારે પર પુરુષનો સ્પર્શ ન કરવો એવો નિયમ તો બેસવાની ક્યાં વાત. મારે તો એક જ રામ અથવા તો અગ્નિપ્રવેશ. **(પદ્મચરિત્ર ઉ. ૫૩)**

## અભિમન્યુનો ચકાવો

| | શેના કોઠા | મુખ્યયોદ્ધા | દરવાજા | ધ્વજા | શિખર | લડવૈયા | કુલયોદ્ધાઓ |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | પાષાણનો | દ્રોણગુરુ | ૧૦૦ | ૧૦૦ | ૧૦૦ | ૧૦૦ | ૧૦.૦૦૦ |
| ૨. | લોહવ્રજનો | કૃપાચાર્ય | ૨૦૦ | ૨૦૦ | ૨૦૦ | ૨૦૦ | ૪૦.૦૦૦ |
| ૩. | તાંબાનો | અશ્વત્થામા | ૩૦૦ | ૩૦૦ | ૩૦૦ | ૩૦૦ | ૯૦.૦૦૦ |
| ૪. | રૂપાનો | કર્ણ | ૪૦૦ | ૪૦૦ | ૪૦૦ | ૪૦૦ | ૧.૬૦.૦૦૦ |
| ૫ | સોનાનો | દુર્યોધન | ૫૦૦ | ૫૦૦ | ૫૦૦ | ૫૦૦ | ૨.૫૦.૦૦૦ |
| ૬. | સાત ધાતુનો | શલ્યરાજા | ૬૦૦ | ૬૦૦ | ૬૦૦ | ૬૦૦ | ૩.૬૦.૦૦૦ |
| ૭. | છાણ માટીનો | જયદ્રથ | ૭૦૦ | ૭૦૦ | ૭૦૦ | ૭૦૦ | ૪.૯૦.૦૦૦ |

**(આગમસારસંગ્રહ)**

## દેવદ્રવ્ય ભક્ષણના કારણે રૂદ્રદત્ત બ્રાહ્મણના ૧૪ ભવ

| ભવો | નારકીમાં | ભવો | તિર્યંચમાં |
|---|---|---|---|
| બીજો ભવ | ૭ મી માં | ત્રીજો ભવ | મત્સ્યમાં |
| ચોથો ભવ | છઠ્ઠીમાં | પાંચમો ભવ | સિંહમાં |
| છઠ્ઠો ભવ | પાંચમીમાં | સાતમો ભવ | સર્પમાં |
| આઠમો ભવ | ચોથીમાં | નવમો ભવ | વાઘમાં |
| દશમો ભવ | ત્રીજીમાં | અગીયારમો ભવ | ગરૂડાદિમાં |
| બારમો ભવ | બીજીમાં | તેરમો ભવ | ભૂજપરિસર્પમાં |
| ચૌદમો ભવ | પહલીમાં | પંદરમો ભવ | મનુષ્યમાં |

❖ આ રૂદ્રદત્ત બ્રાહ્મણ અંધકવૃષ્ણિનો જીવ હતો ૧૫ માં ભવે મનુષ્ય થઈ આલોચના લઈ શુદ્ધ થયો. **(દ્રવ્ય સપ્તતિકા)**

❖ જિન પૂજાની થતા લાભો.

❖ જિન પ્રતિમાની પૂજા કરવાથી સંસારનો ક્ષય થાય છે. **(આવશ્યક સૂત્ર)**

❖ જિન પ્રતિમાની પૂજા કરવાથી મોક્ષ પ્રાપ્તિ થાય છે. **(રાયપસેણીસૂત્ર)**

❖ જિનની ભક્તિ કરવાથી જીવ તીર્થંકર નામ કર્મ બાંધે છે. **(જ્ઞાતાસૂત્ર)**

## દેવદ્રવ્યની ૧૦૦૦ કાંકણીનો ઉપભોગ કરનાર સાગર શેઠના ભાવો...

સાગર શેઠ સાતે નરકમાં વચ્ચે તિર્યંચનો ભવ કરી બે વાર ઉત્પન્ન થયા ત્યારપછી

| | | | |
|---|---|---|---|
| ૧૦૦૦ ભવ | - ગાડરના | ૧૦૦૦ ભવ | - કીડાના |
| ૧૦૦૦ ભવ | - ભેંસના | ૧૦૦૦ ભવ | - સસલાના |
| ૧૦૦૦ ભવ | - પૃથ્વીકાયના | ૧૦૦૦ ભવ | - પતંગીયાના |
| ૧૦૦૦ ભવ | - મૃગલાના | ૧૦૦૦ ભવ | - અપ્કાયમાં |
| ૧૦૦૦ ભવ | - બળદના | ૧૦૦૦ ભવ | - શિયાલના |
| ૧૦૦૦ ભવ | - તેઉકાયમાં | ૧૦૦૦ ભવ | - ઊંટના |

| | | | |
|---|---|---|---|
| ૧૦૦૦ ભવ | - બિલાડાના | ૧૦૦૦ ભવ | - વાયુકાયના |
| ૧૦૦૦ ભવ | - ખચ્ચરના | ૧૦૦૦ ભવ | - ઉંદરના |
| ૧૦૦૦ ભવ | - વનસ્પતિમાં | ૧૦૦૦ ભવ | - ઘોડાના |
| ૧૦૦૦ ભવ | - નોળિયાના | ૧૦૦૦ ભવ | - શંખમાં |
| ૧૦૦૦ ભવ | - હાથીના | ૧૦૦૦ ભવ | - કોળનાં |
| ૧૦૦૦ ભવ | - છીપમાં | ૧૦૦૦ ભવ | - માખીના |
| ૧૦૦૦ ભવ | - ગરોળીનાં | ૧૦૦૦ ભવ | - માછલાનાં |
| ૧૦૦૦ ભવ | - ભમરાનાં | ૧૦૦૦ ભવ | - સાપનાં |
| ૧૦૦૦ ભવ | - કાચબાના | | |

છેલ્લે મનુષ્ય થઈ જે દ્રવ્ય કમાયું તે દ્રવ્ય દેવદ્રવ્યમાં આપ્યું પછી તેને જિનનાકર્મ બાંધ્યું ત્યાં દીક્ષા લઈ દેવનો ભવ કરી મહાવિદેહમાં તીર્થંકર પદવી ભોગવી સિદ્ધિપદ ને પ્રાપ્ત થયા. **(દ્રવ્ય - સપ્તતિકા)**

## પાંચશો (૫૦૦)ની સંખ્યાવાળા પ્રશ્નો

૧. ૫૦૦ ધનુષ શરીર પ્રમાણવાળા પ્રથમ રાજા કોણ થયા ? **(ઋષભદેવ)**

૨. ૫૦૦ ધનુષ શરીર પ્રમાણવાળા બે ભાઈઓ કોણ થયા ? **(ભરત-બાહુબલી)**

૩. ૫૦૦ ધનુષ શરીર પ્રમાણવાળા બે બહેનો કોણ થઈ ? **(બ્રાહ્મી-સુંદરી)**

૪. ૫૦૦ યોજન ઉંચા વિમાનો કયા દેવલોકમાં ? **(સૌધર્મ દેવલોકમાં)**

૫. ૫૦૦ યોજન ઉંચા મહેલ કયા દેવલોકમાં ? **(સૌધર્મ દેવલોકમાં)**

૬. ૫૦૦ પાડાનો વધ રોજ કરનાર કોણ ? **(કાલસૌરિક કસાઈ)**

૭. ૫૦૦ યોજન લાંબી માછલી કયા સમુદ્રમાં ? **(લવણ સમુદ્રમાં)**

૮. ૫૦૦ મંત્રી કયા રાજાના હતા ? (વીરપ્રભુના સમયે) **(શ્રેણીક રાજા)**

૯. ૫૦૦ સોનાની ઈંટ વસ્તુપાલે કોના પાસેથી જીતેલ ? **(ખંભાતના સદીક પાસેથી)**

૧૦. ૫૦૦ સાગરોપમનું પાપ કેવી રીતે નાશ પામે ? **(સંપૂર્ણ નવકાર ગણવાથી)**

૧૧. ૫૦૦ ધનુષની અવગાહનાવાળા તીર્થંકર વર્તમાને ક્યાં ?
(મહાવિદેહમાં)

૧૨. ૫૦૦ યોજન વિસ્તારવાળી નદીઓ કઈ ? (સીતા-સીતોદા)

૧૩. ૫૦૦ યોજન વિસ્તારવાળું વન કયું ? (પાંડુક વન)

૧૪. ૫૦૦ યોજન સુધી દુર્ગંધ કયા લોકની ઉછળે છે ? (મનુષ્ય લોકની)

૧૫. ૫૦૦ માટીના વાસણોની દુકાનો કયા શ્રાવકને હતી ? (સદાલપુત્રને)

૧૬. ૫૦૦ યોજન પહોળા કયા પર્વતો છે ? (વક્ષસ્કાર)

૧૭. ૫૦૦ સોનામહોર સત્યવાત કહેનારને કયો રાજા આપતો ?
(વિક્રમરાજા)

૧૮. ૫૦૦ શ્લોક એક જ દિવસમાં બનાવવાની શક્તિ કોનામાં હતી ?
(મદન કીર્તિમુનિ દિગમ્બર)

૧૯. ૫૦૦ સિંહાસન કયા મંત્રીએ બનાવ્યા ? (વસ્તુપાલ મંત્રી)

૨૦. ૫૦૦ પાલખીઓ કોના સંઘમાં હતી ? (વસ્તુપાલના)

૨૧. ૫૦૦ બ્રાહ્મણ વેદપાઠ કયા મંત્રીના મઠમાંકરતા ? (વસ્તુપાલના)

૨૨. ૫૦૦ પુરુષો સાથે દીક્ષા કયા ભગવાને લીધેલી ? (સુપાર્શ્વનાથ)

૨૩. ૫૦૦ સોનાનાં જિનાલયો કયા રાજાએ બનાવેલા ? (સોમદેવ રાજાએ)

૨૪. ૫૦૦ મુમુક્ષો સાથે કયા આચાર્યે સંયમ લીધેલ ? (રત્નપ્રભસૂરિ)

૨૫. ૫૦૦ શ્લોક માત્ર છ ઘડીમાં કયા આચાર્ય કરતાં ? (ધર્મઘોષસૂરિ)

૨૬. ૫૦૦ જિનાલયનો વહીવટ ગૃહસ્થપણામાં કયા આચાર્ય કરતાં ?
(ધર્મઘોષસૂરિ)

૨૭. ૫૦૦ અર્થ એક શ્લોકના કોણે કરેલા ? (ઉપા. લાભવિજયે)

૨૮. ૫૦૦ ચોરોની સાથે દીક્ષા કોણે લીધેલી ? (બાહુબલીજી)

૩૦. ૫૦૦ કથાઓ કયા ગ્રંથમાં આવે છે ? (પ્રબંધ પંચશતીમાં)

૩૧. ૫૦૦ ઘોડાઓ કયા રાજાએ સાધર્મિકને ભેટ આપ્યા ?
(કુમારપાલ રાજાએ)

૩૨. ૫૦૦ ગામોનો સ્વામી કયો રાજા ? (શ્રીધર રાજા)

૩૩. ૫૦૦ વખારના માલિક કયા શેઠ હતા ? (ગંધારના રામજી શેઠ)

૩૪. ૫૦૦ ક્ષત્રીઓ સાથે સંયમી કોણ બનેલ ? (વીરપ્રભુ વખતે) **(જમાલી)**

૩૫. ૫૦૦ પુત્રોને કયા ચક્રવર્તીએ દીક્ષા અપાવેલ ? **(ભરતચક્રીએ)**

૩૬. ૫૦૦ યોજન ઉંચા નારકોને કયા પરમાધામી ઉછાલે ? **(અંબ)**

૩૭. ૫૦૦ શિષ્ય કયા આચાર્યના ઘાણીમાં પીલાયા ? **(સ્કંધકાચાર્યના)**

૩૮. ૫૦૦ વાહન, રથ, દુકાન, ઘોડા કયા શેઠની પાસે હતા ? **(ધન્નાશેઠ)**

૩૯. ૫૦૦ રાણી સાથે કયો રાજા વીરપ્રભુને વંદન કરવા ગયેલ ? **(પ્રદેશી રાજા)**

૪૦. ૫૦૦ જાતના વાજીંત્ર કયા શેઠ પાસે હતા ? **(મહેશ્વર દત્ત)**

૪૧. ૫૦૦ હાથી દાંતના જિનાલયો કયા રાજાના સંઘમાં હતા ? **(વિક્રમ રાજા)**

૪૨. ૫૦૦ સોનાનાં જિનાલયો કયા રાજાના સંઘમાં હતા ? **(કૃષ્ણ મહારાજા)**

૪૩. ૫૦૦ ભટોની સાથે કયા શેઠ શત્રુંજયે કેવલી બન્યા ? **(ધન શેઠ)**

૪૪. ૫૦૦ ચોરોને કોણે પ્રતિબોધ પમાડેલ ? **(જંબુ સ્વામીએ)**

૪૫. ૫૦૦ યોજન લાંબી(૪) અભિષેક શિલાઓ ક્યાં આવેલી ? **(પાંડુક વનમાં)**

૪૬. ૫૦૦ ધનુષ વિસ્તારવાળા મંડળો તમિસ્ર્ ગુફામાં કેટલા ? **(ઓગણ પચાસ)**

૪૭. ૫૦૦ હળચાલકોને આહારની અંતરાય પૂર્વભવમાં કોના જીવે આપેલી? **(ઢંઢણઋષિ)**

૪૮. ૫૦૦ ગાડાઓ ભરીને પૂર્વભવમાં કોના જીવે ખેંચેલા ? **(શૂળપાણી યક્ષે)**

૪૯. ૫૦૦ ધનુષ પ્રમાણ દેહવાળા નારકના જીવો કઈ નરકમાં છે ? **(સાતમી નરકમાં)**

૫૦. ૫૦૦ ધનુષ પ્રમાણ પહોળી પદ્મવર વેદિકા ક્યાં આવેલી ? **(જગતી ઉપર મધ્યમાં)**

૫૧. ૫૦૦ હસ્તિ ભક્ષક બૌદ્ધ તાપસોને કોણ ઉપદેશ આપી પ્રભુ પાસે લઈ જાય છે ? (આર્દ્રકુમાર)

૫૨. ૫૦૦ પદસ્થ સાધુઓને શ્રેષ્ઠ વસ્ત્ર કોણે વહોરાવેલા ? (દેસલ સંઘવીએ)

૫૩. ૫૦૦ સાધુઓને મારવા માટે પાણીમાં ઝેર કોણે નાંખેલું ? ((રૂદ્ર) ક્ષુલ્લક મુનિએ)

૫૪. ૫૦૦ અખંડ આંબિલ તપની આરાધના કોણે કરેલ ? (ચંદ્રકેવલી સુલસના ભવે)

૫૫. ૫૦૦ સાધુઓ રોજ કોના ઘેર વહોરવા જતાં ? (વસ્તુપાલ મંત્રીને)

૫૬. ૫૦૦ ચોરો કોના દર્શનથી સંયમી બનેલ ? (કપીલ કેવલીના)

૫૭. ૫૦૦ જિન મંદિરો કઈ નગરીમાં હતા ? (તક્ષશીલામાં)

૫૮. ૫૦૦ સાધુ સાથે શત્રુંજય તીર્થે કોણ મોક્ષ પામેલ ? (સેલકાચાર્ય)

૫૯. ૫૦૦ ધનુષ પ્રમાણ ઉંચી શાશ્વતી પ્રતિમાઓ ક્યાં ? (તિર્છાલોકમાં)

૬૦. ૫૦૦ ધનુષ પ્રમાણ લાંબા ઝરોખાં ક્યાં આવેલા ? (જંબુદ્વિપની જગતી પર)

૬૧. ૫૦૦ ગ્રંથના રચયિતા કોણ હતા ? (ઉમાસ્વાતિવાચક)

૬૨. ૫૦૦ શિષ્ય કયા ગણધરને હતા ? (ગૌતમ ગણધરને)

૬૩. ૫૦૦ પંડિતો અને પ્રધાનો કોના દરબારમાં હતા ? (અકબર બાદશાહના)

૬૪. ૫૦૦ સેનાનો અધિપતિ કોણ હતો ? (રામદાસ કચ્છવાહ)

૬૫. ૫૦૦ ચકલાની જીભ ખાનાર અકબરને કોણે સુધાર્યો ? (આ. હીરસૂરિએ)

૬૬. ૫૦૦ ઘોડાઓ કાયમને માટે સાથે રાખનાર કોણ ? (વીરજી પોરવાલ)

૬૭. ૫૦૦ જિનાલયો કયા આચાર્યે ઉપદેશ આપી કરાવેલા ? (વિજયહીરસૂરિજી)

૬૮. ૫૦૦ સાધુઓ કયા યુગપ્રધાન આચાર્યને હતા ? (સ્થૂલભદ્રસૂરિને)

૬૯. ૫૦૦ મંત્રીઓ અને રાણીઓ પર ક્રોધ કરી કોણે તલવાર ચલાવી ?
**(મહારાજ અશોકે)**

૭૦. ૫૦૦ ભાટચારણો કયા બાદશાહની બિરૂદાવલી બોલાવતાં ?
**(અકબર બાદશાહ)**

૭૧. ૫૦૦ વિસલપ્રિય નાણાંનો દરરોજ કયા જિનાલયે ભોગ થતો ?
**(પાલનપુરના જિનાલયે)**

૭૨. ૫૦૦ પત્નીઓ હોવા છતાં અપ્સારા યુગલને મેળવવા અગ્નિમાં કોણે પ્રવેશ કર્યો ? **(કુમારનંદિ સોનીએ)**

૭૩. ૫૦૦ વહાણો, ગાડાઓ, દુકાનો, ગોકુળો કયા શેઠ પાસે હતા ?
**(મહેશ્વરદત્ત શેઠ)**

૭૪. ૫૦૦ ઘરો, દુકાનો, વહાણોથી વધારે ન રાખવાનો નિયમ કયા રાજાએ લીધેલ ? **(કુમાર પાલ રાજાએ)**

૭૫. ૫૦૦ માંસ-પેશીઓ કોના શરીરમાં હોય ? **(પુરુષના)**

૭૬. ૫૦૦ સાધુઓને પંડિત પદ કયા આચાર્યે આપેલા ?
**(વિજય દેવસૂરિએ)**

૭૭. ૫૦૦ ગામો બાહડ મંત્રીને કયા રાજાએ ભેટ આપેલા ?
**(સિદ્ધરાજ જયસિંહે)**

૭૮. ૫૦૦ હળ વીરપ્રભુના કયા શ્રાવક પાસે હતા ? **(આનંદ શ્રાવક)**

૭૯. ૫૦૦ ઘોડાઓ એ પાડાઓ કોના સંઘમાં હતા ? **(ગુણરાજ શ્રાવક)**

૮૦. ૫૦૦ દ્રમક દરરોજ કોણ દાનમાં આપતું ? **(અંબડ શ્રાવક)**

૮૧. ૫૦૦ ઉક્કડ ઢેઢ જાતિના સંઘપતિઓ કયા તીર્થે ગયેલા ?
**(શત્રુંજય તીર્થે)**

૮૨. ૫૦૦ સુંદર સલાટો કોને ત્યાં કામ કરતાં ? **(વસ્તુપાલના મંત્રીને)**

૮૩. ૫૦૦ બ્રાહ્મણો દરરોજ કોના ઘેર ભોજન લેતાં ? **(વસ્તુપાલ મંત્રીને)**

૮૪. ૫૦૦ મુનીઓને નિર્દયતાથી પીલી નાંખનાર પાપી પ્રધાન કોણ ?
**(પાપી પાલક)**

૮૫. ૫૦૦ મંત્રી કયા રાજાને હતા ? (નેમનાથ પ્રભુના સમયે)
**(શેલકરાજર્ષિને)**

૮૬. ૫૦૦ વર્ષના આયુષ્યવાળા કયા શ્રાવકને ૩૨ પત્નીઓ હતી ?
**(જૂઠલ શ્રાવકને)**

૮૭. ૫૦૦ વર્ષની કેવલ પર્યાય કઈ સાધ્વીની હતી ?
**(રાજીમતી સાધ્વીને)**

૮૮. ૫૦૦ મહેલો પોતાની પુત્રવધુઓ માટે કોને બનાવેલા ?
**(અદીનશત્રુ રાજાએ)**

૮૯. ૫૦૦ યોજન ઉંચી મણિપિઠીકા કયા વિમાનમાં છે ?
**(સાર્વાર્થસિદ્ધ વિમાનમાં)**

૯૦. ૫૦૦ ધનુષની અવગાહનાવાળા તીર્થંકર વર્તમાને કયા વિચરે છે ?
**(મહાવિદેહમાં)**

૯૧. ૫૦૦ ગાડા ભરી આહાર કોણે મંગાવેલો ? **(ભરત મહારાજાએ)**

૯૨. ૫૦૦ સોનામહોરથી વેશ્યાને ત્યાં કઈ રાજકુમારી વેંચાણી ?
**(વસુમતી)**

૯૩. ૫૦૦ યોજન વિસ્તારવાળું વન કયું ? **(નંદનવન)**

૯૪. ૫૦૦ હળ (ખેતીમાટે) રાખવાની છૂટ કયા શ્રાવકને હતી ?
**(આનંદ શ્રાવકને)**

૯૫. ૫૦૦ ગાડા કયા તીર્થંકરના જીવને પૂર્વભવમાં હતા ?
**(ઋષભદેવ પ્રભુને ધન્નાસાર્થવાહના ભવે)**

૯૬. ૫૦૦ નદીના પુરમાંથી પાર ઉતારતા બળદ મરણતોલ કયા ગામમાં થયેલ ? **(વર્ધમાન ગામમાં)**

૯૭. ૫૦૦ ગાડા (યાત્રા માટે) રાખવાની છૂટ કયા શ્રાવકને હતી ?
**(આનંદ શ્રાવક)**

૯૮. ૫૦૦ અખંડ આંબિલની આરાધના પૂર્વભવમાં કઈ સતીએ કરેલી ?
**(દમયંતીએ)**

૯૯. ૫૦૦ વર્ષ સુધીનો કાળ કુમારવસ્થામાં કયા ચક્રવર્તીનો હતો ?
**(મહાપદ્મચક્રી)**

૧૦૦. ૫૦૦ વર્ષ સુધીનો કાળ માંડલિકપણામાં કયા ચક્રવર્તીનો હતો ?
**(મહાપદ્મચક્રી)**

૧૦૧. ૫૦૦ વર્ષ સુધીનો દિગ્વિજય કાળ કયા ચક્રવર્તીનો હતો ? **(સુભુમચક્રી)**

૧૦૨. ૫૦૦ યોજન ઉંચાઈ કયા વિમાનની છે ? **(પાલક વિમાન)**

૧૦૩. ૫૦૦ પત્નીઓ કયા ચક્રવર્તીને પૂર્વભવમાં હતી ? **(સનત્કુમારચક્રી)**

૧૦૪. ૫૦૦ યોજન ઉંચો ઈશાનેન્દ્રનો મહેલ કયાં આવેલો છે ? **(ભદ્રશાલ વનમાં)**

૧૦૫. ૫૦૦ શિષ્યોના ગુરૂ જેઓએ પ્રમાદનું સેવન કરેલું ? **(શેલકરાજર્ષિ)**

૧૦૬. ૫૦૦ શિષ્યોના ગુરૂ જેઓને આઠ કર્મોનો સંશય હતો ? **(અગ્નિભૂતિ)**

૧૦૭. ૫૦૦ શિષ્યોના ગુરૂ દશવેકાલિક સૂત્રના રચયિતા ? **(શય્યંભવસૂરિ)**

૧૦૮. ૫૦૦ શિષ્યોના ગુરૂ જેઓ અભવ્ય આચાર્ય હતા ? **(અંગારમર્દકાચાર્ય)**

૧૦૯. ૫૦૦ શિષ્યોના ગુરૂ જેઓના શિષ્યો ગળીયા બળદ જેવા હતાં ? **(ગર્ગાચાર્ય)**

૧૧૦. ૫૦૦ મોટી ઉંમરવાળા સાધુઓને નાની ઉંમરવાળા કયા સાધુએ ભણાવેલા ? **(વજસ્વામી)**

૧૧૧. ૫૦૦ રાજકુમારો સાથે નાટક કરતાં કેવલજ્ઞાન કોને થયું ? **(અષાઢભૂતિ)**

૧૧૨. ૫૦૦ શિષ્યો સાથે કયા ગુરૂ મોક્ષે પધાર્યા ? **(સેલકરાજર્ષિ)**

૧૧૩. ૫૦૦ સાધ્વીઓએ કયા તીર્થંકર પાસે દીક્ષા લીધી ? **(મલ્લીનાથ)**

૧૧૪. ૫૦૦ ભાઈઓએ એક સાથે કયા તીર્થંકર પાસે દીક્ષા લીધી ? **(ઋષભદેવ)**

૧૧૫. ૫૦૦ ચૌદપૂર્વધર સાધુઓ કયા તીર્થંકરના પરિવારમાં હતા ? **(મુનિ સુવ્રતસ્વામી)**

૧૧૬. ૫૦૦ મનઃપર્યવજ્ઞાની કયા તીર્થંકરના પરિવારમાં હતા ? **(મહાવીર પ્રભુના)**

૧૧૭. ૫૦૦ દેવ મંત્રી કયા ઈન્દ્રના હોય છે ? (શકેન્દ્ર મહારાજાને)

૧૧૮. ૫૦૦ ધનુષ્યની અવગાહનાવાળા એક સમયમાં કેટલા સિદ્ધ થાય ? (બે)

૧૧૯. ૫૦૦ શિષ્યોના ગુરૂ જમાલી શુદ્ધ ચારિત્ર પાળવા છતાં કિલ્બીષકદેવ પણું શાથી પામ્યા ? (ઉત્સૂત્રપ્રરૂપણાથી)

૧૨૦. ૫૦૦ શિષ્યોના ગુરૂ જેઓ વિમલનાથ ભ.ના પ્રશિષ્ય હતા ? (ધર્મઘોષમુનિ)

૧૨૧. ૫૦૦ શિષ્યોના ગુરૂ જેમના બધા શિંષ્યો અવિનયવંત હતા ? (કાલકાચાર્ય)

૧૨૨. ૫૦૦ શિષ્યોના ગુરૂ જેઓએ પ્રજ્ઞા પરિષહ સહન કરેલ ? (કાલિકાચાર્ય)

૧૨૩. ૫૦૦ સાધુ કયા આચાર્ય પાસે શ્રુત ભણવા નેપાલમાં ગયેલા ? (ભદ્રબાહુ સ્વામી)

૧૨૪. ૫૦૦ સૈનિકોને કયા રાજાએ પોતાના પુત્ર મુનિ થતાં રક્ષણ માટે મોકલેલ ? (ખંધકઋષિના પિતાએ)

૧૨૫. ૫૦૦ ચોકિયાતોને કયા રાજાએ. પોતાનો પુત્ર નાશી ના જાય તે માટે રાખેલ ? (આર્દ્ર રાજાએ)

૧૨૬. ૫૦૦ અભ્યંતર પરિષદના દેવો કયા ઈન્દ્રના હોય છે ? (સહસેન્દ્ર)

૧૨૭. ૫૦૦ મધ્યમ પરિષદના દેવો કયાં ઈન્દ્રના હોય છે ? (પ્રાણતેન્દ્ર)

૧૨૮. ૫૦૦ બાહ્ય પરિષદના દેવીઓ કયાં ઈન્દ્રની હોય છે ? (શકેન્દ્ર)

૧૩૦. ૫૦૦ યોજનની પહોળાઈવાળો પદ્મ દ્રહ(કુંડ) ક્યાં આવેલ ? (ચુલ્લુહિંમવંતપર્વત)

૧૩૧. ૫૦૦ યોજનની પહોળાઈવાળો પુંડરિકદ્રહ(કુંડ) ક્યાં આવેલ ? (શિખરીપર્વત)

૧૩૨. ૫૦૦ યોજન સુધીનું અવધિજ્ઞાન કયા શ્રાવકને થયેલ ? (આનંદ શ્રાવકને)

૧૩૩. ૫૦૦ યોજન ઉંચા ઈન્દ્ર ધ્વજવાળા વિમાનમાં બેસી કયો ઈન્દ્ર પ્રભુનો જન્મોત્સવ કરે ? (ચમરેન્દ્ર)

૧૩૪. ૫૦૦ ધનુષ પહોળા, લાંબા શાશ્વતા સિંહાસનો કયા છે ?
**(પંડગવનમાં)**

૧૩૫. ૫૦૦ મંત્રીઓના નાયક જેમને નીચે ૧,૭૧,૦૦૦ ગામો હતા ?
**(અભયકુમાર)**

૧૩૬. ૫૦૦ શિષ્યોએ કયા આચાર્યની આશાતના કરેલ ? **(ગર્ગાચાર્ય)**

૧૩૭. ૫૦૦ શિષ્યોના ગુરૂ કોણ જેઓ પાર્શ્વનાથ તી. ના ગણધર હતા?
**(કેશીગણધર)**

૧૩૮. ૫૦૦ ચોરોનો સરદાર જે ભાગતાં ભાગતાં ભગવાન થઈ ગયો ?
**(ચિલાતી ચોર)**

૧૩૯. ૫૦૦ પાડા બરાબર કોનું બળ હોય ? **(એક હાથીનું)**

૧૪૦. ૫૦૦ હાથી બરાબર કોનું બળ હોય ? **(એક સિંહનું)**

૧૪૧. ૫૦૦ તાપસો જેઓ ૧ ઉપવાસની તપસ્યા કરતા તેમના ગુરૂ કોણ?
**(કોડિનીતાપસ)**

૧૪૨. ૫૦૦ તાપસો જેઓ ૨ ઉપવાસની તપસ્યા કરતા તેમના ગુરૂ કોણ?
**(દિન્નતાપસ)**

૧૪૩. ૫૦૦ તાપસો જેઓ ૩ ઉપવાસની તપસ્યા કરતાં તેમના ગુરૂ કોણ?
**(સેવાલ તાપસ)**

૧૪૪. ૫૦૦ ધનુષ્યની અવગાહનાવાળા હાથીઓ કયાં હોય છે ?
**(મહાવિદેહમાં)**

૧૪૫. ૫૦૦ સુથારો કોના સંઘમાં સાથે હતા ? **(વસ્તુપાલ મંત્રીનાં)**

૧૪૭. ૫૦૦ દેવ વિમાનોનો સ્વામી કોણ જેને વીરપ્રભુ પાસે દીક્ષા લીધેલ?
**(ધન્ના શેઠ)**

૧૪૮. ૫૦૦ દેવતાઓ એકી સાથે કયા ઘંટને વગાડે ? **(સુઘોષા ઘંટ)**

૧૪૯. ૫૦૦ તાપસોને પ્રતિબોધી જૈની દીક્ષા કોણે આપેલી ?
**(સમીત સૂરિએ)**

૧૫૦. ૫૦૦ શિષ્યોના ગુરુ સાંડેરગચ્છીયના ક્યા આચાર્ય હતા ?
**(ઈશ્વર સૂરિ)**

૧૫૧. ૫૦૦ પંડિતો કયા રાજાની સભામાં આવતા ? (ભોજ રાજા)

૧૫૨. ૫૦૦ મોટા અન્નક્ષેત્રો કોણે કરાવેલા ? (ભરત ચક્રીએ)

૧૫૩. ૫૦૦ હાથ ઉંચા સ્તંભને લીલામાત્રમાં કોણે ઉખાડેલો ? (નલ રાજાએ)

૧૫૪. ૫૦૦ તાપસોને કઈ મહાસતીએ બોધ પમાડેલા ? (દમયંતિ સતીએ)

૧૫૫. ૫૦૦ યોજન ઉંચું કયું વિમાન હોય છે ? (પાલક વિમાન)

૧૫૬. ૫૦૦ આચાર્યો કોના સંઘમાં હતા ? (પેથડ મંત્રીના)

૧૫૭. ૫૦૦ પત્નીઓ રઘુવંશમાં કયા રાજાને હતી ? (દશરથ રાજાને)

૧૫૮. ૫૦૦ યોજન ઉંચો કિલ્લો કયા દેવનો છે ? (સૂર્યાભદેવનો)

૧૫૯. ૫૦૦ ધનુષ્ય દેહપ્રમાણવાળા તીર્થંકરો હાલ ક્યાં વિચરે છે ? (મહાવિદેહમાં)

૧૬૦. ૫૦૦ કુટુંબોને કોને પ્રતિબોધ પમાડેલ ? (વિજય દેવસૂરિએ)

૧૬૧. ૫૦૦ પૌષધશાળાઓ કયા મંત્રીએ બંધાવેલ ? (વસ્તુપાલ મંત્રી)

૧૬૨. ૫૦૦ પાઠશાળાઓ કયા મંત્રીએ બંધાવેલ ? (વસ્તુપાલ મંત્રી)

૧૬૩. ૫૦૦ ઉપાશ્રયો કયા મંત્રીએ બંધાવેલ ? (વસ્તુપાલ મંત્રી)

૧૬૪. ૫૦૦ ધનુષ્યની કાયાવાળો મત્સ્ય કોણ થયેલ ? (સાગર શેઠ)

૧૬૫. ૫૦૦ વહાણોને કોણે તરાવેલા ? (શ્રીપાલ રાજાએ)

૧૬૬. ૫૦૦ ઉચ્ચકોટિના ઘોડાઓ ભીમદેવ રાજાને કોણે આપેલા ? (વિમલ શાહને)

૧૬૭. ૫૦૦ વર્ષ સુધીનો પર્યાય કોને હતો ? (રહનેમિ અને રાજીમતીનો)

૧૬૮. ૫૦૦ હાથી, ઉંટ અને ઘોડાએ કોના સંઘમાં હતા ? (સં. હેમરાજ)

૧૬૯. ૫૦૦ ગાડાઓ કોના સંઘમાં હતા ? (સં. દેવરાજ)

૧૭૦. ૫૦૦ સ્ત્રી પુરુષોને દીક્ષા કોણે આપેલી ? (હેમવિમલસૂરિએ)

૧૭૧. ૫૦૦ મુમુક્ષો સાથે કયા વિદ્યાધરે સંયમ ગ્રહણ કરેલ ? (રત્નચૂડ વિદ્યાધરે)

૧૭૨. ૫૦૦ ધનુષ લાંબા સિંહાસન ઉપર કોનો જન્માભિષેક થાય ? (જિનેશ્વરનો)

૧૭૩. ૫૦૦ યોજન ઉંચી ૧૧ કૂટો કયા પર્વત ઉપર છે ? **(ચુલ્લ હિમવંત)**

૧૭૪. ૫૦૦ યોજન પહોળો કયો દ્રહ છે ? **(પદ્મદ્રહ)**

૧૭૫. ૫૦૦ ગામનો અધિકાર કયા મંત્રી પાસે હતો ? **(વિજય વર્ધનમંત્રી)**

૧૭૬. ૫૦૦ ગાડા કોના સંઘમાં હતા ? **(હિલ્હીના રથપતિ)**

૧૭૭. ૫૦૦ પુરુષોને એક જ સાથે કોને દીક્ષા આપેલ ? **(જિનદત્તસૂરિએ)**

૧૭૮. ૫૦૦ મુનિ સાથે કયા ભગવાન નિર્વાણ પદ પામ્યા ?
**(મલ્લીનાથ તી.)**

૧૭૯. ૫૦૦ હલ ગાડા કયા શ્રાવકને પરિગ્રહ પ્રમાણવ્રત્તમાં હતા ?
**(આનંદ શ્રાવક)**

૧૮૦. ૫૦૦ યોજન સુધીનું અવધિજ્ઞાન કોને થયેલ ? **(આનંદ શ્રાવક)**

૧૮૧. ૫૦૦ વાહન વ્યાપાર માટે કોની પાસે હતા ? **(સમુદ્રદત્ત)**

૧૮૨. ૫૦૦ વર્ષનું આયુષ્ય પુરું કરીને બીજી નરકે કોણ ગયેલ ?
**(ગોત્રાસપુત્ર)**

૧૮૩. ૫૦૦ સૌનેયા આપીને એક ગાથા કોણે ગ્રહણ કરેલ ? **(સાગરચંદ્ર)**

૧૮૪. ૫૦૦ સૌનેયા ઉત્પન્ન કરવાની શક્તિ કોનામાં હતી ? **(વયરસેન)**

૧૮૫. ૫૦૦ સવાલ જવાબો કયા પ્રશ્ન ઉપર થયેલા ?
**(નારી દેહ મોક્ષ નથી.)**

૧૮૬. ૫૦૦ પત્નીઓ કયા તીર્થંકરને પૂર્વમાં હતી ? **(મલ્લીનાથ તી.)**

૧૮૭. ૫૦૦ પત્ની ત્યાગી ૧૨ વર્ષ સંયમ પાળી મોક્ષે કોણ ગયા ?
**(સારણકુમાર)**

૧૮૮. ૫૦૦ પત્નીઓનો પતિ કોણ જેણે સુદત્તઅણગારને વહોરાવેલ ?
**(સુબાહુ)**

૧૮૯. ૫૦૦ પત્નીઓનો પતિ કોણ જેણે પૂર્વભવમાં યુગબાહુ તીર્થંકરને વહોરાવેલ ? **(ભદ્રનંદી)**

૧૯૦. ૫૦૦ પત્નીઓનો પતિ કોણ જે એક પત્નીમાં આસક્ત બની પત્નીઓને મારી નાંખી ? **(સિંહસેનરાજા)**

૧૯૧. ૫૦૦ રાણી કયા રાજાને હતી જેને વીરપ્રભુ પાસે દીક્ષા લીધેલ ?
**(દશાર્ણભદ્રરાજા)**

૧૯૨. ૫૦૦ સોનામહોરોથી દરેક કન્યાને ખરીદી ૫૦૦ કન્યા કોણે પરણી?
**(કુમાર નંદી સોની)**

૧૯૩. ૫૦૦ રથમાં ૫૦૦ રાણીઓને બેસાડી વીરપ્રભુને વંદન માટે કોણ ગયેલ ? **(દશાર્ણભદ્રરાજા)**

૧૯૪. ૫૦૦ વર્ષની કેવલ પર્યાય કયા દિયર-ભોજાઈની હતી ?
**(રહનેમી-રાજીમતી)**

૧૯૫. ૫૦૦ વર્ષની આયુવાળા કયા શ્રાવકને તેમની પત્નીઓએ બાળી નાંખેલા ? **(જુઠલ શ્રાવક)**

૧૯૬. ૫૦૦ ગામ પોતાની કુંવરી સાથે શતાનીકરાજાએ કોણે આપેલ ?
**(ધન્યકુમારને)**

૧૯૭. ૫૦૦ ગામ ઈનામમાં મળવા છતાં કયા રાજાએ લીધા નહીં ?
**(નળરાજાએ)**

૧૯૮. ૫૦૦ રાજકુમારો સાથે મુનિસુવ્રત પાસે કોણ સંયમી બનેલ ?
**(સ્કંધકુમાર)**

૧૯૯. ૫૦૦ શ્લોક એક રાતમાં કોણે કંઠસ્થ કરેલ ? **(ધર્મસિંહમુનિ)**

૨૦૦. ૫૦૦ ચોરોનો સેનાપતિ કોણ જેને ૮ પત્ની હતી ? **(અભગ્ગસેન)**

૨૦૧. ૫૦૦ ચોરોનો પ્રમુખ કોણ જેને કપીલ કેવલીને નાચવા-ગાવા માટે કહેલ ? **(બળભદ્ર)**

૨૦૨. ૫૦૦ શિષ્યોના ગુરૂ કોણ જેઓ ધર્મ ખાતર શહીદ થયેલ ?
**(કાલકાચાર્ય બીજા)**

૨૦૩. ૫૦૦ ધનુષ્યનું અંતર જ્યોતિષી દેવોમાં કયા દેવોનું હોય છે ?
**(તારાદેવનું)**

૨૦૪. ૫૦૦ સોનામહોર ગુરુ ભગવંત સામે ગહુંલી ઉપર કોણે મુકેલ ?
**(સોમદેવ શ્રાવકે)**

૨૦૫. ૫૦૦ માઈલ ઉંચું ચાંદીથી નિર્મિત કોનું વિમાન છે ? **(શુક્રનું)**

૨૦૬. ૫૦૦ માઈલ વિસ્તારવાળુ કોનું વિમાન છે ? **(મંગળનું)**

૨૦૭. ૫૦૦ પત્નીઓ છ ભાષાને જાણવાવાળી કયા રાજાને હતી ?
**(સાલીવાહન)**

૨૦૮. ૫૦૦ શિષ્યોના ગુરૂ કોણ જેઓ અનાર્ય દેશમાં જન્મેલા ? **(સુમંગલાચાર્ય)**

૨૦૯. ૫૦૦ ટાંક આપીને મુસ્લીમ પાસેથી પ્રતીમા કોણે મેળવી ? **(મેઘાશાહે)**

૨૧૦ ૫૦૦ ધનુષ્યની અવગાહનાવાળા જીવો કયા આરામાં હોય છે ? **(મહાવિદેહમાં)**

૨૧૧. ૫૦૦ ધનુષ્યની અવગાહનાવાળા જીવો કયા આરામાં હોય ? **(ચોથાઆરામાં)**

૨૧૨. ૫૦૦ ચૌદપૂર્વીઓ કયા ભગવાનને હતા ? **(વીરપ્રભુને)**

૨૧૩. ૫૦૦ મનઃપર્યવજ્ઞાની કયા તી.ને હતા ? **(વીરપ્રભુને)**

૨૧૪. ૫૦૦ યોજન મૂળમાં પહોળા કયા પર્વત છે ? **(ગજદંતાપર્વત)**

૨૧૫. ૫૦૦ યોજન પૂર્વ પશ્ચિમ લાંબા કયા પર્વતો છે ? **(૧૬ વક્ષસ્કાર)**

૨૧૬. ૫૦૦ યોજન ઉંચા વક્ષસ્કાર પર્વતો કેવા છે ? **(રત્નમય)**

૨૧૭. ૫૦૦ યોજન ઉંચા શિખરો કયા પર્વતના છે ? **(૧૬ વક્ષસ્કાર)**

૨૧૮. ૫૦૦ યોજન ઉંચી ૯ કૂટો કયા પર્વતની છે ? **(નીલવંત)**

૨૧૯. ૫૦૦ યોજન દક્ષિણ ઉત્તર પહોળો કયો દ્રહ છે ? **(પુંડરીક દ્રહ)**

૨૨૦. ૫૦૦ શિષ્યોના ગુરૂ કોણ ? જેઓ ઈર્ષ્યાકારણે કાળ કરી નાગ બન્યા? **(નયશીલસૂરિ)**

૨૨૧. ૫૦૦ સાધુઓ સાથે વિચરતા કયા આચાર્યે છ વિગઈને ત્યાગી ? **(સોમસુંદરસૂરિ)**

૨૨૨. ૫૦૦ મંત્રીઓ દેવલોકમાં કોને હોય ? **(ઈન્દ્રમહારાજાને)**

૨૨૩. ૫૦૦ આંબિલના આરાધક કોણ જેઓ શંખેશ્વર તીર્થના અધિષ્ઠાયક દેવ થયા ? **(વર્ધમાનસૂરિ)**

૨૨૪. ૫૦૦ વર્ષથી અધિક પલ્યોપમનું જેટલું ઉત્કૃષ્ટ કઈ દેવીઓનું આયુ છે ? **(સૂર્યની દેવી)**

૨૨૫. ૫૦૦ ઘરના મનુષ્યોને કોણે પ્રતિબોધેલા ? કોરંટ ગામમાં. **(દેવસૂરિએ)**

૨૨૬. ૫૦૦ ઘોડા લઈને રાત્રીમાં પાટણથી કયા મંત્રી નીકળેલ ? **(વિમલમંત્રી)**

૨૨૭. ૫૦૦ પંક્તિમાં સોનાના વાસણો મૂકી સંઘની ભક્તિ કોણે કરી ? **(આભૂસંઘવી)**

૨૨૮. ૫૦૦ પંક્તિમાં ચાંદીના વાસણો મૂકી સંઘની ભક્તિ કોણે કરી ? **(આભૂસંઘવી)**

૨૨૯. ૫૦૦ શિષ્ય કયા ગણધરના શિષ્યને હતા ? **(શુભદત્ત ગણધર)**

૨૩૦. ૫૦૦ વખત 'પુંડરીક-કંડરીક' અધ્ય.નો રોજ સ્વાધ્યાય પૂર્વભવે કોણે કરેલ ? **(વજ્રકુમાર)**

૨૩૧. ૫૦૦ ચોર ચોરી કરવા કોને ઘેર આવેલા ? **(જંબુસ્વામીને ત્યાં)**

૨૩૨. ૫૦૦ પૌષધ હીરસૂરિજીની નિશ્રામાં કયાં નગરમાં થતા ?**(દીવબંદરે)**

૨૩૩. ૫૦૦ દુકાન મકાન-વાહન-ગાડાં કોને પરિગ્રહ વ્રતમાં હતા ? **(કુબેરશેઠને)**

૨૩૪. ૫૦૦ રાજપુત્રો સાથે સંયમ ગ્રહણ કરી પાર્શ્વનાથ તી.નો ગણધર કોણ થયો ? **(સોમરાજકુમાર)**

૨૩૫. ૫૦૦ પંડિતોનો રાજા કોણ જેને બહુશ્રુત પદની આરાધના કરેલ ? **(મહેન્દ્રપાલ)**

૨૩૬. ૫૦૦ શ્રેષ્ઠીપુત્રો સાથે કોણે દીક્ષા લીધેલ જે તીર્થંકર થશે ? **(વીરભદ્ર)**

૨૩૭. ૫૦૦ રોહિણી આદિ મહાવિદ્યા ૧૪ પૂર્વના કયા પૂર્વમાં આવે ? **(વિદ્યાપ્રવાદ)**

૨૩૮. ૫૦૦ ધનુષપ્રમાણ દેહમાન કોનું હોય ? **(૨૦ વિહરમાનનો)**

૨૩૯. ૫૦૦ મુમુક્ષો સાથે કયા ગણધરે દીક્ષા લીધેલ ? **(કેશીગણધરે)**

૨૪૦. ૫૦૦ મુનિ સાથે કયા આચાર્ય તૈલંગ દેશ બાજુ ગયેલા ? **(વૈકુંઠાચાર્ય)**

૨૪૧. ૫૦૦ મુનિઓ સાથે કયા આચાર્ય સિન્ધ-સૌવીર બાજુ ગયેલા ? **(ગર્ગાચાર્ય)**

૨૪૨. ૫૦૦ મુનિઓ સાથે કયા આચાર્ય કાશી-કૌશલ બાજુ ગયેલા ? **(યવાચાર્ય)**

૨૪૩. ૫૦૦ મુનિઓ સાથે કયા આચાર્ય અંગ-વંગ-કલીંગ બાજુ ગયેલા ? **(અર્હન્નાચાર્ય)**

૨૪૪. ૫૦૦ મુનિઓ સાથે કયા આચાર્ય મથુરા બાજુ ગયેલા ? **(કાશ્યપાચાર્ય)**

૨૪૫. ૫૦૦ મુનિઓ સાથે કયા આચાર્ય અવન્તી બાજુ ગયેલા ? **(શિવાચાર્ય)**

૨૪૬. ૫૦૦ મુનિઓ સાથે કયા આચાર્ય કોંકણ દેશ બાજુ ગયેલા ? **(પાલકાચાર્ય)**

૨૪૭. ૫૦૦ અંતેઉરી છોડીને જૈન દીક્ષા કોણે લીધેલ ? **(મહાબલરાજાએ)**

૨૪૮. ૫૦૦ અંતઉરી છોડીને જૈન દીક્ષા કોણે લીધેલ ? **(મહિચન્દ્રરાજાએ)**

૨૪૯. ૫૦૦ શિષ્યો સાથે નેપાલ દેશમાં કોણ ગયેલ ? **(ભદ્રબાહુ સ્વામી)**

૨૫૦. ૫૦૦ શિષ્યો સાથે પાંચાલ દેશમાં કોણ ગયેલ ? **(દેવગુપ્ત સૂરિ)**

૨૫૧. ૫૦૦ તાપસોને પ્રતિબોધી કોણે દીક્ષા આપેલ ? **(આર્યસમિતસૂરિ)**

૨૫૨. ૫૦૦ રાજકુમારો સાથે નાટક કરતા ૫૦૦ રાજકુમાર સાથે દીક્ષા કોણે લીધેલ ? **(અષાઢાભૂતિએ)**

૨૫૩. ૫૦૦ ક્ષત્રિયો સાથે નાટક કરતા ૫૦૦ રાજકુમાર સાથે દીક્ષા કોણે લીધેલ ? **(વિશ્વકર્માએ)**

૨૫૪. ૫૦૦ ધનુષ્ય લાંબી પહોળી મણીપિઠીકા કયાં આગળ છે ? **(જંબૂવૃક્ષ પર)**

૨૫૫. ૫૦૦ ધનુષ પ્રમાણવાળી ૧૦૮ જિન પ્રતિમા ક્યાં છે ? **(મણિપીઠીકા ઉપર)**

૨૫૬. ૫૦૦ ગચ્છમાં કયા સાધુ ફરી ફરી પાછા આવેલ ? **(નિમ્બકસાધુ)**

૨૫૭. ૫૦૦ સૌનેયા જુગારમાં કોણ હારેલો ? **(કુન્દ)**

૨૫૮. ૫૦૦ પીંછા પોપટના કોણે ખેંચેલા ? **(રત્નવતીએ)**

૨૫૯. ૫૦૦ વાર્તાઓ રત્નવતીને કોણ કીધેલી ? **(પોપટ પક્ષીએ)**

૨૬૦. ૫૦૦ દિવસનું આયુષ્ય બાકી છે એવું સાંભળી દિક્ષા કોણે લીધેલી?
**(સિંહ કેસરીએ)**

૨૬૧. ૫૦૦ મુનિ સાથે કયા આચાર્ય પાંડવોને પ્રતિબોધવા ગયેલ ?
**(ધર્મઘોષ સૂરિ)**

૨૬૨. ૫૦૦ રાજપુત્રો સહિત મથુરા ઉપર ચઢાઈ કરવા કોણ ગયેલ ?
**(કાળકુંવર)**

૨૬૩. ૫૦૦ ગામોનો અધિપતિ પૂર્વભવમાં કોણ હતો ? **(મૃગાપુત્ર)**

૨૬૪. ૫૦૦ યોજન પહોળી અંતરનદી ક્યાં આગળ છે ? **(પુષ્કરાર્ધમાં)**

૨૬૫. ૫૦૦ હાથીઓના બચ્ચાઓથી ઘેરાયેલો સૂવર સ્વપ્નમાં કોણે જોયેલો?
**(વિજયસેનસૂરિના શિષ્યે)**

૨૬૬. ૫૦૦ મુનિઓની આચાર્ય પદવી કયા તીર્થમાં થયેલ ?
**(ભોરોલ તીર્થ)**

૨૬૭. ૫૦૦ સાધુઓ કયા તીર્થની પ્રતિષ્ઠા વખતે હાજર હતા ?
**(રાણકપુર તીર્થ)**

૨૬૮. ૫૦૦ સાધુને વંદન-વેચાવચ્ચ કર્યા પછી જ આહાર પાણી કરવા એવો અભિગ્રહ છમાસ સુધી કોણે પાળેલ. (ગુણાગરે)

૨૬૯. ૫૦૦ રાણીઓને પૂર્વભવમાં કોણે મારેલ. **(ગંગદત્તે)**

૨૭૦. ૫૦૦ તાપસોનો સ્વામી પૂર્વભવમાં કોણ થયેલ ? **(ચંડકૌશિકનાગ)**

## ૧૦૦૦ ની સંખ્યાવાળા જ્ઞાન પ્રશ્નો

૧. ૧૦૦૦ ઉપવાસનું પુણ્ય કેવી રીતે પ્રાપ્ત થાય ? **(પરમાત્માને જોતાં)**

૨. ૧૦૦૦ પુરુષોની સાથે કેટલા તીર્થંકરોએ દીક્ષા લીધી ?
**(૧૨ તીર્થંકરોએ)**

૩. ૧૦૦૦ વર્ષ છદ્મસ્થકાળ કયા તીર્થંકરનો હતો ? **(ઋષભદેવ પ્રભુનો)**

૪. ૧૦૦૦ વર્ષનું આયુષ્ય કયા નારદનું હતું ? **(ઉન્નતમુખનું)**

૫. ૧૦૦૦ ગામોનું દાન પુજારીને કયા રાજાએ આપેલ ?
**(વિક્રમરાજાએ)**

૬. ૧૦૦૦ વર્ષ સુધી તપફળ ક્યારે પ્રાપ્ત થાય ? **(પ્રભુને વિલેપન કરતાં)**

૭. ૧000 થાંભલાવાળું જિનાલય શત્રુંજય ઉપર કોણે બનાવેલ ?
(રણવીર રાજાએ)
૮. ૧000 દ્રમ વસ્તુપાલ મંત્રીએ કોના પદમહોત્સવમાં વાપર્યો ?
(બાલચંદ્રસૂરિના)
૯. ૧000 શ્લોક બાળપણમાં કયા સૂરિ કંઠસ્થ કરતા ? (મૂનિ સુંદરસૂરિ)
૧૦. ૧000 અખંડ આંબિલ તપની આરાધના કોણે કરેલ ?
(ચંદ્રકેવલીની પૂર્વભવની પત્ની ભદ્રાએ)
૧૧. ૧000 તોલા મણિરત્નનું પરિગ્રહ પરિમાણ વ્રત કયા રાજાને હતું ?
(કુમારપાલ રાજાને)
૧૨. ૧000 બંદિવાનોને બંદિખાનામાંથી કોણે છોડાવેલા ? (સિંઘાવાસરાફે)
૧૩. ૧000 ગાયકોને શત્રુંજય ઉદ્ધાર વખતે કોણે ભેગા કરેલા ?
(સમરાશાસંઘવીએ)
૧૪. ૧000 સૂર્યોના નામોનું સ્તોત્ર દર રવિવારે કોણ સાંભળતા ?
(અકબર બાદશાહ)
૧૫. ૧000 ટાંક દ્રવ્ય માત્ર એક ધ્રુવપદથી ખુશ થઈને દાનમાં કોણે આપેલ?
(સમરસિંહે)
૧૬. ૧000 રાજપુત્રીઓ સાથે કોને દીક્ષ લીધેલ ? (સુદર્શનાએ)
૧૭. ૧000 યોજન લાંબા માછલા કયાં સમુદ્રમાં હોય છે ?
(સ્વયંભૂરમણ સમુદ્રમાં)
૧૮. ૧000 પલ્પોપમ જેટલું પાપ ક્યારે નાશ પામે ? (શત્રુંજયના ધ્યાનથી)
૧૯. ૧000 શ્લોક કયા આચાર્ય કંઠસ્થ કરતા ? (બપ્પભટ્ટીસૂરિ)
૨૦. ૧000 ઘોડેસ્વારો કોના સંઘમાં હતા ? (ઝાંઝણ મંત્રીના)
૨૧. ૧000 લુહારો કોના સંઘમાં હતા ? (ઝાંઝણ મંત્રીના)
૨૨. ૧000 મુનિવરોની સાથે કયા ભગવાન મોક્ષપદ પામ્યા ?
(સંભવનાથ)
૨૩. ૧000 શ્રાવકો જમી શકે તેટલી રસોઈમાં ૮000 શ્રાવકોને જમાવડવાની મંત્ર શક્તિ કોણે વાપરી ? (ઉપા. દેવચંદ્રજી)

૨૪. ૧૦૦૦ ગાયો બ્રાહ્મણોને કોને દાનમાં આપી ? **(વસ્તુપાલ મંત્રીએ)**

૨૫. ૧૦૦૦ થાંભલાવાળો ઉપાશ્રય કયા રાજાએ બનાવેલ ? **(આમરાજાએ)**

૨૬. ૧૦૦૦ ભિક્ષુકો-બ્રાહ્મણો દરરોજ કોને ત્યાં ભોજન લેતા ? **(વસ્તુપાલ મંત્રીને)**

૨૭. ૧૦૦૦ શ્રાવકો સાથે કયા રાજાએ ગિરનાર તીર્થે યાત્રા કરવાનો અભિગ્રહ કરેલ ? **(આમરાજાએ)**

૨૮. ૧૦૦૦ વખત સંઘ પૂજા કોણે કરેલી ? **(વસ્તુપાલ મંત્રીએ)**

૨૯. ૧૦૦૦ દાન શાળાઓ કોણે ખોલેલી ? **(વસ્તુપાલ મંત્રીએ)**

૩૦. ૧૦૦૦ સિંહાસનો મહાત્મા માટે કોને બનાવેલા ? **(વસ્તુપાલ મંત્રીએ)**

૩૧. ૧૦૦૦ વખત માણસ ચંડાલકુલમાં ક્યારે ઉત્પન્ન થાય ? **(હોળીમાં લાકડા નાંખતા)**

૩૨. ૧૦૦૦ વખત માણસ મ્લેચ્છકુલમાં ક્યારે ઉત્પન્ન થાય ? **(હોળીના વ્રત કરે તો)**

૩૩. ૧૦૦૦ આચાર્યોને (ષડ્દર્શનવાળા)કયા રાજાએ ભેગા કરેલા ? **(ભોજરાજાએ)**

૩૪. ૧૦૦૦ મુનિવર સાથે શત્રુંજય તીર્થ પર કોણ મોક્ષ પામેલ ? **(ભરત)**

૩૫. ૧૦૦૦ મુનિવરો સાથે થાવચ્ચા ગણધર કયા તીર્થ પર મોક્ષે ગયા ? **(શત્રુંજય)**

૩૬. ૧૦૦૦ મુનિવરો સાથે શત્રુંજય તીર્થ પર કોણ મોક્ષ પામેલ ? **(થાવચ્ચાપુત્ર)**

૩૭. ૧૦૦૦ રાણીઓ કયા રાજાને હતી ? આચારપ્રદીપ ? **(સહસ્રવીર્ય)**

૩૮. ૧૦૦૦ પુત્રો કયા રાજાને હતા ? આચારપ્રદીપ ? **(સહસ્રવીર્ય)**

૩૯. ૧૦૦૦ મંત્રીઓ કયા રાજાને હતા ? આચારપ્રદીપ ? **(સહસ્રવીર્ય)**

૪૦. ૧૦૦૦ યોજન ઉંચો કયો ધ્વજ હોય છે દેવલોકમાં **(મહેન્દ્રધ્વજ)**

૪૧. ૧૦૦૦ થાંભલાવાળો મહેલ કયા વાસુદેવને હતો ? **(રાવણનો)**

૪૨. ૧૦૦૦ થાંભલા કોના જિનાલયમાં હતા ? **(રાવણના)**

૪૩. ૧૦૦૦ થાંભલા કોના જિનાલયમાં હતા ? **(બીભીષણ)**

૪૪. ૧000 સ્ત્રીઓ સાથે કોણે દીક્ષા લીધેલી ? (મુનિસુવ્રતના વખતે) ?
**(હનુમાને)**

૪૫. ૧000 ઘોડાઓ કયા રાજાને કુંતીના લગ્ન વખતે ભેંટમાં મળે છે.
**(પાંડુરાજાને)**

૪૬. ૧000 યોજન જાડા પાતાળ કળશો ક્યાં છે ? **(પદ્મદ્રહ)**

૪૭. ૧000 વર્ષ વીરપ્રભુ પછી કયા શ્રુતનો વિચ્છેદ થયો ? **(પૂર્વશ્રુતનો)**

૪૮. ૧000 મનઃપર્યવજ્ઞાની કોણે હતા ? **(નેમિનાથ તી. ના)**

૪૯. ૧000 સાધુઓ કયા આચાર્યની આજ્ઞામાં હતા ? **(જિનદત્તસૂરિ)**

૫૦. ૧000 વર્ષનું આયુષ્ય કયા તી.નું હતું ? **(નેમીનાથ તી.)**

૫૧. ૧000 વર્ષે આહારની ઈચ્છા કયા દેવને થાય ?
**(૧ સાગરોપમ આયુવાળા)**

૫૨. ૧000 વર્ષનું આયુષ્ય કયા પ્રાણીઓનું હોય ? **(સિંહ, મત્સ્ય)**

૫૩. ૧000 કુંડ કયા લોકમાં છે ? **(તિર્ચ્છાલોકમાં)**

૫૪. ૧000 માઈલ વિસ્તારવાળું વિમાન કોનું છે ? **(શુક્રનું)**

૫૫. ૧000 માઈલથી કાંઈક ઓછા વિસ્તારવાળું કોનું વિમાન ? (ગુરુ)

૫૬. ૧000 હાથીઓ પરિગ્રહ પરિમાણ વ્રતમાં કયા રાજાને હતા ?
**(કુમારપાલ)**

૫૭. ૧000 શ્લોક પ્રમાણે હેમચંદ્રાચાર્યે કયો ગ્રંથ લખેલ ? **(વેદાંકુશ)**

૫૮. ૧000 ચૌદ પૂર્વીઓ કયા ભગવાનને હતા ? **(અનંતનાથ)**

૫૯. ૧000 ના પરિવાર સાથે કયા ભગવાન મોક્ષ પામ્યા ?
**(કુંથુનાથ-અરનાથ)**

૬૦. ૧000 વાદિઓ કયા ભગવાનને હતા ? **(નેમિનાથ)**

૬૧. ૧000 ના પરિવાર સાથે કયા ભગવાન નિર્વાણ પામ્યા ?
**(મુનિસુવ્રત-નેમિનાથ)**

૬૨. ૧000 અવધિજ્ઞાનીઓ કયા તીર્થંકરને હતા ? **(પાર્શ્વનાથ)**

૬૩. ૧000 કેવલીઓ કયા તીર્થંકરને હતા ? **(પાર્શ્વનાથ)**

૬૪. ૧000 યોજન પૂર્વ-પશ્ચિમ વિસ્તારવાળો કયો દ્રહ છે ? **(પુંડરીક દ્રહ)**

૬૫. ૧000 યોજન જાડી ઠીકરી કયા કળશોની છે ? **(પાતાળ કળશ)**

૬૬. ૧000 યોજન ઉંડા -પહોળા કયા કળશો છે ?
**(૪ નાના પાતાળકળશો)**

૬૭. ૧000 માણસોનો સંઘ કોની પરિક્ષા માટે થરાદ આવેલ ?
**(આભુસંઘવી)**

૬૮. ૧000 ઉપવાસનું પ્રાયશ્ચિત ક્યારે આવે ? **(ગર્ભ હત્યા કરાવે તો)**

૬૯. ૧000 મુનિવરો સાથે શત્રુંજયે કોણ કોણ મોક્ષ પામેલ ? **(સુભદ્રમુનિ)**

૭૦. ૧000 ના પરિવાર સાથે શત્રુંજયે કોણ મોક્ષ પામેલ ? **(શુકપરિવ્રાજક)**

૭૧. ૧000 વર્ષથી અધિકપલ્યોપમ જેટલું આયુષ્ય ઉત્કૃષ્ટથી કયા દેવોનું?
**(સૂર્યદેવોનું)**

૭૨. ૧000 સાગરોપમ જેટલી કાય સ્થિતિ કોની ? **(પંચેન્દ્રિય)**

૭૩. ૧000 યોજન ઉંચો લવણ સમુદ્રમાં કયો દ્વીપ છે ? **(ગૌતમ દ્વીપ)**

૭૪. ૧000 વ્યાપારીઓના સ્વામી કયા શેઠ હતા ? **(કાર્તિકશેઠ)**

૭૫. ૧000 વ્યાપારીઓની સાથે મુનિસુવ્રત સ્વામી પાસે કોને દીક્ષા લીધી?
**(કાર્તિકશેઠ)**

૭૬. ૧000 યક્ષોથી અધિષ્ઠિત ૧૪ રત્નો કોના હોય છે ? **(ચક્રવર્તીના)**

૭૭. ૧000 વર્ષનું નરકનું આયુષ્ય ક્યારે ટૂટે ? **(પોરિસી કરવાથી)**

૭૮. ૧000 ક્રોડ વર્ષનું નરકનું આયુષ્ય ક્યારે ટૂટે ? **(અંબિલ કરવાથી)**

૭૯. ૧000 યાજ્ઞિક શિષ્યો સાથે સંવેગી દીક્ષા કોણે સ્વીકારેલી ?
**(લોહિત્યાચાર્ય)**

૮૦. ૧000 હાથીઓ કયા શ્રાવકને પરિગ્રહ પરિમાણ વિરમણ વ્રતમાં હતા?
**(કુબેરશેઠને)**

૮૧. ૧000 વર્ષ સુધી ઘોર તપ કરી ચરિત્ર પાલનાર કોણ ? **(કુંડરિકમુનિ)**

૮૨. ૧000 વર્ષ સુધી છદ્મસ્થકાળ કોનો હોય ? **(૨૦ વિહરમાનનો)**

૮૩. ૧000 સાધુ સાધ્વીઓને દીક્ષા કોણે આપેલ ? **(યક્ષદેવસૂરિએ)**

૮૪. ૧000 ગજ લાંબી ઘોડા દોડાવા માટે જગ્યા કોની પાસે હતી ?
**(ચંદ્રગુપ્ત રાજા)**

૮૫. ૧000 મૂર્તિઓની અંજનશલાકા કોણે કરાવેલ ? **(કક્કસૂરિએ)**

૮૬. ૧000 ચોખૂણા ઓટલા દેવલોકમાં ઉત્તર દિશામાં કઈ સભામાં છે ? **(સુધર્માસભામાં)**

૮૭. ૧000 વર્ષ દુષ્કર તપ પૂર્વભવમાં કોને કરેલા ? **(ત્રિપૃષ્ઠ વાસુદેવે)**

૮૮. ૧000 ગાંડા હાથીઓ કોના ચરણોદકથી સાજા થયેલા ? **(ક્ષમાઋષિના)**

૮૯. ૧000 ધનુષ પહોળું સોનાનું જિનાલય શત્રુંજય ઉપર કોને બનાવેલ? **(ભરતચક્રીએ)**

૯0. ૧000 યોજન ઉંચાઈ કોની હોય છે ? **(પહેલી નરકના ૧૬ પટલની)**

૯૧. ૧000 યોજન ઉંચા અને પહોળા વક્ષસ્કાર પર્વતો કયાં છે ? **(ઘાતકીખંડમાં)**

૯૨. ૧000 કંચનગિરિ પર્વત ક્યા આગળ છે ? **(અઢીદ્વીપમાં)**

૯૩. ૧000 યોજન ઉંડો કયો સમુદ્ર છે ? **(કાલોદધિ સમુદ્ર)**

૯૪. ૧000 હાથીઓનો સ્વામી કયો રાજા હતો ? **(ધારા નગરીનો સિંઘુલ રાજા)**

૯૫. ૧000 રાણીઓના સ્વામી પછીના ભવમાં કોણ થયા ? **(ગંગદત્ત)**

૯૬. ૧000 યોજન જાડા પાતાલ કળશો ક્યાં છે ? **(લવણ સમુદ્રમાં)**

૯૭. ૧000 વર્ષ વીર પ્રભુ પછી કયા શ્રુતનો વિચ્છેદ થયો ? **(પૂર્વશ્રુત)**

૯૮. ૧000 દેવદ્રવ્યની કાંકણીનો ઉપયોગ કોણે કરેલ ? **(સાગર શેઠે)**

૯૯. ૧000 સૂર્યની કિરણો કયા માસમાં હોય ? **(પોષ માસ)**

## પદ્માવતી નામના પ્રશ્નો

૧. પદ્માવતી કયા પ્રત્યેક બુદ્ધના માતાજી હતા ? **(કરકુંડ પ્રત્યેક બુદ્ધના)**

૨. પદ્માવતી કયા વિહરમાન તીર્થંકર પ્રભુના માતાજી હતા ? **(શ્રી ચંદ્રાનન પ્રભુના)**

૩. પદ્માવતી કયા તીર્થંકર પ્રભુના માતાજી હતા ? **(શ્રી મુનિસુવ્રત પ્રભુના)**

૪. પદ્માવતી કયા બળદેવના એક પુત્રના પૂર્વ ભવમાં માતા હતા ? **(બળભદ્ર બળદેવના પુત્ર નિષધ કુમારના)**

૫. પદ્માવતી કયા ચક્રવર્તીના પૂર્વભવમાં માતા હતા ? **(જય ચક્રવર્તીના)**

૬. પદ્માવતી શ્રેણિક રાજાના કયા પૌત્રના માતા હતા ? **(પદ્મકુમારના)**

૭. પદ્માવતી કયા વિહરમાન પ્રભુના પત્ની હતા ? **(શ્રીદેવયશ પ્રભુના)**

૮. પદ્માવતી કયા વાસુદેવના પત્ની હતા ? **(શ્રીકૃષ્ણ વાસુદેવના)**

૯. પદ્માવતી કયા ઈન્દ્રના અગ્રમહિષી થયેલ છે ? **(શકેન્દ્રના)**

૧૦. પદ્માવતી કયા તીર્થંકરના પૂર્વભવમાં પત્ની હતા ? **(શ્રી પાર્શ્વનાથ પ્રભુના (કિરણવેગના ભવમાં))**

૧૧. પદ્માવતી કયા તીર્થંકર પ્રભુના શાસનદેવી હતા ? **(પાર્શ્વનાથ પ્રભુના)**

૧૨. પદ્માવતીના સાસુ કયા સતીજી થઈ ગયા ? **(મૃગાવતીજી)**

૧૩. પદ્માવતી (સાધ્વી) એ કયા પિતા-પુત્રની લડાઈ થતી નિવારી ? **(દધિવાહન રાજા અને તેના પુત્ર કરકંડુની)**

૧૪. પદ્માવતી એ સાધ્વી અવસ્થામાં કયા પુત્રને જન્મ આપેલ હતો ? **(કરકુંડનો)**

૧૫. પદ્માવતી એ સાધ્વી અવસ્થામાં પુત્રને જન્મ આપેલ તે પુત્રને ઉછેર કોણે કરેલ હતો ? **(મકર)**

૧૬. પદ્માવતી ના કયા પુત્રે દીક્ષા લઈ મૂકી દીધેલ હતી ? **(કુંડરિકે)**

૧૭. પદ્માવતી પોતાના પતિ દધિવાહન રાજાથી કયા નિમિત્તે વિખૂટી પડેલ હતી ? **(એક હાથીના નિમિત્તે)**

૧૮. પદ્માવતી રાણી કયા રાજાના રાણી હતી કે, જેમના નિમિત્તે એક કરોડ અને એંશી લાખ મનુષ્ય મરણ પામેલા ? **(કોણિક રાજાના)**

૧૯. પદ્માવતી રાણીએ પોતાના પતિથી છાની રીતે એક પુત્રનો ઉછેર શા માટે કરાવ્યો હતો ? **(રાજ્યના લોભે પતિ તેના પુત્રને જન્મતાં જ વિકલાંગ બનાવી દેતો જેથી)**

૨૦. પદ્માવતી નામની એક દિશા કુમારીનું નિવાસ સ્થાન ક્યાં આવેલ છે? **(પશ્ચિમ રૂચક પર્વત પર)**

૨૧. પદ્માવતી રાણીના પતિ કયા રાજા હતા કે, જેઓ મલ્લિ કુંવરીને પરણવા તૈયાર થયા હતા ? **(પ્રતિશુદ્ધ રાજા)**

૨૨. પદ્માવતી રાણીના પતિ કયા રાજા હતા કે, જેઓએ દીક્ષા લઈ પ્રમાદનું સેવન કરેલ હતું ? **(શેલક રાજા)**

૨૩. પદ્માવતી રાણીના પતિ કયા રાજા હતા કે, જેઓએ શ્રી વીરપ્રભુ પાસે અંતિમ દીક્ષા લીધી હતી ? **(ઉદાયન રાજા)**

૨૪. પદ્માવતી ના લગ્ન વસુદેવ સાથે કયા નગરમાં થયા હતા ? **(સાલેગ્રહ નગરમાં)**

૨૫. પદ્માવતી ના જમાઈ અંતિમ કેવલી થયેલ તેમનું નામ શું ? **(જંબુકુમાર)**

૨૬. પદ્માવતી કયા તીર્થંકર પ્રભુની પ્રથમ શિષ્યા હતી ? **(શ્રી અનંતનાથ પ્રભુની)**

## ''માતા''થી શરૂ થતા પ્રશ્નો

| | | | |
|---|---|---|---|
| ૧. | કઈ માતાએ પોતાના બે પુત્રોને એક હાથી માટે લડતાં અટકાવેલ ? | મયણરેહા | ચંદ્રયશ અને નમિરાજ |
| ૨. | કઈ માતાએ પોતાના પુત્રને એક ગામ માટે તેનાં પિતા સાથે લડતા અટકાવેલ ? | પદ્માવતી | કરકૂંડુ રાજા |
| ૩. | કઈ માતાએ પોતાનો પુત્ર (મુનિ થયેલ) ઘરે ગૌચરિ માટે પધારેલ પણ તેને ઓળખ્યો નહી ? | ભદ્રા | શાલિભદ્ર |
| ૪. | કઈ માતાએ સાધ્વી અવસ્થામાં પુત્રનો જન્મઆપ્યો જેનો ઉછેર એક સ્મશાન રક્ષકે કરેલ ? | પદ્માવતી | કરકંડુ |
| ૫. | કઈ માતાએ જંગલમાં પુત્રને જન્મ આપ્યો જેનો ઉછેર પદ્મરથ રાજાને ત્યાં થયેલ ? | મયણરેહા | નમિકુમાર |
| ૬. | કઈ માતાએ પુત્રનો જન્મ થતાંજ, દાસી દ્વારા ઉકરડામાં મૂકાવ્યો ? | ચેલણા | કોણિક |
| ૭. | કઈ માતાએ પુત્રનો જન્મ થતાંજ,ઉકરડામાં નંખાવી બીજી જ ક્ષણે પાછો લાવે ? | સુભદ્રા | ઉજ્મિત |

| | | |
|---|---|---|
| ૮. કઈ માતાએ પોતાનો પુત્ર જન્મ થતાં જ, તેનો ઉછેર પતિથી છાની રીતે કરાવ્યો ? | પદ્માવતી | કનકધ્વજ |
| ૯. કઈ માતાએ પુત્રનો જન્મ થતાંજ, તે પુત્રની બીજી માતાની મૃતપુત્રી સાથે અદલાબદલી કરેલ ? | પદ્માવતી | કનકધ્વજ |
| ૧૦. કઈ માતાએ પોતાના પુત્રને જીવતો બાળી નાંખવા લાક્ષાગૃહ બનાવેલ ? | ચૂલની | બ્રહ્મદત્ત |
| ૧૧. કઈ માતાના આંસુએ પુત્રને વૈરાગી બનાવેલ ? | મેનાવતી | ગોપીચંદ |
| ૧૨. કઈ માતાએ પોતાના (મુનિ થયેલ) પુત્રોને લાડુ વહોરાવેલ ? | દેવકી | અનેકસેનાદિ છ ભાઈઓ |
| ૧૩. કઈ માતાએ પુત્રને રાજ્યના પુરોહિત થવા એના પિતાના મિત્ર પાસે ભણવા મોકલેલ ? | યશા | કપિલ |
| ૧૪. કઈ માતાએ પુત્રને તેના ભારોભાર સોનું લઈ વેચેલ ? | ભદ્રા | અમરકુમાર |
| ૧૫. કઈ માતાએ પુત્રનું જન્મ થતાંજ, એક વિદ્યાધર દ્વારા હરણ થયેલ જે પુત્ર માતાને સોળ (૧૬) વર્ષે પાછો મલ્યો ? | રૂક્મિણી | પ્રદ્યુમ્નકુમાર |
| ૧૬. કઈ માતાના પુત્રનું જન્મ થતાં જ, એક વિદ્યાધર દ્વારા હરણ થયેલ જે મોટો થતાં પોતાની બહેન સાથે પરણવા તૈયાર થયો હતો ? | વિદેહા | ભામંડળ |
| ૧૭. કઈ માતાએ પોતાનો પુત્ર બ્રાહ્મણ સંબંધી ચૌદ (૧૪) વિદ્યા ભણેલ છતાં તેને દ્રષ્ટિ વાદશાસ્ત્ર ભણવા તેના મામા પાસે મોકલેલ ? | સોમા | આર્યરક્ષિત |

| | | |
|---|---|---|
| ૧૮. કઈ માતાએ પોતાના પુત્રનો દીક્ષા મહોત્સવ કરવા મુકુટ, છત્ર, ચામર વગેરે આપવા જિતશત્રુ રાજાને વિનંતી કરેલી ? | ભદ્રા સાર્થવાહિની | ધન્નાકુમાર |
| ૧૯. કઈ માતાએ પોતાના પુત્રનો દીક્ષામહોત્સવ કરવા મુકુટ, છત્ર, ચામર વગેરે આપવા શ્રીકૃષ્ણ મહારાજને વિનંતી કરેલી ? | થાવચ્ચા (ગાથાપતિની) | થાવચ્ચાકુમાર |
| ૨૦. કઈ માતાએ પોતાના છ(૬) વર્ષના પુત્રને દીક્ષા લેવા રજા આપેલ ? | શ્રીદેવી | અઈમુત્તાકુમાર |
| ૨૧. કઈ માતાએ પોતાના પુત્ર(મુનિ થયેલ)નું એક સ્ત્રીના સંગે પતન થતાં ઠપકો આપી સુધારેલ ? | ભદ્રા | અરણિક |
| ૨૨. કઈ માતાએ પોતાના પુત્રને, મુનિ ગૌચરી પધારતાં વહોરાવેલ ? | સુનંદા | વજકુમાર |
| ૨૩. કઈ માતાએ પોતાનો પુત્ર (પૂર્વભવનો) જે બીજા ભવમાં મુનિ થયેલ તેને દહીં વહોરાવેલ ? | ભદ્રા | શાલિભદ્ર |
| ૨૪. કઈ માતા પુત્રનો સાથ લઈ પોતાના પતિ મારી નાંખવા વિચાર કરેલ ? | સૂરિકાંતા | સૂર્યકાન્તકુમાર |
| ૨૫. કઈ માતાએ પોતાના (મુનિ થયેલ) પુત્રને કહેલ કે હવે તુ મને છોડીને બીજી માતા ના કરીશ. | દેવકી | ગજસુકુમાલ |

## ગજરાજ (હાથી)ની પ્રશ્નોત્તરી

૧. હાથી ઉપર આરૂઢ થઈ કયા તીર્થંકર પ્રભુ લડવા ગયા હતા.
**(પાર્શ્વનાથ પ્રભુ)**

૨. હાથી ઉપર આરૂઢ થઈ કયા રાજા શ્રી વીરપ્રભુને વાંદવા ગયા હતા?
**(શ્રી દશાર્ણ ભદ્રરાજા)**

૩. હાથીને કયા રાજાએ કુબડારૂપે વશ કર્યો હતો ? (નળરાજાએ)
૪. હાથીએ હાર પહેરાવી કયા કુમારને રાજા બનાવ્યો હતો ? (કરકંડુ કુમારને)
૫. હાથીઓમાં સૌથી શ્રેષ્ઠ હાથી કયો કહેવાય ? (ઐરાવત હાથી)
૬. હાથી (ઐરાવત) કયા ઈન્દ્રનું વાહન છે ? (શકેન્દ્ર મહારાજનું)
૭. હાથી (ઐરાવત) કે, જે ઈન્દ્રના વાહન રૂપે છે તે પૂર્વ ભવમાં કોણ હતો ? (તાપસ)
૮. હાથીના તમે મહાવત થાવ અને હું પાછળ અંબાડીમાં તમારી રાણીના ખોળામાં બેસું આવું વચન અભયકુમારે કોની પાસે માંગ્યું હતું ? (ચંડ પ્રદ્યોત રાજા પાસે)
૯. હાથી દ્વારા કયા સતીજીને ઉપસર્ગ થયો હતો ? (સતી મયણરેહાને)
૧૦. હાથી માટે કયા બે ભાઈઓ લડવા તૈયાર થયા હતા ? (ચંદ્રયશ અને નમિરાજ)
૧૧. હાથી જેવા કદાવર પ્રાણીને કયું પંખી ઉંચકી ઉપર ઊડી શકે છે ? (ભારંડ પંખી)
૧૨. હાથી પ્રમાણશાહીથી કેટલું લખાણ થઈ શકે ? (એક પૂર્વનું)
૧૩. હાથી પ્રમાણશાહી જે એક પૂર્વના લખાણ માટે બતાવેલ છે તે હાથી કયા ક્ષેત્રનો સમજવો ? (મહાવિદેહ ક્ષેત્રનો)
૧૪. હાથી કયા વાસુદેવ પાસે હતો કે જે ગંધહસ્તિ હતો ? (શ્રી કૃષ્ણ વાસુદેવ)
૧૫. હાથીના પગતળે અકબર બાદશાહે કોને કચડાવી નાંખ્યો હતો ? (કવિ ગંગને)
૧૬. હાથી કયા રાજા પાસે હતો કે, જે શ્વેત વર્ણનો હતો ? (નમિરાજા પાસે)
૧૭. હાથી શ્વેત વર્ણના અત્યારે કયા દેશમાં જોવા મળે છે ? (થાઈલેન્ડમાં)
૧૮. હાથી ઉપરથી નીચે ઉતરીને શ્રીકૃષ્ણ વાસુદેવે કયા મુનિને વંદન કર્યા હતા ? (ઢંઢણમુનિને)
૧૯. હાથી કે, જે મહાસેન રાજાનો હતો તે તોફાને ચઢતાં કયા ચક્રવર્તીએ

વશ કર્યો હતો ? (મહાપદ્મ ચક્રવર્તીએ)

૨૦. હાથી ઝપાટામાં આવેલ એક શ્રેષ્ઠિ પુત્રીને કયા ચક્રવર્તીએ વશ કર્યો હતો ? (બ્રહ્મદત્ત ચક્રવર્તીએ)

૨૧. હાથી કયા મુનિને જોતાં બંધનમુક્ત થયો અને તે મુનિને વંદન કરવા લાગ્યો હતો ? (આદ્રર્કુમાર મુનિને)

૨૨. હાથી ભક્ષક તાપસોને પ્રતિબોધી કયા મુનિએ પોતાના શિષ્યો બનાવ્યા હતા ? (આદ્રર્કુમાર મુનિએ)

૨૩. હાથી કૃત્રિમ બનાવડાવીને ચંદ્ર પ્રદ્યોત રાજાએ કોનુ હરણ કરાવ્યું ? (ઉદાયન કુમારનું)

૨૪. હાથી સ્વપ્ન કઈ માતાને આવેલ કે, જેમનો પુત્ર પૂર્વભવમાં હાથી હતો? (ધારિણી માતાને)

૨૫. હાથીનું સ્વપ્ન શ્રેણિક રાજાની કઈ રાણીને આવેલ હતું ? (ધારિણી માતાને)

૨૬. હાથી (સફેદ)કે, જે મેરૂ પર્વત પર હતો તેના પર પોતાને બેઠેલો આવું સ્વપ્ન કયા રાજાને આવ્યું હતું ? (નમિરાજાને)

૨૭. હાથી (૫૦૦)ઓથી વીટંલાયેલા એક ભુંડને સ્વપ્નમાં કયા રાજાએ જોયેલ ? (જિતશત્રુ રાજાએ)

૨૮. હાથીઓને વિકુર્વી ઈન્દ્રમહારાજાએ કોના મદનું ખંડન કર્યું હતું ? (દશાર્ણ ભદ્ર રાજાના)

૨૯. હાથીના વાહનવાળા મહાયક્ષ નામે શાસન દેવ કયા તીર્થંકર પ્રભુના શાસનમાં થયા ? (અજિતનાથ પ્રભુના)

૩૦. હાથી ઉપર બેઠા કોને કેવલજ્ઞાન થયેલ ? (મરુદેવી માતાને)

૩૧. હાથી કેટલા ભેગા થાય એટલી સ્યાહીથી ચૌદપૂર્વ લખાય ? (૧૬૩૮૩)

૩૨. હાથી મહાવિદેહનો કેટલો ઉંચો હોય ? (૫૦૦ ધનુષ પ્રમાણ)

## ભાઈ-ભાઈના પ્રશ્નો

૧. ભાઈએ મુનિવેશ છોડી દેતાં, કયા ભાઈએ મુનિવેષ અંગીકાર કર્યો હતો? (પુંડરિક)

૨. ભાઈની સમજાવટ છતાં, કયા ભાઈએ નિયાણ કરી સંસાર વધાર્યો? **(સંભૂતિ મુનિ)**

૩. ભાઈ, નાના ભાઈની પત્નીમાં આસક્ત થતાં, તેને નાના ભાઈનો વધ કર્યો હતો તેમનું નામ શું હતું ? **(યુગબાહુ)**

૪. ભાઈને મુઠ્ઠી ઉપાડી મારવા જતાં, તે જ મુઠ્ઠીથી લોચ કયા ભાઈએ કર્યો હતો ? **(બાહુબલી)**

૫. ભાઈને ખમાવવા જતાં, કયા ભાઈએ, ભાઈને શીલાથી મારી નાંખ્યો હતો ? **(કમઠે)**

૬. ભાઈએ, કયા ભાઈને પ્રતિબોધી પરમાત્મા બનાવ્યો ? **(વિજયઘોષ)**

૭. ભાઈઓનો સહકાર લઈ કયા ભાઈએ, પિતાને કેદમાં પૂર્યા હતા ? **(કોણિકે)**

૮. ભાઈએ ગેરહાજરીમાં કયા ભાઈએ, અનાસક્તપણે રાજ્ય કર્યું ? **(ભરત (રામના ભાઈ))**

૯. ભાઈ-ભાઈ દેવીના પાશમાંથી નાશી જતાં, કયા એક ભાઈ ભૂલનો ભોગ થતાં મૃત્યુ પામ્યો ? **(જિનરક્ષિત)**

૧૦. ભાઈ (પૂર્વભવનો) જેનાથી બળી રહેલા નાગ-નાગણીને કયા ભાઈએ નંવકાર મંત્ર સંભળાવ્યો હતો ? **(પાર્શ્વનાથે)**

૧૧. ભાઈ-ભાઈ વચ્ચે એક હાથી માટેની લડાઈ કઈ માતાએ નિવારી હતી? **(મયણરેહા)**

૧૨. ભાઈનું સામર્થ્ય ઘટાડવા, કયા ભાઈની યુક્તિથી ભાઈ લગ્ન કરવા તૈયાર થયો ? **(શ્રી કૃષ્ણની)**

૧૩. ભાઈ-ભાઈ પાંચ ભવથી સાથે હતા, તેઓ છઠ્ઠા ભવમાં જુદા પડ્યા તે કોણ ? **(ચિત્રસંભૂતિ)**

૧૪. ભાઈથી કયો ભાઈ જુગાર રમી રાજ્ય હારી જતા વનમાં ગયો ? **(નળરાજા)**

૧૫. ભાઈએ કયા ભાઈનો અસત્યપક્ષ રણમેદાનમાં છોડ્યો હતો ? **(રાવણનો)**

૧૬. ભાઈએ, કયા જુગારીભાઈને અંતિમ સમયે નવકારમંત્ર સંભળાવી દેવલોકમાં મોકલ્યો ? **(જિનદાસ)**

૧૭. ભાઈને મૃગ સમજી, તેનો કયા ભાઈએ વધ કર્યો હતો ? **(જયકુમાર)**

૧૮. ભાઈના હાથી તથા હાર માટે કયા ભાઈએ લડાઈ કરી હતી ? **(કોણિકે)**

૧૯. ભાઈ-ભાઈ ઝાડ ઉપર બેસી જાગૃત થયા તે કોણ ? **(દેવભદ્ર-યશોભદ્ર)**

૨૦. ભાઈ-ભાઈના સ્નેહની દેવથી પરિક્ષા થતાં, કયા ભાઈનું મૃત્યુ થયું હતું? **(લક્ષ્મણનું)**

૨૧. ભાઈ (વાસુદેવ)નો શંખ કયા ભાઈએ વગાડી ભાઈને ભયભીત કર્યો હતો ? **(નેમકુમાર)**

૨૨. ભાઈ રાજ્ય લઈ લેવાના ડરથી કયો ભાઈ ડર્યો હતો ? **(કૃષ્ણ વાસુદેવ)**

૨૩. ભાઈ (મુનિ)એ કયા ભાઈની ઈચ્છા વિરુદ્ધ દીક્ષા અપાવી હતી ? **(ભવદેવ)**

૨૪. ભાઈએ, કયા ભાઈનું વેશ્યાથી હરણ કરાવ્યું હતું ? **(વલ્કલચીરી)**

૨૫. ભાઈએ, પિતાને કેદમાં પૂરતાં, તેનું દુઃખ જોઈ, કયા ભાઈએ દીક્ષા લીધી હતી ? **(અતિમુક્તકકુમાર)**

## જૈન શાસનના જ્યોતિર્ધરો

૧. દીક્ષાના દિવસે જ કેવલજ્ઞાન અને મોક્ષ પામનાર કોણ ? **(ગજસુકુમાલ)**

૨. માતાના સંતોષ માટે દ્રષ્ટિવાદ સૂત્ર કોણે ભણ્યું ? **(આર્યરક્ષિત)**

૩. ગુરુદેવની ટકોર થતાં મહેલનો ઉપાશ્રય કોણે બનાયો ? **(શાન્તનુ)**

૪. ઝેરને દૂર કરવા માટે વનસ્પતિનો ઉપયોગ કરી તેના પ્રાયશ્ચિત માટે છ વિગયનો ત્યાગ કોણે કર્યો ? **(ધર્મઘોષસૂરિ)**

૫. શિખરજીના દેરાસરમાં બુટ પહેરીને પ્રવેશ કરનાર ઉપર કેસ કોણે લડ્યો ? **(લાલભાઈ)**

૬. માયા કરીને ૮૦ ચોવીશી સુધી સંસાર કોણે વધાર્યો ? **(લક્ષ્મણા સાધ્વી)**

૭. રૂપ ઉપરનું અભિમાન કોણે વૈરાગ્યનું કારણ બન્યું ? **(સનત્કુમાર)**

૮. હરિભદ્રસુરિની સહાયતા માટે ઉપાશ્રયમાં રત્ન કોણે જડાવેલ ? **(લલ્લિગ)**

૯. કાઉસગ્ગ ધ્યાનમાં સત્તરભેદી પૂજા કોણે રચી ? **(સકલચંદ્ર ઉપા.)**

૧૦. શિષ્યને પ્રતિબોધ આપવા માટે શિષ્યની પાલખી કયા ગુરુએ ઉપાડેલ?
(આ. વાદિદેવ સૂરિ)

૧૧. કયા દિગંબર સાધુ બહેનના વચનથી શ્વેતાંબરમાં આચાર્ય બન્યા ?
**(માનદેવસૂરિ)**

૧૨. જે શ્લોકનો અર્થ મને નહિ આવડે જે મને અર્થ સમજાવશે તેનો શિષ્ય બનીશ એવો નિયમ કોને હતો ? **(હરિભદ્રભટ્ટ)**

૧૩. ગુરુએ રત્નકંબલ લેવાથી ક્રોધમાં આવી વસ્ત્ર છોડી દિગંબર મત કોણે ચલાવ્યો ? **(સહસ્રમલ્લે)**

૧૪. એકવીસ વખત બૌદ્ધોની દીક્ષા લેવાની ઈચ્છા કોણે કરેલી ?
**(સિદ્ધર્ષિગણી)**

૧૫. ગુરુદેવશ્રીની યાદગીરી રહે તે માટે પાલીતાણા કોણે વસાવ્યું ?
**(નાગાર્જુને)**

૧૬. સ્તુતિઓ બનાવવામાં લીન બનેલા કયા સાધુએ ગોચરીમાં પત્થર વહોર્યો ? **(શોભન મુનિ)**

૧૭. પૂનમિયા ગચ્છની શરૂઆત કોણે કરેલી ? **(ચંદ્રપ્રભસૂરિ)**

૧૮. ૧૦૦ વર્ષની ઉંમરે યુદ્ધ કરનાર કોણ ? **(ઉદાયન મંત્રી)**

૧૯. સોનાની મહોરો જમીન ઉપર પાથરી દેરાસર માટે જમીન કોણે ખરીદી?
**(વિમલશા)**

૨૦. દેરાસરોમાં તિરાડો પડી છે આવા સમાચાર આપનારને ડબલ ઈનામ કોણે આપ્યું ? **(બાહડશાએ)**

૨૧. ધવલક્ક શ્રાવકે કયા આચાર્યને પરિગ્રહની આસક્તિથી દૂર કર્યો ?
**(રત્નાકરસૂરિ)**

૨૩. ધર્મગુરુનું અપમાન કરનારનો હાથ કોણે કપાવ્યો ? **(વસ્તુપાલે)**

૨૪. સોનાની પૌષધશાળા બનાવા માટે કોણ તૈયાર થયેલ ? **(દેદાશા)**

૨૫. બ્રહ્મચારી તરફથી સાલ ભેટ મળવાથી ૩૨ વર્ષની ઉંમરે બ્રહ્મચર્ય કોણે સ્વીકાર્યું ? **(પેથડ મંત્રીએ)**

૨૬. પાંચ દિવસમાં આખા ગુજરાતને કોણે જમાડ્યું ? **(ઝાંઝણશા)**

૨૭. કોના તપના પારણા ઉપર શ્રાવકો જિનાલય બનાવતા ? **(કૃષ્ણર્ષિ)**

૨૮. કયા સાધુ શ્રાવકને ખમાવવા માટે શ્રાવક ઘેર ગયેલ ? (ઉપા. ધર્મસાગર)

૨૯. પૂર્વભવમાં "પુંડરિક-કુંડરીક' અધ્યનનું ૫૦૦ વાર અધ્યયન કરનાર કોણ ? (વજ્રસ્વામી)

૩૦. ગુરુ વંદનથી તીર્થંકર નામ કર્મ કોણે બાંધ્યું ? (કૃષ્ણમહરાજા)

૩૧. મૃત્યુ સમયે સાધુતાની ઝંખના કરનાર કોણ ? (ઉદાયન મંત્રી)

૩૨. પોતાના ગુરુને ૧૦૮ હાથ લાંબો પત્ર લખનાર કોણ ? (મુનિ સુંદરસૂરિ)

૩૩. ૮૪ વાદીઓમાં વિજય મેળવનાર કોણ ? (વાદિદેવસૂરિ)

૩૪. શંખેશ્વર તીર્થના અધિષ્ઠાયક દેવ કયા આચાર્ય બન્યા ? (વર્ધમાનસૂરિ)

૩૫. ઈન્દ્રને નિગોદનું સ્વરૂપ કહેનાર કોણ ? (કાલકાચાર્ય)

૩૬. ૩૬૦ સાધર્મિકને પોતાના જેવા ધનવાન બનાવનાર કોણ ? (આભૂસંઘવી)

૩૭. ગીરનાર તીર્થને શ્વેતાંબરના કબ્જે કરનાર કોણ ? (દંડવીર્ય રાજા)

૩૮. સાધર્મિકને પોતાના જેવા ધનવાન બનાવનાર કોણ ? (દંડવીર્ય રાજા)

૩૯. દર વર્ષ સાધર્મિક પાછળ ૧ કરોડ દ્રવ્ય ખર્ચનાર કોણ ? (કુમારપાલ રાજા)

૪૦. દરરોજ ૫૦૦ સાધુઓને ગૌચરી વહોરાવી ભક્તિ કોને કરેલી ? (વસ્તુપાલ - તેજપાલ)

૪૧. શત્રુંજયનો છેલ્લો ઉદ્ધાર કયા આચાર્યના હાથે થશે ? (દુપ્પહસૂરિ)

૪૨. સવા કરોડ સોનૈયાથી બપ્પભટ્ટીસૂરિ નું ગુરુપૂજન કોણે કરેલ ? (આમરાજાએ)

૪૩. ૧૦ વર્ષની ઉંમર આચાર્ય પદ મેળવનાર કોણ ? (પાદલિપ્તસૂરિ)

૪૪. નવકાર મંત્ર બોલે એને એક સુવર્ણ ટાંક આપનાર કોણ ? (સારંગ શેઠ)

૪૫. કોની સાલ ઓઢવાથી તાવ ઉતરી જતો ? (પેથડ મંત્રી)

૪૬. જિન મંદિર જતી વખતે કયા શેઠાણી દાન આપતા ? (હરકોર શેઠાણી)

૪૭. શરમના કારણે સંયમ લેનાર કોણ ? (ભવદત્ત)
૪૮. ૪૯ ગુણ કેસર ચૂનામાં ભેલવી ઉપાશ્રય બનાવનાર કોણ ? (દેદાશા)
૪૯. સંપત્તિ દાટવા જતાં સંપત્તિ કોણે પ્રાપ્ત થતી ? (વસ્તુપાલ-તેજપાલ)
૫૦. દીક્ષાના દિવસથી છ વિગઈનો ત્યાગ કરનાર કોણ ? (શીલભદ્રસૂરિ)
૫૧. એક જ દિવસે પાંચ રૂપ કરી પાંચ ગામની પ્રતિષ્ઠા કરાવનાર કોણ ? (યશોભદ્રસૂરિ)
૫૨. કેવલી બન્યા પછી છ માસ સુધી ઘેર રહેનાર કોણ ? (કુર્માપુત્ર)
૫૩. પત્નીના બોધથી વૈરાગ્ય પામનાર કોણ ? (કપીલ કેવલી)
૫૪. વીર પ્રભુના સમાચાર મેળવવા માટે ટપાલી કોણે બાંધેલો ? (કોણિક)
૫૫. કોનું ગીત સાંભળી ૫૦૦ ચોર સંયમી બન્યા ? (કપીલ કેવલી)
૫૬. ૨૪ ભગવાનના ચોર્યાસી જિનાલયો કોણે બનાવ્યા ? (પેથડ મંત્રી)
૫૭. સત્યપુરમાં વીર સ્વામીનું જિનાલય કોણે બનાવેલ ? (નાહડરાજાએ)
૫૮. પેથડ મંત્રીએ કેટલા ઉપાશ્રયો બનાવેલ ? (સાતસો)
૫૯. ૧૧ લાખ લોકોને જેલમાંથી કોણે છોડાવેલ ? (સમરાશાહે)
૬૦. ૭૦૦ કિંમતી વસ્ત્રો તથા સોનૈયા સાધર્મિકોને કોણે આપેલ ? (જગતસિંહ શેઠ)
૬૧. ઉપાશ્રયમાં સફાઈ કરતા કવિ કોણ બન્યા ? (ઋષભદાસ)
૬૨. ચંદ્રાવતી નગરીના જિનાલયમાં દરરોજ કેટલું કેસર આવતું ? (સવાશેર)
૬૩. નવ લાખ પુષ્પોથી જિન પૂજા કોણે કરેલ ? (ધાઈદેવ શ્રાવકે)
૬૪. કોની દીક્ષા વખતે આકાશમાંથી પુષ્પવૃષ્ટિ થયેલ ? (કૃષ્ણરાવ)
૬૫. એક વર્ષમાં માત્ર ૩૪ દિવસ પારણાં કરનાર કયા ઋષિ થયા ? (કૃષ્ણર્ષિ)
૬૬. પેથડ મંત્રીના સંઘમાં કેટલા યાત્રાળુઓ હતા ? (સાત લાખ)
૬૭. રાવણ અને લક્ષ્મણ કેટલા ભવ પછી મોક્ષે જશે ? (ચૌદ ભવ)
૬૮. પેથડ મંત્રીએ વ્રત સ્વીકારેલ ત્યારે કેટલા સાધર્મિકોને પ્રભાવના કરેલ? (સવા લાખ)
૬૯. ૮૪ શિષ્યોને એક સાથે આચાર્ય પદવી કોણે આપેલ ? (ઉદ્યોતન સૂરિ)

## કુમારપાળનો ટૂંક પરિચય

- ❖ જન્મ વિ. સં. ૧૧૪૯ દધિસ્થળી (દેથળી)
- ❖ રાજ્ય પ્રાપ્તિ વિ. સં. ૧૧૯૯
- ❖ બારવ્રત લીધા વિ. સં. ૧૨૧૬
- ❖ સ્વર્ગગમન વિ. સં. ૧૨૩૦
- ❖ રાજ્ય ભોગ ૩૦ વર્ષ ઉપર
- ❖ પિતા - ત્રિભુવનપાળ
- ❖ માતા - કાશ્મીરાદેવી
- ❖ ભાઈ - કીર્તિપાલ અને મહિપાલ
- ❖ બેન - પ્રેમલદેવ અને દેવલદેવી
- ❖ પુત્ર - નૃપસિંહ
- ❖ બનેવી - કૃષ્ણદેવ અને અર્ણોરાજ
- ❖ ધર્મપત્ની - ભોપલદેવી
- ❖ કુળ - ચૌહાણ
- ❖ વંશ - ચૌલુક્ય

કુમારપાળ રાજા અહીંથી આયુષ્ય પૂર્ણ કરીને વ્યંતરદેવ થશે ત્યાંથી ચ્યવીને આ ભરતક્ષેત્રમાં ભદિલપુર નગરમાં શતાનંદ રાજા અને ધારિણી રાણીનો પુત્ર શતબળ નામે થશે, ત્યાં રાજ્યનું પાલન કરી અંતે પદ્મનાભ તીર્થંકરની દેશના સાંભળી રાજ્યનો ત્યાગ કરી ચારિત્ર લેશે અને તેમના અગ્યારમાં ગણધર થશે. અનુક્રમે કેવળજ્ઞાન પામી આભવથી ત્રીજે ભવે મોક્ષને પ્રાપ્ત કરશે.

## ભ. મહાવીર સ્વામીનો જીવન પરિચય

| | | | |
|---|---|---|---|
| ૧. પિતા | : સિદ્ધાર્થ રાજા | ૬. પુત્રી | : પ્રિયદર્શના |
| ૨. માતા | : ત્રિશલા દેવી | ૭. નગરી | : વૈશાલી |
| ૩. ભાઈ | : નંદિવર્ધન | ૮. ગ્રામ | : ક્ષત્રિયકુંડ ગ્રામ |
| ૪. બહેન | : સુદર્શના | ૯. જન્મ દિન | : ચૈત્ર સુદ તેરસ |
| ૫. પત્ની | : યશોદા દેવી | ૧૦. જ્ઞાતિ | : ક્ષત્રિય |

| | | | |
|---|---|---|---|
| ૧૧. નામ | : વર્ધમાન કુમાર | ૨૨. દીક્ષાદીન | : કારતક વદ ૧૦ |
| ૧૨. વર્ણ | : સોના જેવું | ૨૩. તપ | : સાડા બાર વર્ષને પંદર દિવસ સુધી |
| ૧૩. ગોત્ર | : કાશ્યપ ગોત્રીય | | |
| ૧૪. સસરા | : સમર વીર રાજા | ૨૪. કેવલ જ્ઞાન | : વૈશાખ સુદ ૧૦ |
| ૧૫. સાસુ | : ધારિણી રાણી | ૨૫. જ્ઞાન પ્રાપ્તિ | : ૪૨માં વર્ષે |
| ૧૬. જમાઈ | : જમાલિ | ૨૬. આયુષ્ય | : ૭૨ વર્ષ |
| ૧૭. ભાભી | : જ્યેષ્ઠા | ૨૭. સાધુ | : ૧૪ હજાર |
| ૧૮. કાકા | : સુપાર્શ્વ | ૨૮. સાધ્વી | : ૩૬ હજાર |
| ૧૯. મામા | : ચેટક રાજા | ૨૯. મોક્ષ ગમન | : આસો વદ અમાસ (દિવાળી) |
| ૨૦. મામી | : સુભદ્રાદેવી | | |
| ૨૧. દીક્ષા | : ૩૦માં વર્ષે | ૩૦. સ્થળ | : પાવાપુરી(બિહાર) |

## જગદ્‌ગુરુ હીરસૂરીસ્વરજીનો પરિચય

- ❖ દીક્ષાપૂર્વેનું નામ - હીરકુમાર
- ❖ દીક્ષા પછીનું નામ - હીરહર્ષમુનિ
- ❖ આચાર્યપદવી પછી - વિજય હીરસૂરીશ્વરજી
- ❖ ગોત્ર - ખીમસરા
- ❖ પિતાનું નામ - કુરાશા (કુંવરજી)
- ❖ માતાનું નામ - નાથી દેવી
- ❖ જન્મભૂમિ - પાલનપુર
- ❖ મોટા ત્રણ ભાઈઓ - સંઘજી, સૂરજી, શ્રીપાલ
- ❖ મોટી ત્રણ ભાભીઓ - રંભા, રાણી, વિમલા
- ❖ દીક્ષાસ્થલ - પાટણ
- ❖ પંડિતપદ સ્થલ - નાડલાઈ (૧૬૦૭)
- ❖ ઉપાધ્યાય પદ સ્થલ - નાડલાઈ (૧૬૦૮)
- ❖ આચાર્ય પદ સ્થલ - સિરોહી (૧૬૧૦)
- ❖ 'જગદ્‌ગુરુ' બિરૂદ સ્થલ - દિલ્હી
- ❖ સ્વર્ગવાસ - ભા.સુ. ૧૧ ઉના - ૧૬૫૨

❖ જન્મ - ૧૫૮૩ માગસર સુદ- ૯
❖ દીક્ષા - ૧૫૯૬ કાર્તિક વદ - ૨
❖ ૧૬૧૯-૧૬૨૦માં શત્રુંજય ઉપર અનેક પ્રતિમાજીની પ્રતિષ્ઠા કરાવેલ.
❖ ૧૯૨૮માં લોકામત વિદ્વાન અનુયાયી મેઘજી ઋષિ આદિ ૨૦ સાધુઓને સંવેગી દીક્ષા આપી.
❖ ૧૬૩૦માં જગમાલ ઋષિ દ્વારા ઉપદ્રવ થયો.
❖ ૧૬૩૦માં પાટણના સૂબા કલાખાનને પ્રતિબોધી અહિંસા પાલક બનાવેલ.
❖ ૧૬૩૪ માં ત્રણ મહિના સુધી ગુપ્ત પણે રહ્યા.
❖ ૧૬૩૮માં ખંભાતમાં સં. ઉદયકરણે ચંદ્રપ્રભ જિનાલયની પ્રતિષ્ઠા કરાવેલ.
❖ ૧૬૩૮ માં માગશર વદ-૭ ના દિવસે અકબર પાસે જવા માટે પ્રયાણ.
❖ ૧૬૩૯ જેઠવદ-૧૩ અકબર સાથે પ્રથમ મુલાકાત.
❖ ૧૬૩૯માં અકબરને અહિંસક બનાવેલ.
❖ ૧૬૩૯માં સરોતરાંના ઠાકોર અર્જુનને પ્રતિબોધી દારૂમાંસ છોડાવેલ.
❖ ૧૬૪૦માં એક કરોડ રૂપિયા ખર્ચી દિલ્હીમાં મહામહોત્સવપૂર્વક 'જગદ્‌ગુરુ' નું બિરુદ અર્પણ કરેલ.
❖ હીરસૂરિજીએ ૫૦ જિનાલયોની પ્રતિષ્ઠા કરાવેલ.
❖ હીરસૂરિજીના ઉપદેશથી ૩૦૩ સંઘપતિઓએ સંઘ કાઢેલ.
❖ દક્ષિણમાં અભ્યાસ કરી ગુરુના પ્રથમ દર્શન કર્યા તે વખતે ઉભા ઉભા નવા ૧૦૮ કાવ્યોની સ્તુતિ કરેલ.
❖ હીરસૂરિજીએ ૫૦ જિનાલયોની પ્રતિષ્ઠા કરાવેલ.
❖ હીરસૂરિજીના સમુદાયમાં ૨૫૦૦ સાધુ, ૧૬૦ પંન્યાસો, ૮ ઉપાધ્યાય, ૩૦૦ સાધ્વીઓ હતી.
❖ સૂરિજી દશવૈકાલિક સૂત્રનો દરરોજ સ્વાધ્યાય કરતા.
❖ વિ.સં. ૧૬૩૯ જેઠ સુદ-૧૩ ના દિલ્હી પધાર્યા ત્યારે લાખોની માનવમેદની સામૈયામાં હતી.
❖ હીરસૂરિજીના શિષ્ય ધનવિજયજી એક જ દિવસમાં ૩૦ ગાઉનો વિહાર કરી શકતા હતા.
❖ આચાર્ય પદાર્પણના પ્રસંગે રાણકપુર જિનાલય ને બંધાવનાર ધન્ના પોરવાલના વંશજ ચાંગા મહેતાએ ઉજવ્યો હતો.

❖ શત્રુંજય ઉપર તેજપાલ સોનીએ બનાવેલ નંદિવર્ધન પ્રસાદેની પ્રતિષ્ઠા પ્રસંગે ૭૨ યાત્રા સંઘો ગંધાર વિ. થી આવેલ. ૧૬૫૦ માં હીરસૂરિએ પ્રતિષ્ઠા કરાવેલ.

❖ હીરસૂરિજીના ગીતગાન કરનારને અકબરે ૧ લાખ રૂપિયા દાનમાં આપેલા.

❖ હીરસૂરિજીએ દીક્ષા લીધી ત્યારે તેમની સાથે અમીપાલ, અમરસિંહ, કપૂરા, અમીપાલની માતા, ધર્મશીઋષિ, રૂડોઋષિ, વિજય હર્ષ અને કનકશ્રી એમ આઠ જણાએ સાથે દીક્ષા લીધેલ.

❖ હીરસૂરિજીના પાટ મહોત્સવનો લાભ સૂબા શેરખાનનાં મંત્રી સમરથ ભણશાળીએ કર્યો હતો.

❖ સૂરિજી અકબરની પાસે ગયા ત્યારે તેમની સાથે ૬૭ સાધુઓ હતા.

❖ પં. ભાનુચંદ્રજીએ અકબરને સૂર્યના ૧૦૦૦ નામો શીખવ્યા હતા અને અકબર દર રવિવારે એમને રત્નજડિત બાજોટ ઉપર બેસાડી સ્તોત્ર સાંભળતો.

❖ એક વખત ખંભાતમાં નગર પ્રવેશ વખતે હીરસૂરિજીને પગલે પગલે બે બે સોનામહોર તથા ૧ રૂપિયો અને મોતીના સાથીયા દ્વારા ગુરુપૂજન કરેલ. ભક્તોએ પ્રભાવના વિ. થઈને ૧ કરોડ રજત દ્રવ્યનો વ્યય કરેલ.

**સમ્રાટ અકબર સમયના ભાવો**

| | | |
|---|---|---|
| હલકામાં હલકા ચોખા | - | ૧ રૂ. ના ૧૧૧ રતલ |
| ઘઉંનો લોટ | - | ૧ રૂ. ના ૧૪૮ રતલ |
| દૂધ | - | ૧ રૂ. ૮૯ રતલ |
| ઘી | - | ૧ રૂ. ના ૨૧ રતલ |
| સફેદ ખાંડ | - | ૧ રૂ. ના ૧૭ રતલ |
| શ્યામ ખાંડ | - | ૧ રૂ. ના ૩૯ રતલ |
| મીઠું | - | ૧ રૂ. ના ૧૩૭ રતલ |
| જુવાર | - | ૧ રૂ.ના ૧૨૨ રતલ |
| બાજરી | - | ૧ રૂ. ના ૨૭૭ાા રતલ |

**(સૂરીશ્વર સમ્રાટ હીરસૂરિ રાસ)**

## સમેતશિખર તીર્થના મુખ્ય ૨૧ ઉદ્ધારો

૧. **પહેલો ઉદ્ધાર :** બીજા તીર્થંકર અજીતનાથ ભ. મોક્ષ ગયા પછી અયોધ્યા નગરીના ચક્રવર્તી સાગરના પૌત્ર રાજા ભગીરથે આચાર્ય સાગરસૂરિના ઉપદેશથી કરાવેલ.

૨. **બીજો ઉદ્ધાર :** સંભવનાથ ભ. મોક્ષે ગયા પછી હેમનગરના રાજા મેહદત્તે ગણધર શ્રી વારૂકના ઉપદેશથી કરાવેલ.

૩. **ત્રીજો ઉદ્ધાર :** અભિનંદનસ્વામી મોક્ષે ગયા પછી ઘાતકીખંડના પુરણપુરના રત્નશેખર રાજાએ કરાવેલ.

૪. **ચોથો ઉદ્ધાર :** સુમતિનાથ ભ. મોક્ષે ગયા પછી પદ્મનગરના આનંદસેન રાજાએ કરાવેલ.

૫. **પાંચમો ઉદ્ધાર :** પદ્મપ્રભસ્વામી મોક્ષે ગયા પછી બંગાલદેશના પ્રભાકર નગરના સુપ્રભ નામના રાજાએ કરાવેલ.

૬. **છટ્ઠો ઉદ્ધાર :** સુપાર્શ્વનાથ ભ. મોક્ષે ગયા પછી ઉદ્યોત રાજાએ કરાવેલ.

૭. **સાતમો ઉદ્ધાર :** ચંદ્રપ્રભ ભ. મોક્ષે ગયા પછી પુંડરીકનગરના લલિતદત્ત રાજાએ કરાવેલ.

૮. **આઠમો ઉદ્ધાર :** સુવિધીનાથ ભ. મોક્ષે ગયા પછી શ્રીપુર નગરના હેમપ્રભ રાજાએ કરાવેલ.

૯. **નવમો ઉદ્ધાર :** શીતલનાથ ભ. મોક્ષે ગયા પછી માળવાના ભદ્દિલપુર નગરના મેઘરથ રાજાએ કરાવેલ.

૧૦. **દશમોઉદ્ધાર :** શ્રેયાંસનાથ ભ. મોક્ષે ગયા પછી માળવાના બાલનગરના આનંદસેન રાજાએ કરાવેલ.

૧૧. **અગ્યારમો ઉદ્ધાર :** વિમલનાથ ભ. મોક્ષે ગયા પછી પૂર્વમહાવિદેહના કનકાવતી નગરીના કનકરથ રાજાએ કરાવેલ.

૧૨. **બારમો ઉદ્ધાર :** અનંતનાથ ભ. મોક્ષે ગયા પછી કૌશામ્બી નગરીના બાલસેન રાજાએ વિદ્યાચરણ મુનિના ઉપદેશથી કરાવેલ.

૧૩. **તેરમો ઉદ્ધાર :** ધર્મનાથ ભ. મોક્ષે ગયા પછી પંજાબના શ્રીપુરનગરના ભવદત્તે માસોપવાસી ધર્મઘોષસૂરિના ઉપદેશથી કરાવેલ.

૧૪. **ચૌદમો ઉદ્ધાર :** શાંતિનાથ ભ. મોક્ષ ગયા પછી મિત્રપુર નગરના સુદર્શન રાજાએ ચક્રાયુધ ગણધરના ઉપદેશથી કરાવેલ.

૧૫. **પંદરમો ઉદ્ધાર :** કુંથુનાથ ભ. મોક્ષે ગયા પછી વત્સ દેશના શાલિભદ્ર નગરના દેવધર રાજાએ કરાવેલ.

૧૬. **સોળમો ઉદ્ધાર :** અરનાથ ભ. મોક્ષે ગયા પછી ભદ્રપુર નગરના આનંદસેન રાજાએ કરાવેલ.

૧૭. **સત્તરમો ઉદ્ધાર :** મલ્લીનાથ ભ. મોક્ષે ગયા પછી કલિંગ દેશના શ્રીપુરનગરના અમરદેવ રાજાએ કરાવેલ.

૧૮. **અઢારમો ઉદ્ધાર :** મુનિસુવ્રત સ્વામી મોક્ષે ગયા પછી રત્નપુરી નગરીના અમરદેવ રાજાએ કરાવેલ.

૧૯. **ઓગણીસમો ઉદ્ધાર :** નમિનાથ ભ. મોક્ષે ગયા પછી શ્રીપુર નગરના મેઘદત્તે કરાવેલ.

૨૦. **વીસમો ઉદ્ધાર :** પાર્શ્વનાથ ભ. મોક્ષે ગયા પછી આનંદ દેશના ગંધપુર નગરના પ્રભસેન રાજાએ વીસ સ્થાનક તપ કરી દિનકરસૂરિના ઉપદેશથી કરાવેલ.

૨૧. **એકવીસમો ઉદ્ધાર :** મુર્શિદાબાદના ખુસાલચંદ શેઠે તપાગચ્છના ભટ્ટારક ધર્મસૂરિના ઉપદેશથી ૧૮૨૫ની આસપાસ કરાવેલ. **(જૈનતીર્થ ઈતિહાસ)**

## સમેતશિખરની ટુંકો પર મોક્ષે ગયેલા મુનિવરો

| ક્ર.નં. | ટુંકના નામ | ક્યા ભ.મોક્ષે ગયા | બીજા મુનિવરો કેટલા મોક્ષે ગયા | યાત્રા કરવાથી પૌષધ ઉપવાસનું ફળ |
|---|---|---|---|---|
| ૧. | સિદ્ધવર ટુંક | અજીતનાથજી | ૯ કોડાકોડી, ૭૨ લાખ, ૪૨ હજાર, ૫૦૦ | ૩૨ કરોડ |
| ૨. | ધવલદત્ત | સંભવનાથજી | ૯ કોડાકોડી, ૭૨ લાખ, ૪૨ હજાર, ૫૦૦ | ૪૨ લાખ |

| | | | | |
|---|---|---|---|---|
| ૩. | આણંદટુંક | અભિનંદન સ્વામી | ૭૨ કોડકોડી, ૭૦ કરોડ, ૭૦ લાખ, ૪૨ હજાર, ૭૦૦ | ૧લાખ |
| ૪. | અચલગિરિ | સુમતિનાથ | ૧ કોડાકોડી, ૮૪ કરોડ, ૭૨ લાખ, ૮૧ હજાર, ૭૮૧ | ૧ કરોડ |
| ૫. | મોહનગિરિ | પદ્મપ્રસ્વામી | ૯૯ કરોડ, ૮૭ લાખ, ૪૩ હજાર, ૭૨૭ | ૧ કરોડ |
| ૬. | પ્રભાસગિરિ | સુપાર્શ્વનાથજી | ૪૬ કોડાકોડી, ૮૪ કરોડ, ૭૨ લાખ, ૭,૭૪૨ | ૩૨ કરોડ |
| ૭. | લલિતઘટ્ટ | ચન્દ્રપ્રભસ્વામી | ૯૮૪ અરબ, ૭૨ કરોડ, ૮૦ લાખ, ૮૦,૫૬૫ | ૧૬ લાખ |
| ૮. | સુપ્રભ | સુવિધીનાથજી | ૧ કોડકોડી, ૯૯ લાખ, ૭ હજાર, ૪૮૦ | ૧ કરોડ |
| ૯. | વિદ્યુત | શીતલનાથજી | ૧૮ કોડકોડી, ૪૨ કરોડ, ૩૨,૪૨,૧૦૫ | ૧ કરોડ |
| ૧૦. | સંકુલગિરિ | શ્રેયાંસનાથજી | ૯૬ કોડાકોડી, ૯૬ કરોડ, ૯૬ લાખ, ૯ હજાર, ૫૪૨ | ૧ કરોડ |
| ૧૧. | વિમલગિરિ | વિમલનાથજી | ૭૦ કોડકોડી, ૧૭ કરોડ, ૬૦ લાખ, ૯ હજાર, ૭૪૨ | ૧ કરોડ |
| ૧૨. | વિમગિરિ | અનન્તનાથજી | ૬૯ કોડકોડી, ૧૭ કરોડ, ૭૦ લાખ, ૭૦ હજાર, ૭૦૦ | ૧ કરોડ |
| ૧૩. | દત્તવર | ધર્મનાથજી | ૨૯ કોડાકોડી, ૧૭ કરોડ, ૯ લાખ, ૯ હજાર, ૭૯૫ | ૧ કરોડ |
| ૧૪. | પ્રભાસગિરિ | શાંતિનાથજી | ૯ કોડકોડી, ૯ લાખ, ૯ હજાર, ૯૯૯ | ૧ કરોડ |
| ૧૫. | જ્ઞાનધર | કુંથુનાથજી | ૯૬ કોડાકોડી, ૯ લાખ, ૩૨ લાખ, ૯૬ હજાર, ૭૪૨ | ૧ કરોડ |
| ૧૬. | નાટિકાગિરિ | અરનાથજી | ૯૯ કરોડ, ૯૯ લાખ, ૯૯ હજાર, ૯૯૯ | ૧ કરોડ |
| ૧૭. | સબલગિરિ | મલ્લીનાથજી | ૯૬ કરોડ | ૧ કરોડ |
| ૧૮. | નિર્જનગિરિ | મુનિસુવ્રતસ્વામી | ૯૬ કોડાકોડી, ૯૭ કરોડ, ૯ લાખ, ૯૯૯ | ૧ કરોડ |
| ૧૯. | મિત્રધર | નમીનાથજી | ૧ અરબ, ૪૫ લાખ, ૭ હજાર, ૯૪૨ | ૧ કરોડ |
| ૨૦. | સ્વર્ણભદ્ર | પાર્શ્વનાથજી | ૮૨ કરોડ, ૮૪ લાખ, ૪૫ હજાર, ૭૪૨ | ૧ કરોડ |

## ભદ્રેશ્વર તીર્થના ૧૬ જીર્ણોદ્ધારો

| | |
|---|---|
| ૧. પહેલો જીર્ણોદ્ધાર | - વીર સં. ૨૨૩માં શ્રી સંપ્રતિ રાજાનો |
| ૨. બીજો જીર્ણોદ્ધાર | - શ્રી કાલિકાચાર્યના ભાણેજનો |
| ૩. ત્રીજો જીર્ણોદ્ધાર | - શ્રી વનરાજ ચાવડાનો |
| ૪. ચોથો જીર્ણોદ્ધાર | - ૬૨૧ માં કનકરાજ ચાવડાનો |
| ૫. પાંચમો જીર્ણોદ્ધાર | - ૧૧૩૪ માં શ્રીમાળી શ્રેષ્ઠિઓનો |
| ૬. છઠ્ઠો જીર્ણોદ્ધાર | - કુમારપાલ મહારાજાનો |
| ૭. સાતમો જીર્ણોદ્ધાર | - ૧૨૦૮માં જગતચંદ્રસૂરિના ઉપદેશથી |
| ૮. આઠમો જીર્ણોદ્ધાર | - ૧૨૮૭માં વસ્તુપાલ-તેજપાળનો |
| ૯. નવમો જીર્ણોદ્ધાર | - સં. ૧૩૧૨માં દાનવીર શેઠ જગડુશાનો |
| ૧૦. દસમો જીર્ણોદ્ધાર | - વાઘેલા સારઙ્ગદેવનો |
| ૧૧. અગીયારમો જીર્ણોદ્ધાર | - ૧૫૯૬માં જામરાવળનો |
| ૧૨. બારમો જીર્ણોદ્ધાર | - ૧૬૨૨ માં મહારાજા ભારમલનો |
| ૧૩. તેરમો જીર્ણોદ્ધાર | - ૧૬૫૯ માં જૈન સંઘનો |
| ૧૪. ચૌદમો જીર્ણોદ્ધાર | - સં. ૧૬૮૨માં શેઠ વર્ધમાન સિંહ પદ્મસિંહનો |
| ૧૫. પંદરમો જીર્ણોદ્ધાર | - સં. ૧૯૨૦ માં શ્રી સંઘનો |
| ૧૬. સોળમો જીર્ણોદ્ધાર | - સં. ૧૩૩૯માં મહાસુદ-૧૦ શુક્રવાર માંડવીનગરના શ્રેષ્ઠિવર્ય શ્રી મોણસી તેજસીની ધર્મપત્ની મીઠાબાઈએ કરાવેલ. **(ભારતનાં જૈન તીર્થોમાંથી)** |

## "ગિરનાર તીર્થના ઉદ્ધારો"

| | |
|---|---|
| ૧. પહેલો ઉદ્ધાર | - ઋષભદેવના પુત્ર ભરત મહારાજાએ સ્ફટિક રત્નમય જિનાલય ૧૧ મંડપવાળું બંધાવેલ. જેનું નામ 'સુંરસુંદર પ્રસાદ' નામ રાખેલ. |
| ૨. બીજો ઉદ્ધાર | - દંડવીર્ય રાજાએ કરાવેલ. |

| | |
|---|---|
| ૩. ત્રીજો ઉદ્ધાર | - બીજા દેવલોકના ઈન્દ્ર શ્રી ઈશાનેન્દ્ર કરાવેલ. |
| ૪. ચોથો ઉદ્ધાર | - ચોથો દેવલોકના ઈન્દ્ર શ્રી મહેન્દ્રે કરાવેલ. |
| ૫. પાંચમો ઉદ્ધાર | - પાંચમા દેવલોકના ઈન્દ્ર શ્રી બ્રહ્મેન્દ્રે કરાવેલ. |
| ૬. છઠ્ઠો ઉદ્ધાર | - ભવનપતિકાયના ઈન્દ્રોએ કરાવેલ. |
| ૭. સાતમો ઉદ્ધાર | - અજીતનાથ ભ. ના સમયમાં સગર ચક્રવર્તીએ કરાવેલ. |
| ૮. આઠમો ઉદ્ધાર | - અભિનંદન સ્વામીના સમયમાં વ્યંતરનિકાયના ઈન્દ્રે કરાવેલ. |
| ૯. નવમો ઉદ્ધાર | - ચન્દ્રપ્રભ સ્વામીના સમયમાં ચંદ્રયશા રાજાએ કરાવેલ. |
| ૧૦. દસમો ઉદ્ધાર | - શાન્તિનાથ ભ. ના સમયમાં શ્રી ચક્રધર રાજાએ કરાવેલ. |
| ૧૧. અગ્યારમો ઉદ્ધાર | - મુનિસુવ્રતસ્વામીના સમયમાં રામચંદ્રજીએ કરાવેલ. |
| ૧૨. બારમો ઉદ્ધાર | - નેમિનાથ ભ.ના સમયમાં વરદત્ત ગણધરની નિશ્રામાં પાંડવોએ શત્રુંજય-ગિરનારનો સંઘ કાઢ્યો. સંઘ પૂર્ણ થયા પછી ગિરનારનો ઉદ્ધાર કરાવેલ. |
| ૧૩. તેરમો ઉદ્ધાર | - વીર નિર્વાણ પૂર્વે રેવાનગરના રાજા નેબુસદનેઝરે કરાવેલ. |
| ૧૪. ચૌદમો ઉદ્ધાર | - કાંપિલ્યપુર નગરના રત્ના શાહ તથા અજીતશાહે કરાવેલ. |
| ૧૫. પંદરમો ઉદ્ધાર | - વિક્રમની નવમી સદીના કાન્યકુબ્જના આમ રાજાએ કરાવેલ. |
| ૧૬. સોળમો ઉદ્ધાર | - સં. ૧૧૮૫ના સિદ્ધરાજના સમયમાં સજ્જન મંત્રીએ કરાવેલ. |

- ❖ ત્યારપછી તેરમી સદીમાં વસ્તુપાલ-તેજપાલે ઉદ્ધાર કરાવેલ.
- ❖ ચૌદમી સદીમાં - સમરસિંહે
- ❖ સત્તરમી સદીમાં વર્ધમાન સિંહે તથા પદ્મસિંહ નામના બે ભાઈઓએ ઉદ્ધાર કરાવેલ.
- ❖ વીસમી સદીમાં શ્રી નરશી કેશવજીએ ઉદ્ધાર કરાવેલ.
- ❖ આ સિવાય રાજા સંપ્રતિ, કુમારપાલ, સામંતસિંહ, સંગ્રામસોની વિ. અનેક રાજાઓએ આ તીર્થનો ઉદ્ધાર કરાવેલ. **(ગિરનાર તીર્થ ઈતિહાસ)**

## ઋષભદેવના ૧૦૦ પુત્રો

| | | | |
|---|---|---|---|
| ૧. ભરત | ૨૧. કુસ | ૪૧. કીર્તિકર | ૬૧. આનંદ |
| ૨. બાહુબલિ | ૨૨. અંગ | ૪૨. સૂરણ | ૬૨. નંદ્ર |
| ૩. શંખ | ૨૩. વંગ | ૪૩. બ્રહ્મસેન | ૬૩. અપરાજિત |
| ૪. વિશ્વકર્મા | ૨૪. કોશલ | ૪૪. વિક્રાન્ત | ૬૪. વિશ્વસેન |
| ૫. વિમલ | ૨૫. વીર | ૪૫. નરોત્તમ | ૬૫. હરિષેણ |
| ૬. સુલક્ષણ | ૨૬. કલિંગ | ૪૬. પુરૂષોત્તમ | ૬૬. જય |
| ૭. અમલ | ૨૭. માગધ | ૪૭. ચન્દ્રસેન | ૬૭. વિજય |
| ૮. ચિત્રાંગ | ૨૮. વિદેહ | ૪૮. મહાસેન | ૬૮. વિજયંત |
| ૯. ખ્યાતકીર્તિ | ૨૯. સંગમ | ૪૯. નભસેન | ૬૯. પ્રભાકર |
| ૧૦. વરદત્ત | ૩૦. દશાર્ણ | ૫૦. ભાનુ | ૭૦. અરિમદન |
| ૧૧. સાગર | ૩૧. ગંભીર | ૫૧. સુકાંત | ૭૧. માન |
| ૧૨. યશોધર | ૩૨. વસુવર્મા | ૫૨. પુષ્પયુત | ૭૨. મહાબાહુ |
| ૧૩. અમર | ૩૩. સુવર્મા | ૫૩. શ્રીધર | ૭૩. દીર્ધબાહ |
| ૧૪. રથવર | ૩૪. રાષ્ટ્ર | ૫૪. દુર્ઘર્ષ | ૭૪. મેઘ |
| ૧૫. કામદેવ | ૩૫. સુરાષ્ટ્ર | ૫૫. સુસુમાર | ૭૫. સુધોષ |
| ૧૬. ધ્રુવ | ૩૬. વૃદ્ધિકર | ૫૬. દુર્જય | ૭૬. વિશ્વ |
| ૧૭. વત્સ | ૩૭. વિવિધકર | ૫૭. અજેયમાન | ૭૭. વરાહ |
| ૧૮. નંદ | ૩૮. સુયશા | ૫૮. સુધર્મા | ૭૮. સુસેન |
| ૧૯. સૂર | ૩૯. યશઃ કીર્તિ | ૫૯. ધર્મસેન | ૭૯. સેનાપતિ |
| ૨૦. સુનન્દ | ૪૦. યશસ્કર | ૬૦. આનંદન | ૮૦. કપિલ |

| | | | |
|---|---|---|---|
| ૮૧. શૈલવિચારી | ૮૬. કાશ્યપ | ૯૧. પદ્મનાભ | ૯૬. નરદેવ |
| ૮૨. અરિંજય | ૮૭. બલ | ૯૨. સિંહ | ૯૭. ચિત્તહર |
| ૮૩. કુંજરબલ | ૮૮. ધીર | ૯૩. સુજાતિ | ૯૮. સુરવર |
| ૮૪. જયદેવ | ૮૯. શુભમતિ | ૯૪. સંજય | ૯૯. દ્રઢરથ |
| ૮૫. નાગદત્ત | ૯૦. સુમતિ | ૯૫. સુનાભ | ૧૦૦. પ્રભંજન |

**(કલ્પ સૂત્ર - સાતમું વ્યાખ્યાન)**

❖ ઋષભદેવને બે પુત્રી બ્રાહ્મી / સુંદરી

❖ ઋષભદેવન પ્રભુના ૨૦,૦૦૦ શિષ્યો તથા ૪૦,૦૦૦ સાધ્વીઓ મોક્ષે ગયેલ.

❖ ઋષભદેવ પ્રભુના ૨૨૯૦૦ મુનિઓ અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થયેલ. (કલ્પસૂત્ર)

## સંયમપર્યાયની સુખવૃદ્ધિ

| **સંયમપર્યાય** | **કયા દેવોથી અધિક સુખ** |
|---|---|
| ૧ માસ | વાણવ્યંતર |
| ૨ માસ | ભવનપતિ |
| ૩ માસ | અસુરકુમાર |
| ૪ માસ | ગ્રહ નક્ષત્ર તારાઓનાં |
| ૫ માસ | સૂર્ય - ચંદ્ર |
| ૬ માસ | ૧-૨ દેવલોકનાં |
| ૭ માસ | ૩-૪ દેવલોકના |
| ૮ માસ | ૫-૬ દેવલોકના |
| ૯ માસ | ૭-૮ દેવલોકના |
| ૧૦ માસ | ૯ થી ૧૨ દેવલોકના |
| ૧૧ માસ | નવગ્રૈવેયકના |
| ૧૨ માસ | અનુત્તમ વિમાનનાં સુખને ઓલંઘે |

**(ભગવતી સૂત્ર)**

## શ્રીપાલ રાજાનો પરિચય

| | | |
|---|---|---|
| શ્રીપાલ રાજાનું પૂર્વભવનું નામ | - | શ્રીકાન્ત |
| પ્રથમ પુત્રનું નામ | - | ત્રિભુવનકાળ |
| પિતાનું નામ | - | સિંહરથ રાજા |
| માતાનું નામ | - | કમલપ્રભા |
| કાકાનું નામ | - | અજીતસેન |
| સમુદ્રમાં ફેંકનાર | - | ધવલ શેઠ |

### શ્રીપાલની નવ પત્ની

| | | | |
|---|---|---|---|
| ૧. | મયણાસુંદરી | - | ઉજૈની નગરીની |
| ૨. | મદનસેના | - | બબ્બરબંદર |
| ૩. | મદનમંજૂષા | - | રત્ન સંચયા |
| ૪. | મદન મંજરી | - | ઘાણા નગરી |
| ૫. | ગુણ સુંદરી | - | કુંડલપુર |
| ૬. | ત્રૈલોક્ય સુંદર | - | કંચનપુર |
| ૭. | શ્રૃંગાર સુંદરી | - | દલપત નગર |
| ૮. | જય સુંદરી | - | કોલ્લાગપુર |
| ૯ઃ | તિલક સુંદરી | - | સોપારક નગર |

## ૬૪ ઇન્દ્રો / ૫૬ દિક્કુમારી તથા પરમાત્માનાં ૨૫૦ અભિષેક

| | | |
|---|---|---|
| ભવનપતિના ઈન્દ્રો | - | ૨૦ |
| વ્યંતરનિકાયના ઈન્દ્રો | - | ૧૬ |
| વાણવ્યંતરના ઈન્દ્રો | - | ૧૬ |
| જ્યોતિષના ઈન્દ્રો | - | ૨ |
| વૈમાનિકના ઈન્દ્રો | - | ૧૦ |
| | | ૬૪ |

| | | |
|---|---|---|
| અધોલોકની | ૮ | દિક્કુમારી સૂતિકર્મ કરે. |
| ઉર્ધ્વલોકની | ૮ | દિક્કુમારી સુગંધી જલ છંટકાવે. |
| પૂર્વ રૂચકની | ૮ | દિક્કુમારી દર્પણ લાવે. |
| દક્ષિણ દિશાની | ૮ | દિક્કુમારી પંચામૃત સ્નાન કરાવે. |
| ❖ પશ્ચિમ દિશાની | ૮ | દિક્કુમારી વાયુ વીંઝે. |
| ❖ ઉત્તર દિશાની | ૮ | દિક્કુમારી ચામર વીંઝે. |

❖ રૂચક દ્વીપની ૪ દિક્કુમારી રક્ષાપોટલી બાંધે.
❖ વિદિશાની ૪ દિક્કુમારી દિપક લાવે.
૫૬ દિક્કુમારી

## ૨૫૦ અભિષેક

લોકપાલનાં - ૪ કળશ
ભવનપતિના ૨૦ ઈંદ્રોના ૨૦ કળશો
વ્યન્તરેન્દ્રનાં ૩૨ ઈંદ્રોના ૩૨ કળશો
વૈમાનિકનાં ૧૦ ઈંદ્રોના ૧૦ કળશો
મનુષ્યક્ષેત્રનાં સૂર્ય-ચંદ્રના ૧૩૨ કળશો
અસુરકુમારી ૧૦ ઈંદ્રાણીનાં ૧૦ કળશો
ઉત્તર દિશાની ૧ ઈંદ્રાણીનો ૧ કળશ
નાગ કુમારની ૧ ઈંદ્રાણીનો ૧ કળશ
દક્ષિણદિશાની ૧ ઈંદ્રાણીનો ૧ કળશ
નવ નિકાયની ૯ ઈંદ્રાણીનાં ૯ કળશ.
વ્યંતરેન્દ્રની ઈંદ્રણીના ૪ કળશ
જ્યોતિષની ઈંદ્રાણીના ૪ કળશ
સૌધર્મ દેવલોકની ઈંદ્રાણીના ૮ કળશ
ઈશાન દેવલોકની ઈંદ્રાણીના ૮ કળશ
સામાનિક દેવનો ૧ કળશ
ગુરૂસ્થાનકનો ૧ કળશ
ત્રણ પર્ષદાનો ૧ કળશ
અંગરક્ષકદેવનો ૧ કળશ
અનિકાધિપતિ દેવનો ૧ કળશ
પ્રકીર્ણકદેવનો ૧ કળશ
૨૫૦ કળશ

❖ ૨૫૦ ને ૬૪૦૦૦ વડે ગુણવાથી ૧ કરોડ ને સાઠ લાખ કળશો થાય.

## જીરાવલાતીર્થનાં જિર્ણોદ્ધારો

❖ વીરસંવત ૩૨૭ માં શેઠ અમરાશાહે ભૂગર્ભમાંથી નિકળેલી પાર્શ્વનાથની પ્રતિમા પધરાવી આચાર્ય દેવસૂરીશ્વરજી પોતાના ૧૦૦ શિષ્યો સાથે જીરાવલા પધારેલા તેમના હાથે પ્રતિષ્ઠા કરાવેલ.
❖ ત્યારપછી ૭૬૩ માં ઓસવાલ વંશના જેતાશા ખેતાશા એ જિર્ણોદ્ધાર કરાવેલ.
❖ ત્યારપછી ૧૦૩૩ માં તે માલાનગરના શેઠ હરદાસે જિર્ણોદ્ધાર કરાવેલ.

## જીરાવલા તીર્થમાં થયેલા ચાતુર્માસો

❖ સહુપ્રથમ અંચલગચ્છના આ. વિ. મુરૂતુંગસૂરિજીએ ૧૫૨ શિષ્યો સહિત ચોમાસુ કરેલ.
❖ ત્યારપછી આગમગચ્છના આ. વિ. હેમરાજસુરિજીએ ૭૫ શિષ્યો સહિત ચોમાસુ કરેલ.

- ❖ ત્યારપછી ઉપકેશગચ્છના આ. વિ. દેવગુપ્તસૂરિજીએ ૧૧૩ શિષ્યો સહિત ચોમાસુ કરેલ.
- ❖ ત્યારપછી આગમગચ્છનાં આ.વિ. દેવરત્નસૂરિજીએ ૪૮ શિષ્યો સહિત ચોમાસુ કરેલ.
- ❖ ત્યારપછી ઉપકેશગચ્છનાં આ. વિ. કક્કસૂરિજીએ ૭૧ શિષ્યો સહિત ચોમાસુ કરેલ.
- ❖ ત્યારપછી ખરતર ગચ્છનાં આ.વિ. જિનતિલકસૂરિજીએ ૫૩ શિષ્યો સહિત ચોમાસુ કરેલ.
- ❖ ત્યારપછી તપગચ્છનાં આ. વિ. કિર્તિરત્નસૂરિજીએ ૩૧ શિષ્યો સહિત ચોમાસુ કરેલ.
- ❖ ત્યાર પછીના આ. વિ. જયતિલક સૂરિજીએ ૬૮ શિષ્યો સહિત ચોમાસુ કરેલ.
- ❖ ત્યાર પછીના આ. વિ. મુનિસુંદરસુરિજીએ ૪૧ શિષ્યો સહિત ચોમાસુ કરેલ.
- ❖ ત્યાર પછી જીરાપલ્લીગચ્છનાં ખેમચંદગણિવરે ૫૦ શિષ્યો સહિત ચોમાસુ કરેલ.
- ❖ ત્યાર પછી જીરાપલ્લીગચ્છનાં આ.વિ. રત્નભસૂરિજીએ ૬૫ શિષ્યો સહિત ચોમાસુ કરેલ.
- ❖ ત્યાર પછી જીરાપલ્લીગચ્છનાં દેવચંદ્ર મુનિએ ૬૧ શિષ્યો સહિત ચોમાસુ કરેલ.

## જીરાવલાં તીર્થમાં આવેલાં મોટા સંઘો

૧. વીર સં. ૭૬૩માં મેરૂતંગસૂરિજી ૧૦,૦૦૦ યાત્રિકો સાથે સંઘ લઈ આવેલા.

૨. વીર સં. ૮૩૪માં લક્ષ્મણશાહ ૧૭,૦૦૦ યાત્રિકો સાથે સંઘ લઈને આવેલા.

૩. વીર સં. ૮૩૪માં દેવસૂરિજી ૫,૦૦૦ યાત્રિકો જાલ્હા શેઠ સાથે સંઘ લઈને આવેલા.

૪. વીર સં. કક્કસૂરિજી ૫,૦૦૦ યાત્રિકો સાથે સંઘ લઈને આવે છે.

૫. વીર સં. ૧૩૦૩માં દેવસૂરિજી ૮,૦૦૦ સાથે સંઘ લઈને આવેલા.

૬. વીર સં. ૧૪૬૮માં હર્ષસુરિજી ૫,૦૦૦ યાત્રિકો સાથે ઓસવાલ ખેમાસા સંઘપતિ.

૭. વીર સં. ૧૪૬૮ માં જિનપદ્મસૂરિજી ૧૧,૦૦૦ યાત્રિકો સાથે ચોરડીયા ભાના શાહ સંઘપતિ

૮. વીર સં. ૧૪૭૫ માં હેમન્તસૂરિજી ૮,૦૦૦ યાત્રિકો સાથે ઓસવાલ રાંકા સંઘપતિ

૯. વિ.સં. ૧૦૩૩ માં સહજાનંદ સૂરિજી તેતલીનગર નિવાસી હરદાસજી મોટો સંઘ લઈને આ તીર્થે આવેલ.

૧૦. વિ.સં.૧૧૮૮માં શ્રામદેવસૂરિની નિશ્રામાં જાલ્હા શેઠે મોટો સંઘ કાઢેલ.

૧૧. પોરવાડ ભીલા શેઠે રાહેડ નગરથી કક્કસૂરિની વિ.સં. ૧૩૯૩માં આ તીર્થે સંઘ લઈને આવેલ.

૧૨. વિ.સં. ૧૩૪૦ માં માલવ મંત્રી પેથડ નો પુત્ર ઝાંઝણ સંઘ લઈ જીરાવલા આવેલ ત્યારે કપૂર અને ૧ કરોડ પુષ્પોથી જિન પૂજા કરેલ. અને ૧ લાખ રૂપિયાના મોતીવાળો ચંદરવો ભરાવી જિનાલયમાં બાંધેલ.

૧૩. ખંભાતનિવાસી આલ્હાક શ્રાવકનાં પુત્ર રામ અને પર્વત વિ.સં. ૧૪૬૮ માં અહીં આવી પુષ્કલ દ્રવ્ય વાપરેલ.

૧૪. મેવાડના રાણા મોકલના મંત્રી રામદેવની સ્ત્રી મેલાદેવી એ ચતુર્વિધ સંઘ સાથે અહીં આવી યાત્રા કરેલ.

૧૫. વિ. સં. ૧૫૦૧માં ચિત્રવાલાગચ્છીયઆચાર્યશ્રીની નિશ્રામાં પોરવાલ પુનાસાએ ૩૦૦૦ યાત્રિકો સાથે અહીં આવેલ.

૧૬. સારંગપુર નિવાસી જયસિંહે આગરાના સંઘવી રત્નાશાહે ૮૮ સંઘોની સાથે આબુ તથા જીરાવલાની યાત્રા કરેલ.

૧૭. ઓસવાલવંશના ધનજી, મનજી, પનજીએ ૬ લાખ દ્રવ્ય ખર્ચી સંઘ કાઢેલ.

૧૮. વીર સં. ૧૪૯૧માં ભવ્યવિજયગણિ ૫,૦૦૦ યાત્રિકો સાથે આવેલા.

૧૯. વીર સં. ૧૫૦૧માં પોરવાલ પુનાશાહ ૫,૦૦૦ યાત્રિકો સાથે આવેલા.

૨૦. વીર સં. ૧૫૨૭માં ભાનુચંદ્રસૂરિજી ૫,૦૦૦ યાત્રિકો સાથે શેઠ ખેમાશા આવેલા.

૨૧. વીર. સં. ૧૫૩૬માં લક્ષ્મીસાગર સૂરિજી ૫,૦૦૦ યાત્રિકો સાથે ઓસવાલ કર્માશા આવેલા.

૨૨. વિ.સં. ૧૮૯૧માં અ.સુ.૫ના દિવસે જિનમહેન્દ્રસૂરિના ઉપદેશથી જૈસલમેર નિવાસી ગુમાનચંદજી બાફના નાં પાંચ પુત્રોએ ૨૩ લાખ રૂપિયા ખર્ચી શત્રુંજય નો સંઘ કાઢેલ તેમાં જીરાવલા ખાસ ગયેલ.

૨૩. વિ.સં. ૧૫૨૫માં અમદાવાદના સંઘવી ગદરાજ-ડુંગરશાહે જીરાવલા તીર્થની સામુદાયિક યાત્રા કરેલ. જેમાં ૭૦૦૦ બળદ ગાડીઓ હતી. આજ ગદાશાહે આબુના ભીમવિહારમાં ૧૨૦ મણ પિત્તલની મૂર્તિ ભરાવી પ્રતિષ્ઠા કરાવેલ.

**(જીરાવાલા ઈતિહાસ / કાપરડા તીર્થગ્રંથ / ગુરૂગુણકાવ્ય)**

## અદ્ભૂત ચમત્કાર

❖ જીરાવલામાં એક કડુકર નામે બ્રાહ્મણહતો તે ધર્મજ્ઞ અને સેવાભાવી હતો. તેની પાસે એક સફેદ ગાય હતી. તે ગાય દરરોજ જંગલમાં જઈ એક જ સ્થાને પોતાનું દૂધ ઝરાવતી. ઘેર આવ્યા પછી દૂધ નતી આપતી. આ વાત બ્રાહ્મણે નગરના ધનાઢ્ય શેઠ ધન્નાશાહને કરી. એ જ રાત્રે ધન્નાશાહને સ્વપ્ન આવેલ કે ગાય દૂધ ઝરાવે ત્યાં આગળ પાર્શ્વનાથની પ્રતિમા છે તે પ્રતિમાને પાંચ દિવસ પછી જીરાવલાના મંદિરમાં પધરાવજે ધન્નાશાહે તે જ પ્રમાણે કર્યું.

❖ જીરાપલ્લી ગચ્છના આચાર્ય રામચન્દ્રસૂરિએ સં. ૧૪૨૧માં જેઠ સુદ - ૧૦ ના દિવસે પ્રતિષ્ઠા કરેલ. **(કાપરડા સ્વર્ણજયંતિ ગ્રંથ)**

## વસ્તુપાલ તેજપાલનો વૈભવ

| | | |
|---|---|---|
| ❖ હંમેશા વસ્તપાલની સેવામાં | - | ૧૮૦૦ સુભટ |
| ❖ હંમેશા તેલપાલની સેવામાં | - | ૧૪૦૦ સુભટ |
| ❖ ઉત્તમ જાતિના ઘોડા | - | ૫,૦૦૦ |
| ❖ સાધારણ ઘોડાઓ | - | ૧૦,૦૦૦ |
| ❖ ઉત્તમ પવન વેગી ઘોડાઓ | - | ૫,૦૦૦ |
| ❖ ઉત્તમ ગાયો | - | ૩૦,૦૦૦ |
| ❖ ઉત્તમ બેલો | - | ૨૦૦૦ |
| ❖ ઉત્તમ ભેંસો | - | ૧૦૦૦ |
| ❖ ઉત્તમ સાંઢનીઓ | - | ૧૦,૦૦૦ |
| ❖ ઉત્તમ દાસ દાસી | - | ૧૦,૦૦૦ |
| ❖ ભેટ હાથીઓ | - | ૩૦૦ |
| ❖ સુવર્ણ | - | ૮૪,૦૦૦,૦૦૦૦ |
| ❖ ચાંદી | - | ૮,૦૦૦૦૦૦૦ |

- નકદરૂપયે - ૫૦,૦૦,૦૦૦૦
- જાતજાતનાં વસ્ત્રો - ૫૦,૦૦૦૦૦૦૦
- દ્રવ્યભંડાર - ૫૬

## વસ્તુપાલ તેજપાલનો પરિવાર

- દાદાનું નામ - સોમસિંહ
- દાદીનું - સીતાદેવી
- પિતાનું નામ - અશ્વરાજ
- ભાઈનું નામ - લુણિંણ, મહલદેવ
  વસ્તુપાલ, તેજપાલ
- બેન ના નામ - જાલ્હે / માઉ
  સાઉ / ધનદેવી
  સોહગા / વયજુ
  પદ્મલા
- લુણિગની પત્ની - લુણાદેવી
- મહલદેવની પત્ની - લીલાદેવી / પ્રતાપદેવી
- વસ્તુપાલની પત્ની - લલિતા / સોખુકા
- તેજપાલની પત્ની - અનોપમા / સુહડા
- વંશ - પોરવાલ વંશ
- મલ્લદેવના પુત્ર-પુત્રી - પૂર્ણસિંહ
  સુજલ દેવી / સમલ દેવી
- વસ્તુપાલના પુત્રો - જયંતસિંહ
  પ્રતાપસિંહ
- તેજપાલના પુત્રો - લાવણ્યસિંહ
  વઉલદેવી
  સુહડસિંહ
- અશ્વરાજના ભાઈ - વિજયસિંહ
  તિહુણપાલ
  કેલિકુમાર

(પ્રાગ્વાટ ઈતિહાસ)

# અમારાં અન્ય પ્રકાશનો





**શ્રી પારસ-ગંગા જ્ઞાન મંદિર**

બી-૧૦૩,૧૦૪, કેદાર ટાવર, રાજસ્થાન હોસ્પિટલની સામે, શાહીબાગ, અમદાવાદ-૪.

ફોન ૨૨૮૬૦૨૪૭ મો. ૯૪૨૬૫૩૯૦૭૬ (રાજેન્દ્રભાઈ)


NAVNEET PRINTERS M. 98252 61177